# સંવાદ

## શૈક્ષણિક વર્ષ : 2020-21




# શિક્ષણ વિભાગ


**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,**

**ઉધના-મગદલ્લા રોડ, સુરત**

**(O) 0261-2203093 (Ext) 1093** office.ded@vnsgu.ac.in

# અનુક્રમણિકા


| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ધોરણ નવના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પર ઈ કોમિક્સની રચના અને અજમાયશ | ભંડારી જાસ્વી જે. | 1 |
| ૨ | નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ | ભરવાડ જયેશ આર. | 4 |
| ૩ | સુરત શહેરની શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયના અધ્યાપકોના પ્રેરણાસ્ત્રોતોનો અભ્યાસ | બ્રહ્મભટ્ટ વૈદેહી એસ. | 14 |
| ૪ | વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ | ચૌધરી ભૂમિકા એ. | 17 |
| ૫ | સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોનાં છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ | ચૌધરી રાધા જી. | 19 |
| ૬ | મૂક - બધિર બાળકોની સંસ્થા ગાંધીઘર - કછોલી: એક વ્યક્તિ અભ્યાસ | ચૌહાણ ઈશિતા બી. | 24 |
| ૭ | નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ | ઢીમ્મર બીજલ યુ. | 29 |
| ૮ | નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોનો શિક્ષણમાં ઈન્ટરનેટનો વિનિયોગ | ગામીત મેહુલભાઈ યુ. | 35 |
| ૯ | માંગરોળ તાલુકાના ધોરણ -૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયમાં થતાં જોડણીદોષના સંદર્ભમાં નિદાન-ઉપચારાત્મક અભ્યાસ | ગામીત સંગીતા સી. | 40 |
| ૧૦ | સોનગઢ તાલુકાના ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીઓને અનુભવાતી સમસ્યાઓ | ગામીત વિનેશભાઈ ટી. | 44 |
| ૧૧ | A Study of Effectiveness Of Communicative Language Teaching at Secondary Level | Jadav Krutikaben K. | 45 |
| ૧૨ | કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો | કાકલોત્તર ખુશ્બ વી. | 50 |
| ૧૩ | બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યયન સમસ્યાઓ | કનોજીયા શોભના આર. | 55 |
| ૧૪ | ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયમાં મૂળભૂત ખ્યાલો અને સંકલ્પના એકમ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની રચના અને અજમાયશ | ખેંગાર મિલિનકુમાર પી. | 60 |
| ૧૫ | ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં | માછી સંજયકુમાર એન. | 63 |

| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| | યુવાકેન્દ્રની પ્રવૃતિઓનો અભ્યાસ | | |
| ૧૬ | ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયમાં "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ | મહાજન પ્રિયંકા એ. | 73 |
| ૧૭ | સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સંસ્કૃત વિષયક સજ્જતા | મહેતા ચેતનકુમાર પી. | 76 |
| ૧૮ | ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલોજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | પરમાર ક્રિષ્નાકુમારી આર. | 80 |
| ૧૯ | માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ | પરમાર વશિષ્ઠકુમાર વી. | 83 |
| ૨૦ | જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછીસમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ | પટેલ ભૂમિકાબેન વી. | 87 |
| ૨૧ | સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ | પટેલ દેવ્યાનીકુમારી બી. | 92 |
| ૨૨ | પલસાણા તાલુકામાં વિદેશી શિક્ષણની સ્થિતિ | પટેલ દિવ્યા વી. | 95 |
| ૨૩ | હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓનો સમીક્ષાત્મક અભ્યાસ | પટેલ ગ્રીષ્માકુમારી કે. | 98 |
| ૨૪ | ધોરણ - ૮ના ગણિત વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકના સંદર્ભમાં ઊંઝા તાલુકાના શિક્ષકોના અભિપ્રાયો | પટેલ કિંજલ આર. | 100 |
| ૨૫ | જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ | પટેલ ક્રિષ્ના બી. | 105 |
| ૨૬ | ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાઓ | પટેલ મિતાલી એચ. | 107 |
| ૨૭ | અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી ભાષા શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | પટેલ તેજલ બી. | 112 |
| ૨૮ | સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ | પીપળીયા જીગ્નેશ જે. | 116 |
| ૨૯ | નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો અભ્યાસ | રાજપુત બબીતા આર. | 120 |
| ૩૦ | અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યા | રણા મોહિની પી. | 131 |

| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૩૧ | Biology Teachers' Awareness & Utilization of Innovative Teaching Strategies at Higher Secondary School of Surat City | Rangwala Nasrin A. | 135 |
| ૩૨ | જલાલપુર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમની પ્રવર્તમાન પરિસ્થિતિ | રાઠોડ જીગ્નેશા એ. | 142 |
| ૩૩ | ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ નામાના મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ. | શેખ રૂખસાર એસ. | 149 |
| ૩૪ | ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય અધ્યયન-અધ્યાપનમાં અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ | સોલંકી નિકિતા એસ. | 153 |
| ૩૫ | જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા | ટંડેલ આરતી એ. | 157 |
| ૩૬ | જલાલપોર તાલુકામાં માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | ટંડેલ મયુરી એચ. | 159 |
| ૩૭ | ધરમપુર તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | ઠાકોર દાનેશ્વરી એન. | 161 |
| ૩૮ | હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા | ઠાકોર પ્રિયાબેન ડી. | 167 |
| ૩૯ | તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ | વસાવા બકુલા વી. | 170 |
| ૪૦ | ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ | યાદવ ઉર્વશી એમ. | 179 |
| ૪૧ | M.Ed. (Granted) Student’s List Sem-IV | - | 183 |

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.
તાપી, પૂર્ણા, સરિત નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછોમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારેમાસ રસાળ.
સરળ પ્રકૃતીનાં સૌ લોકો આનન્દી, અભિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત ...
ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગકરછ મશહૂર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય-ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ કરતી.
સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
રાનીપરજ ને કાળી પરજના ભાતીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબ ને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.
અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત...
નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટ્યું ગરવું ગુર્જરી - ગીત,
મુનશીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.
સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાન ને અનંતની એ છે ઉજ્જ્વલ ઉદ્ગાતા.
એનાં ગૌરવ, વિકાસ, પ્રગતિ અને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરાવીશું સિદ્ધિની જયમાલા.
વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

શ્રી ભગવતીકુમાર શર્મા

# સંવાદ

## વાર્ષિક મુખપત્ર

**પરામર્શક**

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
પ્રોફેસર અને અધ્યક્ષ

**સંપાદન**

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

**શિક્ષણ વિભાગ**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,**
**ઉધના-મગદલ્લા રોડ, સુરત.**
**(O) 0261-2203093 (Ext) 1093** office.ded@vnsgu.ac.in

**શૈક્ષણિક વર્ષ : 2020-2021**

# સંપાદકીય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો શિક્ષણ વિભાગ શિક્ષક પ્રશિક્ષણની વ્યાવસાયિક તાલીમ આપતો વિભાગ છે. આ વિભાગ દ્વારા ભાવિ અધ્યાપકો, આચાર્યો, શિક્ષકો તથા શિક્ષણક્ષેત્રનાં સંશોધકોનું ઘડતર થાય છે. શિક્ષણ વિભાગનું વર્ષ-2020-2021નું વાર્ષિક મુખપત્ર 'સંવાદ' આપની સમક્ષ મૂકતાં હર્ષ અનુભવાય છે. શિક્ષણ વિભાગમાં થયેલા શૈક્ષણિક સંશોધનોને ઇ-ફોર્મેટમાં લોકભોગ્ય બનાવવાના પ્રયાસ રૂપે તૈયાર થયેલ 'સંવાદ'નો પ્રસ્તુત અંક રજૂ કરવાનો આનંદ સવિશેષ છે.

Covid-19 ની મહામારી એ વૈશ્વિક પ્રભાવ પાડ્યો જેમાં શિક્ષણ જગત પણ બાકાત રહી શક્યું નથી. વૈશ્વિક મહામારીના આ કપરા કાળમાં પણ શિક્ષણ વિભાગે સરકાર અને યુનિવર્સિટીની વખતોવખત પ્રાપ્ત થતી માર્ગદર્શિકાઓના પાલન સાથે શિક્ષણ અને સંશોધન કાર્ય સક્રિય રાખ્યું હતું. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના મોટાભાગના સમયગાળા દરમિયાન શાળા-મહાશાળાઓમાં શિક્ષણ ઓનલાઈન સ્વરૂપે થતું હતું તેવા સમયે પ્રશિક્ષણાર્થીઓએ ઓનલાઈન સ્વરૂપે માહિતિ એકત્રિત કરીને પણ સંશોધન કાર્ય પૂર્ણ કરેલું.

'સંવાદ'નો આ વિશેષાંક શિક્ષણ વિભાગમાં હાથ ધરાયેલા એમ.એડ. કક્ષાના સંશોધનોને રજૂ કરે છે. પ્રસ્તુત અંકમાં ચાર સેમેસ્ટર દરમિયાન શિક્ષણ વિભાગના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીઓએ હાથ ધરેલા સંશોધનોના "સંશોધન સારાંશો" તેમના સંશોધન અહેવાલ માંથી પ્રાપ્ત કરી રજૂ કરવામાં આવ્યા છે. અંકના અંત ભાગમાં પ્રશિક્ષણાર્થીઓની યાદી તેમના સંપર્ક, શૈક્ષણિક સિદ્ધિ, શૈક્ષણિક અને વ્યાવસાયિક યોગ્યતા સાથે રજૂ કરી છે.

વિભાગના અધ્યક્ષશ્રી, અધ્યાપકશ્રીઓ, લાઈબ્રેરી આસિસ્ટન્ટ, વહીવટી કર્મચારીગણ તેમજ વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રોના સહયોગ બદલ આભાર. આ પ્રયાસથી વિભાગમાં થયેલ સંશોધન કાર્ય શિક્ષણના વિવિધ વ્યાવસાયિકો, સત્તાધીશો, સંશોધકો અને અન્ય વાચકોને ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી સુલભ બનશે. 'સંવાદ'ને વધુ ગુણવત્તા સભર બનાવવા માટેના સૂચનો આવકાર્ય છે.

નોંધ : આ અંકમાં રજૂ થયેલા સંશોધન સારાંશો સંશોધકોએ પોતાના સંશોધન અહેવાલના અંતિમ પ્રકરણમાં રજુ કર્યા તે સ્વરૂપે જ પ્રકાશિત થયેલા છે. સંશોધન સારાંશો પ્રશિક્ષણાર્થીઓના રોલ નંબરના ક્રમમાં રજૂ કરેલ છે.

# શિક્ષણ વિભાગ પરિવાર

## અધ્યક્ષ

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
(પ્રોફેસર અને અધ્યક્ષ)

## શૈક્ષણિક કર્મચારીઓ

ડૉ. કીર્તિ ડી. ઠાકર
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. પ્રીતિબેન એમ. ચૌધરી
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડો. ભાવેશ એમ. મોદી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડૉ. સારીકા આર. ચૌહાણ
(ટીચિંગ આસિસ્ટન્ટ)

## વહીવટી કર્મચારી

શ્રી પ્રવીણ સોલંકી (જુનિયર ક્લાર્ક)
શ્રી પતિક સોલંકી (લેબ આસિસ્ટન્ટ)
શ્રી વિજય પટેલ (લાઈબ્રેરી આસિસ્ટન્ટ)
શ્રી દેવાનંદ એસ. શાહ (સેવક)
શ્રી તુષાર કે. પટેલ (સેવક)
શ્રી ઈશ્વરભાઈ મારૂ (સ્વીપર)

# ધોરણ નવના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પર ઇ કોમીક્સની રચના અને અજમાયશ

ભંડારી જાસ્વી જે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે હતાં.

1. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર ઈ કોમિક્સ કાર્યક્રમની રચના કરવી.
2. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર સિદ્ધિ કસોટીની રચના કરવી.
3. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર રચિત ઈ કોમિક્સ કાર્યક્રમ અંગેના વિદ્યાર્થીઓના પ્રતિભાવો મેળવવા અભીપ્રાયાવાલીની રચના કરવી
4. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર રચિત ઈ કોમિક્સ કાર્યક્રમની વર્ગખંડમાં અજમાયશ કરવી.
5. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર રચિત ઈ કોમિક્સ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.
6. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર રચિત ઈ કોમિક્સ કાર્યક્રમની પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સાથે તુલના કરવી.
7. ધોરણ નવના અંગ્રેજી વિષયમાં Modal Auxilliary એકમ ઉપર રચિત ઈ કોમિક્સ કાર્યક્રમ અંગેના પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી .

પ્રાયોગિક જૂથના વિધાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં .

નિયંત્રિત જૂથના વિધાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિધાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિધાર્થીઓના લબ્ધિઓકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

સંશોધનના ચલો

પ્રસ્તુત સંશોધનમાં ઉચાટ(૧૯૯૭)ના જણાવ્યા અનુસાર નીચે મુજબ સંશોધનના ચલોનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. સ્વતંત્ર ચલ

સ્વતંત્ર ચલ ઉત્તેજક ચલ છે. ઉચાટ (૧૯૯૭) ના જણાવ્યા મુજબ “આ એવો ચલ છે કે જેને સંશોધનકર્તા કોઈ અન્ય ચલમાં ફેરફાર લાવવા માટે લાગુ પાડે છે કે તેમાં ફેરફાર કરે છે." સ્વતંત્ર ચલ એ અસર કરનાર ચલ છે,

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલ તરીકે પરંપરાગતઅધ્યાપન પદ્ધતિ અને ઈ કોમિક્સ આધારિત અધ્યાપન પદ્ધતિને સ્વીકારવામાં આવી હતી.

૨. પરતંત્ર ચલ

પરતંત્ર ચલ એ પ્રતિચારાત્મક ચલ છે. સ્વતંત્ર ચલમાં ફેરફાર થવાને કારણે જે

ફેરફાર પામે છે તેને પરતંત્ર ચલ કહે છે. પરતંત્ર ચલ એ અસર પામનાર ચલ છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલની અસરનું અવલોકન કરવા અંગ્રેજી વિષયની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોને તથા ઈ કોમીક્સ કાર્યક્રમ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયોને પરતંત્ર ચલ તરીકે ગણવામાં આવ્યા હતા.

૩. અંકુશિત ચલ

અંકુશિત ચલ એટલે સંશોધન કરતા સંશોધન દરમિયાન આ ચલને નિયંત્રિત કરે છે.

ઉચાટ (૧૯૯૭)ના જણાવ્યા મુજબ "સંશોધક પરતંત્ર ચલ પર સ્વતંત્ર ચલની કેવી અસર થાય છે તે તપાસતો હોય છે. આ દરમ્યાન અન્ય ચલોની પરતંત્ર ચલ પર અસર ન થાય તેની કાળજી રાખે છે, એવા અન્ય ચલોને અંકુશિત ચલ કહે છે."

પ્રસ્તુત સંશોધનમાં પરતંત્ર ચલ પર સ્વતંત્ર ચલની શુદ્ધ અસર તપાસવા માટે અન્ય ચલો પર નિયંત્રણ કરવું જરૂરી બને છે. આ માટે (૧) વિષય, (૨) મહાવરો, (૩) અભ્યાસ કક્ષા, (૪) વિષયવસ્તુ, (૫) શાળાનું વાતાવરણ અને (૬) સમયના ચલો ને અંકુશિત કરવામાં આવ્યા હતા.

૪. પરિવર્તક ચલ

'ઉચાટ(૧૯૯૭)ના જણાવ્યા મુજબ "પરિવર્તક ચલ એ એવો ખાસ પ્રકારનો ગૌણ (દ્વિતીયક) સ્વતંત્ર ચલ છે કે જે મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેના સંબંધને અસર કરે છે કે કેમ તે તપાસવા માટે પસંદ કરવામાં આવે છે."

પ્રસ્તુત સંશોધન માં દ્વિતીય સ્વતંત્ર ચલ એવા પરિવર્તન ચલ જે મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેના સંબંધને અસર કરે છે કે નહી તે તપાસવા માટે વિદ્યાર્થીઓની બુદ્ધિઆંકની બે કક્ષાઓ ઉચ્ચ બુદ્ધિ આંક અને નિમ્ન બુદ્ધિઆંક પરિવર્તક ચલ તરીકે સ્વીકાર્ય હતા.

૫. આંતરવર્તિય ચલ

આ એક ખ્યાલાત્મક સ્વતંત્ર ચલ છે કેટલાક ચલોની પરતંત્ર ચલ પર થતી અસર કાલ્પનિક હોય છે. અર્થાત્ આવા ચલોની અસર પ્રત્યક્ષ રીતે જોઈ શકાય કે નિરીક્ષણ કરી શકાય કે માપી શકાય તેમ હોતી નથી. આવા ચલોની પરતંત્ર ચલ પર થતી અસરની માત્ર ધારણા જ થઈ શકે છે.

પ્રસ્તુત સંશોધનમાં (૧) અધ્યાપન પદ્ધતિનું નાવીન્ય, (૨) બે જૂથોના પાત્રો વચ્ચેની આંતરક્રિયા, (૩) વિદ્યાર્થીઓના રસ, રુચિ, વલણ, એકાગ્રતા, ગ્રહણશક્તિ, કાર્યક્ષમતા ને આંતરવર્તીય ચલ તરીકે લેવામાં આવ્યા હતા.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં બીલીમોરા શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધોરણ નવમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થતો હતો .

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા બીલીમોરા શહેરની બી સી જે. સાર્વજનિક હાઈ સ્કૂલ બિગરી શાળાની પસંદગી સહેતુક કરવામાં આવી હતી . પ્રસ્તુત સંશોધન માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ નવમા અભ્યાસ કરતાં કુલ વિદ્યાર્થીઓમાંથી ૩૬ વિદ્યાર્થીઓને જોડકાં નમૂના પસંદગીની પદ્ધતિથી પસંદ કરી બે સમકક્ષ જૂથ રચવામાં આવ્યા હતા. આ રીતે રચાયેલા સમકક્ષ જૂથો જૂથ - અ અને જૂથ - બ પૈકી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડીને 'જૂથ - અ' ને નિયંત્રિત જૂથ અને 'જૂથ - બ' ને પ્રાયોગિક જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

### સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનની પ્રાયોગિક યોજનામાં દેસાઈ અને દેસાઈ ( ૧૯૯૭ ) સૂચિત થાઈચ્છિક નિયમન જૂથ પૂર્વકસોટી - ઉત્તરકસોટી યોજનાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

### ઉપકરણોની પસંદગી

પ્રસ્તુત સંશોધનના હેતુઓને આધારે સંશોધક દ્વારા નીચે મુજબના ઉપકરણોની રચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનનો હેતુઓ તથા ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખીને સંશોધક દ્વારા પ્રયોગ હાથ ધરવા માટેના ઉપકરણ અને માહિતી એકત્રીકરણ કરવા માટેના ઉપકરણો પસંદ કરવામાં આવ્યા હતા,

( ૧ ) પ્રયોગ હાથ ધરવા માટેના ઉપકરણ

ઈ કોમીક્સ આધારિત કાર્યક્રમની રચના

( ૨ ) માહિતી એકત્રીકરણ માટેના ઉપકરણ

સિદ્ધિકસોટી

અભિપ્રાયાવલિ

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉત્કલ્પનાઓનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રની અપ્રાચલીય કસોટી તરીકે 'વિલ્કોક્સન પરીક્ષણ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભિપ્રાયાવલિના પૃથક્કરણ માટે કાઈવર્ગ કસોટી, સરેરાશ ભારાંક શોધીને અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું .

### સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી મળેલ પરિણામોને આધારે નીચે મુજબ તારણો દર્શાવવામાં આવ્યા છે .

**સંશોધનના મુખ્ય તારણો**

પ્રસ્તુત સંશોધનમા ઉત્કલ્પનાઓની ચકાસણીને આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે .

૧) પ્રાયોગિક જૂથના વિધાર્થીઓ માટે ધોરણ નવના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પર ઈ કોમીક્સ આધારિત શિક્ષણકાર્ય અસરકારક રહ્યું હતું .

૨) નિયંત્રિત જૂથના વિધાર્થીઓ માટે ધોરણ નવનાં અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પર પરંપરાગત પધ્ધતિ આધારિત શિક્ષણકાર્ય અસરકારક રહ્યું હતું .

3) બંને જૂથ પૂર્વકસોટીના પ્રાપ્તાંકો સંદર્ભે સમકક્ષ હતા.

૪) ધોરણ નવના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ માટે પરંપરાગત પધ્ધતિ આધારિત શિક્ષણ કાર્ય કરતાં ઈ કોમીક્સ આધારિત શિક્ષણકાર્ય વધુ અસરકારક જોવા મળ્યું હતું .

**અભિપ્રાયાવલિનાં તારણો**

ઈ કોમીક્સ આધારિત શિક્ષણ કાર્યક્રમ દ્વારા શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના ઈ કોમીક્સ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો પર પ્રાપ્ત પ્રતિચારોની ટકાવારીના આધારે મળેલ તારણો નીચે મુજબ છે.

૧) ઈ કોમીક્સ આધારિત કાર્યક્રમ દ્વારા અધ્યયન કરવું રસપ્રદ લાગ્યું હતું.

૨) ઈ કોમીક્સ આધારિત કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલ ચિત્રો સંવાદો અને માહિતીને સરળતાથી સમજી શકાય હતા.

૩) ઈ કોમીક્સ કાર્યક્રમમાં રજુ થયેલ તમામ મુદ્દાઓનું મૂલ્યાંકન યોગ્ય રીતે કરવામાં આવ્યું હતું.

૪) પરંપરાગત પધ્ધતિની સરખામણીએ ઈ કોમીક્સ પદ્ધતિ દ્વારા શિક્ષણ વધુ અસરકારક સાબિત થયું હતું.

૫) ઈ કોમીક્સ કાર્યક્રમમાં સમાવેલ દરેક મુદ્દાની માહિતી પુરતી હતી.

૬) ઈ કોમીક્સ કાર્યક્રમમાં મુદ્દાઓની રજૂઆતની શરૂઆતમાં વિષયવસ્તુ સાથે સંબંધિત ઉદાહરણો ત્યારબાદ એ ઉદાહરોની સંદર્ભની સ્પષ્ટતાની રજૂઆત કરવામાં આવી છે જે ક્રમિક રીતે કરેલ હોવાથી સમજવામાં સરળ છે.

૭) ઈ કોમીક્સ કર્કમ દ્વારા અધ્યાપન કરાવવામાં આવેલ modal Auxilliary તમામ મુદ્દાઓની યોગ્ય સમાજ વિકસાવી શકાયી હતી.

૮) ઈ કોમીક્સ કાર્યક્રમ દ્વારા modal Auxilliary તમમાં ક્રીયાપદોનો વ્યવહારમાં ઉપયોગ કરતા વ્યવહારુ ઉપયોગ શીખવી શકાયો હતો.

૯) ઈ કોમીક્સ કાર્યક્રમમાં રજુ થયેલ એકમના તમામ મુદ્દાઓ વિશેની ઊંડાણમાં માહિતી રજૂઆત કરવામાં આવી છે.

૧૦) ઈ કોમીક્સ દ્વારા સમગ્ર modal Auxilliary ના મુદ્દાઓને વિભાજીત કરી તેની સમાજ આપવામાં આવી હતી જેના પરિણામે વિદ્યાર્થીઓ તેના પાયાના ખ્યાલો સમજી શક્યા હતા.

૧૧) ઈ કોમીક્સ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કરવાના કાર્યોની સુચનાઓને વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શક્યાં હતા.

૧૨) મુલ્યાકાનના પ્રશ્નો સરળ હોવાથી વિદ્યાર્થીઓને પ્રશ્નોના ઉત્તરો સરળતાથી આપી શક્ય હતા.

૧૩) ઈ કોમીક્સ કાર્યક્રમમાં ચિત્રો સાથે સંવાદની રજૂઆત હોવાથી વિદ્યાર્થીઓ તેને લાંબા સમય સુધી યાદ રાખી શકશે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં રજૂ થયેલા તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો નીચે પ્રમાણે છે.

અધ્યાપક

વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અઘરા લાગતાં ભારરૂપ મુદ્દાઓ કે કઠિન એકમોનું અધ્યાપન સરળતાથી રસપ્રદ રીતે કરાવવા માટે ઈ કોમીક્સ કાર્યક્રમ ઉપયોગી નીવડી શકે.

ઈ કોમીક્સ કાર્યક્રમ દ્વારા શિક્ષણ કાર્ય કરાવી વર્ગખંડ શિક્ષણમાં નાવીન્ય લાવી શકાય અને વિદ્યાથીઓનો કંટાળો દૂર કરી તેમને સક્રિય બનાવી શકાય છે.

અસરકારક અધ્યાપનમાં ઈ કોમીક્સ કાર્યક્રમ કઈ રીતે ઉપયોગી બની શકે? એ શિક્ષણ શાસ્ત્રીઓ, આચાર્યો અને શિક્ષકો જાણી શકશે અને ઈ કોમીક્સ કાર્યક્રમને નવીન પદ્ધતિ તરીકે અપનાવી શકશે .

શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો કે શિક્ષકો પોતાના વિષયોમાં કે કઠિન લાગતાં મુદ્દાઓમાં ઈ કોમીક્સ કાર્યક્રમની રચના કરી અસરકારક અને નાવીન્ય સભર શિક્ષણ કાર્ય કરાવી શકે છે.

વિદ્યાર્થીઓને તાર્કિક રીતે વિચારતો અને પ્રશ્નો પૂછતો કરી શકાય છે અને તેમની માનસિક શક્તિઓની ખીલવણી કરી શકાય છે .

આધુનિક યુગમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા માટે અને તેમને સ્વઅધ્યયન માટે પ્રેરવા ઈ કોમીક્સ કાર્યક્રમ ખૂબ ઉપયોગી બની શકે.

આકસ્મિક મહામારી (કોવિડ-૧૯) અથવા કુદરતી આપત્તિઓની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય ચાલુ રાખવા માટે તથા તેમને ઓનલાઈન શિક્ષણ કાર્ય કરાવવાનાં હેતુસર ઈ કોમીક્સ કાર્યક્રમ ઉપયોગી નીવડી શકે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા અને વેગ મળે તે માટે ભાવિ સંશોધનો અંગેના ક્ષેત્રો નીચે મુજબ નિર્દેશ કર્યા છે.

પ્રસ્તુત સંશોધન ધોરણ ૯ ના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ અન્ય એકમો માટે ઈ કોમિકસની અસરકારકતા તપાસી શકાય.

પ્રસ્તુત સંશોધન બીલીમોરા શહેરની માત્ર એક જ શાળા પૂરતું મર્યાદિત હતું. પરંતુ અન્ય શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ શાળાઓને આવરી લઈ આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

પ્રસ્તુત સંશોધન માત્ર ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ અન્ય માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઈ કોમિક્સ આધારિત શિક્ષણ સામગ્રી તૈયાર કરી. તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

પ્રસ્તુત સંશોધન માધ્યમિક કક્ષાએ માત્ર ધોરણ નવ પૂરતું જ મર્યાદિત હતું. આ ઉપરાંત ઉચ્ચ માધ્યમિક સ્તરે અને ઉચ્ચ શિક્ષણ કક્ષાએ ઈ કોમિક્સ દ્વારા શૈક્ષણીક કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા તપાસી શકાય.

પ્રસ્તુત સંશોધન ધોરણ નવના અંગ્રેજી વિષયના Modal Auxilliary એકમ પૂરતું મર્યાદિત હતું. અન્ય વિષયો જેવા કે ગણિત, સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, ગુજરાતી, વગેરે માટે ઈ કોમિકસ કાર્યક્રમની અસરકારકતા તપાસી શકાય.

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હોય જાતીયતા, બુદ્ધિ, વિસ્તાર વગેરે જેવા ચલોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓની શૈક્ષણીક સિદ્ધિ પર ઈ કોમિક્સ કાર્યક્રમની અસરકારકતા તપાસી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતા માલુમ પડે છે કે ઈ કોમીક્સ કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરાવવાથી અધ્યાપનમાં નાવીન્ય લાવી શકાય છે. ઈ કોમીક્સ એ એક એવો શૈક્ષણિક કાર્યક્રમ છે કે જેના પ્રત્યે વિદ્યાર્થીઓ પોતે આકર્ષિત થાય છે. ઉપરાંત વિદ્યાર્થીઓના વાંચન કૌશલ્ય, કલ્પના શક્તિ, સર્જનાત્મક શક્તિ, તર્ક શક્તિ તથા વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં પણ વધારો કરી શકાય છે.પ્રસ્તુત સંશોધન ભાવિ સંશોધકો માટે દિશાસૂચક બની રહેશે અને શિક્ષણજગત માટે માર્ગદર્શક બની રહેશે તો સંશોધકનું કાર્ય સફળ ગણાશે.

## નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ

ભરવાડ જયેશ આર.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે નિર્ધારિત થયા હતા.

1. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળા અભ્યાસક્રમ વિષયક " પ્રયોગશાળા માર્ગદર્શિકા " સંદર્ભે અભ્યાસ કરવો.

2. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાના " સંદર્ભ પુસ્તકોની ઉપલબ્ધતા " અંગે અભ્યાસ કરવો.

૩. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની " શૈક્ષણિક પ્રવૃત્તિ " સંદર્ભે માહિતી પ્રાપ્ત કરવી.

4. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં " શૈક્ષણિક સાધનોની " ઉપલબ્ધિ સંદર્ભે માહિતી પ્રાપ્ત કરવી.

5. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની " ભૌતિક સુવિધા " સંદર્ભે માહિતી પ્રાપ્ત કરવી.

6. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાના “ પ્રાયોગિક કાર્યના શિક્ષણ " સંદર્ભે માહિતી પ્રાપ્ત કરવી.

7. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં " વિદ્યાર્થીઓના શિસ્ત" સંદર્ભેનો અભ્યાસ કરવો.

8. નવસારી જિલ્લા કક્ષાએ જીવ વિજ્ઞાન પ્રયોગશાળામાં ઉપલબ્ધ " રસાયણોની ગુણવત્તા " સંદર્ભે અભ્યાસ કરવો.

9. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન વિષયક પ્રાયોગિક બોર્ડ પરીક્ષા વ્યવસ્થા " સંદર્ભે અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે પ્રમાણે નિર્ધારિત થયા હતા.

1. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન વિષયક અભ્યાસક્રમ પ્રયોગશાળા માર્ગદર્શિકા યોગ્ય જણાય છે?
2. નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાના સંદર્ભ પુસ્તકો ઉપલબ્ધતા ધરાવે છે?
3. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં કઈ કઈ શૈક્ષણિક પ્રવૃતિઓ કરાવવામાં આવે છે?

4. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધિ કેવા પ્રકારની છે?

5. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં ભૌતિક સુવિધા કેવા પ્રકારની છે ?

6. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં પ્રાયોગિક શિક્ષણ કાર્ય કઈ રીતે કરવવામાં આવે છે?

7. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ શિસ્ત જાળવે છે ?

8. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં ઉપલબ્ધ રસાયણો ગુણવત્તાસભર છે?

9. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં બોર્ડ પ્રાયોગિક પરીક્ષાની વ્યવસ્થા કઈ રીતે કરવામાં આવે છે?

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાનો હતો. તે માટે સર્વેક્ષણ હાથ ધરવું જરૂર જણાયુ હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સંશોધકે નવસારી જિલ્લાના જીવવિજ્ઞાન પ્રયોગશાળાના કાર્યરત 30 શિક્ષકોનો સમાવેશ કર્યો હતો, 5.2.5 વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હોવાથી સંશોધકે સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે નવસારી જિલ્લાના 5 તાલુકાઓ નવસારી, ગણદેવી, ચીખલી, વાંસદા, ખેરગામ તથા જલાલપોર તાલુકાઓની 30 જીવવિજ્ઞાન પ્રયોગશાળાઓનો સમાવેશ કર્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હોવાથી સંશોધકે નમૂના તરીકે નવસારી જિલ્લાની જીવવિજ્ઞાન પ્રયોગશાળાના 30જીવવિજ્ઞાનના કાર્યરત શિક્ષકોનો સમાવેશ કર્યો હતો,

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હોવાથી સંશોધકે સંશોધનના 9 હેતુઓને આધારે નવસારી જિલ્લા કક્ષાના જીવવિજ્ઞાન પ્રયોગશાળાના શિક્ષકો માટે સ્વરચિત બંધ જવાબી પ્રશ્નનાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિની રચના કરી હતી. શિક્ષકો માટે સ્વરચિત મુક્ત જવાબી પ્રશ્નાવલિમાં સંશોધકે 'હા ' અને ' ના ના પ્રતિચારોના ઉત્તરો વાળી 70 પ્રશ્નોની રચના કરી હતી, સ્વરચિત મુક્ત જવાબી પ્રશ્નાવલિમાં 8 પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાના હેતુ સંદર્ભે સ્વરચિત ઓળખયાદીની રચના કરવામાં આવી હતી.

ઓળખયાદીમાં 8 વિભાગોને આધારે 219 સાધનોની યાદી બનાવવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નવસારી જિલ્લા કક્ષાની જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાની હતી. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હોવાથી સંશોધકે સૌપ્રથમ વિનંતી પત્ર દ્વારા નવસારી જિલ્લાની 30 જીવવિજ્ઞાન પ્રયોગશાળાની અવલોકન સંદર્ભે તથા શિક્ષકોની મુલાકાત અનુસંધાને આચાર્યશ્રીઓ પાસેથી પરવાનગી મેળવી હતી. ત્યારબાદ સંશોધકે શિક્ષકો માટે મુક્ત જવાબી તથા બંધ પ્રશ્નાવલિ દ્વારા મુલાકાત લીધી હતી. ત્યારબાદ સંશોધકે જીવ વિજ્ઞાન પ્રયોગશાળામાં ઉપલબ્ધ સાધનોની પરિસ્થિતિ જાણવાના હેતુ સંદર્ભે સંશોધકે સ્વરચિત ઓળખયાદીનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી પૃથક્કરણની રીત**

સંશોધકે નવસારી જિલ્લા કક્ષાની જીવવિજ્ઞાન પ્રયોગશાળાના 30 કાર્યરત શિક્ષકો પાસેથી બંધ જવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલ પ્રતિચારોના અર્થઘટન માટે ટકાવારીનો ઉપયોગ કર્યો હતો. મુક્ત જવાબી પ્રશ્નાવલિના અર્થઘટન માટે માહિતી વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં ઉપલબ્ધ સાધનો સંદર્ભે ઓળખયાદી દ્વારા પ્રાપ્ત થયેલા પ્રતિચારોનું ટકાવારી દ્વારા પૃથ્થકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ પ્રાપ્ત માહિતીને વધુ સ્પષ્ટ રીતે ક્રમશઃ સ્તંભ આલેખો દ્વારા દર્શાવવામાં આવી હતી.

**સંશોધનના તારણો**

શિક્ષકો માટે બંધ જવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલ પ્રતિચારોના તારણો

- ➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળા અભ્યાસક્રમ માર્ગદર્શિકા સંદર્ભેના તારણો

1. પ્રાયોગિક અભ્યાસક્રમ પ્રયોગશાળા માર્ગદર્શિકા નિશ્ચિતપણે NCERT નીતિ 2018 ને અનુસરે છે.

2. પ્રાયોગિક અભ્યાસક્રમ ચોક્કસ પણે વ્યવહારલક્ષીતા ધરાવે છે.

3. પ્રાયોગિક અભ્યાસક્રમ દ્વારા જીવવિજ્ઞાન વિષયવસ્તુની સમજ નિશ્ચિત પણે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક ઢબે આપી શકાય છે.

4. પ્રાયોગિક અભ્યાસક્રમ દ્વારા જીવવિજ્ઞાન વિષયનું જરૂરી અને પર્યાપ્ત જ્ઞાન વિદ્યાર્થીઓને આપી શકાય છે.

5. પ્રયોગશાળાનો અભ્યાસક્રમ ચોક્કસ પણે ઉપયોગીતા મૂલ્ય ધરાવે છે.

6. પ્રયોગશાળાનો અભ્યાસક્રમ વિષયવસ્તુને સરળતાથી કઠિન તરફ લઈ જાય છે.

7. પ્રયોગશાળા માર્ગદર્શિકા NCERT દ્વારા તૈયાર કરી વિદ્યાર્થીઓને યોગ્ય સમયે પ્રાપ્ત થાય છે.

- ➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળા સંદર્ભ પુસ્તક સંદર્ભેના તારણો

1. પ્રાયોગિક કાર્યના સંદર્ભ પુસ્તકો શાળાની લાઈબ્રેરીઓમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધતા ધરાવે છે.

2. તજજ્ઞો દ્વારા તૈયાર થયેલા સંદર્ભ પુસ્તકો પ્રયોગશાળાઓમાં જરૂરિયાત પ્રમાણમાં ઉપલબ્ધ છે.

3. NCERT દ્વારા તૈયાર થયેલ પ્રયોગશાળા માર્ગદર્શિકા વિદ્યાર્થીઓને યોગ્ય સમયે પ્રાપ્ત થાય છે.

4. પૃષ્ઠવંશી અને અપૃષ્ઠવંશી જેવા સંદર્ભ પુસ્તકો મોટા ભાગની શાળાઓની લાઈબ્રેરીઓમાં ઉપલબ્ધતા ધરાવતા નથી.

5. પ્રાયોગિક કાર્યના સંદર્ભ પુસ્તકોનો શિક્ષકો દ્વારા ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

6. પ્રાયોગિક કાર્યના સંદર્ભ પુસ્તકોનો વિદ્યાર્થી દ્વારા ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

- ➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની શૈક્ષણિક પ્રવૃત્તિ સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં વિદ્યાર્થીઓ નિશ્ચિતપણે શૈક્ષણિક પ્રવૃતિઓમાં રસ લે છે.

2. પ્રયોગશાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિ સંદર્ભે શાળા તરફથી પુરતાં પ્રમાણમાં પ્રોત્સાહન આપવામાં આવે છે.

3. પ્રયોગશાળાઓમાં સહ કર્મચારીઓ અને લેબ આસિસ્ટન્ટની સુવિધા પૂરતા પ્રમાણમાં પૂરી પાડવામાં આવે છે.

4. પ્રાયોગિક શૈક્ષણિક પ્રવૃત્તિને ભોગે સહ શૈક્ષણિક પ્રવૃતિઓ કરાવવામાં આવતી નથી.

5. પ્રયોગશાળાઓમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃતિઓમાં ઉત્સાહ દાખવે છે.

6. મોટાભાગની પ્રયોગશાળાઓમાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવતી નથી.

7. મોટાભાગની પ્રયોગશાળાઓમાં જીવવિજ્ઞાનના વૈજ્ઞાનિકોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવતી નથી.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળાના શૈક્ષણિક સાધનો સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળામાં જરૂરી પ્રાયોગિક સાધનોની અછત મોટા પ્રમાણમાં વર્તાય છે.

2. પ્રયોગશાળાઓમાં ઘણા પ્રાયોગિક સાધનો ખૂબ જ મોટી સંખ્યામાં જર્જરિત હાલતમાં ઉપલબ્ધ છે.

૩. પ્રયોગશાળાઓમાં નમૂનાઓની ખૂબ જ યોગ્ય રીતે જાળવણી થાય છે.

4. પ્રયોગશાળાઓમાં સાધનો પૂરતા પ્રમાણમાં ન હોવાના કારણે ઘણીવાર વિદ્યાર્થીઓને જૂથમાં પ્રાયોગિક કાર્ય કરવું પડે છે.

5. પ્રયોગશાળાઓમાં કાયમી આસ્થાપનો / સ્લાઈડ પૂરતા જરૂરિયાત પ્રમાણે ઉપલબ્ધતા ધરાવે છે.

6. મોટાભાગની પ્રયોગશાળાઓમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં ચાર્ટ્સ ચિત્રો ચિત્રો ઉપલબ્ધતા ધરાવે છે.

7. મોટાભાગની પ્રયોગશાળાઓમાં ખૂબ જ મોટા પ્રમાણમાં મોડ્યુલ્સ જર્જરિત હાલતમાં છે.

8. મોટાભાગની પ્રયોગશાળાઓમાં સૂક્ષ્મદર્શક-યંત્રો કાર્યરત પરિસ્થિતિમાં ઉપલબ્ધતા ધરાવતા નથી.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં ભૌતિક સુવિધા સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓ પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ વાળી છે.

2. પ્રયોગશાળાઓમાં પૂરતા પ્રમાણમાં ટ્યુબ લાઈટની સુવિધા ઉપલબ્ધ છે.

૩. પ્રયોગશાળાઓમાં મધ્યમ પ્રમાણમાં અગ્નિશામકની સુવિધા ઉપલબ્ધતા ધરાવે છે.

4. મોટાભાગની પ્રયોગશાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિકકાર્ય દરમિયાન બેસવા માટે પૂરતા પ્રમાણમાં સ્કૂલની સુવિધા ઉપલબ્ધ છે.

5. મોટાભાગની પ્રયોગશાળાઓમાં એક્વેરિયમનો અભાવ જોવા મળે છે.

6. મોટાભાગની પ્રયોગશાળાઓમાં વિવેરિયમનો ખૂબ જ મોટા પ્રમાણમાં અભાવ જોવા મળે છે,

7. મોટાભાગની પ્રયોગશાળાઓમાં હરબેરીયમનો ખૂબ જ મોટા પ્રમાણમાં અભાવ જોવા મળે છે.

8. પ્રયોગશાળાઓમાં પ્રાયોગિક કાર્ય માટે વોટર સપ્લાય નિશ્ચિત પ્રમાણમાં પૂરતી સુવિધા છે.

9. મોટાભાગની પ્રયોગશાળાઓમાં ફાયરસેફટી એલાર્મનો મધ્યમ પ્રમાણમાં અભાવ જોવા મળે છે.

10. મોટાભાગની પ્રયોગશાળાઓમાં ઉત્તમ પ્રમાણમાં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ છે.

11. પ્રાયોગિક જર્નલ તૈયાર કરવા સંદર્ભે વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં ઉત્સાહ દાખવે છે.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળાના પ્રાયોગિક કાર્યના શિક્ષણ સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં જીવવિજ્ઞાન વિષય પર આધારિત સૈદ્ધાંતિક સંકલ્પનાઓ પ્રાયોગિક રીતે સિદ્ધ કરવું એ નિશ્ચિત રીતે શક્ય બને છે.

2. પ્રયોગશાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓને જીવવિજ્ઞાન વિષયમાં પ્રયોગ શરૂ કરતાં પહેલાં હેતુઓ સ્પષ્ટ પણે સમજાવે છે.

૩. પ્રયોગશાળાઓમાં વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સારા પ્રમાણમાં દરેક પ્રયોગ સ્વતંત્ર રીતે કરવાની તક પ્રાપ્ત થાય છે.

4. પ્રયોગશાળાઓમાં શિક્ષકો સમયના અભાવના કારણે વિદ્યાર્થીઓને પ્રયોગો યોગ્ય રીતે સમજાવી શકતા નથી.

5. પ્રયોગશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રયોગો દરમિયાન થતી ભૂલો તરફ ધ્યાન દોરે છે.

6. પ્રયોગશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓ દ્વારા પ્રયોગ સંદર્ભે થતી ભૂલો અંગે સ્પષ્ટપણે સુધારણાના સૂચનો આપે છે.

7. પ્રયોગશાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રયોગોના અવલોકનો ચુસ્તપણે પ્રયોગપોથીમાં નોંધવા પર ભાર મુકાય છે.

8. પ્રયોગશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓની પ્રયોગ નોંધપોથી નિયમિતપણે તપાસે છે.

9. પ્રયોગશાળામાં પ્રયોગોને સમજવા માટે મોટાભાગના શિક્ષકો કોમ્પ્યુટરનો સહારો લેતા નથી.

10. વિદ્યાર્થીઓ વર્કબુકમાં પ્રાયોગિક અવલોકનો નોંધવામાં બેદરકાર જણાયા હતા.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓના શિસ્ત સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં શિક્ષકો પ્રાયોગિક કાર્ય સંદર્ભે વિદ્યાર્થીઓને નિશ્ચિતપણે શિસ્ત પાળવા માટે આગ્રહ રાખે છે.

2. પ્રયોગશાળાઓમાં પ્રાયોગિકકાર્ય દરમિયાન મોટાભાગના વિદ્યાર્થીઓ શિસ્ત જાળવતા નથી.

૩. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાયોગિક સાધનો કે નમૂનાઓ તૂટી જાય તો તેમની પાસેથી યોગ્ય દંડ વસૂલાય છે.

4. વિદ્યાર્થીઓમાં શિસ્તના અભાવના કારણે મોટાભાગના શિક્ષકો પ્રાયોગિક કાર્ય યોગ્ય રીતે કરવી શકતા નથી.

5. પ્રાયોગિકકાર્ય દરમિયાન શિક્ષકો વિદ્યાર્થીઓને ફરજિયાત પણે એપ્રોન પહેરાવવાનો આગ્રહ રાખે છે.

6. પ્રયોગશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રાયોગિક જર્નલ વિના પ્રવેશ આપતા નથી.

7. પ્રયોગશાળાઓમાં વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય દરમિયાન ચુસ્તપણે સંપૂર્ણ પણે શિસ્તનું પાલન કરે છે.

8. વિદ્યાર્થીઓ નિશ્ચિતપણે સાધનો / રસાયણો / નમૂનાઓ ઉપર દર્શાવેલ સલામતી અંગેની સૂચનાઓને અનુસરે છે.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં ઉપલબ્ધ રસાયણો સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં પ્રાયોગિક કાર્ય સંદર્ભે મોટા પ્રમાણમાં રસાયણોનો અભાવ જોવા મળે છે.

2. પ્રયોગશાળાઓમાં શિક્ષકોને રસાયણોના અભાવના લીધે ઘણા પ્રયોગો કરાવવામાં તકલીફ અનુભવાય છે.

૩. શિક્ષકોએ પ્રાયોગિક કાર્યના સંદર્ભે નવા રસાયણોના અભાવને લીધે જુના રસાયણોનો ઉપયોગ વધુ માત્રામાં કરવો પડે છે.

4. સરકારી અને અર્ધસરકારી શાળાઓની પ્રયોગશાળાઓમાં પ્રાયોગિક કાર્ય અંગે રસાયણો ખરીદવા શાળામાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જ્યારે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં સંસ્થાઓ જ નવા રસાયણો ખરીદે છે.

5. જુના રસાયણોનો ઉપયોગ કરવાથી યોગ્ય પ્રાયોગિક અવલોકન પરિણામ મેળવી શકાતા નથી.

6. પ્રયોગશાળામાં ખૂબ જ ઉત્તમ પ્રમાણમાં દરેક સોલ્યુશન યોગ્ય રીતે labled છે.

7. પ્રયોગશાળામાં રસાયણોને યોગ્ય રીતે મુકવા માટે વર્કટોપ માટેની સુવિધા મધ્યમ પ્રમાણમાં છે.

5.3.3.9 બોર્ડ પરીક્ષા વ્યવસ્થા સંદર્ભેના તારણો

1. સરકારી અને અર્ધસરકારી શાળાઓની પ્રયોગશાળાઓને પ્રાયોગિક બોર્ડ પરીક્ષા સેન્ટર તરીકે ફાળવણી કરવામાં આવે છે જ્યારે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની પ્રયોગશાળાઓને બોર્ડ પરીક્ષા સંદર્ભે સેન્ટર તરીકે ફાળવણી કરવામાં આવી નથી.

2. પ્રયોગશાળાઓમાં બોર્ડની પરીક્ષા સંદર્ભે મોટા ભાગે ઈત્તર સાધનો વિકસાવવામાં આવતા નથી.

૩. પ્રાયોગિક પરીક્ષાના આયોજન સંદર્ભે અન્ય જવાબદાર મદદનીશની ફાળવણી મહદ અંશે કરવામાં આવે છે.

4. જીવવિજ્ઞાન વિષયની પ્રાયોગિક બોર્ડની પરીક્ષા નિશ્ચિત માળખા અનુસાર જ લેવામાં આવે છે.

5. પ્રયોગશાળાઓમાં બોર્ડ દ્વારા લેવાનાર પ્રાયોગિક પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને પ્રયોગોનું પુનરાવર્તન નિશ્ચિતપણે કરવામાં આવે છે.

શિક્ષકો માટેની મુક્ત જવાબી પ્રશ્નાવલિના આધારે તારણો

➢ જીવવિજ્ઞાનના પ્રાયોગિક પુસ્તક સંદર્ભના તારણો

- જીવવિજ્ઞાનનું પ્રાયોગિક પુસ્તક NCERT નીતિ 2018 ને અનુસરે છે.
- વિશિષ્ટ તજજ્ઞો દ્વારા તૈયાર થયેલ પુસ્તક છે.
- જીવવિજ્ઞાન વિષયની સૈદ્ધાંતિક માહિતીની સાથે સાથે પ્રાયોગિક માહિતી પૂરી પાડે છે.
- વિદ્યાર્થીઓને વિષયવસ્તુની સમજ સરળથી કઠિન તરફ લઈ જાય છે.
- પ્રયોગોને વ્યવહાર લક્ષી બનાવી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં જીવવિજ્ઞાનના પ્રયોગ સંદર્ભે રસ-રુચિ વલણ અને સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ કેળવે છે.

- જીવવિજ્ઞાન પ્રયોગ ક્ષેત્રે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાઓને સંતોષે છે.
- વિદ્યાર્થીઓમાં જીવવિજ્ઞાનના પ્રયોગોમાં પ્રાયોગિક કૌશલ્યોની ખીલવણી થાય છે.
- ધોરણ-11 અને 12 ના પ્રાયોગિક માર્ગદર્શિકામાં એક સૂત્રતા જોવા મળે છે. પ્રાયોગિક માહિતી ખૂબ જ ઊંડાણપૂર્વક આપેલ છે. જેથી વિદ્યાર્થીઓ પણ જાતે પ્રયોગ કરી શકે.

➢ જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ સંદર્ભેના તારણો

- વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ વર્ક આપવું.
- પ્રયોગશાળામાં હરબેરીયમ બનાવવા,
- નમૂનાઓની ફોરમેલીનમાં જાળવણી કરાવવી.
- જીવવિજ્ઞાન પ્રાયોગિક કાર્યના વિવિધ ચટ્ર્સ બનાવવા.
- કુદરત પરિસરમાં મળતા વિવિધ નમૂનાઓનું એકત્રીકરણ કરીને તેને સાચવવા.
- પ્રાયોગિક પુસ્તકમાં જે પ્રવૃત્તિઓ આપી હોય તે કરાવવી.
- વિજ્ઞાન પ્રદર્શન યોજવું,
- વિજ્ઞાન દિનની ઉજવણી કરવી.
- જીવવિજ્ઞાનના વૈજ્ઞાનિકોની જન્મદિવસની ઉજવણી કરવી.
- પ્રયોગશાળાની સફાઈ કરવી.

➢ પ્રયોગનું માર્ગદર્શન આપવા માટે શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધી સંદર્ભેના તારણો

- પ્રયોગશાળામાં વિદ્યાર્થીદીઠ સાદા સૂક્ષ્મદર્શક યંત્ર હોવા જ જોઈએ.
- પ્રયોગશાળામાં પૂરતાં પ્રમાણમાં ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપની સુવિધા હોવી જોઈએ.
- પ્રયોગશાળામાં પ્રાયોગિક કાર્ય સંદર્ભે પૂરતા ચાટ્ર્સ ચિત્રો હોવા જોઈએ,
- પ્રયોગશાળામાં કાયમી આસ્થાપનો / slide પૂરતાં પ્રમાણમાં હોવી જોઈએ.
- પ્રયોગશાળામાં એક્વેરિયમની સુવિધા હોવી જોઈએ.
- પ્રયોગશાળામાં પૂરતા પ્રમાણમાં મોડ્યુલ્સ ઉપલબ્ધ હોવા જોઈએ,
- પ્રયોગશાળામાં હરબેરીયમ અને વિવેરિયમની સુવિધા હોવી જોઈએ.
- પૂરતાં પ્રમાણમાં ટ્યુબ લાઈટની સુવિધા હોવી જરૂરી છે.

➢ પ્રયોગશાળામાં ભૌતિક સુવિધાની ઉપલબ્ધિ સંદર્ભેના તારણો

- પ્રાયોગિક કાર્ય માટે વોટર સપ્લાયની સુવિધા છે.
- પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્ય દરમ્યાન બેસવા માટે પૂરતા પ્રમાણમાં સ્કૂલની સુવિધા છે.
- પ્રયોગશાળામાં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ છે.
- પ્રયોગશાળા હવા-ઉજાસવાળી છે.
- બોર્ડની સુવિધા ઉપલબ્ધ છે.
- પ્રયોગશાળામાં રસાયણોને યોગ્ય રીતે મુકવા માટે વર્કટોપ માર્બલની સુવિધા ઉપલબ્ધ છે.
- નમૂનાઓ પૂરતા પ્રમાણમાં છે.
- શિક્ષક માટે ટેબલ ખુરશીની યોગ્ય વ્યવસ્થા છે.
- પ્રયોગશાળાના અન્ય સાધનો પૂરતાં પ્રમાણમાં છે.
- પ્રયોગશાળા યોગ્ય બાંધકામ ધરાવે છે.

➢ પ્રયોગ સંદર્ભે ગુણવત્તાયુક્ત શિક્ષણ અંગેના તારણો

- શિક્ષકે પ્રાયોગિક પુસ્તકને ચોક્કસ રીતે અનુસરવું પડે.
- શિક્ષકોની પૂર્વ તૈયારી હોવી જોઈએ,
- શિક્ષકને શૈક્ષણિક અનુભવ હોવો જરૂરી છે.
- યોગ્ય ક્રમ અનુસાર જ પ્રયોગો કરવા જોઈએ.
- દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે પ્રયોગ કરવાની તક આપવી જોઈએ.

- સૌપ્રથમ શિક્ષકે નિદર્શન દ્વારા પ્રયોગો કરાવવા, ત્યારબાદ જ વિદ્યાર્થીઓને પ્રયોગ સંદર્ભે મંજૂરી આપવી.
- વિદ્યાર્થીઓને પ્રયોગોને લગતા પ્રોજેક્ટ કાર્ય આપવા.
- . શિક્ષક પાસે વિષયવસ્તુનું જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે.
- પ્રયોગો સંદર્ભે વિદ્યાર્થીઓનો રસ, રૂચિ જળવાઇ રહે તે અંગે પ્રાયોગિક કાર્યની જવાબદારી સોંપવી.

➢ પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓના શિસ્ત સંદર્ભેના તારણો

- વિદ્યાર્થીઓ શિસ્તમાં રહીને પ્રાયોગિક કાર્ય પૂર્ણ કરે.
- વિદ્યાર્થીઓ પ્રયોગશાળાના નિયમોનું પાલન કરે.
- વિદ્યાર્થીઓ પ્રયોગશાળાના સામુહિક કાર્યમાં પોતાની ભાગીદારી નોંધાવે.
- પ્રયોગશાળાના સાધનોને હાનિ ન પહોંચાડે.
- પ્રયોગશાળાના સાધનોની યોગ્ય રીતે જાળવણી કરે.
- પ્રયોગ પૂર્ણ થતાં સાધનો યોગ્ય રીતે સાફ કરીને વ્યવસ્થિત મુકવા જોઈએ.
- વારંવાર સૂચનાઓ ન આપવી જોઈએ.
- ટ્યુશન જનાર વિદ્યાર્થીઓએ પ્રયોગશાળામાં યોગ્ય રીતે વ્યવહાર કરવો જોઈએ.

➢ પ્રયોગશાળામાં ઉપલબ્ધ રસાયણોની ગુણવત્તા સંદર્ભેના તારણો

- કેટલીક રાસાયણિક કસોટી ગ્લુકોઝ, યુરીન, અલ્બ્યુમીન તથા સ્ટાર્ચ કસોટીઓમાં જુના રસાયણોનો ઉપયોગ કરવાથી અસરકારક પરિણામ મેળવી શકાતું નથી.
- રક્તકણ,શ્વેતકણ તથા રૂધિરની સ્લાઈડ બનાવવા સંદર્ભે પ્રયોગશાળામાં નવા રસાયણો ઉપલબ્ધ હોવા જરૂરી છે.
- જુના રસાયણોનો ઉપયોગ કરવાથી યોગ્ય અવલોકોનોના પરિણામો પ્રાપ્ત કરી શકતા નથી.
- દર વર્ષે સંસ્થાએ નવા રસાયણો વિકસાવવા જોઈએ.
- દર વર્ષે સંસ્થાએ રસાયણો સંદર્ભે યોગ્ય ગ્રાન્ટની ફાળવણી કરવી જોઈએ.

➢ પ્રયોગશાળાને વધારે ગુણવત્તાસભર બનાવવા સંદર્ભેના તારણો

- જીવવિજ્ઞાનની પ્રયોગશાળાને એક માત્ર રૂમમાં ન સમાવવી જોઈએ.
- જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં એક કુદરતી સ્થળ એવા નિવસનતંત્ર વાળું વાતાવરણ ઊભું કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓને કુદરતી પરિસર ભૂમિ, પાણી, વનસ્પતિ તથા વાતાવરણના અનુલક્ષીને જીવંત પ્રયોગો કરાવવા જોઈએ.
- પ્રયોગશાળામાં જીવવિજ્ઞાનના આધુનિક સાધનો વિકસાવવા જોઈએ.
- પ્રોજેક્ટની સુવિધા ઉભી કરવી જોઈએ.
- પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિની દેહ ધાર્મિક ક્રિયાઓ વાળા પ્રયોગો 3D સ્ટ્રક્ચરમાં સમજાવીને પ્રયોગો કરવા જોઈએ.
- પ્રયોગશાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો કરવો જોઈએ.
- પ્રયોગો માટે દર વર્ષે નવા રસાયણો વિકસાવવા જોઈએ.
- જીવવિજ્ઞાન પ્રયોગોને આધારે વિદ્યાર્થીઓને ફિલ્ડ વર્ક આપવું જોઈએ.

**ઓળખયાદીના આધારે ઉપલબ્ધ સાધનો સંદર્ભે પ્રાપ્ત થયેલ તારણો**

➢ સૂક્ષ્મદર્શક-યંત્ર સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં સદા સૂક્ષ્મદર્શક-યંત્રો ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
2. પ્રયોગશાળાઓમાં ઈલેક્ટ્રોનિક માઈક્રોસ્કોપ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે,

➢ સછિદ્ર સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં ઉપલબ્ધ સછિદ્ર સમુદાયના સાધનો પૈકી લ્યુકોસોલેનીઆ અને સ્પોન્જિલા (વાદળી) ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ કોષ્ઠાત્રી સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. પ્રયોગશાળાઓમાં હાઈડ્રા, સમુદ્રફૂલ અને પરવાળાના (કોરલ) નમૂનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
2. પ્રયોગશાળાઓમાં જેલી ફિશના નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ પૃથુકૃમીના સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. પ્લેનેરિયા, યકૃતકૃમિ અને પટ્ટીકૃમિ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે,

➢ સુત્રકૃમિ સમુદાયના સંદર્ભેના તારણો

1. કરમિયુંઅને ફાઈલેરિયા કૃમિ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ નુપૂરક સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. અળસીયું, રેતીકીડો ( નેરિસ ) અને જળો ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ સંધીપાદ સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. પેરિપેટસ, ક્રેબ, વીંછી, ભરવાડ, વંદો, ઝીંગા, પતંગિયું, માખી અને કાનખજૂરોના નમુનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ મૃદુકાય સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. અષ્ટકવચ (કાઈટોન), ડેન્ટલિમ (દંતકવચી), મોતીછીપ, પાયલા, સેપિયા, ઓક્ટોપસ, તારામાછલી અને ( સાગરગોટાના નમૂનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
2. સમુદ્ર કમળના નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ મેરુદંડી સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. બાલાનોગ્લોસસ, એસિડિયા, સાલ્વા, એમ્ફીઑક્સસ, સમુદ્ર ઘોડો, લેબીઓ, કટલા અને રોહું ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
2. રે - ફિશના નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ ઉભયજીવી, સરિસૃપ, સસ્તન અને વિહગ સમુદાયના નમૂનાઓ સંદર્ભેના તારણો

1. દેડકો, કાચબો, નાગ, ચકલી, ઉંદર અને કેમેલિયોનના નમૂનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
2. ગરોળી, કબુતર અને પોપટના નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
૩. સસ્તન સમુદાયના સસલાંઓના નમુનાઓ નબળી પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ વાનસ્પતિક નમૂનાઓ સંદર્ભેના તારણો

1. મોસ ( શેવાળ ), પાયનાસ, મકાઈનો છોડ, બટાટા, આદું, ડુંગળી, રતાળા, બોગનવેલ, કૃષ્ણ કમળનું પ્રકાંડ સૂત્ર, ડુંગળીનું કંદ શાલ્ક પર્ણ સાથે, દાડમના કંટક, દ્રાક્ષના સૂત્રો, કરમદીના સૂત્રો, રામબાણની પ્રકલિકા અને

થોરના કંઠના નમૂનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

2. વાનસ્પતિક મહેંદીના નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.
૩. વાનસ્પતિક દ્રષ્ટેરિસ, વટાણાનો છોડ, ગંડિકામય મૂળ, કેટર્સનું પ્રકાંડ અને કળશ પર્ણના નમૂનાઓ નબળી પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ કાયમી આસ્થાપનો ( સ્લાઈડ / ફોટોગ્રાફ ) સંદર્ભેના તારણો

1. આંતરવસ્થા, પૂર્વાવસ્થા, ભાજનોવસ્થા, ભજનોત્તરવસ્થા, અંત્યાવસ્થા, લેપ્ટોટીન, ઝાયગોટીન, ડીપ્લોટીન, પેકેટીન અને ડાયકાઈનેસિસના નમુના ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ પ્રજીવ, વાઈરસ બેક્ટેરિયા, લીલ, ફૂગ અને લાઈકેન આસ્થાપનો સંદર્ભેના તારણો

1. અમીબા, પેરામિશિયમ, યુગ્લીના, પ્લાઝમોડિયમ, દંડાણું, વક્રાણું, સ્પાયરોગાયરા, મ્યુકર અને મશરૂમના આસ્થાપનો ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ મોડ્યુલ્સ સંદર્ભેના તારણો

1. માનવ કંકાલતંત્ર, સ્કંધમેખલા અગ્ર ઉપાંગો, મણિબંધાસ્થિ, સરકતો સાંધો, ખલ દસ્તાનો સાંધો, કંદુક ઉલુખલનો સાંધો અને માનવ આંખના મોડ્યુલ્સ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

2. માનવ ખોપરી, નિતંબમેખલા કરોડ સ્તંભ, લાક્ષણિક કશેરૂકા, માનવ હૃદય અને માનવ કર્ણના મોડ્યુલ્સ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

3. સ્કંધમેખલા, પાંસળી પિંજર, ગલ્ફાસ્થિ અને ઉરોસ્થિના મોડ્યુલસ નબળાં પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ પ્રાણીઓ તથા વનસ્પતિમાં રચના સદ્રશ્ય અને કાર્ય સદ્રશ્ય અંગો સંદર્ભેના તારણો

1. કળશ કમળ ( કૃષ્ણ) ના સૂત્રો અને અગ્ર ઉપાંગ માનવના નમૂનાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

2. દાડમના કંટક, ગાજરના રૂપાંતરિત મૂળ, આદુંની ગાંઠા મૂળ, પાંખ- પક્ષીની પાંખ, નીચલું જડબું- સસલાનું અને આ અગ્ર ઉપાંગ- ચામાચીડિયાની નમૂનાઓ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

3. નીચલું જડબું- વંદાનું નમુનાઓ નબળાં પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ વિવિધ વાનસ્પતિ ભાગોના ચાર્ટ સંદર્ભેના તારણો

1. પુંકેસરનું જોડાણ, પુંકેસરની અભિલગ્નતા, પુંકેસરનું પરાગાસન સાથેનું જોડાણ, પરાગાશયની સ્ફોટન તરાહ ( ભાત), બીજાસાયનું સ્થાન, સ્ત્રીકેસરની સંલગ્નતા, જરાયુવિન્યાસ અને સ્ત્રીકેસરની પરાગવહિનીમાં પરાગનલિકાનો વિકાસના ચાર્ટ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ વંશવાળી નકશાના ચાર્ટ સંદર્ભેના તારણો

1. દૈહિક રંગસૂત્ર સંલગ્ન પ્રભાવી લક્ષણોનો વારસો, દૈહિક રંગસૂત્ર સંલગ્ન પ્રછન્ન લક્ષણોનો વારસો, X- સંલગ્ન પ્રભાવી લક્ષણોનો વારસો, X- સંલગ્ન પ્રભાવી લક્ષણનો વારસો, X- સંલગ્ન પ્રછન્ન વારસો અને Y- સંલગ્ન પૂંછનનનો વારસાના ચાર્ટ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ માનવ શરીર ચાર્ટ સંદર્ભેના તારણો

1. માનવ પ્રજનનની આંતરિક રચના, માનવ હૃદયની આંતરીક રચના, માનવ કાનની રચના, માનવ મૂત્રપિંડની આંતરિક રચના, માનવ આંખ અને માનવ મગજના ચાર્ટ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ વાનસ્પતિક વિવિધ પેશીઓના ચાર્ટ સંદર્ભેના તારણો

1. લાદીસમ અધિચ્છદ પેશી, ઘનાકાર અધિચ્છદ પેશી, સ્તંભીય અધિચ્છદ પેશી, પક્ષમલ અધિચ્છદ પેશી, સ્મૃત અધિચ્છદ પેશી, સ્તંભીય અધિચ્છદ પેશી, માનવના રક્તકણો, જલવહાક દઢોતક પેશી, જલવાહક મૃદુતક, જલવાહિની અને જલવાહિનિકીના ચાર્ટ્સ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ રસાયણો સંદર્ભેના તારણો

1. કેલ્શિયમ નાઈટ્રેટ, સુક્રોઝ, ઈથેનોલ, એસિટો ઓરસિન અભિરંજક, PH સૂચક દ્રાવણ, ફોર્મેલીન એસિટો આલ્કોહોલ, ફોર્મેલીન એસિટો આલ્કોહોલ, ગ્લિસરીન, સેફ્રેનીન અભિરંજક, કોટન બ્લુ, ક્રોમિક એસિડ, પોટેશિયમ ડાય ક્રોમેટ, કોબાલ્ટ કલોરાઈડ, બેનેડિક્ટસ અને ફેહલિંગના રસાયણો ઉત્તમ પ્રકારની ઉપલબ્ધ ધરાવે છે.

2. કોટન બ્લુ અભિરંજક, 2-4% એસિટોકામાંઈન અને સુક્રોઝનું દ્રાવણ એ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

3. બોરિક એસિડ, ગ્લેશિયલ એસિટીક એસિડ, ફોર્મેલીનનું દ્રાવણ, મંદ આયોડિન, સોડિયમ કાર્બોનેટ, સોડિયમ સાઈટ્રેટ અને સોડિયમ પોટેશિયમ ટાર્ટરેટના રસાયણો નબળાં પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

➢ અન્ય સાધનો સંદર્ભેના તારણો

1. કાચનો સળિયો, બર્નર, ત્રિપાઈ, તારની જાળી, વોશ બોટલ, ડીસેક્ટીંગ ટ્રે બીકરો, ફ્લાસ્ક, પિપેટ, બિલોરી કાચ, વોચ ગ્લાસ, અંકિત નળાકાર, બ્લોટિંગ પેપર, ત્રાજવું અને વજનિયા, પેટ્રી ડીશ, રબર બેન્ડ, ટેસ્ટ ટ્યુબ હોલ્ડર, ટેસ્ટ ટ્યુબ સ્ટેન્ડ, સ્પિરિટ લેમ્પ, ફિલ્ટર પેપર, કોટન રૂ, થર્મોમીટર

અને ચાળણીનો સેટ એ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

2. ચીપિયો અને ખલ - દસ્તો એ મધ્યમ પ્રકારની ઉપલબ્ધતા ધરાવે છે.

૩. ધારદાર ચપ્પુ, સુતરાઉ કાપડ, હોટ પ્લેટ / ઓવન, ડેસી કેટર (હવા ચુસ્ત પાત્ર), બ્યુરેટ કર્લમ્યુવાળું સ્ટેન્ડ, વોટર બાથ / ઈન્ક્યુબેટર, કેવિટી ટાઇલ (ખાડાવાળું લાદી જેવું પાત્ર), હરબેરીયમ અને ફિલ્ડ પ્રેસ (વનસ્પતિના નમૂનાને દબાવી રાખવાનું સાધન) એ નબળાં પ્રકારની ઉપલબ્ધ ધરાવે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધન અંતે પ્રાપ્ત થયેલા પરિણામોના આધારે અધ્યેતાએ જીવવિજ્ઞાન વિષયની પ્રયોગશાળાને વધુ ગુણવત્તાસભર બનાવવા અર્થે નોંધપાત્ર શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

1. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં દરેક વિદ્યાર્થી દીઠ સંયુક્ત સૂક્ષ્મદર્શક યંત્રની સુવિધા હોવી જોઈએ.

2. પ્રયોગશાળાઓમાં સૂક્ષ્મદર્શક-યંત્ર કાર્ય પરિસ્થિતિમાં અભાવ હોય તો તેને સુધારીને અથવા તેના સ્થાને નવા સૂક્ષ્મદર્શક યંત્રો વિકસાવવા જોઈએ,

3. પ્રયોગશાળા માર્ગદર્શિકા વિદ્યાર્થીઓને યોગ્ય સમયે પ્રાપ્ત થવી જોઈએ.

4. જીવવિજ્ઞાન પ્રયોગશાળાઓમાં પ્રાયોગિક સંદર્ભ પુસ્તકો વિકસાવવા જોઈએ.

5. શાળાઓની લાઈબ્રેરીમાં પૃષ્ઠવંશી અને અપૃષ્ઠવંશી જેવા સંદર્ભ પુસ્તકો ફરજિયાત પણે હોવા જોઈએ.

6. શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ જીવવિજ્ઞાન વિશેના અન્ય સંદર્ભ પુસ્તકોનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

7. જીવવિજ્ઞાન પ્રયોગશાળાઓમાં વિજ્ઞાન દિવસ અને જીવવિજ્ઞાનના વૈજ્ઞાનિકોના જન્મદિવસની ઉજવણી ફરજિયાત પણે કરવી જોઈએ,

8. દરેક વિદ્યાર્થીને સ્વતંત્રપણે પ્રયોગ કરવાની તક પૂરી પાડવી જોઈએ.

9. જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં જર્જરિત થઈ ગયેલા સાધનો નિકાલ કરીને, તેના સ્થાને નવા સાધનો વિકસાવવા જોઈએ.

10. પ્રયોગશાળાઓમાં વિવિધ નમૂનાઓ ની જાળવણી માટે પૂરતા પ્રમાણમાં ફોર્મેલીન રસાયણની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ.

11. પ્રયોગશાળામાં કાયમી આસ્થાપનો / સ્લાઇડ પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોવી જોઈએ.

12. પ્રયોગશાળામાં પૂરતા પ્રમાણમાં ટ્યુબ લાઈટ, અગ્નિશામક તથા વિદ્યાર્થીઓને પ્રયોગ દરમિયાન બેસવા માટે સ્કૂલની સુવિધા પૂરતાં પ્રમાણમાં હોવી જોઈએ.

13. જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં એક્વેરિયમ, વિવેરિયમ તથા હરબેરીયમની સુવિધા હોવી જોઈએ.

14. જીવવિજ્ઞાન પ્રયોગશાળાઓમાં સાધનોની ઉપલબ્ધિ માટે શાળા સંચાલક મંડળ તરફથી સંનિષ્ઠ પ્રયાસો થવા જોઈએ.

15. વિદ્યાર્થીઓને વિશિષ્ટ જ્ઞાન મળી રહે તે હેતુથી શાળામાં વિશિષ્ટ સિદ્ધિ અને વ્યવસાયિક સજ્જતા ધરાવતા શિક્ષકોને સ્થાન આપવું જોઈએ.

16. જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં પ્રયોગ દરમિયાન વિદ્યાર્થીઓને એપ્રોન, ગ્લોવઝ અને ચશ્મા વગેરેની સગવડ પૂરી પાડવી જોઈએ.

17. અકસ્માત સર્જી શકે તેવા પ્રયોગોને વિડિયો સ્વરૂપે દર્શાવવા માટે LIC,D નો ઉપયોગ કરવો જોઈએ.

18. જીવવિજ્ઞાન વિષયના પ્રયોગોમાં અસરકારક પરિણામ પ્રાપ્ત કરવા માટે પ્રયોગશાળામાં ગુણવત્તાસભર રસાયણો વિકસાવવા જોઈએ.

19. પ્રયોગશાળામાં ઉપલબ્ધ દરેક વસ્તુ યોગ્ય રીતે Labled જોઈએ,

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધન ક્ષેત્રે અતિ વિશાળ છે. તેથી કોઈપણ અભ્યાસ માટે અધ્યેતા એવી ન ખાતરી આપી શકે કે હાથ ધરેલા અભ્યાસ અંતિમ અને સંપૂર્ણ હોય. પ્રસ્તુત અભ્યાસ નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા સંદર્ભે હાથ ધરાયું હતું. અધ્યેતા નમ્ર પણે સ્વીકારે છે કે પ્રસ્તુત અભ્યાસ અંતિમ અને સંપૂર્ણ નથી.

પ્રસ્તુત અભ્યાસના સીમાંકનને નજર સમક્ષ રાખતા ભવિષ્યમાં આ પ્રકારના અભ્યાસોને વેગ મળતો રહે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શક

બનાવવાના આશયથી અધ્યેતાએ અહીં ભાવિ અભ્યાસના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે, આ સંદર્ભમાં કેટલાક ક્ષેત્રો નીચે મુજબ છે.

1. ડાંગ તાલુકામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જીવવિજ્ઞાન વિષયની પ્રયોગશાળા અને પ્રાયોગિક કાર્યનો અભ્યાસ.

2. સુરત શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના પ્રાયોગિક કાર્યના વલણોનો અભ્યાસ.

૩. ભરૂચ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જીવવિજ્ઞાન વિષયની પ્રયોગશાળા અને કાર્યનો તુલનાત્મક અભ્યાસ.

4. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન મહાવિદ્યાલયમાં પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં અધ્યેતા અભ્યાસનો સારાંશ તારણો શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ અભ્યાસના ક્ષેત્રો દર્શાવવાનો પ્રોગ્રામ રાખ્યો હતો.

હાલના સમયમાં શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. નવા આ ટેક્નોલોજીના યુગમાં જીવવિજ્ઞાન વિષયની પ્રયોગશાળાની ગુણવત્તા જળવાઈ રહે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી શકાય તો નિશ્ચિત દિશામાં પ્રયાસ કરવા માટે માર્ગદર્શન મળી શકે. આ હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત અભ્યાસ દ્વારા નવસારી જિલ્લા કક્ષાએ જીવવિજ્ઞાન પ્રયોગશાળાની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. આ અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો જીવવિજ્ઞાન વિષયના શિક્ષકો, આચાર્યો, લેબ કો-ઓર્ડીનેટર, શાળા સંચાલકો, જીવવિજ્ઞાન વિષયમાં રસ લેનારા સંશોધકો, વિદ્યાર્થીઓ, જી.સી.ઇ.આર.ટી અને કેળવણીકારોને ઉપયોગી નીવડશે તો સંશોધકનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

## સુરત શહેરની શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયના અધ્યાપકોના પ્રેરણાસ્ત્રોતોનો અભ્યાસ

બ્રહ્મભટ્ટ વૈદેહી એસ.

### સંશોધનના હેતુઓ

૧. સુરત શહેરની શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના પ્રાધ્યાપકોમાથી જીવનમાં પ્રેરણાની અનિવાર્યતા સમાજનારા તથા વિવિધ પ્રેરણાસ્ત્રોતોથી પ્રેરિત પ્રાધ્યાપકોની ઓળખ કરવી,

૨. નમૂનામાં સમાવિષ્ટ પ્રાધ્યાપકો અંગે સામાન્ય તથા શૈક્ષણિક માહિતી મેળવવી .

3. સુરત શહેરની શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના પ્રાધ્યાપકોના આંતરિક પ્રેરણાસ્ત્રોતો અંગે માહિતી મેળવવી.

૪. સુરત શહેરની શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના પ્રાધ્યાપકોના બાહ્ય પ્રેરણાસ્ત્રોતો અંગે માહિતી મેળવવી.

૫. પ્રેરણમૂર્તિ બનવા ઈચ્છુક પ્રશિક્ષણાર્થીઓ માટે માર્ગદર્શિકા તૈયાર કરવી ૫.૨.૩ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનના પરિણામો વ્યવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. તેથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન ગણાય અને પ્રસ્તુત સંશોધનમાં માહિતી શાબ્દિક રીતે પ્રાપ્ત કરી તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું છે.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયના અધ્યાપકોના પ્રેરણાસ્ત્રોતો જાણવાના હતા.સંશોધનના પાત્રો પાસેથી પ્રાપ્ત માહિતી રેકોર્ડિંગ સ્વરૂપે હોવાથી તેનુ નોંધપત્રક બનાવી પ્રાપ્ત ગુણાત્મક માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવા માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલય અધ્યાપકો પ્રસ્તુત સંશોધન વ્યાપવિશ્વ હતું.

સંશોધકે સહેતુક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂનાના પાત્રોની પસંદગી કરી હતી.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સંશોધક રચિત નિયંત્રિત મુલાકાત પત્રક તથા અવલોકન નોંધપાત્ર તથા સામાન્ય અને શૈક્ષણિક માહિતી નોંધપત્ર નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### માહિતી એકત્રીકરણ ની રીત

સંશોધનમાં સમાવિષ્ટ અધ્યાપકો પાસેથી માહિતી મેળવવા માર્ગદર્શકની સુચના મુજબ શિક્ષક પ્રશિક્ષણ મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય પાસે રૂબરૂ થઈ મંજૂરી મેળવવામાં આવી હતી. ત્યારબાદ પ્રધાનાચાર્ય સાથેના સંવાદ દ્વારા ઉચ્ચ પ્રેરિત અધ્યાપકોની ઓળખ કરવામાં આવી હતી.આ અધ્યાપકોને સંશોધનની સંક્ષિપ્ત સમજ આપી તેમની પરવાનગી લઈ, મુલાકાત માટેની તારીખો અને સમય નક્કી કરવામાં આવ્યા હતા.

પૂર્વનિર્ધારિત સમયે અધ્યાપકોની મુલાકાત લઈ હેતુ અનુરૂપ માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી. તેમની મુલાકાતોનું તેમની પરવાનગી લઈ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંશોધકે પ્રધાનાચાર્યના પ્રતિભાવો તથા અધ્યાપકો સાથે પસાર કરેલ સમયમાં કરેલ તેમના અવલોકનો દ્વારા પણ માહિતી એકત્રિત કરી હતી.

### માહિતી પૃથક્કરણની રીત

નમૂનામાં સમાવિષ્ટ અધ્યાપકો પાસે મળેલ માહિતીનું શાંત ચિત્તે વારંવાર શ્રવણ કર્યા બાદ માહિતીમાંથી જે તે હેતુ સંબંધિત પસંદ કરેલ વર્ગોમાં માહિતી ને વર્ગીકૃત કરવામાં આવી હતી ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ કરી પાના નંબરની નોંધ અને વર્ગ પ્રમાણે માહિતી નું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

આમ, માહિતીનું વર્ણન પૃથક્કરણ અને અર્થઘટન માટે સંશોધન પૂર્વનિશ્ચિત હેતુઓ અને પ્રશ્નોને ધ્યાનમાં રાખી માહિતીનું નોંધ પત્ર દ્વારા વર્ગીકરણ કરી અર્થઘટન તારવવામાં આવ્યું હતું.

### સંશોધનના તારણો

૧. પ્રાધ્યાપકોની સામાન્ય તથા શૈક્ષણિક માહિતી

શૈક્ષણિક લાયકાત: પ્રેરણા તો થી પ્રેરિત અધ્યાપકો પૈકી ત્રણ અધ્યાપકો પીએચડી બે અધ્યાપકો enfield તથા ત્રણ વિજ્ઞાન વિદ્યાશાખામાં અનુસ્નાતક ચાર અધ્યાપકો ભાષામાં અનુસ્નાતક તથા ત્રણ અધ્યાપકો વાણિજ્ય વિદ્યાશાખામાં અનુસ્નાતકની લાયકાત ધરાવતા હતા.

અનુભવ: પ્રેરણા સ્ત્રોતોથી પ્રેરિત પ્રાધ્યાપકો ૮ વર્ષથી લઈ ૨૫ વર્ષ સુધીનો બહોળો અનુભવ ધરાવતા હતા.

વિશેષ સિદ્ધિ: મોટેભાગે ના પ્રાધ્યાપકો શૈક્ષણિક પેપર પ્રકાશિત કર્યા હતા તેમજ પુસ્તક લેખન પણ કર્યા હતા અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પોતાના સંશોધન પેપર ની પ્રસ્તુતિ કરી ચૂક્યા હતા ઉપરાંત કેટલાક અધ્યાપકો વિશિષ્ટ એવોર્ડ પણ ધરાવતા હતા.

૨. પ્રાધ્યાપકોના આંતરિક પ્રેરણા સ્ત્રોતો

મોટેભાગેના અધ્યાપકો પુસ્તક વાંચનથી સતત ફેરી રહેતા હોવાનું જાણવા મળ્યું હતું મહદ અંશે તેઓ સ્વયં પ્રેરિત હોવાનું જણાયું છે.

આ ઉપરાંત કેટલાક અધ્યાપકો વિદ્યાર્થીઓની તત્પરતા યોગા અભ્યાસ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા જેવા પરિબળોથી આંતરિક રીતે પ્રેરિત હોવાનું જણાયું.

૩. પ્રાધ્યાપકોના બાહ્ય પ્રેરણા સ્ત્રોતો

મોટેભાગના પ્રાધ્યાપકો કુટુંબના સભ્યો સાળાના અભ્યાસકાળના શિક્ષકો કોલેજોના અધ્યાપકો સંસ્થાના આચાર્યશ્રીઓ ટ્રસ્ટીઓ અને સહ કર્મચારી દ્વારા સતત બાહ્ય રીતે પ્રેરિત થયા કરે છે.

કેટલાક અધ્યાપકો વિશિષ્ટ બાહ્ય પ્રેરકો જેવા કે હોસ્ટેલની ગૃહમાતા પીએચ.ડી.ના માર્ગદર્શક શ્રી સરકાર દ્વારા અપાતા ઈજાફા અને પ્રોત્સાહન થી પ્રેરિત થયા હોવાનું જાણવા મળ્યું હતું.

૪. પ્રેરણા મૂર્તિ બનવા ઈચ્છુક તાલીમાર્થીઓ માટેની માર્ગદર્શિકા

વિષયવસ્તુ નું તજજ્ઞ જ્ઞાન અને અધ્યાપન માં નવીનીકરણ અનિવાર્ય છે.

સફળ શિક્ષક અને વિદ્યાર્થી પ્રિય બનવા માટે હંમેશા હકારાત્મક વ્યવહાર અનિવાર્ય છે.

સતત વાંચન કરી અને શબ્દભંડોળ થી વિદ્યાર્થીઓની સતત લાભાન્વિત કરી જ્ઞાનાત્મક વિકાસ કરી શકાય છે.

નવા નવા અધ્યાપન પ્રવાહોનું સહર્ષ સ્વીકાર કરી હંમેશા કંઈક નવું શીખવા માટે તત્પર રહેવું અતિ આવશ્યક છે.

મૂલ્યલક્ષી અને વ્યવહારુ શિક્ષણ ખૂબ જરૂરી છે.

અધ્યાપન વ્યવહાર દરમિયાન કડક અને વ્યક્તિત્વની જાળવી રાખવું પણ ખૂબ જરૂરી છે.

વિદ્યાર્થીઓને રસના ક્ષેત્ર સંબંધિત અને વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે સતત પ્રેરણા પૂરી પાડી અતિ આવશ્યક છે.

આમ, અધ્યેતાના જીવનના ફ્રેન્ડ ફિલોસોફર અને ગાઈડ તરીકેની અતિ મહત્વની ભૂમિકા ભજવી શકીએ તો જ આપણે અધ્યેતાના પ્રેરણામૂર્તિ બની શકીએ છીએ

**શૈક્ષણિક ફલિતાર્થો**

શૈક્ષણિક ક્ષેત્રે સફળ થવા માટે પ્રશિક્ષણાર્થી નિયમિત વાંચન સંશોધન ક્ષેત્રે આગવી સૂઝ ધરાવનાર હોવો ઈચ્છિત છે.

શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચપ્રેરિત રહેવા માટે નકારાત્મક બાબતોથી હંમેશા દૂર રહી સકારાત્મક વિચારસરણી વિકસિત કરવી અનિવાર્ય છે.

ઉચ્ચ પ્રેરિત અને અધ્યેતા પ્રિય બનવા માટે વ્યવહારમાં પ્રેરક જણાયેલ બાબતો અધ્યાપનના રોજિંદા વ્યવહારમાં આવી જોઈએ.

પ્રેરણામૂર્તિ બનવા ઇચ્છુક પ્રશિક્ષણાર્થી એ સકારાત્મક અભિગમથી જ હંમેશા પોતાનું કાર્ય કરવું જોઈએ, જેથી અધ્યાપનની અર્થપૂર્ણતા વધે. આધ્યાત્મિકતા,નૈતિકતા, સકારાત્મક વિચારસરણી, નવીન્ય સુઝબુઝ, જેવા ઉચ્ચતમ કૌશલ્યો વિકસિત કરવાથી જ ઉચ્ચપ્રેરિત અને અધ્યેતાના પથદર્શક બની શકાય છે.

શૈક્ષણિક ક્ષેત્રે સફળ થઇ કોઈના પ્રેરણારૂપ બનવા એવી ચોક્કસ પ્રતિભા વિકસાવવાની આવશ્યકતા હોય છે કે જેને અનુસરી અને અન્ય પ્રશિક્ષણાર્થીઓ પણ આદર્શ માની જીવનમાં આગળ વધે.

**ભાવિ સંશોધન ના ક્ષેત્રો**

સંશોધક નમ્રપણે માને છે કે પ્રસ્તુત સંશોધન અંતિમ નથી. સમયાંતરે આ પ્રકારના સંશોધનો થયા જ કરે એ શિક્ષણ જગત માટે ઉત્તમ ગણાય. વૈવિધ્યપૂર્ણ સંશોધનોથી ગુણવત્તાની દિશા પકડાય છે, પ્રસ્તુત સંશોધન સાથે સંકળાયેલા આ પ્રકારના ક્ષેત્રોમાં સંશોધન થાય તેમ સંશોધક જરૂરી માને છે.

ભવિષ્યમાં આ જ ક્ષેત્રમાં વધુ અભ્યાસ હાથ ધરવા ઈચ્છતાં અધ્યેતાઓ નીચેના સંશોધન ક્ષેત્રો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

૧. સફળ વ્યક્તિઓના પ્રેરણાસ્ત્રોતો,

૨. એવોર્ડ વિજેતા શિક્ષકોની વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાની પ્રયુક્તિઓનો અભ્યાસ.

૩. ગુજરાત બોર્ડમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓના પ્રેરણામૂર્તિ શિક્ષકોનો અભ્યાસ.

૪. સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં પ્રેરણામૂર્તિ શિક્ષકો.

૫. પ્રેરણામૂર્તિ શિક્ષકો ના પ્રેરણામૂર્તિ શિક્ષકોનો અભ્યાસ.

૬. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં પ્રેરણામૂર્તિ શિક્ષકોની ભૂમિકા.

૭. શિક્ષક પ્રેરણા માપદંડની રચના અને પ્રમાણીકરણ.

૮. શાળાના શિક્ષકો માટે' પ્રેરણાના પંથે' વિષય પર CAI કાર્યક્રમ ની રચના અને અજમાયશ.

૯. પ્રેરણામૂર્તિ શિક્ષકો ની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ.

૧૦. ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું મહત્ત્વ વિષય પર કમ્પ્યુટર આધારિત કાર્યક્રમની રચના અને અજમાયશ.

**ઉપસંહાર**

સંશોધક દ્વારા પ્રસ્તુત વિષયને ધ્યાનમાં રાખીને એક યોગ્ય પ્રયાસ હાથ ધરાયો હતો શિક્ષણની ગુણવત્તા લક્ષી બનાવવામાં આવે છે ગણાય છે.આ પ્રકારના સંશોધનો થી પ્રાધ્યાપક તાલીમાર્થી અને પ્રેરણાનો ત્રિવેણી સંગમ રચાય છે જીવનમાં કે સંશોધનમાં પ્રેરણા વિનાની કલ્પના જ શક્ય છે પ્રેરણા તાલીમાર્થીઓને તાલીમ અભ્યાસમાં પ્રગતિ ની સાથે નવી દિશા પણ આપે છે પ્રસ્તુત સંશોધન શિક્ષણ જગતની અને સમાજને ઉપયોગી બનશે તો સંશોધક પોતાનું આ સંશોધન સાર્થક થયાની અનુભૂતિ કરી શકશે.

# વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ

ચૌધરી ભૂમિકા એ.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુ નીચે મુજબ હતા.

૧. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની શિક્ષણસંબંધી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓનો અભ્યાસ કરવો

૪. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાનો અભ્યાસ કરવો.

૫. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓની ઈતરપ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓની ભાવવારણ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

### સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ હતા.

(૧) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સાંખ્યિક માહિતી કેટલી છે?

(૨) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની શિક્ષણ સંબંધિત સમસ્યાઓ કઈ કઈ છે

(૩) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૪) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૫) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિ સમસ્યાઓ કઈ કઈ છે?

(૬) વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની ભાવવારણ સંબંધિત સમસ્યાઓ કઈ કઈ છે"

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે શાળા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધન વ્યાપવિશ્વમાં વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓ વ્યાપવિશ્વ બની હતી. પ્રસ્તુત સંશોધનમાં' વાલોડ તાલુકાના માધ્યમિક શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ વિષય સંદર્ભે ૧૦ માધ્યમિક શાળાઓ અને કુલ ૩૦૦ ધોરણ -૯ ના વિદ્યાર્થી નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

પરંતુ કોરોનાની મહામારીને કારણે સમય, નાણાં પરિસ્થિતિ અનુસંધાને વાલોડ તાલુકાની 7 માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ચિઠ્ઠી ઉપાડપદ્ધતિથી પસંદ કરવામાં આવી હતી.ધોરણ ૯ના આદિવાસી વિદ્યાર્થીના ૨૧૦ પ્રસ્તુત સંશોધન નમૂનો હતો. જેની શાળા પ્રમાણે સંખ્યા દર્શાવતી યાદી પરિશિષ્ટ-૨ તરીકે આપેલ છે.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે નીચેની સ્વરચિત સમસ્યાસૂચિનો ઉપયોગ કર્યો હતો.

(૧) સમસ્યાસૂચિ

પ્રસ્તુત સંશોધનના ઉપકરણ સ્વરચિત સમસ્યા વિભાગ-1 માં વિદ્યાર્થીઓની સામાન્ય માહિતી, વિભાગ ૨ માં આદિવાસી ના વિદ્યાર્થીઓના સમસ્યાસૂચિમાં પોતાના પ્રતિચારો દર્શાવવાના હતા. જમા કુલ ૫ પેટાવિભાગો દર્શાવવામાં આવ્યા હતા. તેમાં કુલ ૫૦ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### માહિતી એકત્રીકરણ અને પૃથ્થકરણ

પ્રસ્તુત સંશોધનમાં શાળા સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા સમસ્યાસૂચિ ભરાવીને માહિતી એકત્રિત કરવામાં

આવી હતી. માહિતી પૃથક્કરણ અને અર્થઘટન માટે ટકાવારી શોધવામાં આવી હતી.

**સંશોધનના મુખ્ય તારણો**

વાલોડ તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં પ્રાપ્ત કરેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન તીવ્રતાના આધારે પ્રાપ્ત થયેલ મુખ્ય કારણો નીચે મુજબ છે.

➢ શિક્ષણ સંબંધિત સમસ્યા અંગેના મુખ્ય તારણો

૧. પ્રાદેશિક બોલીના કારણે શિક્ષકો સાથે વાતચીત કરવામાં ડર લાગે છે.

૨. શિક્ષકોની ભણાવવાની રીત ગમે છે.

૩. શિક્ષણમાં સમસ્યાઓ અનુભવાતી નથી.

૪. વર્ગખંડમાં પ્રશ્ન પૂછવામાં ડર લાગે છે.

૫. ભણવામાં નવું શીખવામાં રસ છે.

૬. ગૃહકાર્યનું ભારણ લાગતું નથી.

૭. શિક્ષકોનું વ્યવહાર સારો હોય છે.

૮.વિદ્યાર્થીઓ વર્ગખંડમાં બેસવા દે છે.

૯. શિક્ષકો વર્ગખંડમાં સહભાગી બનાવે છે

૧૦. વાંચેલું પરીક્ષા સમયે યાદ રહેતું નથી.

➢ કૌટુંબિક સંબંધિત સમસ્યાઓના મુખ્ય તારણો

(૧) માતા-પિતાના ઓછું ભણતરના કારણે અભ્યાસમાં પ્રોત્સાહન મળતું નથી.

(૨) પરિવારનું ધ્યાન ન હોવાથી અભ્યાસ પર નબળી અસર થાય છે.

(૩) પરિવારના ટીકાઓથી વધારે મુશ્કેલી અનુભવાય છે.

(૪) વાલીઓના વર્તનવ્યવહારથી કંટાળો અનુભવાય છે.

(૫) અભ્યાસ માટે પૂરતો સમય મળે છે.

(૬) પરિવારના સભ્યો દ્વારા સરખામણી કરવામાં આવતી નથી.

(૭) પરિવારમાં અભ્યાસ માટે સન્માન જળવાઇ રહે છે.

(૮) ઓછું પરિણામના કારણે ભય રહે છે.

(૯) ઘરમાં મહેમાનોને કારણે ખલેલ પડતી નથી.

(૧૦) ભાઈબહેન દ્વારા અભ્યાસ માટે માર્ગદર્શન અપાય છે.

➢ ભૌતિક સંબંધિત સમસ્યા અંગેના મુખ્ય તારણો

(૧) ઘરથી દુર છાત્રાલયમાં રહેવું પડતું નથી

(૨)શિક્ષકો દ્વારા શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ થાય છે.

(૩) વર્ગખંડમાં બેસવા તકલીફ અનુભવાતી નથી.

(૪) આર્થિક ખર્ચને પહોંચી વળાતું નથી.

(૫) પીવાના પાણીની પરબની ચોકસાઈ રાખવામાં આવે છે.

(૬) મુસાફરી દરમિયાન શાળામાં સમયસર પહોંચી શકાતું નથી.

(૭) ગ્રંથાલયમાં પુસ્તકોનો ઉપયોગ માટે પૂરતો સમય મળે છે.

(૮) કમ્પ્યુટર ચલાવવામાં મુશ્કેલી અનુભવાય છે.

(૯) સાધનોનો રમત-ગમત માટે ઉપયોગ કરવામાં આવે છે.

(૧૦) શાળામાં પ્રયોગશાળા પ્રયોગશાળાનો ઉપયોગ કરવામાં આવે છે.

➢ ઈત્તર પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાના મુખ્ય તારણો

(૧) શાળામાં મેદાની રમતોમાં રસ ધરાવે છે.

(૨) સાંસ્કૃતિક કાર્યક્રમ રસ હોવાં છતાં ડરનો અનુભવ થાય છે.

(૩)શાળાકીય પ્રવૃત્તિથી પરિચિત છે.

(૪) સહઅભ્યાસિક પ્રવૃત્તિ આવડતનો વિકાસ થાય છે.

(૫) પરિવારના સભ્યો દ્વારા પ્રવૃત્તિમાં પ્રેરણા અપાય છે.

(૬) આવડતના કારણે શિક્ષકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

(૭) પ્રાદેશિક બોલીના કારણે વકૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ શકાતો નથી.

(૮) મિત્ર જૂથ સામે મજાકના ડરથી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાતો નથી.

(૯) જૂથ પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.

(૧૦) વાર્ષિકોત્સવમાં સહયોગ લેવામાં આવે છે.

➢ ભાવવારણ સંબંધિત સમસ્યાઓ અંગેના મુખ્ય તારણો

(૧) શાળામાં ચોકસાઈ રાખવામાં આવે છે.

(૨) વર્ગખંડમાં ટોકવાથી આત્મવિશ્વાસમાં ઘટાડો અનુભવાય છે.

(૩) શાળામાં નીચી જ્ઞાતિની સમસ્યા જોવા મળતી નથી.

(૪) શાળામાં શિસ્તતા જાળવવામાં આવે છે.

(૫) વર્ગખંડમાં શિક્ષકો દ્વારા સરખામણી કરવામાં આવતી નથી.

(૬) શાળામાં કેટલાક શિક્ષકોનો ડર અનુભવાતો નથી.

(૭) વિદ્યાર્થીઓને શિક્ષકો તરફથી યોગ્ય સહકાર મળે છે.

(૮) શાળામાં સંકુચિતતા નો ડર અનુભવાતો નથી.

(૯) શિક્ષક સાથે નીકટતાનો અભાવ નથી.

(૧૦) મિત્ર જૂથ વચ્ચે મજાકનું પાત્ર બનતો નથી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે વર્તન વ્યવહાર યોગ્ય પ્રમાણમાં રાખવો જોઈએ.

શિક્ષકોએ વર્ગખંડ ઉષ્માભર્યું અને વિદ્યાર્થીઓને ચર્ચા, પ્રશ્નોત્તરીમાં પ્રોત્સાહન પુરૂં પાડવું જોઈએ.

વિદ્યાર્થીઓને લાંબા ગાળાના સમય સુધી યાદ રહે એવી પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પૂરું પાડવું જોઈએ.

વાલીઓએ પોતાનું બાળક વિચારશીલ, ક્રિયાશીલ,ચિંતન કરતો થાય તે માટે દરેક પરિસ્થિતિમાં તેમનું સાથ સહકાર આપવો જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

કોઈપણ સંશોધન પૂર્ણતા એ સંશોધનનો અંત નથી પણ નવા સંશોધન માટે દિશા સૂચવે છે પ્રસ્તુત સંશોધન ભવિષ્યમાં હાથ ધરી શકાય તેવા દિશાસૂચક કેટલાક સંશોધનો માટેના વિષયોની યાદી નીચે મુજબ છે.

(૧) ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં અભ્યાસ માટે મુસાફરી કરતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ સંશોધન હાથ ધરી શકાય.

(૨) આદિવાસી લોકોને કૌટુંબિક સામાજિક, આર્થિક અને શૈક્ષણિક માન્યતાઓ પર અસરનું સંશોધન હાથ ધરી શકાય.

(૩) આદિવાસી લોકો છાત્રાલયમાં રહી ઉચ્ચસ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યા ઉપર સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઉદ્ભવતી શરૂ કરીને અભ્યાસ દ્વારા મળેલ તારણો સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે આ સંશોધનોમાં સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને નિષ્ણાંતો પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટે ઉપકરણ દ્વારા એકત્રિત કરેલી માહિતીનો વર્ગીકરણ કરીને તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું તેને આધારે યોગ્ય કારણો અને ભાવિ સંશોધન માટે ઉગલી નિર્દેશ કરવામાં આવ્યો છે.

## સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોનાં છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ

ચૌધરી રાધા જી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની નીતિ નિયમો સંબંધિત સમસ્યાઓ જાણવી.

૨. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની ભૌતિક સુવિધા સંબંધિત સમસ્યાઓ જાણવી.

3. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની ભોજન અંગેની સમસ્યાઓ જાણવી.

૪. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની મનોરંજન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૫. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની અધ્યયન વાતાવરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૬. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની માનવ સંબંધો અંગેની સમસ્યાઓ જાણવી.

૭. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણવી.

૮. સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની અન્ય સમસ્યાઓ જાણવી.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

સંશોધકે પોતાના સંશોધન અર્થે સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓના જવાબો મેળવવાનો ઉપક્રમ રાખ્યો હતો. આ માટે સુરત જિલ્લાની તમામ બી.એડ. કોલેજના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓ પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાની ૧૪ તાલુકામાં આવેલી ૧૦ શિક્ષણ મહાવિદ્યાલયોના કુલ ૧૦૫ છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓ અને તેમનું અધ્યાપન કરતા ૫૧ અધ્યાપકો વ્યાપવિશ્વ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે લેવામાં આવ્યું છે.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું.

**ઉપકરણો**

સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી મેળવવા માટે સમસ્યાઓળખ સૂચિની રચના કરી હતી. જ્યારે અધ્યાપકો પાસેથી માહિતી મેળવવા માટે મુક્તજવાબી પ્રશ્નાવલીની રચના કરી હતી.

**માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પ્રકારની માહિતી ભેગી કરવામાં આવી હતી. સમસ્યા ઓળખ સૂચિ દ્વારા સંખ્યાત્મક અને મુક્તજવાબી પ્રશ્નાવલી દ્વારા ગુણાત્મક માહિતી મેળવવામાં આવી હતી.

સમસ્યાઓળખ સૂચિમાનાં વિધાનો પર પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જ્યારે મુક્તજવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

સુરત જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓને નડતી સમસ્યાઓને સંદર્ભે પ્રાપ્ત કરેલી માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટનના આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે.

- ➢ સમસ્યાઓળખ સૂચિ પર મળેલા પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

સમસ્યાઓળખ સૂચિ પર મળેલા પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે મુજબ દર્શાવ્યા છે. છોકરાઓ અને છોકરીઓના તારણો સંયુક્ત રીતે નીચે પ્રમાણે રજૂ કરવામાં આવ્યા હતાં.

- ➢ છાત્રાલયનાં નીતિ નિયમો સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. બી.એડ.માં સમયના કલાકો વધારે હોવાથી છાત્રાલયનાં વિદ્યાર્થીઓને બીજા બહારના કાર્યો કરવા માટે સમય મળતો નથી.

૨. છાત્રાલયમાં બી.એડ. ના વિદ્યાર્થીઓને એકસાથે રૂમ ફાળવણી કરવામાં આવતી ન હોવાથી કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવાય છે.

3. છાત્રાલયમાં વિવિધ પ્રવૃત્તિલક્ષી નિયમોનું પાલન કરવાનો આગ્રહ કેટલીક વખત વિષય સિદ્ધિમાં અવરોધરૂપ બને છે.

૪. છાત્રાલયનાં કાર્યક્રમોને (૧૫ મી ઓગષ્ટ, ૨૬ મી જાન્યુઆરી) માં ફરજિયાત હાજરી આપવાની હોવાથી કોલેજાના કાર્યક્રમોને ન્યાય આપી શકાતું નથી.

➢ ભૌતિક સુવિધાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. છાત્રાલયમાં ચોવીસ કલાક પાણીની સુવિધા નથી.
૨. છાત્રાલયમાં જનરેટરની સુવિધા ઉપલબ્ધ નથી.
૩. છાત્રાલયના રૂમમાં વિદ્યાર્થીઓની સંખ્યા સુવિધા કરતા વધારે છે.
૪. છાત્રાલયમાં શૌચાલય બાથરૂમ પૂરતી સંખ્યામાં નથી.
૫. છાત્રાલયમાં TLM ની સામગ્રી ( જેવી કે રોલ અપ બોર્ડ, મોડેલ્સ, ચિત્રો ) બનાવીને સાચવવા માટે પૂરતું ફર્નિચર નથી.

➢ ભોજન સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

૧. બી.એડ.માં પાઠો - પ્રવૃત્તિઓનું ભારણ વધારે હોય ત્યારે ભોજન માટે પણ સમય ફાળવી શકાતો નથી.
૨. છાત્રાલયમાંથી ભોજન લઇ જવાની મનાઇ હોવાથી બપોરે ભૂખ્યા રહેવું પડે છે.
૩. છાત્રાલયમાં ભોજનનો સમય નિર્ધારિત હોવાથી કોલેજ સમયસર પહોંચી શકાતું નથી.
૪. છાત્રાલયમાં સમતોલ આહાર મળતો ન હોવાથી સ્વાસ્થ્યની સમસ્યા ઉદભવે છે.

➢ મનોરંજન સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

૧. છાત્રાલયમાં રહેતા હોવાને કારણે સામાજિક પ્રસંગોમાં જઇ શકાતું નથી.

૨. છાત્રાલયમાં બી.એડ.નાં વિદ્યાર્થીઓ ઓછા હોવાર્થી મનોરંજન માટેના કાર્યક્રમોના આયોજનમાં મહત્વ મળતું નથી તેમજ છાત્રાલયમાં ટી.વી. ઉપલબ્ધ નથી.

૩. બી.એડ.ની પરીક્ષા અન્ય વિદ્યાશાખાઓની પરીક્ષા કરતાં અલગ સમયે ગોઠવાતી હોવાથી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાઇ શકાતું નથી તેમજ છાત્રાલયમાં ઈંટરનેટ ( વાઇફાઇ ) ની સુવિધા નથી.

૪. છાત્રાલયમાં રમત ગમતની હરીફાઇ યોજાતી નથી.

➢ અધ્યયન વાતાવરણ સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. છાત્રાલયમાં એક જ કોર્ષના વિદ્યાર્થીઓ સાથે રહેતા ન હોવાથી કાર્યમાં સહકાર્ મળી રહેતો નથી.
૨. છાત્રાલયમાં અન્ય વિદ્યાર્થીઓને ઉંઘવામાં ખલેલ પડતી હોવાને કારણે રાત્રે મોડે સુધી કાર્ય કરી શકાતું નથી.
૩. બી.એડ.ની વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટેની સામગ્રી મેળવવા માટે છાત્રાલયની નજીકમાં સ્ટોર ઉપલબ્ધ નથી.
૪. અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ કરતાં બી.એડ.ની પરીક્ષાનો સમય અલગ હોવાથી વાંચવામાં મુશ્કેલી અનુભવાય છે.
૫. વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેતા હોવાથી બી.એડ.ના વિવિધ કાર્યોને ન્યાય આપી શકાતું નથી.

➢ માનવસંબંધો અંગેની સમસ્યાઓ અંગેના તારણો

૧. વધુ કાર્યભારને લીધે છાત્રાલયમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે ઓળખાણ કરી શકાતી નથી.
૨. TLM ના કાર્યને લીધે કચરો થાય તો સફાઇ કામદારો ગુસ્સે થાય છે.
૩. ઉંમરમાં મોટા હોવાથી છાત્રાલયના કોઇપણ કાર્યની જવાબદારી બી.એડ.ના વિદ્યાર્થીઓને સોંપવામાં આવે છે.
૪. બી.એડ. ના વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સાથે ભળી શકતા નથી.
૫. જૂથકાર્ય કરવાનું હોય ત્યારે અન્ય વિદ્યાર્થીઓ છાત્રાલયના વિદ્યાર્થીઓને પોતાના જૂથમાં સમાવેશ કરતા નથી.

➢ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગેના તારણો

૧. બી.એડ. ના અભ્યાસમાં અનુભવાતા કાર્યબોજ અને હોસ્ટેલમાં બધુ કાર્ય જાતે કરવું પડતું હોવાથી માનસિક થાક લાગે છે.

૨. છાત્રાલયમાં અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની જેમ ફુરસદનો સમય મળતો ન હોવાથી કાર્યમાં ઉત્સાહ રહેતો નથી.

3. બી.એડ.ના વિવિધ કાર્યોમાં ખર્ચો વધુ થાય છે તેથી આર્થિક તંગીને કારણે તણાવ અનુભવાય છે.

૪. માનસિક તણાવને કારણે સ્વાસ્થ્યના પ્રશ્નો ઉદભવે છે.

૫. બી.એડ.માં નિયમિત હાજરી અને કાર્યભારને લીધે ઘરે જઈ શકાતું નથી, તેથી માનસિક તણાવ રહે છે.

➢ મુક્તજવાબી પ્રશ્નાવલી પર મળેલા અધ્યાપકોના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

મુક્તજવાબી પ્રશ્નાવલી પર મળેલા અધ્યાપકોના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે મુજબ દર્શાવ્યા છે.

➢ નીતિનિયમો સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

> છાત્રાલયમાં આવવા જવા માટેનો સમય નિશ્ચિત હોવાથી કાર્યોમાં અવરોધ ઉભો થાય છે.

> છાત્રાલયનાં નિયમો ઘણા ચુસ્ત અને જડ છે.

➢ ભૌતિક સુવિધાઓ સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

> ગરમ પાણીની સુવિધા ઉપલબ્ધ નથી,

- છાત્રાલયોનાં રૂમ ખૂબ નાના છે.

> છાત્રાલયોમાં પુસ્તકાલયનો અભાવ છે.

> છાત્રાલયમાં Computer Lab ની સુવિધા નથી.

> જનરેટરની સુવિધા નથી.

➢ ભોજન અંગેની સમસ્યાઓ સંબંધિત પ્રાપ્ત થયેલા તારણો

> ભોજનમાં વધુ સમય જાય છે.

> નિર્ધારિત સમય પછી ભોજન મળતું નથી.

- પૌષ્ટિક ખોરાક મળતો નથી.

- ભોજનનો સમય અને કોલેજનો સમય એકસરખો હોવાથી કોલેજમાં સમયસર પહોંચી શકાતુ નથી.

- એક જ પ્રકારના ભોજનથી કંટાળી જવાય છે.

- મેનું પ્રમાણે ભોજન મળતું નથી.

➢ મનોરંજન સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

- મનોરંજનના કાર્યક્રમોને પ્રાથમિકતા અપાતી નથી.

> મનોરંજન માટેના સાધનોની અછત વર્તાય છે.

- ટેલિવિઝનની સુવિધા નથી.

> સિનેમા- પાર્ટી- ફિલ્મો વગેરે કરી શકાતું નથી.

➢ અધ્યયન વાતાવરણ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

> વાંચન માટે અલાયદા રૂમની વ્યવસ્થા નથી.

- રૂમ પાર્ટનરની પરીક્ષા ન હોય તેવા સમયે વાંચનમાં તકલીફ ઉભી થાય છે.

> પાઠની તૈયારી માટે એકાંત વાતાવરણ મળતું નથી.

> રૂમમાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓની સંખ્યા કાર્યમાં અડચણ ઉભી કરે છે.

> પરીક્ષાના સમયે તહેવારો હોવાથી તેનો લાભ લઇ શકાતો નથી.

- નેતૃત્વના કાર્યો બી.એડ.ના વિદ્યાર્થીઓને સોંપવામાં આવે છે તેથી શિક્ષણમાં ધ્યાન આપી શકાતું નથી.

➢ માનવસંબંધો અંગેની સમસ્યાઓ અંગેના તારણો

> સાથી મિત્રોનો સહકાર પ્રાપ્ત થતો નથી.

- છાત્રાલયનાં કર્મચારીઓની વર્તણૂંક સારી નથી.

> બી.એડ.ના વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓ સાથે ભળી શકતા નથી.

- બી.એડ.ના વિદ્યાર્થીઓની ફરિયાદોને ગૃહપતિ ગૃહમાતા ધ્યાનમાં લેતા નથી.

- અન્ય વિધ્યાર્થીઓ સાથે સંબંધો વિકસાવી શકાતા નથી.

➢ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

> અન્ય વિદ્યાર્થીઓ સાથે અનુકૂલનની સમસ્યાઓ ઉદભવે છે.

- એકલતા અનુભવાય છે.
- વધુ પડતા કાર્યને લીધે કંટાળો અનુભવાય.
- વધુ પડતું કાર્ય સતત માનસિક તાણ ઉભું કરે છે.
- પરિવારની જવાબદારીઓનું ટેંશન રહે છે.
- વિદ્યાર્થીઓની અન્ય સમસ્યાઓ અંગેના તારણો
- આર્થિક, કૌટુંબિક પરિસ્થિતિની સમસ્યાઓ ઉદભવે છે.
- ઈંટર્નશીપ દરમિયાન શાળાએથી સમયસર પહોંચી શકાતું નથી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

૧. છાત્રાલયમાં ચોવીસ કલાક પાણીની સુવિધા ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવું જોઈએ.

૨. છાત્રાલયમાં જનરેટરની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

3. જે પ્રશિક્ષણાર્થીઓ છાત્રાલયમાં સવારે જમતા ન હોય તેમને ભોજન લઈ જવા માટેની પરવાનગી આપવી જોઈએ.

૪. દરેક કાર્યક્રમોમાં દરેક વિદ્યાર્થીઓને સમાન મહત્વ આપવું જોઈએ.

૫. બી.એડ.ની પરીક્ષા પણ અન્ય વિદ્યાશાખાઓ સાથે જ યોજાય તે માટેની સરકારશ્રી ને વિનંતી કરવી જોઈએ.

૬. છાત્રાલયમાં કોમ્પ્યુટર ઈંટરનેટની સુવિધા પૂરતા પ્રમાણમાં આપવી જોઈએ.

૭. સરખી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને એક રૂમની ફાળવણી કરાય તેવી ગૃહમાતાને વિનંતી કરવી જોઈએ.

૮. છાત્રાલયમાં વાંચનાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

૯. છાત્રાલયની નજીકમાં સ્ટોર ઉપલબ્ધ કરાવવું જોઈએ.

૧૦. ગૃહપતિ ગૃહમાતાની વિદ્યાર્થીઓ સાથે અઠવાડિયામાં એકવાર મીટિંગ થવી જોઈએ. જેથી તેઓ વિદ્યાર્થીઓને નડતી સમસ્યાઓથી માહિતગાર થાય તથા તેમને દૂર કરવાના પ્રયત્નો કરે.

૧૧. છાત્રાલયમાંથી વર્ષમાં એકાદ વાર પ્રવાસનું આયોજન કરવું જોઈએ.

૧૨. છાત્રાલયમાં જરૂર પડે તેવા સમયે નિયમોમાં લચીલાપણું લાવવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધન એ સતત ચાલતી પ્રક્રિયા છે. તેનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે. કોઈપણ સંશોધન આખરી હોતું નથી.

પ્રસ્તુત સંશોધન પણ સંશોધકે એક નાનકડા એકમ અને નમૂના પર હાથ ધર્યું હોવાથી તે પણ મર્યાદાઓથી પર તો નથી જ. કારણ કે કોઈપણ સંશોધનને પોતીકી મર્યાદા તો હોય જ છે.

પ્રસ્તુત સંશોધનને અનુલક્ષી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વેગ મળે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ બને એ હેતુથી પ્રેરાઈને સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. આ સંદર્ભમાં કેટલાક ક્ષેત્રો નીચે મુજબ છે.

૧. અન્ય યુનિવર્સિટીના છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. બે યુનિવર્સિટીઓની છાત્રાલય નિવાસી પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

3. છાત્રાલય નિવાસી છોકરાઓ અને છોકરીઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ, તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનના ક્ષેત્રો અંગેનો અભ્યાસ હાથ ધર્યો હતો.

કેટલાક વિદ્યાર્થીઓને પોતાનું રહેવાનું સ્થળ અને અધ્યયન માટેનું સ્થળનું અંતર ખૂબ જ વધારે હોવાથી તેઓ પોતે અસરકારક અને ઉચિત અધ્યયન કરી શકે અને પોતાનો વિકાસ કરી શકે તે માટે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. છાત્રાલયમાં રહીને ભણતા વિદ્યાર્થીમિત્રો કોલેજમાં તો ચાર થી પાંચ કલાક જ અધ્યયન કરે છે. જે કેવળ શિક્ષણ મેળવવા અને શિક્ષણના ધ્યેયો પ્રાપ્ત કરવા ઉપયોગી છે. જ્યારે જીવન ઉપયોગી શિક્ષણ તો તેઓ ઘર, કુટુંબ, શાળા, સમાજ અને પર્યાવરણમાંથી જ મેળવે છે. છાત્રાલય પણ જીવન ઉપયોગી શિક્ષણ મેળવવા

મહત્વનું છે. છાત્રાલયમાં વિદ્યાર્થીઓનું સાચું સામાજિકીકરણ થાય છે.

છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ છાત્રાલયનાં નીતિનિયમો, ભૌતિક સુવિધાઓ, ભોજન, માનવસંબંધો તેમજ વાતાવરણ અંગે સમસ્યાઓ અનુભવે છે. જેથી ઉંડાણપૂર્વકની માહિતી મેળવવા સંશોધકે અતિ નમ્ર પ્રયાસ કર્યો હતો. સંશોધકને શ્રદ્ધા છે કે છાત્રાલયના અસરકારક આયોજન અને અમલીકરણ માટે તેમજ અનુગામી સંશોધકો માટે પ્રસ્તુત સંશોધન દિશાસૂચક સમાન બની રહેશે.

## મૂક - બધિર બાળકોની સંસ્થા ગાંધીઘર - કછોલી: એક વ્યક્તિ અભ્યાસ

ચૌહાણ ઈશિતા બી.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન સંશોધકે નીચેના હેતુઓને ધ્યાનમાં રાખી હાથ ધર્યો હતો.

1. "ગાંધીઘર" સંસ્થાની ઐતિહાસિક ભૂમિકાનો અભ્યાસ કરવો.

2. “ગાંધીઘર" સંસ્થાની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.

3. “ગાંધીઘર" સંસ્થાના સ્થાપના વર્ષથી વર્તમાન સમયમાં શિક્ષણ લેતા બાળકોની સાંખ્યિક માહિતી મેળવવી.

4. "ગાંધીઘર" સંસ્થાના માનવ સંસાધનો અંગેની માહિતી પ્રાપ્ત કરવી.

5. “ગાંધીઘર” સંસ્થામાં અપાતા શિક્ષણ અને તાલીમનો અભ્યાસ કરવો. 6. "ગાંધીઘર" સંસ્થાના વહીવટી માળખાનો અભ્યાસ કરવો.

7. "ગાંધીઘર" સંસ્થાની આર્થિક વ્યવસ્થાનો અભ્યાસ કરવો.

8. “ગાંધીઘર" સંસ્થાનું સમાજમાં પ્રદાન જાણવું.

9. "ગાંધીઘર" સંસ્થાના છાત્રાલયની સુવિધાઓનો અભ્યાસ કરવો.

10. "ગાંધીઘર" સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો અભ્યાસ કરવો. 11. “ગાંધીઘર” સંસ્થાની સિધ્ધિઓનો અભ્યાસ કરવો.

12. "ગાંધીઘર" સંસ્થાની વિશેષતાઓ અંગે અભ્યાસ કરવો.

13. “ગાંધીઘર" સંસ્થાની સમસ્યાઓ - પડકારોનો અભ્યાસ કરવો.

14. "ગાંધીઘર" સંસ્થાના ગુણવત્તા સુધારવા અંગેના સૂચનોની માહિતી મેળવવી,

15. "ગાંધીઘર" સંસ્થાના વિકાસ માટેની ભવિષ્યની યોજનાઓ જાણવી.

### વ્યાપવિશ્વ અને નમૂના

પ્રસ્તુત સંશોધન કછોલી ગામમાં આવેલી મૂક-બધિર બાળકોની સંસ્થા “ગાંધીઘર” પર હાથ ધરવામાં આવ્યું હતું. તેથી સંશોધન હેઠળની સંસ્થા જ વ્યાપવિશ્વ અને નમૂનો બને છે. પ્રસ્તુત સંશોધનમાં નમૂનાના પાત્રો તરીકે સંસ્થાના આચાર્ય, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ તથા તેમાં ઐતિહાસિક સંશોધન પદ્ધતિ નો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વરચિત સાક્ષ્યપત્રક, મુક્ત જવાબી પ્રશ્નાવલિ, બંધ જવાબી પ્રશ્નાવલિ ની રચના કરી હતી. આ ઉપરાંત ઓળખયાદી અને દસ્તાવેજી સાહિત્યનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરી હતી.

### માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં ગુણાત્મક અને સંખ્યાત્મક એમ બંને પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી હતી. દસ્તાવેજી સાહિત્ય અને ઓળખયાદી ની મદદથી સંખ્યાત્મક તેમજ ગુણાત્મક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું ટકાવારી પ્રમાણે પૃથક્કરણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું હતું. તેને આલેખ દ્વારા તથા વર્ણનાત્મક રીતે પૃથક્કરણ દર્શાવી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### સંશોધનના તારણો

મૂક - બધિર બાળકોની સંસ્થા ગાંધીઘર કછોલી સંદર્ભે જે માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી તેના પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત તારણો આ પ્રમાણે છે :

➢ ગાંધીઘર સંસ્થાના ઇતિહાસ સંબંધિત તારણો

ગાંધીઘર સંસ્થાની સ્થાપના ઈ.સ. ૧૯૬૨ માં સ્વ. ગુલાબભાઈ નાયકના હસ્તે થઈ હતી.

ગાંધીઘર સંસ્થાની સ્થાપના નવસારી જિલ્લાના કછોલી વિસ્તારમાં કરવામાં આવી હતી.

ગાંધીઘર સંસ્થામાં સ્થાપના વર્ષ થી (૧૯૬૨ થી ૧૯૭૨) સુધીમાં નવા ચાર વિભાગો જેમાં બળવંતરાય અને ઈન્દુબેન નાયક બહેરા-મૂંગાની શાળા કછોલી, દેવબાળ કુમાર છાત્રાલય, દેવબાળ કન્યા છાત્રાલય અને ઠાકોરભાઈ હરિભાઇ પટેલ બાલમંદિર તથા ઘનીબેન ખુશાલભાઈ પટેલ આદિવાસી બાલવાડીની સ્થાપના કરવામાં આવી હતી.

ગાંધીઘર સંસ્થામાં ( ૧૯૮૨ થી ૨૦૧૨ સુધી ) છ નવા વિભાગો જેમાં ગજરાબેન કીકુભાઈ નાયક બધિર કન્યા વિદ્યાલય, રોટરી કોમ્પ્યુટર સેન્ટર, દિવ્યાંગ માર્ગદર્શન કેન્દ્ર, સંમિલિત શિક્ષણ યોજના, જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર અને ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્થાપના કરવામાં આવી હતી.

સંસ્થામાં ઓફિસ, કાર્યાલય, ઈન્ડોર ગેમ્સ રૂમ, સંગીત રૂમ, ડ્રોઈંગ રૂમ, લાઈબ્રેરી, કોમ્પ્યુટર રૂમ, સીવણ રૂમ, વગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે.

ગાંધીઘર સંસ્થામાં થનાર રમત - ગમત પ્રવૃત્તિઓ જેવી કે - ઇન્ડોર અને આઉટડોર ગેમ રમાડવામાં આવે છે, જેનાથી બાળકોનો શારીરિક તથા માનસિક વિકાસ થાય એ મુખ્ય હેતુ છે.

➢ ગાંધીઘર સંસ્થાની સ્થાપનાના હેતુઓ સંબંધિત તારણો

- દરેક મૂક - બધિર બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે.
- મૂક - બધિર બાળકોને સ્વનિર્ભર કરી સમાજમાં માનભેર જીવતા કરવા.
- મૂક - બધિર બાળકોને મફત વ્યવસાયિક તાલીમ અને કેળવણી આપવી.
- મૂક - બધિરતાના કારણો જાણી તેનું પ્રમાણ ઘટાડવા અને તેના નિવારણ અંગે ઉપચાર વગેરે પ્રકારના અભ્યાસને ઉત્તેજન આપવું.
- મૂક - બધિર બાળકોનો સામાજિક, શારીરિક, બૌધિક અને આર્થિક વિકાસ સાધવો.

➢ ગાંધીઘર સંસ્થાની ભૌતિક સુવિધાઓ સંબંધિત તારણો

ગાંધીઘર સંસ્થામાં મૂક - બધિર બાળકોની તમામ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

સંસ્થામાં જરૂરિયાત મુજબ ખંડોની રચના તેમજ શિક્ષકો માટે અલગ શિક્ષક ખંડની પણ રચના કરવામાં આવી છે.

સંસ્થામાં સંગીતના સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

સંસ્થામાં પુસ્તકાલયની સુવિધા પણ છે.

સંસ્થામાં જરૂરિયાત મુજબ શૈક્ષણિક સાધનો અને જુદી - જુદી રમતો અને વ્યાયામ માટે પર્યાપ્ત સાધનો વસાવવામાં આવ્યા છે.

સંસ્થામાં બુલેટિન બોર્ડની સુવિધા આપવામાં આવી છે.

સંસ્થામાં બાળકો માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવા માટે અલગ પ્રવૃત્તિ ખંડની રચના કરવામાં આવી છે.

શાળામાં અન્ય ભૌતિક સાધનોની અછત વર્તાતી નથી.

➢ ગાંધીઘર સંસ્થામાં શિક્ષણ લેતા બાળકોની સંખ્યિક માહિતી સંબંધિત તારણો

સંસ્થાની શરૂઆતથી ૧૯૮૩ થી ૨૦૦૫ સુધીમાં સંસ્થામાં બાળકોની અને શિક્ષકોની સંખ્યા વધતી જોવા મળે છે.

વર્ષ ૨૦૦૬ થી બાળકો અને શિક્ષકો ની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો થતો જોવા મળ્યો હતો.

૨૦૧૯ - ૨૦૨૦ ના વર્ષ દરમિયાન ૧૨૮ મૂક - બધિર બાળકો સંસ્થામાં અભ્યાસ લેતા હતા.

➢ ગાંધીઘર સંસ્થાના માનવ સંશોધન સંબંધિત તારણો

સંસ્થામાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓમાં સ્ત્રી અને પુરુષ બંને છે, જેઓ બાળકને માતા - પિતાની જેમ કેળવે છે.

સંસ્થાના શિક્ષકોએ મૂક - બધિર અંગેની સ્પેશ્યલ તાલીમ ડિપ્લોમા ઈન ડેફ એજ્યુકેશન લેવી પડે છે.

૨૦૧૯ - ૨૦૨૦ ના વર્ષ દરમિયાન ૨૬ શિક્ષકો કાર્યરત છે.

૨૦૧૯ - ૨૦૨૦ ના વર્ષ દરમિયાન ૧૮ બિનશૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે.

➢ ગાંધીઘર સંસ્થામાં અપાતા શિક્ષણ, અભ્યાસક્રમ અને તાલીમ સંબંધિત તારણો

સંસ્થાની શિક્ષણ પદ્ધતિ અંગેના તારણો

સંસ્થાની શિક્ષણ પદ્ધતિ મૂક - બધિર બાળકોની ક્ષમતાને અનુરૂપ છે.

મૂક - બધિર બાળકોને મૌખિક, ઈશારા પદ્ધતિ અને હાથકક્કા મોજા પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

આ ઉપરાંત, મૂક - બધિર બાળકોને શ્રવણ પદ્ધતિ, ક્યુડ સ્પીચ અને દ્રશ્ય - શ્રાવ્ય પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

શિક્ષણ દરમિયાન સાધનોનું પ્રત્યક્ષ નિદર્શન એ બાળકો માટે વધુ ફાયદાકારક નીવડે છે.

શિક્ષણ માટે તૈયાર સાધનો જ ઉપયોગમાં લેવામાં આવતા નથી.

બાળકોને રમત દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

આ ઉપરાંત બાળકોને નવીન શિક્ષણ પદ્ધતિઓ જેવી કે પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

અભ્યાસક્રમ વિષયક તારણો

ગુજરાત સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ શીખવવામાં આવે છે.

મૂક - બધિર બાળકો માટે નો અભ્યાસક્રમ સામાન્ય બાળકો જેવો જ છે. જેમાં સરકાર દ્વારા પ્રમાણિત કરેલ પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે.

અભ્યાસક્રમમાં જે-તે પરિસ્થિતિને અનુસાર ફેરફાર કરવાની શિક્ષકને લવચિકતા આપવામાં આવી છે.

મૂક - બધિર બાળકોની કક્ષા અનુસાર અલગ અભ્યાસક્રમની રચના કરવામાં આવી નથી.

સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમને નિયત સમયમાં પૂર્ણ કરવો મુશ્કેલ બને છે.

અભ્યાસક્રમમાં ઉત્પાદક પ્રવૃત્તિને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

તાલીમ વિષયક તારણો

સંસ્થામાં બાળકોને રોજિંદી દેહધાર્મિક ક્રિયા અને અન્ય ક્રિયા સંબંધી તાલીમ સંસ્થામાં આપવામાં આવે છે.

સંસ્થામાં મૂક - બધિર બાળકોને દરરોજ પ્રાર્થના કરવાની તાલીમ આપવામાં આવે છે.

સંસ્થાના શિક્ષકો દ્વારા મૂક બધિર બાળકોને સામાજિક વ્યવહાર સંબંધિત તાલીમ અપાય છે.

મૂક - બધિર બાળકોને સ્વચ્છતા સંબંધિ સમજ તાલીમ દ્વારા આપવામાં આવે છે.

મૂક - બધિર બાળકોને જાતીય બાબતોની સમજ અંગે તાલીમ આપવામાં આવે છે.

સંસ્થામાં મૂક - બધિર બાળકોને પ્રિન્ટિંગ, હાથસાળ, પેઈન્ટીંગ, ફાઈબર, મીણબત્તી બનાવવી, કમ્પ્યુટર શિક્ષણ અંગેની તાલીમ આપવામાં આવે છે.

➢ સંસ્થાના વહીવટી માળખાં સંબંધિત તારણો

સંસ્થાના સંચાલક શ્રી મનોજભાઇ નાયકના હસ્તક છે.

ગાંધીઘર સંસ્થાને વહીવટી કર્મચારીઓને ટ્રસ્ટી મંડળ નો ખૂબ સારો સહકાર મળી રહે છે.

ગાંધીઘર સંસ્થામાં એક પ્રમુખ, ઉપપ્રમુખ, એક મંત્રી અને આઠ ટ્રસ્ટી સાથે મળીને ૧૧ સભ્યો દ્વારા સંસ્થાનો વહીવટ ચાલે છે.

➢ સંસ્થાના આર્થિક વ્યવસ્થા સંબંધિત તારણો

ગાંધીઘર સંસ્થા અનુદાનિત સંસ્થા છે.

સંસ્થા ફક્ત અનુદાન પર ચાલી શકે નહીં તેથી મંડળ આર્થિક ખર્ચ સરભર થાય અને કેટલાક વિકાસાત્મક કાર્ય કરી શકાય એ પ્રકારના ખર્ચ સંચાલનની વ્યવસ્થા ગોઠવી છે.

સંસ્થાના બધા વિભાગમાં મળી કુલ ૧૭૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે જેમાથી ૭૦ કર્મચારીઓને સરકાર શ્રી તરફ થી વેતન ચૂકવાય છે જ્યારે બાકીના ૧૦૦ કર્મચારીઓને ૧૦૦ % અનુદાન અપાય છે.

સંસ્થાની શાળા અને છાત્રાલય ના મકાન માટે સરકાર શ્રી તરફ થી ૬૬ % અનુદાન અપાય છે અને વધારાનો ખર્ચ ભોગવવો પડે છે.

➢ સંસ્થાનું સમાજમાં પ્રદાન અંગેના તારણો

સંસ્થામાં રાષ્ટ્રીય એકતાને પ્રેરક કાર્યક્રમો યોજાય છે, સેવાભાવી શાળાઓ પ્રસ્તુત સંસ્થાની મદદે આવે છે.

સંસ્થામાં વિવિધ તહેવારો જેમ કે રક્ષાબંધન, ઉત્તરાણ, ગણેશ ચતુર્થી, દિવાળી, નાતાલ, નવરાત્રી, ધુળેટી વગેરેની ઉજવણી કરવામાં આવે છે. અન્ય મૂક - બધિર બાળકોની શાળાઓના પ્રસ્તુત સંસ્થા સાથેના સંબંધો સારા છે.

સંસ્થામાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવે છે.

સંસ્થામાં મૂક બધિર બાળકોને કોઇ પણ જાતના ભેદભાવ રાખ્યા વિના પ્રવેશ આપવામાં આવે છે.

- સંસ્થાના છાત્રાલયની સુવિધાઓ સંબંધિત તારણો

સંસ્થાનું છાત્રાલય આવશ્યક ભૌતિક સુવિધાઓથી સજ્જ છે.

છાત્રાલયમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ રહે છે તેથી તેમાં કોઇ પણ જાતના ભેદભાવ રાખ્યા વિના પ્રવેશ અપાય છે.

છાત્રાલયમાં બાળકોની જરૂરિયાતોને આધારે સ્વાસ્થ્ય ખંડ, પ્રાર્થના ખંડ, ભોજન ખંડ, ચિંતન ખંડ, છોકરાઓ માટે સામાન્ય ખંડ વગેરે જેવા ખંડો ઉપલબ્ધ છે.

છાત્રાલયમાં મહેમાનોને રહેવા માટે વિસામોની વ્યવસ્થા કરવામાં આવે છે.

છાત્રાલયમાં હાલમાં ૧૨૮ મૂક - બધિર બાળકો રહે છે. .

- સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો સંબંધિત તારણો

સંસ્થામાં સમૂહ ભોજન, પ્રાર્થના, શ્રમ શિબિર, યોગ શિબિર, વ્યસન મુક્તિ સપ્તાહ વગેરે જેવી ક્રિયાશીલ પ્રવૃતિઓનું આયોજન થાય છે.

સંસ્થામાં મિણબત્તી, રાખડી, બાંધણીના દુપટ્ટા, ચણીયો, વોલપીસ, વગેરે જેવા ચીજ - વસ્તુઓનું પ્રદર્શન યોજાય છે.

સંસ્થામાં કમ્પ્યુટર શિક્ષણ, ચિત્રકળા, સીવણ, બાઈન્ડીંગ, છાપકામ વગેરે જેવા વ્યવસાયલક્ષી કાર્યક્રમોનું આયોજન થાય છે.

સંસ્થામાં રમોત્સવનું આયોજન થાય છે.

સંસ્થામાં બાળકો જિલ્લા કે રાજ્ય કક્ષાએ રમતોમાં ભાગ લે છે.

સંસ્થામાં પ્રવાસનું આયોજન થાય છે.

સંસ્થામાં સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો ની વહેંચણી થાય છે.

- સંસ્થાની સિદ્ધિઓ સંબંધિત તારણો

સંસ્થાની સ્થાપના થી અત્યાર સુધી સંસ્થાના બાળકોએ વોલીબોલ સ્પર્ધામાં ૫૬ ગોલ્ડ મેડલ, ૧૦૭ સિલ્વર મેડલ અને ૯૨ કાશ્ય મેડલ પ્રાપ્ત કર્યા હતા.

રાજ્યભરમાં બધિરોના રમોત્સવમાં રાજ્ય કક્ષાએ આ શાળા સતત ૧૫મી વખત ચેમ્પિયનશીપ જાળવી શકી છે જ્યારે રાષ્ટ્રકક્ષાએ બે વખત જનરલ ચેમ્પિયનશિપ મેળવી છે.

રાજ્ય કક્ષાએ ૧૭૧૦ અને રાષ્ટ્રીય કક્ષાએ ૨૪૧ ચંદ્રકો મેળવેલ છે.

સંસ્થાના બાળકોએ દર વર્ષે એથ્લેટિક્સમાં ઘણા વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. જેમાંથી વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૯ સુધીમાં ૧૨૭ વિદ્યાર્થીઓના પ્રથમ ક્રમ, ૬૮૧ વિદ્યાર્થીઓના દ્વિતીય ક્રમ અને ૪૮ વિદ્યાર્થીઓના તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો.

સંસ્થામાં કલા ક્ષેત્રમાં જેમ કે - વેસ્ટમાંથી બેસ્ટ, મહેંદી, રંગોળી, ચિત્રકામ, આરતી શણગાર વગેરે જેવી સ્પર્ધાઓમાં પણ ઘણા બધા વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે ધોરણ ૧૦ અને ૧૨ માં પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

૫.૩.૧૩ સંસ્થાની વિશેષતાઓ સંબંધિત તારણો

સંસ્થામાં કોઈ પણ જાતના જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદ રાખ્યા વગર વિના મૂલ્યે શિક્ષણ, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.

સંસ્થાના વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બને તે માટે સીવણ અને કમ્પ્યૂટરના વર્ગો ચલાવવામાં આવે છે.

સંસ્થામાં બાળકોના શિક્ષણને લગતી તમામ સાધન સામગ્રી વિના મૂલ્યે આપવામાં આવે છે.

- સંસ્થાની સમસ્યાઓ- પડકારો સંબંધિત તારણો

સંસ્થામાં વર્ષે - વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.

- વિદ્યાર્થી જ્યારે સામાન્ય શાળામાંથી આ શાળામાં પ્રવેશ મેળવે ત્યારે તેને સાંકેતિક ભાષા કે મૂળ પાયાના શિક્ષણનું જ્ઞાન હોતું નથી. તેથી તેની

ઉંમર પ્રમાણે પરિણામ પત્રક મુજબ ઉપલા ધોરણમાં મૂકવામાં આવે છે જેથી વિદ્યાર્થી નબળો બને છે.

૫.૩.૧૫ સંસ્થાની ગુણવત્તા સુધારવા અંગેના સૂચનો સંબંધિત તારણો

અંતરિયાળ વિસ્તારોમાં જઇ મૂક - બધિર બાળકોની ઓળખ કરી વાલીઓને સમજાવી વધુ મૂક - બધિર વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવે એવા પ્રયત્નો કરવા જોઈએ. શાળા પાસે એટલી સત્તા હોવી જોઈએ કે તે વિદ્યાર્થીની બુદ્ધિ ક્ષમતા પ્રમાણે વિદ્યાર્થીને કયા ધોરણમાં મૂકવા તે નક્કી કરી શકે.

- સંસ્થાના વિકાસની ભાવિ યોજનાઓ સંબંધિત તારણો

સંસ્થામાં બધિર કન્યાઓ માટે નિવાસ તેમજ અભ્યાસ માટે સુવિધાપૂર્ણ સંકુલ બનાવવું.

સંસ્થામાં બધિર વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી, લેબોરેટરી તેમજ કમ્પ્યુટર કેન્દ્ર બનાવવા.

સંસ્થામાં બધિર વિદ્યાર્થીઓ માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા સ્થાપવી.

### શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત સંસ્થા કછોલી વિસ્તારમાં મૂક - બધિર બાળકોના ઉત્કર્ષ માટે કાર્યરત છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓ મૂક - બધિર બાળકોની અન્ય શાળાઓ અને સમાજને સ્પર્શતી હોવાથી સ્વાભાવિક રીતે જ પ્રસ્તુત અભ્યાસ અંગેના શૈક્ષણિક સૂચિતાર્થો વ્યાપક છે. પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે આ મુજબના સૂચનો કરી શકાય.

મૂક - બધિર બાળકોને માટે સામાન્ય બાળકો કરતા અલગ પાઠ્ય પુસ્તકો હોવા જોઈએ.

દરેક વર્ગખંડમાં શ્રવણયંત્રની સુવિધા અથવા સૂક્ષ્મ શ્રવણયંત્રની સગવડ દરેક વિદ્યાર્થીને કરી આપવી જોઈએ.

મૂક - બધિર બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવી સમાજને ઉપયોગી થઈ રહે તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ.

સંસ્થામાં રમત - ગમતના સ્વતંત્ર અને વિશાળ મેદાન તેમજ રમત - ગમતના સાધનોની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

સંસ્થામાથી સમાજમાં બહાર પાડેલા વિદ્યાર્થીઓ કોઈ વિશેષ ક્ષેત્રમાં કાર્યરત રહેતા નથી તે દુઃખદ બાબત ગણાય, તે માટે વિદ્યાર્થીઓ સમાજને ઉપયોગી કઈ રીતે બને તે માટેની ખાસ તાલીમ આપવી જોઈએ. વિદ્યાર્થી જીવન ઉપયોગી ઉત્પાદક કાર્ય કરતાં થાય અને કાર્યક્ષમતા વધારતા થાય તેવા અભિગમને અગ્રતા આપવી જોઈએ.

બાળકોને વિવિધ સ્પર્ધા સંદર્ભે તાલીમ આપવી જોઈએ. તાલીમ આપવા માટે કોઈ તજજ્ઞ શિક્ષકની નિમણૂક કરવી જોઈએ. વિશિષ્ટ સિદ્ધિના ક્ષેત્રો નક્કી કરીને વિદ્યાર્થીને વિશિષ્ટ તાલીમ આપીને વિશિષ્ટ સિદ્ધિ મેળવતા થાય તેવા અભિગમને અગ્રતા આપવી જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધનનું ક્ષેત્ર વિશાળ હોય છે. કોઈ પણ સંશોધન ક્યારેય અંતિમ કે પૂર્ણ હોય શકે નહીં ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને વેગ મળે તે માટે સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. જે ભાવિ સંશોધનકારોને મદદરૂપ બનશે.

મૂક - બધિર બાળકોને શિક્ષણ આપતી સંસ્થાઓની અનેક સમસ્યાઓ હોય છે. આ સમસ્યાઓ અંગે સર્વેક્ષણ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

મૂક - બધિર બાળકોના ભાષા વિકાસ સંદર્ભે સ્પીચ થેરાપીની અસરકારકતા ચકાસવા પ્રાયોગિક સંશોધન કરી શકાય.

મૂક - બધિર બાળકોની શાળાઓની શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધરી શકાય. મૂક - બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપતી સંસ્થાઓના સંચાલનમાં પડતી મુશ્કેલીઓ અંગે સર્વેક્ષણ હાથ ધરી શકાય.

મૂક - બધિર શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોનો એક વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

મૂક - બધિર શાળાઓના શિક્ષકોનો એક વ્યક્તિ અભ્યાસ હાથ ધરાવી શકાય.

મૂક - બધિર શાળાઓમાં ઉપયોગમાં લેવાતી " પદ્ધતિ શાસ્ત્ર " નો એક વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

મૂક - બધિર શાળાઓના શિક્ષકોની અધ્યાપન ( શિક્ષણ ) સજ્જતા અંગેનો અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધનનો સારાંશ, પ્રાપ્ત થયેલા તારણો, સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ

રાખ્યો હતો. પ્રસ્તુત પ્રકરણ સંશોધનના હેતુઓ સંદર્ભે તારણોની રજૂઆત કરે છે. જેથી આ અંતિમ પ્રકરણ સમગ્ર સંશોધનની ફલશ્રુતિ દર્શાવે છે.

પ્રસ્તુત સંશોધન રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની ફરજ અદા કરતી મૂક બધિર બાળકોની સંસ્થા ગાંધીધર ' કછોલી પર હાથ ધરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન સમાજ માટે આશીર્વાદરૂપ સંસ્થા પર પ્રકાશ પાડનારો છે.વિશ્વમાં જ્યારે શિક્ષણની ક્ષિતિજો વિસ્તરતી જાય છે ત્યારે અછૂતા રહેલા શિક્ષણના ક્ષેત્રોને પ્રકાશમાં લાવવાનું અગત્યનું બની રહે છે. સમાજના અભિન્ન અંગ એવા મૂક - બધિર બાળકો માટે આવી સંસ્થાઓ સાચા અર્થમાં દીપ સમાન બની રહે છે. આથી પ્રસ્તુત સંશોધન ટ્રસ્ટી મંડળ, આચાર્યશ્રી, શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, કેળવણીકારો, મૂક - બધિર બાળકોની સંસ્થાઓ, વાલી સમાજ, સમાજ સેવકો, સેવાભાવી સંસ્થાઓ તથા મૂક બધિર બાળકોના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરનારા સંશોધકોને માર્ગદર્શકરૂપ નીવડશે તો સંશોધકને અવશ્ય આનંદની લાગણી અનુભવાશે.

## નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ

ઢીમ્મર બીજલ યુ.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિતના શિક્ષકની શૈક્ષણિક લાયકાત અને અનુભવ જાણવા.

૨. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની શૈક્ષણિક જાતીયતાનું પ્રમાણ જાણવું.

૩. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની ગણિત વિષય પ્રત્યેની અભિરૂચિ જાણવી.

૪.નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય સંબંધિત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જાણવી.

૫. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયમાં ઉપયોગમાં લેવાતી અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ કરવો.

૬. નવસારી શહેરની માધ્યમિક શાળામાં ગણિત વિષય સંબંધિત શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ અંગેનો અભ્યાસ કરવો.

૭. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિશે સંબંધિત શૈક્ષણિક ઉપકરણોની સ્થિતિ અંગે જાણકારી મેળવવી.

૮. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયના વાર્ષિક આયોજનનો અભ્યાસ કરવો.

૯. નવસારી શહેરની માધ્યમિક શાળામાં ગણિત વિષયમાં ઉદભવતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૧૦. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિતના મૂલ્યાંકનની વર્તમાન તરેહ જાણવી.

૧૧. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં પ્રવર્તમાન વર્ષના અગાઉના ત્રણ વર્ષના ગણિત વિષયના પરિણામોની જાણકારી મેળવવી.

૧૨. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિશે શિક્ષકો પાસેથી સેવાકાલીન તાલીમની માહિતી જાણવી.

૧૩. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિતના શિક્ષણ સંબંધી સમસ્યાઓ અને ઉકેલ જાણવા.

### સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે હેતુને અનુલક્ષીને નીચેના પ્રશ્નો ની રચના કરી હતી.

૧. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયના શિક્ષકો કઈ લાયકાત અને કેટલો અનુભવ ધરાવે છે ?

૨. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયના શિક્ષકોનું જાતીયતાનું પ્રમાણ કેટલું છે ?

૩. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય પ્રત્યે વિદ્યાર્થીઓને અભિરૂચિ કેવી છે ?

૪. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય સંબંધિત કઈ - કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે ?

૫. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય માટે કઈ - કઈ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ થાય છે ?

૬. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય માટે શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ કેવી છે ?

૭. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય સંબંધિત ઉપકરણોની સ્થિતિ કેવા પ્રમાણમાં થાય છે?

૮. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિતના વિષય માટેનું વાર્ષિક આયોજન કેવું છે?

૯. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની કઈ-કઈ સમસ્યાઓ છે?

૧૦. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય સંબંધી સમસ્યાઓ અને સંબંધી ઉકેલો કેવા છે ?

૧૧. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં પ્રવર્તમાન વર્ષના અગાઉના ત્રણ વર્ષના ગણિત વિષયના પરિણામો કેવા છે?

૧૨. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયના શિક્ષકો સેવાકાલીન તાલીમમાં કઈ કઈ માહિતી મેળવે છે?

૧૩. નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય માટેની વર્તમાન મૂલ્યાંકન તરેહ કઈ છે?

### વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે નવસારી શહેરની ગુજરાતી માધ્યમની ૩૨ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નમૂના તરીકે ૫૦ % શાળાઓની યાદચ્છિક નમૂના પ્રયુકતિ દ્વારા ૧૬ શાળાનો સમાવેશ કર્યો હતો. આ પસંદ થયેલ ૧૬ શાળાના ગણિત વિષયના ૩૦ શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. અને ૧૬ આચાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સંશોધન ઉપકરણ

સંશોધનના હેતુઓ અને ધ્યાનમાં રાખીને સંશોધકે માહિતી એકત્રીકરણ માટે ઉપકરણોની રચના કરી હતી. જેમાં ગણિત શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવા માટે બંધ જવાબી પ્રશ્નાવલિ મુક્ત જવાબી પ્રશ્નાવલિ ની રચના કરી હતી. આ ઉપરાંત અવલોકન પત્રક અને દસ્તાવેજ સાહિત્યનો પણ ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં બંધ જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ માટે ટકાવારી અને સરેરાશ ભારાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા. અવલોકન પત્રક દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું. મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને દસ્તાવેજી સાહિત્ય દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ગુણાત્મક વિશ્લેષણ દ્વારા કરવામાં આવ્યું હતું.

માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટનને અંતે પ્રાપ્ત થયેલા મહત્વના તારણો હવે પછીના પરિચ્છેદમાં દર્શાવવામાં આવ્યા છે.

### સંશોધનના તારણો

નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત મુખ્ય તારણ નીચે મુજબ છે.

➢ ગણિત શિક્ષકોની સામાન્ય માહિતી પરથી તારણો

- નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં મોટાભાગના ગણિત શિક્ષકોબી.એસસી., બી.એડ્. અને એમ. એસસી., બી. એડ્. જેવી શૈક્ષણિક લાયકાત ધરાવે છે. મોટાભાગના ગણિત શિક્ષકો પુરુષ શિક્ષકો છે.
- ગણિત શિક્ષકોએ ૧ - ૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો વધુ પ્રમાણમાં છે. ૨૧ - ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો મધ્યમ પ્રમાણમાં છે. અને ૩૧ - ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો ઓછા પ્રમાણમાં છે.

➢ બંધ જવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

૧. શૈક્ષણિક ઉપકરણોની ઉપયોગીતા અંગેના તારણો

ગણિત વિષયમાં ટી.એલ.એમ. નો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય વધુ કરાવવામાં આવે છે.

● ગણિત વિષયને લગતા વિદ્યાર્થીઓને સાધનો બનાવવાની પ્રેરણા આપી તેનો ઉપયોગ વધુ કરવામાં આવે છે.

● ગણિત વિષયને લગતા જે તે એકમ સંદર્ભમાં શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ વધુ કરવામાં આવે છે.

● ગણિત વિષયના તૈયાર શૈક્ષણિક ઉપકરણોની અવેજીમાં જાતે બનાવેલ ઉપકરણો ઓછા તૈયાર કરવામાં આવે છે.

● ગણિત વિષયમાં કોમ્પ્યુટરનો શૈક્ષણિક કાર્યમાં ઉપયોગ નહિવત્ કરવામાં આવે છે.

૨. ગણિત વિષય સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ અંગેના તારણો

● ગણિત વિષયમાં વિદ્યાર્થીઓની પ્રોજેક્ટ કાર્ય વધુ કરાવવામાં આવે છે,

● ગણિત વિષયની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ વધુ કેળવવામાં આવે છે.

● ગણિત વિષયમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે ગણિત મંડળ મહત્તમ સક્રિય છે.

● ગણિત મંડળ ને લગતી પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય વધુ જોવા મળે છે.

● બુલેટીન બોર્ડ પર ગણિતને લગતી વિગતો મહત્તમ રજૂ કરવામાં આવે છે.

● ગણિતમાં ઓલેમ્પિયેડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે.

● ગણિત વિષયમાં હસ્તલિખિત અંક બિલકુલ નહિવત પ્રમાણમાં તૈયાર કરાવવામાં આવે છે.

3. ગણિત વિષયમાં અધ્યયન અધ્યાપન પદ્ધતિ અંગેના તારણો

● ગણિત વિષયમાં અધ્યાપન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગ લેવાની તક સૌથી વધુ આપવામાં આવતી હતી.

● ગણિત વિષયમાં સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ સૌથી વધુ કરવામાં આવે છે.

● વર્ગખંડમાં અધ્યાપનકાર્ય કરાવતી વખતે વિદ્યાર્થીઓનો સહકાર વધુ મળે છે.

● ગણિત વિષયમાં અધ્યાપન કાર્ય દરમિયાન વિવિધ ઉદાહરણો વિદ્યાર્થીઓ પાસે વધુ લેવામાં આવે છે.

● ગણિત વિષયમાં જૂથ ચર્ચા પદ્ધતિનો ઉપયોગ નહિવત્ પ્રમાણમાં કરવામાં આવતો હતો.

૪. ગણિત વિષયની સેવાકાલીન તાલીમ અંગેના તારણો

● ગણિત વિષયના સંદર્ભમાં સેવાકાલીન તાલીમમાં તજજ્ઞો પૂર્ણ તૈયારી સાથે આવતા હતા.

● સેવાકાલીન તાલીમમાં તજજ્ઞો દ્વારા સાહિત્ય સામગ્રી આપવામાં આવતા હતા.

● સેવાકાલીન તાલીમમાં ટેક્નોલોજીના સાધનો થી તાલીમ વધુ આપવામાં આવે છે.

● સેવાકાલીન તાલીમમાં નવીનીકરણની જાણકારી વધુ પ્રાપ્ત થાય છે.

● સેવાકાલીન તાલીમમાં સંદર્ભ સાહિત્યનો પરિચય મધ્યમ પ્રમાણમાં કરવામાં આવતો હતો.

● સેવાકાલીન તાલીમ દ્વારા અધ્યાપન સાહિત્ય તૈયાર કરવાની તાલીમ મધ્યમ પ્રમાણમાં આપવામાં આવે છે.

● સેવાકાલીન તાલીમ ના શિક્ષકોની વિશેષ સંખ્યાથી આ તાલીમ ની ગુણવત્તા સુધારણા શ્રેષ્ઠ બની ન હતી.

● સેવાકાલીન તાલીમમાં સાંપ્રત પ્રવાહોનો ખ્યાલ નહિવત આપવામાં આવે છે.

૫. ગણિત વિષય મૂલ્યાંકન તરેહ અંગેના તારણો

● સત્રાંત પરીક્ષાની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓને વધુ બતાવવામાં આવે છે.

● પ્રત્યેક પ્રકરણના અંતે કસોટી વધુ લેવામાં આવે છે.

● મૂલ્યાંકન માટેના પ્રશ્નોની રચનામાં સમગ્ર વિષયવસ્તુને વધુ પ્રમાણમાં આવરી લેવામાં આવે છે.

● વિદ્યાર્થીઓની સિદ્ધિ ચકાસવા વાર્ષિક મૂલ્યાંકન મધ્યમ પ્રમાણની શાળાઓ લે છે.

● મૂલ્યાંકન માટે હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો મધ્યમ પ્રમાણમાં લેવામાં આવે છે.

● ધોરણ ૯ અને ધોરણ ૧૦ ની પરીક્ષામાં ગણિત વિષયમાં નબળા વિદ્યાર્થીઓ પાસ થવા પૂરતા ગુણાંક નહિવત પ્રમાણમાં મેળવે છે.

● ટેક્નોલોજી દ્વારા મૂલ્યાંકન બિલકુલ નહિવત પ્રમાણમાં કરવામાં આવતું હતું.

➢ મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે મળતા તારણો

૧. ગણિત વિષય પ્રત્યે વિદ્યાર્થીઓને અભિરુચિ અંગેના તારણો

ગણિત વિષયમાં અંક ગણિત પ્રત્યે વિદ્યાર્થીઓ વધુ અભિરૂચિ ધરાવે છે.

ગણિત વિષયમાં બીજ ગણિત પ્રત્યે પાયાની સંકલ્પનાઓ ખ્યાલ ઓછો હોવાથી મધ્યમ અભિરુચિ ધરાવતા હતા.

ગણિત વિષયમાં ભૂમિતિના અધ્યયનમાં વિદ્યાર્થીઓ નહિવત પ્રમાણમાં અભિરુચિ ધરાવતા હતા.

૨. ગણિત વિષયના અધ્યાપન માટે આપને ફાળવેલા તાસોના સંદર્ભે અંગેના તારણો

વધુ પ્રમાણના શિક્ષકોનાં મંતવ્યો મુજબ તાસોની સંખ્યા ખૂબ જ ઓછી છે.

મધ્યમ પ્રમાણમાં શિક્ષકોના મતે કાચ નો સમયગાળો ખૂબ જ ઓછો છે.

ખુબ જ નહીવત પ્રમાણમાં શિક્ષકો માટે બાળકોની સંખ્યા યોગ્ય હતી.

અભ્યાસક્રમ ખૂબ લાંબો હોવાથી વધુ પ્રમાણમાં શિક્ષકોને તાસોની સંખ્યા ઓછી લાગે છે.

3. ગણિત શિક્ષણ માટેના વાર્ષિક આયોજન અંગેના તારણો

ગણિત વિષયમાં આર્થિક આયોજનમાં સરકાર શ્રી દ્વારા આપવામાં આવેલ માસવાર આયોજન વધુ પ્રમાણમાં શિક્ષકો ઉપયોગ કરતા હતા.

બધી જ શાળાના શિક્ષકો દૈનિક નોંધપોથી પ્રમાણે જ કાર્યનું આયોજન કરતા હતા.

મધ્યમ પ્રમાણની શાળાઓ યુનિટ ટેસ્ટનું આયોજન કરે છે.

ઓછા પ્રમાણની શાળાઓના શિક્ષકો ગણિત વિષયમાં માસિક મૂલ્યાંકનનું આયોજન કરે છે.

ખુબ જ નહીવત પ્રમાણની શાળાઓના શિક્ષકો એકમ કસોટીનું આયોજન કરે છે.

૪. ગણિતનો અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરવામાં શિક્ષકોને અનુભવતી મુશ્કેલીઓ અંગેના તારણો

વધુ પ્રમાણના શિક્ષકોને શિક્ષણ કાર્ય માટે તસોની સંખ્યા ઓછી પડે છે તેથી વધારે તાસોનું આયોજન કરવું પડતું હતું.

અભ્યાસક્રમ ખૂબ લાંબો હોવાથી શિક્ષકો ન્યાય આપી શકતા નથી.

પાયાની સંકલ્પના સ્પષ્ટ કરવામાં વધુ સમય જાય છે.

અભ્યાસક્રમ લાંબો હોવાથી સમયની અછત પડે.

વિદ્યાર્થીઓને વધુ ઉદાહરણો આપવા પડે.

૫. ગણિતના શિક્ષણ કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓના સહકાર અંગેના તારણો

શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ નો સહકાર ખૂબ જ સારો મળે છે.

મધ્યમ પ્રમાણમાં વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનને લીધે તેઓનો સહકાર સારો.

ઓછાં પ્રમાણના વિદ્યાર્થીઓ પ્રશ્નોને જાતે સમજી તેનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે છે.

૬. ગણિત વિષયમાં સેવાકાલીન તાલીમ અંગેના તારણો

સેવાકાલીન તાલીમની ભૂમિકા ઘણી સારી છે.

સેવાકાલીન તાલીમ દ્વારા નવીન શિક્ષણ પદ્ધતિઓ ની માહિતી પ્રાપ્ત થાય છે.

મૂલ્યાંકન પદ્ધતિની માહિતી પૂરી પાડે છે.

વિવિધ પદ્ધતિઓ દ્વારા અભ્યાસક્રમ રસપ્રદ બનાવી શકાય.

સમસ્યાઓનું નિવારણ થાય છે.

ટેકનોલોજીનો વર્ગખંડમાં ઉપયોગ કરવાની સમજ પૂરી પાડે છે.

૭. ગણિત વિષયની ગુણવત્તાલક્ષી બનાવવા ગણિત શિક્ષકના સુચનો અંગેના તારણો

શૈક્ષણિક સાધનો દ્વારા ગણિત શિક્ષણ આપવું જોઈએ.

પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ આપવું જોઈએ.

વિદ્યાર્થીઓને પુનરાવર્તન વધુ કરાવવું જોઈએ.

ગાણિતિક સૂત્રોની યોગ્ય સ્પષ્ટતા કરવી જોઈએ.

ગણિતનું પાયાનું શિક્ષણ ઉડાણ પૂર્વકનું આપવું.

ગણિત વિષયને લગતી ક્વિઝ યોજવી.

વિવિધ પદ્ધતિઓ થી ગણિત શિક્ષણ આપવું.

૮. ગણિત શિક્ષણ માટે ઉપયોગમાં લેવાથી અધ્યાપન પદ્ધતિઓ અંગે તારણો

ગણિત શિક્ષણ માટે નીચે મુજબની અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

આગમન - નિગમન

જૂથ - ચર્ચા

સ્વાધ્યાય

પ્રશ્નોત્તરી
કથન ચર્ચા
ચોક એન્ડ ટોક
પ્રોજેક્ટ વર્ક

૯. ગણિતના શિક્ષણકાર્ય દરમિયાન ગણિત શિક્ષક ને સામનો કરવા પડતી સમસ્યાઓ અંગેના તારણો

વિદ્યાર્થીઓને ગણિત નો પાયો નબળો છે.

સમયનો અભાવ.

વિદ્યાર્થીઓને ગણિત વિષય પ્રત્યેનો રસ ઓછો.

પાયો નબળો હોવાથી ગાણિતિક સૂત્રો સમજાવવા મુશ્કેલ.

અભ્યાસક્રમ લાંબો હોવાથી પુનરાવર્તન કરી શકાતું નથી.

નબળા વિદ્યાર્થીઓને સમજાવવા વધુ સમય જાય.

ઘડિયાનું આપૂરતું જ્ઞાન.

➢ ગણિત વિષયના શૈક્ષણિક સાધનો અંગેના પ્રાપ્ત માહિતીના આધારે તારણો

૧. ગણિત વિષયના શૈક્ષણિક સાધનો ઉપલબ્ધિ સંદર્ભે પ્રાપ્ત માહિતીના આધારે તારણો

ચોરસ, લંબચોરસ, વર્તુળ, ત્રિકોણ, ગોળો, શંકુ, નળાકાર, અર્ધગોળો, લંબઘન, ઘનફળ ના સુત્રોનો ચાર્ટ, ટેલિવિઝન, ક્ષેત્રફળ ના સુત્રો નો ચાર્ટ, આલેખપત્ર, વર્તુળના સુત્રોનો ચાર્ટ, ભૂમિતિના સાધન ની પેટી સૌથી વધુ પ્રમાણની શાળાઓ ધરાવે છે.

સંખ્યારેખા પટ્ટી, $(x+y)$ ના વિસ્તરણનું મોડેલ, $(a-b)$ ના વિસ્તરણનું મોડેલ, $a-b$ ના વિસ્તરણ નું મોડેલ, $(x+y+z)$ ના વિસ્તરણનું મોડેલ, વિસ્તરણના સુત્રોનો ચાર્ટ, સંખ્યા ગણ N,2,2,R નો ચાર્ટ, અવયવ સૂત્રોનો ચાર્ટ, સમઘન, પૃષ્ઠફળના સુત્રોનો ચાર્ટ, અંકિત માપપટ્ટી, LCD પ્રોજેક્ટર, કોમ્પ્યુટર, ત્રિકોણમિતિય નિત્યસમનો ચાર્ટ, જેવા શૈક્ષણિક સાધનો મધ્યમ પ્રમાણની શાળાઓ ધરાવે છે.

$(a+b)$ ના વિસ્તરણનું મોડેલ, બેઝિક નિત્યસમનો ચાર્ટ, ઘાતાંકના નિયમોનો ચાર્ટ, વિશિષ્ટ ગણોનો ચાર્ટ, ભૂમિતિની વિવિધ આકૃતિઓ ચાર્ટ, સમઘન, ઓવરહેડ પ્રોજેક્ટર, એકરૂપતાની શરતોના નિયમનો ચાર્ટ જેવા શૈક્ષણિક સાધનો મધ્યમ પ્રમાણની શાળાઓ ધરાવે છે.

ઘાતાંકના નિયમોનું મોડલ, $(a-b)$ ના વિસ્તરણ નું મોડેલ, $x+y+z'$ ના વિસ્તરણનું મોડેલ, પિરામિડ, હેરોનના સૂત્રોનો ચાર્ટ, સ્લાઇડ પ્રોજેક્ટર, વી.સી.ડી., જીઓકાર્ડ, યુક્લિડ ની પૂર્વધારણા નો ચાર્ટ જેવા શૈક્ષણિક સાધનો ઓછા પ્રમાણની શાળાઓ ધરાવે છે.

ફિલ્મસ્ટ્રીપ, ફ્લેશકાર્ડ જેવા શૈક્ષણિક સાધનો નહીવત પ્રમાણની શાળાઓ ધરાવે છે.

૨. ગણિત વિષયના શૈક્ષણિક સાધનોની સ્થિતિ અંગે પ્રાપ્ત માહિતીના આધારે તારણો

લંબચોરસ, વર્તુળ, ત્રિકોણ, ગોળો, શંકુ, નળાકાર, અર્ધગોળો, લંબઘન, ક્ષેત્રફળના સુત્રોનો ચાર્ટ, ટેલિવિઝન, આલેખપત્ર, વર્તુળના સુત્રો નો ચાર્ટ, સૌથી વધુ પ્રમાણની શાળાઓમાં કાર્યરત સ્થિતિમાં છે.

સંખ્યારેખા પટ્ટી, $(x+y)^*$ ના વિસ્તરણનું મોડેલ, $(a-b)$ ના વિસ્તરણનું મોડેલ, વિસ્તરણના સુત્રોનો ચાર્ટ, સંખ્યા ગણ N,2,2,R નો ચાર્ટ, અવયવ સૂત્રોનો ચાર્ટ, ચોરસ, સમઘન, ઘનફળના સુત્રોનો ચાર્ટ, પૃષ્ઠફળના સુત્રોનો ચાર્ટ, અંકિત માપપટ્ટી, ચતુષ્કોણના પ્રકારનો ચાર્ટ, LCD પ્રોજેક્ટર, કોમ્પ્યુટર, ત્રિકોણમિતિય નિત્યસમનો ચાર્ટ, ભૂમિતિના સાધનની પેટી શૈક્ષણિક સાધન વધુ પ્રમાણની શાળાઓમાં કાર્યરત સ્થિતિમાં છે.

$ab$ ના વિસ્તરણનું મોડેલ, $(a+b)$ના વિસ્તરણનું મોડેલ, બેઝિક નિત્યસમનો ચાર્ટ, ઘાતાંકના નિયમોનો ચાર્ટ, વિશિષ્ટ ગણોનો ચાર્ટ, ભૂમિતિની વિવિધ આકૃતિઓનો ચાર્ટ, એકરૂપતાની શરતોના નિયમનો ચાર્ટ, મધ્યવર્તી સ્થિતિના માપના સૂત્રોનો ચાર્ટ જેવા શૈક્ષણિક સાધનો મધ્યમ પ્રમાણની શાળામાં કાર્યરત સ્થિતિ માં છે.

$(a-b)'$ ના વિસ્તરણ નું મોડેલ, $(x+y+z)$ ના વિસ્તરણનું મોડેલ, પિરામિડ, હેરોનના સૂત્રોનો ચાર્ટ, ઓવરહેડ પ્રોજેક્ટ, સ્લાઇડ પ્રોજેક્ટર, વી.સી.ડી., જીઓકાર્ડ, યુક્લિડની પૂર્વધારણા નો ચાર્ટ જેવા શૈક્ષણિક સાધનો ઓછા પ્રમાણ ની શાળામાં કાર્યરત સ્થિતિમાં છે.

ઘાતાંકના નિયમોનું મોડેલ, $x'+y+2$ ના વિસ્તરણનું મોડેલ, ફિલ્મસ્ટ્રીપ, વી.સી.ડી., જીઓ

કાર્ડ, ક્લેશકાર્ડ જેવા શૈક્ષણિક સાધનો નહીવત પ્રમાણની શાળાઓમાં કાર્યરત સ્થિતિમાં છે.

➢ દસ્તાવેજી નોંધપત્રક દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

૧. ગણિત વિષયના પ્રવર્તમાન વર્ષના અગાઉના ત્રણ વર્ષના પરિણામો.

ગણિત વિષયના પરિણામોમાં દર વર્ષે થોડા પ્રમાણમાં વધારો થયેલો જોવા મળે છે.

૨. ગણિત વિષય સંબંધિત સહઅભ્યાસિક પ્રવૃત્તિ અને લગતા ત્રણ વર્ષમાં વિદ્યાર્થીઓ / શિક્ષકે પ્રાપ્ત પ્રમાણની વિગત,

સૌથી વધુ વિદ્યાર્થીઓ નવસારી જિલ્લા કક્ષાએ યોજાયેલ ગણિત મંડળની પરીક્ષાના પ્રમાણપત્રો પ્રાપ્ત કરે છે.

મધ્યમ પ્રમાણમાં વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ યોજાયેલ વિજ્ઞાન મેળામાં ગણિતની કૃતિઓના પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે.

નહિવત પ્રમાણમાં આ વિદ્યાર્થીઓએ ઇન્ડિયન ટેલેન્ટ એક્ઝામના સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા છે.

3. ગણિત વિષયમાં શિક્ષકોએ ત્રણ વર્ષમાં મેળવેલ સેવાકાલીન તાલીમ.

વર્ષ ૨૦૧૭ માં આર.એમ. એસ.એ. દ્વારા ત્રણ દિવસની સેવાકાલીન તાલીમ

કર્મયોગી તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાતી તાલીમ

આર.પી. ની તાલીમો

ગણિત વિષય સંદર્ભે શાળાની વિશેષ સિદ્ધિઓ.

ઇનોવેશન ફેરમાં વિજેતા

મધ્યમ પ્રમાણમાં ની શાળાઓના વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ ક્લાસમાં રાજ્ય સ્તરે વિજેતા ઓછા પ્રમાણની શાળામાં વિદ્યાર્થીઓ ઇન્ડિયન ટેલેન્ટ એક્ઝામ માં બે વાર વિજેતા

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનને અંતે પ્રાપ્ત થયેલા પરિણામોને ધ્યાનમાં રાખીને સંશોધકે ગણિત વિષયને ગુણવત્તાસભર બનાવવાના હેતુથી નોંધપાત્ર શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. અભ્યાસક્રમમાં વિષયવસ્તુ યોગ્ય પ્રમાણમાં રાખવું જોઈએ.

૨. ગણિત વિષયના શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ યોગ્ય પ્રમાણમાં હોવી જોઈએ.

3. ગણિત વિષયના શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ શિક્ષણકાર્ય દરમિયાન મહત્તમ પ્રમાણમાં થવો જોઈએ.

૪. ગાણિતિક સંકલ્પનાઓ, સૂત્રો વગેરે સરળતાથી વિદ્યાર્થીઓને સમજાવી શકાય એવા પ્રયત્નો ગણિત શિક્ષકે કરવા જોઈએ.

૫. ગણિતનું પાયાનું શિક્ષણ ઊંડાણપૂર્વકનું આપવું જોઈએ.

૬. વિદ્યાર્થીઓને ગણિત વિષય પ્રત્યે રસ વધે એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.

૭. વિદ્યાર્થીઓમાં સમયાંતરે ગાણિતિક કૌશલ્યો જેવા કે, આકૃતિઓ તથા આલેખો દોરવા, સાધનો વાપરવા, ઝડપથી ગણતરી કરવી વગેરેનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ.

૮. સમયાંતરે સેવાકાલીન તાલીમ યોજી ગણિત શિક્ષણની ગુણવત્તા વધારવા નવી માહિતીઓ, પદ્ધતિઓ વગેરેનું જ્ઞાન શિક્ષકોને આપવું જોઈએ.

૯. વિદ્યાર્થીઓ સ્વ અધ્યયન કરતા થાય એ હેતુથી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

૧૦. ગણિત વિષય માટે ફક્ત પાઠ્યપુસ્તક નો જ ઉપયોગ ન કરતાં ગણિત વિષય સંબંધિત અન્ય સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ.

૧૧. ગણિત વિષય અંતર્ગત વિવિધ મોડેલોનો ઉપયોગ વધુ કરવો જોઈએ.

૧૨. શિક્ષકોએ અધ્યાપનકાર્ય વૈયક્તિક તફાવતને ધ્યાનમાં રાખી કરવું જોઈએ.

૧૩. શાળામાં ગણિત મંડળની સ્થાપના કરવી જોઈએ.

૧૪. ગણિત વિષયની વિદ્યાર્થીઓમાં પ્રિય બનાવવા ગણિત પ્રદર્શન યોજ્યું જોઈએ.

૧૫. વિદ્યાર્થીઓમાં ગણિત વિષયના જ્ઞાનમાં વધારો થાય એ માટે ગણિત ક્વિઝનું આયોજન કરવું જોઈએ.

૧૬.. વિદ્યાર્થીઓને પાસ કરવાનું વલણ દૂર કરવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધન ક્ષેત્રે ખૂબ મોટું છે. આથી કોઈ પણ સંશોધક એવી ખાત્રી ન આપી શકે કે હાથ ધરેલ સંશોધન સંપૂર્ણ અને અંતિમ જ હોય. પ્રસ્તુત

સંશોધન નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે હાથ ધરાયું હતું. સંશોધક નમ્ર પૂર્ણ સ્વીકારે છે કે પ્રસ્તુત સંશોધન અને સંપૂર્ણ નથી. ભવિષ્યમાં પણ આ પ્રકારના સંશોધનોને વેગ મળતો રહે તે હેતુથી સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રસ્તુત સંશોધનના સંબંધિત ક્ષેત્રમાં સંશોધન શક્યતાઓ નીચે મુજબ છે.

૧. નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૨. નવસારી શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

3. નવસારી શહેરની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૪. સુરત શહેરની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૫. સુરત જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય ની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ મહાવિદ્યાલયોમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ, સંશોધનના તારણો, અને ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

આજનો યુગ એ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. વિજ્ઞાનને ગણિત સાથે અનોખો સંબંધ છે. વિજ્ઞાનક્ષેત્રના મોટાભાગના કામોમાં ગણિત નો ફાળો અમૂલ્ય છે.

ગણિતના સહારા વિજ્ઞાન આગળ વધી શકે નહીં. આથી આજના જમાનામાં ગણિત શિક્ષણનું મહત્વ ખુબ જ છે. ગણિત શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે અને માધ્યમિક શિક્ષણના ગણિત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી તેમાં સુધારો લાવવા મદદરૂપ નીવડી શકે એ હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા નવસારી શહેરની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન ગણિત શિક્ષકો, ગણિત વિષયમાં રસ ધરાવતા સંશોધકો, સરકાર વગેરેને ઉપયોગી નીવડશે એવી સંશોધકની નમ્ર આશા છે.

## નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો અને અધ્યાપકોનો શિક્ષણમાં ઈન્ટરનેટનો વિનિયોગ

ગામીત મેહુલભાઈ યુ.

**સંશોધનનાં હેતુઓ**

(૧) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો અધ્યયન સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૨) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો શિક્ષણના મહાવરા સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૩) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૪) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો પરીક્ષા સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૫) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો અધ્યાપન સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૬) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો શૈક્ષણિક વ્યવસ્થાપન સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૭) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો વ્યવસાયિક વિકાસ સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

(૮) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો પરીક્ષણ સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

(૧) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો અધ્યયન સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૨) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો શિક્ષણના મહાવરા સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૩) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૪) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓનો પરીક્ષા સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૫) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો અધ્યાપન સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૬) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો શૈક્ષણિક વ્યવસ્થાપન સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૭) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો વ્યવસાયિક વિકાસ સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

(૮) નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોનો પરીક્ષણ સંદર્ભે ઈન્ટરનેટનો કેવી રીતે વિનિયોગ કરે છે?

સંશોધન યોજના પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં નવસારી જિલ્લાના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાથીઓ અને અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવસારી જિલ્લાના કુલ ૫ શિક્ષણ મહાવિદ્યાલયોના ૨૪૦ તાલીમાર્થીઓ અને ૩૮ અધ્યાપકો પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ બન્યા હતાં.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત રાશોધનમાં સંશોધકે નવસારી જિલ્લાની ૫ શિક્ષણ મહાવિદ્યાલયોના ૨૪૦ તાલીમાર્થીઓ અને ૩૮ અધ્યાપકોનો નમૂનામા સમાવેશ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનમા વ્યાપવિશ્વનો જ નમૂના તરીકે સમાવેશ કરવામા આવ્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વરચિત ઉપકરણ તરીકે બંધજવાબી પ્રશ્નાવલિનો અને મુક્તવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બંધજવાબી પ્રશ્નાવલિને ૫ વિભાગમાં વિભાજિત કરી તેમાં કુલ ૩૩ વિધાનોનો સમાવેશ તેમજ અધ્યાપકો માટેની મુક્તવાબી પ્રશ્નાવલિમા કુલ ૭ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ**

સંશોધકે માહિતી એકત્રીકરણ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધર્યુ હતું. સંશોધકે પ્રથમ નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓ અને અધ્યાપકો મેળવી હતી.ત્યારબાદ નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓ અને અધ્યાપકો પાસેથી માહિતી નક્કી કરેલ દિવસે દરેક શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓ અને અધ્યાપકો સાથે સંશોધન અંગે ટેલિફોનિક વાત કરી ત્યારબાદ તેમને ગુગલ ફોર્મની લિંક મોકલવામાં આવી હતી પરંતુ કોવિડ-૧૯ની મહામારીના કારણે નવસારી જિલ્લાની ૫ શિક્ષણ મહાવિદ્યાલયોના ૧૮૦ તાલીમાર્થીઓ ૨૮ અધ્યાપકો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે તાલીમાર્થીઓને આપવામા આવેલ બંધજવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું ટકાવારી ગણતરી કરવામાં આવી હતી તથા અધ્યાપકો માટેની મુક્ત જવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અનુસાર માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતુ.

**સંશોધનના તારણો**

❖ તાલીમાર્થીઓ માટેની બંધ પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલા તારણો
   ➢ તાલીમાર્થીઓના અધ્યયન સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ અંગે પ્રાપ્ત થયેલ તારણો

- અધ્યયન સંબંધિત પાઠના મુદ્દાઓની વિસ્તૃત માહિતી ઈન્ટરનેટ પરથી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- કોઈપણ અભ્યાસક્રમના મુદ્દાને લગતી અધ્યયન સામગ્રી ઈન્ટરનેટ પરથી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયન માટે ચિત્રો, વિડીયો, ઓડિયો, ઈન્ટરનેટ પરથી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયનમાં ઉપયોગી પ્રેઝન્ટેશન તૈયાર કરવા માટે માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયન માટેની ઈ-બુક્સ ઈન્ટરનેટ પરથી મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયન સંબંધિત સંદર્ભ સાહિત્ય મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયન સામગ્રી માટે ઈન્ટરનેટના માધ્યમથી અન્ય વ્યક્તિઓના સંપર્કમાં રહેવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અધ્યયન સંબધિત સામયિકોના વાંચન માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સ્વ-અધ્યયન માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સ્વાધ્યાય કાર્ય માટેના પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ તાલીમાર્થીઓનો શિક્ષણના મહાવરા સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ અંગે પ્રાપ્ત થયેલ તારણો

- તાલીમાર્થીઓ શિક્ષણના મહાવરા દરમિયાન પાઠ આયોજન માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પ્રાર્થનાસભામાં વિવિધ માહિતી રજૂ કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શાળામાં વિવિધ દિવસોની ઉજવણી સંદર્ભે માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શિક્ષણના મહાવરા દરમિયાન શિક્ષણકાર્ય માટે ચિત્રો, વિડીયો, ઓડિયો, પ્રેઝન્ટેશન તૈયાર કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શિક્ષણના મહાવરા દરમિયાન સહઅભ્યાસિક પ્રવૃતિઓ કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- ક્રિયાત્મક સંશોધન અંગેની માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઈન્ટર્નશીપ અહેવાલ તૈયાર કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઓનલાઈન અધ્યાપનકાર્ય માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

➢ તાલીમાર્થીઓના સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ અંગે પ્રાપ્ત થયેલ તારણો

- પ્રાર્થનાસભા દરમિયાન વિવિધ માહિતી રજૂ કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વિવિધ કૃતિઓ તૈયાર કરવા માટે ઈન્ટર્નેટનો વિનિયોગ કરે છે.
- વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ તૈયાર કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ફિલ્ડવર્ક અંતર્ગત માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- રાષ્ટ્રીય પર્વની ઉજવણી બાબતે માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- વિવિધ દિવસોની ઉજવણી વિશેની માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- E.P.C. અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ તૈયાર કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સેમિનાર તેમજ ડિબેટ સંદર્ભે માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

- T.L.M. નિર્માણ માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ તાલીમાર્થીઓના પરીક્ષા સંદર્ભે ઈન્ટરનેટના વિનિયોગ અંગે પ્રાપ્ત થયેલ તારણો

- પરીક્ષા સંબંધિત માહિતી મેળવવા મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અગાઉની પરીક્ષાના પ્રશ્નપત્રો મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઈન્ટરનેટ પરથી પરીક્ષાનું ટાઈમટેબલ જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પરીક્ષાનું પરિણામ જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પરીક્ષાના પેપરનું માળખું જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

❖ અધ્યાપકો માટેની બંધ પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલા તારણો

➢ અધ્યાપન માટે માહિતી મેળવવા સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- અભ્યાસક્રમ અંતર્ગત કોઈ પણ મુદ્દાની પ્રવર્તમાન માહિતી મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઓનલાઈન સંદર્ભ પુસ્તકો ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અભ્યાસક્રમ અંતર્ગત, કવિઓ, વૈજ્ઞાનિકો વિશે માહિતી મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અભ્યાસક્રમ અંતર્ગત ઓડિયો, વીડિયો, ફોટાઓ પી.ડી.એફ. તેમજ અન્ય માહિતી મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શૈક્ષણિક બાબતો તેમજ અન્ય વિષયો અંગે માહિતી મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ તાલીમાર્થીઓ અધ્યયન-અધ્યાપન માટે પ્રેરિત થાય સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- અભ્યાસને લગતા વિડીયો મેળવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પ્રોજેક્ટ વર્ક માટે ટોપિકની શોધ કરવા તથા તે અંગેની માહિતી માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સંદર્ભ પુસ્તકો વિશે માહિતી આપવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પાઠ આયોજન અંગેના વિડીયો તેમજ તે અંગેની માહિતી તાલીમાર્થીઓને આપવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- મોટિવેશનના વિડીયો જોવા તથા તાલીમાર્થીઓને સેર કરવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ વ્યાવસાયિક વિકાસ વધારવા સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- શૈક્ષણિક વિડીયો જોવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શિક્ષણક્ષેત્રના આવતા નવીન લેખો વાંચવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- નવીન શૈક્ષણિક બાબતોનુ વાંચન કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઓનલાઈન કોર્ષ અંગે તેમજ એપ્લાઈ કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- વિવિધ શૈક્ષણિક એપનો ઉપયોગ કરવા ડાઉનલોડ કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- E.P.C અંતર્ગત માર્ગદર્શન અંગે માહિતી મેળવવા- આપવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- શિક્ષણમા ઉપયોગી એપ વિશે જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ વ્યાવસાયિક વિકાસ વધારવા માટેની શૈક્ષણિક વેબસાઈટો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- બી.એડ્.ના અધ્યાપકો વ્યાવસાયિક વિકાસ વધારવા માટે નીચે મુજબની શૈક્ષણિક વેબસાઈટનો ઉપયોગ કરવામા આવે છે :
- www.wikipedia.com
- www.ncert.nic.in

- www.yotube.com
- www.vedantu.com
- www.ebook.net
- www.advancedlearner.co m
- www.sodhganga.com
- www.twitter.com

➢ શિક્ષણ મહાવિદ્યાલયના શૈક્ષણિક વ્યવસ્થાપન સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- ઓનલાઈન શિક્ષણકાર્ય કરવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- જરૂરી ઈમેલ-મોકલવા મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે
- ઓનલાઈન હાજરી લેવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- કોલેજના સ્ટાફ સાથે મિટીંગ-સંપર્કમા રહેવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- બી.એડ્. કોલેજને અંતર્ગત મહત્વના પરિપત્રો મેળવવા- મોકલવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ઈન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓને જરૂરી સુચના આપવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- અન્ય સંસ્થાકીય કાર્યો માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના સફળ આયોજન સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- તાલીમાર્થીઓને નવીન સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જણાવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે ધ્યાનમાં રાખવાની બાબતો જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- નવીન સ્પર્ધાઓ જાણવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પ્રાર્થનાસભા અંતર્ગત નવીન બાબતો જાણવા- રજૂ કરવા માટે તથા તેના વિનિયોગ માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

➢ તાલીમાર્થીઓના પરીક્ષણ સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

- ઓનલાઈન પરીક્ષા લેવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- જુના પ્રશ્નપત્રો ડાઉનલોડ કરવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- ગુગલ ફોર્મ બનાવવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પરિણામ જાહેર કરવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- માર્કશીટ તૈયાર કરી મોકલવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- મૂલ્યાંકનની નવીન પદ્ધતિઓ જાણવા ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.
- પરીક્ષા સંદર્ભે અગત્યની સુચનાઓ આપવા તેમજ મેળવવા માટે ઈન્ટરનેટનો વિનિયોગ કરે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના આધારે જે તારણો પ્રાપ્ત થયાં હતાં તેના આધારે સંશોધકે કેટલાક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. જે નીચે મુજબ છે.

(૧) તાલીમાર્થીઓ અધ્યયન માટે અભ્યાસને લગતા ચિત્રો, વિડિયો, ઓડિયો મેળવે તે અંગે માહિતી આપવી જોઈએ.

(૨) તાલીમાર્થીઓ અધ્યયન માટે અભ્યાસને લગતી શૈક્ષણિક બાબતો જેમકે પાવર પોઈન્ટ, વીડિયો ઈન્ટરનેટ પર અપલોડ કરે તે અંગે પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૩) તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકો ઈન્ટરનેટના માધ્યમથી શૈક્ષણિક બ્લોગ,વેબસાઈટ પરથી માહિતી મેળવી શકે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૪) અધ્યાપકોએ કે જેઓને ભાવિ શિક્ષકોને તૈયાર કરવાના છે તેમના માટે ઈન્ટરનેટનો શૈક્ષણિક ઉપયોગ કઇ રીતે ઉપયોગી બને છે તે અંગેનુ પ્રેક્ટીકલ જ્ઞાન આપવુ જોઈએ.

(૫) અધ્યાપકો કોઇ વિષયમા સંશોધન કાર્ય કરી ઈન્ટરનેટ પર અપલોડ કરે એવુ માર્ગદર્શન આપવુ જોઈએ.

(૬) ઈન્ટરનેટ અંગે અધ્યાપકોના હકારાત્મક અભિગમને વધુ પ્રોત્સાહિત કરવામા આવે તો શિક્ષણની ગુણવત્તામા સુધારો કરી શકાશે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

કોઈ પણ સંશોધન સંપૂર્ણ છે એમ તો ન જ કઈ શકાય. ફલત: આખરી ન જ હોઈ શકે. પ્રત્યેક સંશોધનની કેટલીક મર્યાદાઓ હોય છે. પ્રસ્તુત સંશોધન પણ કોઈ પણ સંશોધન એનાથી અપવાદરૂપ ન હોઈ શકે. આથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વેગ મળતો રહે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ બનવાના આશયથી સંશોધકે અહી ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

(૧) પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લાના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓ અને અધ્યાપકો પર કરવામા આવ્યુ હતુ એવી રીતે અન્ય કોલેજ,તાલુકા, જિલ્લા, રાજ્ય, દેશને આવરીને હાથ ધરી શકાય છે.

(૨) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો ઈન્ટરનેટનો શૈક્ષણિક ઉપયોગ અંગે તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય છે.

(૩) બી.એડ્.ના તાલીમાર્થીઓની ઈન્ટરનેટ વિષયક શૈક્ષણિક જાગૃત્તિનો અભ્યાસ હાથ ધરી શકાય છે.

(૪) શિક્ષણ મહાવિદ્યાલયોના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના તાલીમાર્થીઓ દ્વારા થતા ઈન્ટરનેટનો ઉપયોગ અંગેનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય છે.

(૫) પ્રસ્તુત સંશોધન ઈન્ટરનેટના શૈક્ષણિક ઉપયોગ પર હાથ ધરવામા આવ્યુ હતુ પરંતુ ઈન્ટરનેટ અન્ય ઉપયોગ પર પણ સંશોધન હાથ ધરી શકાય છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ રજુ કરી સમગ્ર સંશોધન પ્રક્રિયાને અંતે નિષ્પન્ન થયેલાં મુખ્ય તારણો અને તેના શૈક્ષણિક ફલિતાર્થો તથા ભાવિ સંશોધનો માટેના નિર્દેશો દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## માંગરોળ તાલુકાના ધોરણ -૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયમાં થતાં જોડણીદોષના સંદર્ભમાં નિદાન-ઉપચારાત્મક અભ્યાસ

ગામીત સંગીતા સી.

**સંશોધનના હેતુઓ**

(૧) માંગરોળ તાલુકા ના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયમાં થતા જોડણી દોષના સંદર્ભમાં નિદાનકસોટીની રચના કરવી.

(૨) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયમાં થતા જોડણીદોષના સંદર્ભમાં નિદાન કસોટી ની અજમાઈશ કરવી.

(૩) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય માં થતા જોડણી દોષના સંદર્ભમાં ભૂલોનું ક્ષેત્ર જાણવું.

(૪) માંગરોળ તાલુકાના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ ને ગુજરાતી વિષય માં થતા જોડણી દોષના સંદર્ભ માં ઉપચાર શિક્ષણ કરવું.

વિશિષ્ટ હેતુઓ

(૧) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં થતા જોડણી દોષના સંદર્ભે આપેલ ઉપચાર શિક્ષણની પ્રાયોગિક જૂથ પર અસર તપાસવી.

(૨) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં થતા જોડણી દોષના સંદર્ભે નિદાન કસોટી અને ઉપચારાત્મક કસોટીના સરાસરી પ્રાપ્તાંકોની તુલના કરવી.

(૩) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં થતા જોડણી દોષ સંદર્ભે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવા.

સંશોધનના પ્રશ્નો અને ઉત્કલ્પના

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે હેતુને અનુરૂપ પ્રશ્નો અને ઉત્કલ્પનાની રચના કરી છે.

**સંશોધનના પ્રશ્નો**

(૧) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં જોડણી દોષ માં કેવા કેવા પ્રકારની ભૂલો જોવા મળશે?

(૨) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં નિદાન કસોટી લીધા બાદ ભુલો નુંક્ષેત્ર કયું છે?

(૩) માંગરોળ તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં જોડણી માં થતી ભુલો નિવારવા કયા કયા ઉપચારો કરી શકાય?

સંશોધનની ઉલ્પનાઓ

(૧) નિદાન કાર્ય પૂર્વે અને ઉપચારાત્મક કાર્ય પછી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોમાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

(૨) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અભિપ્રાયોની અવલોકિત આવૃત્તિ અને અપેક્ષિત આવૃત્તિ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

વ્યાપવિશ્વ અને નમુનો

પ્રસ્તુત સંશોધનમાં માંગરોળ તાલુકાના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ- ૮ ના વર્ષ ૨૦૨૦-૨૧ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીનો સમાવેશ થયો હતો . વ્યાપવિશ્વ માંથી માંગરોળ તાલુકાની ગુજરાતી માધ્યમ ની એક શાળા ની પસંદગી સહેતુક રીતે કરવા માં આવી હતી . જેમાં એન. ડી. દેસાઇ સાર્વજનિક હાઈસ્કૂલ વાંકલ ના પ્રાથમિક શાળાના ધોરણ- ૮ ના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં તમામ વિદ્યાર્થીઓને નિદાન કસોટી આપવામાં આવી હતી. જેમાં થી ૩૫% કે તે થી ઓછા ટકા મેળવનાર ૫૦ વિદ્યાર્થીઓ હતા. તેમને પ્રાયોગિક જુથ તરીકે લેવામાં આવ્યા હતા .

**ઉપકરણોની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં આ પ્રમાણેના ઉપકરણોનો વિનિયોગ કરેલ છે.

(૧) નિદાન કસોટી

(૨) ઉપચારાત્મક શૈક્ષણિક સામગ્રી

(૩) ઉત્તરકસોટી

(૪) અભિપ્રાયાવલિ

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનમાં એક જૂથ પૂર્વ કસોટી-ઉત્તરકસોટી' પ્રાયોગિક યોજના નો અમલ કરવા માં આવ્યો હતો .

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલી માહિતી અને પરિણામોના પૃથ્થકરણ અને અર્થઘટન તથા ઉત્કલ્પના ની ચકાસણી માટે સરાસરી, પ્રમાણવિચલન અને ટી કસોટી જેવી અંકશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી મહત્ત્વના તારણો મેળવવામાં આવ્યા હતા. નિદાન અને ઉપચાર કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓ ને આપેલા અભિપ્રાયોના અર્થઘટન માટે કાઈ વર્ગ મૂલ્યનો ઉપયોગકરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

❖ પ્રસ્તુત સંશોધનના મુખ્ય તારણો નીચે પ્રમાણે હતા.

➢ જોડણી એકમ માટેની નિદાન કસોટીના તારણો

શબ્દાંતે લગતા પ્રત્યયો ઇક, ઇત,ઈ માં 'હ્રસ્વ' હોય છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ 'હસ્વ ઇ' બદલે દીર્ઘ 'ઈ' લખતા હતા.

ઉદાહરણ સામાજ+ઇક=સામાજિક

➢ જોડાક્ષર પૂર્વેના ઇ -ઉ ' હસ્વ હોય છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ હસ્વ 'ઇ - ઉ' ના બદલે દીર્ઘ' ઊ ઈ' લખતા હતા.

ઉદાહરણ-વિશિષ્ટ

➢ બંને હસ્ય' ઉ' વાળા શબ્દોમાં હસ્વ ઉ આવે છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ હસ્વ ઉ ને બદલે દીર્ઘ લખતા હતા.

ઉદાહરણ-ખુશનુમા

➢ દીર્ઘ ઊ વાળા શબ્દમાં દીર્ઘ ઊ આવે છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ દીર્ઘ ઊ ના બદલે સ્વ ઉ લખતા હતા.

ઉદાહરણ-ન+ઊ=નૂલ+ઊ

- બંને ઈ કાર વાળા શબ્દો.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ હસ્વ ઇ ના બદલે દીર્ધ ઇ લખતા હતા.

ઉદાહરણ પ્રીતિ-પ્રિતી

- શબ્દ ને અંતે આવતા 'તિ ' માં હસ્વ 'ઈ' આવે છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ હસ્વ 'ઇ' ને બદલે દીર્ઘ 'ઇ' લખતા હતા.

ઉદાહરણ-ભૂમિતિ

- ય પહેલા આવતા અક્ષર માં હસ્વ 'ઈ' આવે છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ હસ્વ 'ઈ' ના બદલે દીર્ધ ઈ' લખતા હતા.

ઉદાહરણ-હરિયાળુ

- ય પછી આવતા અક્ષર માં આવે છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગેની સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ દીર્ધ 'ઇ' ના બદલે હસ્વ ઈ લખતા હતા.

ઉદાહરણ-નાટ્યકીય

- રેફ પૂર્વે ઇ ઉ દીર્ધ હોય છે.

વિદ્યાર્થીઓ નિયમ અંગે સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ રેફ પૂર્વે 'ઇ ઊ' લખતા હતા.

ઉદાહરણ-બહિર્મુખ

- શબ્દોમાં પ્રથમ અક્ષરમાં તીવ્ર અનુસ્વાર ધરાવતા ઇ ઉ હસ્વ હોય છે.

વિદ્યાર્થીઓ નિયમો અંગે સાચી સમજ ધરાવતા ન હતા.

વિદ્યાર્થીઓ તીવ્ર અનુસ્વાર ધરાવતા શબ્દ માં ઇ ઉ હસ્વ લખતા ન હતા.

ઉદાહરણ-કુંભાર

❖ જોડણી એક માટે ઉપચાર શિક્ષણના તારણો

- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ ની શૈક્ષણિક ઉપચાર પૂર્વે અને પછી લેવાયેલ કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો. આથી ઉત્કલ્પના- ૧ અસ્વીકાર્ય બની હતી.આ ઉપરથી કહી શકાય કે,પ્રાયોગિક જૂથમાં ઉપચાર શિક્ષણ કાર્ય અસરકારક રહ્યું હતું.
- નિદાન અને ઉપચાર કાર્યો દ્વારા શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા શિક્ષણ અંગેના અભિપ્રાયાવલિ પરપ્રાપ્ત અભિપ્રાયોમાં કુલ ૧૬ વિધાનોનું કાઈવર્ગ મૂલ્ય ૦.૦૧ કક્ષાએ અને ૦.૫ કક્ષાએ સાર્થક હોવાથી કહી શકાય કે અભિપ્રાયાવલિ પર પ્રાપ્ત અભિપ્રાયો આકસ્મિક નહીં પણ વાસ્તવિક છે.

❖ ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા શિક્ષણ સંદર્ભે અભિપ્રાયાવલિના આધારે પ્રાપ્ત વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો આ મુજબ હતા.

- નિદાન કસોટી નો પ્રથમ અનુભવ હતો.
- નિદાન કાર્યો દ્વારા ગુજરાતી વિષયમાં જોડણીમાં થતી ભૂલો અમે જાણી શક્યા.
- ઉપચાર કાર્ય દ્વારા આપેલું શિક્ષણ ખૂબજ રસપ્રદ લાગ્યું.
- નિદાન અને ઉપચાર કાર્યથી શીખવાય શિક્ષણ લાંબા સમય સુધી યાદ રહેશે.
- નિદાન ઉપચાર કાર્ય અન્ય વિષયોમાં કરવામાં આવે તો તમને ભાગ લેવા નું ગમશે.
- નિદાન અને ઉપચાર કાર્ય ઘણીજ કંટાળાજનક હતી.
- નિદાન ઉપચાર કાર્ય દ્વારા સમય નો ખૂબજ વ્યય થાય છે.
- ઉપચારાત્મક કાર્યથી સર્જનશક્તિ વિકસાવવાની તક મળી શકે છે.
- આચાર્યએ પોતાની શાળામાં આ પ્રકારના નિદાન ઉપચારના કાર્યક્રમ માટે શિક્ષકોને પ્રોત્સાહન આપવું જોઈએ.

- શિક્ષકે પોતાના અનુભવનો ઉપયોગ કરીને જુદા જુદા વિષયો માં નિદાન ઉપચાર કાર્ય અપનાવવો જોઈએ.
- નિદાન અને ઉપચાર કાર્ય દરેક વિષય માટે સરળ છે.
- ગુજરાતી વિષય માં નિદાન ઉપચાર કાર્ય વિષયવસ્તુની સમજણ માટે વધુ અનુકૂળ છે.
- ઉપચારાત્મક કાર્ય ક્રમ દ્વારા જોડણીના નિયમોની સાચી માહિતી મેળવી શકાય.
- વિવિધ ચાર્ટસ દ્વારા જોડણી માં માહિતી જાણવાનું ખૂબજ ગમ્યું.
- ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અમારી જિજ્ઞાસા વૃત્તિ સતેજ બની શકે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના આધારે સંશોધકે કેટલાક ફલિતાર્થો રજૂ કર્યા છે.

(૧) જોડણી એકમના નિયમોની સ્પષ્ટ સમાજ વિકસાવવા માટે પયાનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવું જોઈએ.

(૨) પ્રત્યેક શાળા માં શક્ય તેટલા વિષયોમાં નિદાન અને ઉપચાર કાર્યક્રમ યોજવા માટે આચાર્ય કે નિરીક્ષકે પ્રોત્સાહન આપવું જોઈએ.

(૩) શાળામાં લેવાતી સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો ને આધારે નબળા વિદ્યાર્થીઓને માટે નિદાન ઉપચારકાર્યક્રમ યોજવો જોઈએ.

(૪) શાળામાં જે શિક્ષકો આ પ્રકારના નિદાન ઉપચાર કાર્યક્રમ રચે અને વિદ્યાર્થીઓ પર અજમાઈશ કરે તેવા શિક્ષકોનું શાળાના નિરીક્ષકે આચાર્ય અભિવાદન કરવું જોઈએ જેથી અન્ય શિક્ષકો નેપણ આપ્રકારના કાર્યક્રમ કરવાની પ્રેરણા મળી.

(૫) શાળામાં પ્રથમ સત્રની શરૂઆતમાં જ્યારે વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થાય ત્યારે તેમને ગુજરાતી વ્યાકરણની પાયાની સંકલ્પનાઓ વિશેની સમજ આપવી જોઈએ.

(૬) વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણમાં દરરોજ ગૃહકાર્ય આપવું જોઈએ.

(૭) સતત મૂલ્યાંકન અને દરેક વિષયમાં અંત્યંત ઉપયોગી શસ્ત્ર છે આથી ગુજરાતી ભાષાના શિક્ષકે આ શસ્ત્રનો ઉપયોગ કરવો જોઈએ તેનાથી વિદ્યાર્થીઓને ઘણો લાભ થઈ શકે.

ભાવિ સંશોધન અંગેના નિર્દેશો

સંશોધન એ સતત ચાલતી પ્રક્રિયા છે. એ ક્ષેત્રે થયેલું સંશોધન અન્ય ક્ષેત્રોમાં સંશોધન માટેના દ્વાર ખોલી આપે છે. વળી પ્રત્યેક સંશોધન બધી રીતે સંપૂર્ણ હોતું નથી. નાના પાયા પર ના સંશોધનોમાં કેટલીક મર્યાદાઓ રહે છે. જેને પૂર્ણ કરવા નો પ્રયત્ન ભાવિ માર્ગ ચીંધે છે. તેથી સંશોધક ભાવિ સંશોધનો અંગે કેટલીક ભલામણો કરે છે.

(૧) ગુજરાતી વ્યાકરણના અન્ય એકમોમાં પણ નિદાન ઉપચારનો પ્રયોગ હાથ ધરી શકાય.

(૨) માધ્યમિક કક્ષા સિવાય પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ પણ આ પ્રકાર ના સંશોધનો હાથ ધરી શકાય .

(૩) જોડણી શિક્ષણ માટે બહમાધ્યમ સંપુટને લઈને સંશોધન હાથ ધરી શકાય.

(૪) ગ્રામ્ય અને શહેરી વિસ્તાર ના વિદ્યાર્થીઓની તુલના કરી શકાય .

(૫) નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ લઈ ને બંને વચ્ચે તુલના કરી શકાય.

(૬) પ્રસ્તુત સંશોધન જે પ્રમાણે ગુજરાતી વિષયમાં જોડણી માટે કરવા માં આવ્યું હતું તેજ પ્રમાણે અન્ય ભાષા કે વિષયોમાં પણ કરીશકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણ માં સંશોધકે સંશોધન સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધનો અંગેની ભલામણ ની વિસ્તૃત ચર્ચા કરી હતી.

શિક્ષણએ લોકજાગૃતિનું અસરકારક માધ્યમ છે. લોકજાગૃતિ લાવવા માટે ભાષા મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓ ઘણી કચાશ ધરાવે છે. ગુજરાતી ભાષાના વ્યાકરણ માં જોડણી ના નિયમો નું જ્ઞાન ગ્રહણ કરવા માં આજનો વિદ્યાર્થી ઘણો પાછળ છે. જોડણી લખવામાં ઘણી બેદરકારી દાખવે છે. જેથી ઘણી વખત અર્થ નો અનર્થ થઈ જવા પામે છે. પ્રસ્તુત સંશોધન આ બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધકે હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધન શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ તમામ વિદ્યાર્થીઓને અને ખાસ કરીને શિક્ષકોને માર્ગદર્શન આપશે એવું સંશોધક માને છે. આ પ્રકારનું સંશોધન હાથ ધરવાથી સંશોધકને એક મૂલ્યવાન શિક્ષણઅનુભવ પ્રાપ્ત થયો છે. એ હકીકતથી સંશોધક

ગર્વની લાગણી અનુભવે છે. અંતે સંશોધકને એવી શ્રદ્ધા છે કે પ્રસ્તુત ભાવિસંશોધનો રહાચિદનારો રાજમાર્ગ બની રહેશે.

# સોનગઢ તાલુકાના ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીઓને અનુભવાતી સમસ્યાઓ

ગામીત વિનેશભાઈ ટી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

(૧) સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થઓને અધ્યાપન દરમિયાન અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૨) સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૩) સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૪) સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બન્યા હતા. જેમાં ઉચ્ચતર માધ્યમિક શાળા ૧૩ શાળાઓનો સમાવેશ થયો હતો. આ ૧૩ શાળાઓના ધોરણ ૧૧ (અર્થશાસ્ત્ર) વિષય ધરાવતા વિદ્યાર્થીઓને નમૂનાના પાત્રો તરીકે પસંદગી કરી હતી.

પરંતુ કૉરોનાની પરિસ્થિતિમાં સંશોધકે સોનગઢ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હાથવેગ નમૂના પ્રયુક્તિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૪ શાળાઓની પસંદગી કરી ધોરણ ૧૧ના પ્રત્યેક શાળા દીઠ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી. જેમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓના નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પણ એક શાળામાંથી ૪ વિદ્યાર્થીઓની માહિતી મળી ન હતી. જેથી ૩૬ વિદ્યાર્થીઓના નમુનો બને છે.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ કરવા માટે સમસ્યા ઓળખસૂચિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિનાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સમસ્યા ઓળખસૂચિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા ભરાવવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઓળખસૂચિ પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ માટે ટકાવારી, સરેરાશ ભારાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૂરણી આવૃત્તિ વિશ્લેષણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સંશોધનનાં તારણો**

❖ સમસ્યા ઓળખસૂચિ પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

➢ અધ્યાપન દરમિયાન અનુભવાતી સમસ્યાઓ અંગેનાં તારણો

- અર્થશાસ્ત્ર વિષય શિક્ષક વિવિધ અધ્યાપન પદ્ધતિઓ દ્વારા ભણાવતા નથી.
- અર્થશાસ્ત્ર વિષય નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને વધુ સારી રીતે વિષયના મુદ્દાઓને સમજ આપતા નથી.
- અર્થશાસ્ત્ર વિષયમાં આવતા પ્રશ્નોને વધુ સરળ રીતે સમજ આપી શકતા નથી.
- વિષયવસ્તુમાં ગૃહકાર્ય વધારે આપે છે.
- અર્થશાસ્ત્ર વિષય સંબંધિત સાહિત્ય વિદ્યાર્થીઓને લાઇબ્રેરીમાંથી મળતું નથી.

- ➢ સહ અભ્યાસિક પ્રવૃતિઓની સમસ્યાઓ અંગેના તારણો
- અર્થશાસ્ત્ર વિષયવસ્તુના મુદ્દાઓ અંગે વર્ગખંડમાં જૂથચર્ચાનું આયોજન કરવામાં આવતું નથી.
- અર્થશાસ્ત્ર વિષયમાં આલેખની સમજૂતી સરળ રીતે આપવામાં આવતી નથી.
- શાળામાં અર્થશાસ્ત્ર વિષયનો સેમિનાર રાખવામાં આવતો નથી.
- શાળામાં અર્થશાસ્ત્રીઓની જન્મદિનની ઉજવણી કરવામાં આવતી નથી.
- અર્થશાસ્ત્ર વિષય મુદ્દાઓના આધારે પ્રવાસનું આયોજન થતું નથી.
- ➢ આર્થિક સમસ્યાઓ અંગેના તારણો
- શાળામાં પરીક્ષા ફી અલગથી લેવામાં આવે છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરતી વખતે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાણી કરવામાં આવે છે.
- વાર્ષિક કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવે છે.
- ➢ ભૌતિક સમસ્યાઓ અંગેના તારણો
- અર્થશાસ્ત્ર વિષય સંબંધિત માહિતી બુલેટીન બોર્ડ પર મૂકવામાં આવતી નથી.
- વર્તમાન પત્રમાં અર્થશાસ્ત્ર વિષયવસ્તુ મુદ્દાઓનું કટીંગ કરીને અભ્યાસના ભાગરૂપે સમજાવવામાં આવતું નથી.
- અર્થશાસ્ત્ર વિષય શિક્ષક જૂની ચલણી નોટો અથવા જુના સિક્કાઓ સંગ્રહ બતાવતા નથી.
- અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસ માટે શાળામાં શૈક્ષણિક સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.
- ➢ મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો
- વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયમાં માંગનું વિસ્તરણ અને સંકોચનની આકૃતિ સમજવામાં સમસ્યા થાય છે.
- વિદ્યાર્થીઓને ખો-ખો અને કબડ્ડીની રમતમાં સમસ્યા થાય છે.
- વિદ્યાર્થીઓને જૂથચર્ચાનું આયોજન કરતી વખતે સમસ્યા થાય છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં તારણીના આધારે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષય પ્રત્યે રસ વધે એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.

(૧) વિદ્યાર્થીઓ સ્વ અધ્યાય કરતા થાય એ હેતુથી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૨) અર્થશાસ્ત્ર શિક્ષણ માટે ફક્ત પાઠ્યપુસ્તકનો જ ઉપયોગ ન કરતા અર્થશાસ્ત્ર સંબંધિત અન્ય સાહિત્ય નો ઉપયોગ કરવો જોઈએ.

(૩) શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચાનું આયોજન કરાવવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

(૧) તાપી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૨) વ્યારા અને સોનગઢ તાલુકામાં અર્થશાસ્ત્ર વિષય ધરાવતા વિદ્યાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ

(૩) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન શિક્ષણ મહાવિદ્યાલયોમાં અર્થશાસ્ત્ર વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ, સંશોધનના તારણો શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધન ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો

## A Study of Effectiveness Of Communicative Language Teaching at Secondary Level

Jadav Krutikaben K.

**Objectives of the Study**

(1) To know the Effects of CLT on communication competence.

(2) To know the acquisition of language skills i.e. LSRW through CLT.

(3) To know the Teaching Learning experiences of activities through CLT.

(4) To know the evaluation of learners in CLT based classrooms.

(5) To identify difficulties in implementation of CLT approach.

(6) To know the perception of CLT among Teachers.

Significance of the Study

The present study throws a considerable degree of light in regard to the effectiveness of CLT at SSC level. The study will be helpful to the English teachers in overcoming the hindrance coming in the adoption of CLT approach in the classroom.

The findings of the study will also help the related policy makers, stakeholders,and schools about this approach to optimises its practices in the best ways and its application in the field of education.

**Scope of the Study**

The present study will be delimited to the English teachers and students of the secondary section. It includes all english medium schools GSEB, CBSE, ICSE and government, granted and non granted schools of Ankleshwar area.

The research delimits in terms of time and place.

Population and Sampling

In this study the whole population was represented as the sample.

**Findings of the study**

- Findings on the basis of closed questionnaire Findings on the effects of CLT on communication competence

- According to the findings teachers engage students in communicative activities as required in the textbook.
- Teachers encourage students to learn by themselves through struggling and trial-error attempts to communicate in English.
- Teachers prepare learners to use the language to learn the language and create an atmosphere for learners to use and practice English with peers.
- Most teachers believed that the CLT approach focuses mainly on fluency rather than accuracy.
- To Know the acquisition of language skills i.e. LSRW through CLT
- According to the findings the teachers make students listen to recorded materials (E-

class) and make them do a given task and learn correct pronunciation, to report orally the main ideas of listening texts.

- Teachers give practice of reading comprehension, read silently, do exercise first individually, further discussion,writing letters, applications, and compositions.
- Teachers model oral reading and explain the idea so that learners do the exercise without difficulty.
- A few teachers did not make the students read silently, to do exercise first individually and then discussing it in the class.
- To know the Teaching Learning experiences of activities through CLT
- According to the findings, teachers do relate to previous knowledge to lead the learners, give a brief introduction of the poet/author, his works and critical appreciation of the poem.
- Teachers present grammar items vocabulary in context to encourage students to draw rules by themselves.
- Teachers provide activities such as debate, discussion, roleplaying for facilitating learning to their students.
- To know the evaluation of learners in CLT based classrooms
- According to the findings, all teachers correct students' pronunciation or grammatical errors in class, evaluate their students through project assignments and creative activities.
- Almost all English teachers test learners on performances such as elocution/debate competition, dialogue writing, role playing.
- Teachers also give home assignments to students, and check it regularly, taking remedial measures for error correction.
- A few teachers denied that the exercises given in the textbook help in conducting formative assessment.
- To identify difficulties in implementation of CLT approach.
- According to the findings,a huge number of teachers mentioned that it takes a lot of time on role play/group and

pair work etc. And there is a lack of training in CLT among the English teachers.

- As per findings, half of the teachers responded that there is a lack of effective and efficient assessment instruments of communicative competence.
- Nearly half of the teachers stated that the students resist class activities.
- A few teachers also believed that there is a lack of support from administration and the available material does not facilitate CLT implementation.

➢ Findings related to Open Questionnaire for Teachers

- To know the perception of CLT among Teachers
- According to the findings, More teachers stated that speaking skill is given major attention as it enables students to communicate in the target language, some of them mentioned listening skill, writing skill, reading skill and grammar accuracy respectively. Whereas, a few teachers admitted that all language skills got equal attention in CLT.
- According to many many teachers writing skill was most neglected than speaking, reading, listening, vocabulary and accuracy respectively. Whereas a few teachers perceived that no language skills are neglected.
- According to the teachers, the learners made most errors in grammar use, specially in tenses, article, preposition, followed by Vocabulary and pronunciation, speaking, reading,
- lack of confidence and writing made mistakes in spellings.
- Most of the teachers uses communicative approach which has various components like communication, discussion, A-v aids, and storytelling. Moreover Bilingual method and Direct method as it stresses on the understanding in the same language, followed by structure method, grammar translation method and traditional method respectively. Many teachers multiple methods as per need of students and demand of management.

- Teachers mentioned that the role of an English teacher in CLT classroom was as a facilitator, mentor, guide who involves students in activities and establishes situations to promote communication and to develop fluency and vivid imagination.
- All the teachers believed that CLT is an effective approach as it boost confidence, remove fear in speaking, make learning efficient and in innovative manner, activity based to correct errors, learn through A-V aids rather than only books, it enhances skills, makes class interactive and improves communicative skills. It is helpful but not in all aspects.

Educational Implications

Equal emphasis shall be given to both fluency and accuracy.

Teachers should make efforts to allow students to learn individ and to take part in class discussion.

Teachers should present the grammar in context and studer encouraged to draw rules by themselves.

Teachers can also take help of textbooks to conduct formative assessment.

Teachers should develop assessment, equipment, reform in current examinations, improve the language system and system.

To promote CLT sufficient TLM shall be provided.

Teachers should encourage learners to develop their willingness to participate in communicative class activities.

Adequate preservice and inservice training, workshops shall be organised at regular intervals of the time for the teachers for the effective implementation of CLT.

School Administration should be supportive in the implementation of CLT.

Instructional hours per week should be increased to manage activities like role play group and pair work.

Recommendations

The present study is conducted in English Medium schools in EFL context,the same can be conducted in Gujarati Medium schools in ESL context.

Present study conducted at secondary level, it can also be conducted at primary level or Higher secondary level and university level.

Study can also be carried out on other related research questions.

Present and conducted in Ankleshwar urban area, it can also be conducted

in rural area.

Conclusion

In the present chapter the researcher had discussed the findings at the end of the careful investigation, discussed its educational implications and made recommendations for further studies. Researcher hope that this study will show a new direction to the CLT in ELT.

## કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો

કાકલોત્તર ખુશ્બ વી.

**સંશોધનના હેતુઓ**

(૧) કન્યા કેળવણીને અસર કરતાં સામાજિક પરિબળો અંગે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો જાણવા.

(૨) કન્યા કેળવણીને અસર કરતા આર્થિક પરિબળો અંગે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રર્તિમાનો જાણવા.

(૩) કન્યા કેળવણીને અસર કરતાં શૈક્ષણિક પરિબળો અંગે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો જાણવા.

(૪) કન્યા કેળવણીને અસર કરતા સાંસ્કૃતિક પરિબળો અંગે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવ જાણવા.

(૫) કન્યા કેળવણીને અસર કરતા મનોવૈજ્ઞાનિક પરિબળો અંગે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓને પ્રતિભાવો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધક દ્વારા સંશોધનના હેતુઓને આધારે નીચે મુજબ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

(૧) કન્યા કેળવણીને અસર કરતા સામાજિક પરિબળોના સંદર્ભમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો કયા કયા છે?

(૨) કન્યા કેળવણીને અસર કરતા આર્થિક પરિબળોના સંદર્ભમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો કયા કયા છે?

(૩) કન્યા કેળવણીને અસર કરતા શૈક્ષણિક પરિબળોના સંદર્ભમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો કયા કયા છે?

(૪) કન્યા કેળવણીને અસર કરતા સાંસ્કૃતિક પરિબળોના સંદર્ભમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો કયા કયા છે?

(૫) કન્યા કેળવણીને અસર કરતા મનોવૈજ્ઞાનિક પરિબળોના સંદર્ભમાં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો કયા કયા છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધન યોજના તરીકે વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિ અંતગત શૈક્ષણિક સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ**

સંશોધકના સંશોધનનો વિષય કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવોનો અભ્યાસ હોવાથી પ્રસ્તુત સંશોધન સુરત શહેરમાં વસવાટ કરતા વાટલિયા પ્રજાપતિ સમાજ વ્યાપવિશ્વ તરીકે પસંદ થયો હતો.

**નમૂનો**

પ્રસ્તુત સંશોધન અર્થે વ્યાપવિશ્વના બધા જ પાત્રો પર અભ્યાસ કરવો અભ્યાસક માટે કેટલીક વાર શક્ય બનતું નથી. સમય, શક્તિ અને નાણાંની મર્યાદા સ્વીકારીને ઉપરાંત કોવીડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સમગ્ર વ્યાપવિશ્વના પ્રતિનિધિત્વરૂપ પાત્રોને નમૂના તરીકે પસંદ કર્યા હતા. આ નમૂના પાત્ર ૧૦૦ હતા. કોવીડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સ્નો-બૉલની પદ્ધતિ દ્વારા ૪૦ વાલીઓ પસંદ કર્યા હતા જે સંશોધનનો નમૂનો બન્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે હેતુઓના સ્વરૂપ આધારિત અને માહિતીની જરૂરિયાતને લક્ષમાં

રાખીને ઉપકરણની રચના કરી હતી. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય આશય કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓ કેવા પ્રતિભાવો ધરાવે છે એ જાણવાનો હોવાથી નીચે મુજબના ઉપકરણની રચના કરવામાં આવી હતી.

(૧) અભિપ્રાયાવલિ ૧ (વાલીઓના સામાજિક પરિબળો અંગેના પ્રતિભાવો જાણવા).

(૨) અભિપ્રાયાવલિ ૨ (વાલીઓના આર્થીક પરિબળો અંગેના પ્રતિભાવો જાણવા).

(૩) અભિપ્રાયાવધિ ૩ (વાલીઓના શૌણિક પરિબળો અંગેના પ્રતિભાવો જાણવા )

(૪) અભિપ્રાયાવલિ ૪ (વાલીઓના સાંસ્કૃતિક પરિબળો અંગેના પ્રતિભાવો જાણવા)

(૫) અભિપ્રાયાવલિ ૫ (વાલીઓના મનોવૈજ્ઞાનિક પરિબળો અંગેના પ્રતિભાવો જાણવા)

**માહિતી એકત્રીકરણની રીત**

માહિતી એકત્રીકરણ કાળજીપૂર્વક થાય એ અત્યંત આવશ્યક બની રહે છે. કીવીડ-૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વાલીઓની રૂબરૂ મુલાકાત લઇ કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના પ્રતિભાવો જાણવા અંગેની બાબત શક્ય ન હોતી, આથી સંશોધકે નમૂનામાં પસંદિત ૪૦ વાલીઓને વૉટ્સએપ નંબર પર ગુગલફોર્મ મોકલી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો પરંતુ ગુગલફોર્મ દ્વારા મોકલેલ માહિનીના પ્રતિમાનો ન આવવાથી સંશોધકે પ્રત્યેક વાલીને ફોન કરી વાલીઓની સમય અનુકૂળતાએ રૂબરૂ મુલાકાત લઇ કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓ કેવા પ્રતિભાવ ધરાવે છે એ સંદર્ભે રચેલ ઉપકરણના મદદથી માહિતી એકત્રીકરણનું કાર્ય પૂર્ણ કર્યું હતું.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં વાલીઓ પાસેથી સ્વરચિત અભિપ્રાયાવલિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તથા ઉપકરણમાં સમાવિષ્ટ પ્રત્યેક વિધાનના અનુસંધાને ટકાવારી તથા કાઈવર્ગનાં આધારે સરેરાશ ભારાંક અને અગ્રતાક્રમ સંદર્ભે માહિતીનું અંકશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને તેને આધારે પરિણામોનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના મુખ્ય તારણો**

પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ય પરિણામોને આધારે અગત્યનાં તારણો નીચે મુજબ મળ્યા હતા.

➢ પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના સામાજિક પરિબળો અંગેના તારણો નીચે મુજબ છે.

- વધુ પડતા સામાજિક બંધનોને લીધે મને વાલી તરીકે દીકરીને ભણાવવું અનિવાર્ય જણાતું નથી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- સમાજ કન્યા કેળવણી પ્રત્યે ઉદાસીનતા સેવે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- શિક્ષણ દીકરીને ગેરમાર્ગે દોરી જશે તેવી ચિંતાને કારણે દીકરીને ભણાવવું યોગ્ય જણાતું નથી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- દીકરી તો પારકી થાપણ કહેવાય એને ઓછું ભણાવીએ તો ચાલે એવા પરંપરાગત જ્ઞાતિના વલણને લીધે દીકરી નો અભ્યાસ છોડાવી દીધો હતો એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- વધારે ભણેલી દીકરીને સમાજમાં માનથી જોવામાં આવે છે માટે કન્યા કેળવણીને પ્રાધાન્ય આપું છું એવો ભાર પૂર્વકનો રીપ્લાય ધરાવતા હતા.
- સમાજના કુરિવાજો દૂર કરવા માટે કન્યા કેળવણી જરૂરી છે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શિશ્રિત કન્યાઓ રીતરિવાજો, પરંપરાઓનો વિરોધ કરતી હોવાથી તેમના શિક્ષણને પ્રાધાન્ય આપતા નથી એવો મધ્યમ અભિપ્રાય જણાયો હતો.
- ભણેલી દીકરીઓ ઘરનું કામ સારી રીતે પાર પાડી શકે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.

- છોકરીઓની સલામતી સંદર્ભે સ્ત્રી શિક્ષકો હોવા જોઈએ એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- દીકરીઓનું ઉચ્ચ શિક્ષણ લગ્ન માટે બાધારૂપ છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.

➢ પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના આર્થિક પરિબળો અંગેના ચરણો નીચે મુજબ છે.

- ઘરની નબળી આર્થિક સ્થિતિને લીધે દીકરીને ભણાવવી ચિંતાનો વિષય છે. એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- કન્યાઓને અભ્યાસ કરાવવા માટે અન્ય સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ કે સંસ્થા દ્વારા આર્થિક સહાય મળતી ન હતી એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- ઘરની સ્થિતિ નબળી હોવાથી એક વાલી તરીકે દીકરીને અભ્યાસમાં મદદ ન કરી શક્યા તેવું સતત અનુભવું છું .એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- દીકરીના શિક્ષણ સંદર્ભે જરૂરી સવલતો જેવી કે યુનિફોર્મ, સ્ટેશનરી વગેરેના અભાવને કારણે તેને શિક્ષણ આપવામાં નિષ્ફળ બન્યા છીએ તેવું અનુભવાય છે
- ઘરમાં સભ્યોની સંખ્યા વધુ હોવાથી શિક્ષણની જરૂરિયાત બધા જ બાળકોની પૂરી થતી ન હતી તેથી દીકરીને અભ્યાસ કરાવી શક્યા નહીં એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- મોંઘવારીના સમયમાં છોકરાઓને કમાવાની જરૂર છે તેવી જ રીતે છોકરીઓને પણ કમાવાની જરૂર છે આથી કન્યા કેળવણી અનિવાર્ય છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- જો છોકરીઓને શિક્ષણ આપવામાં આવે તો ભણેલા છોકરાઓની બેકારીમાં વધારો થશે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- ભણેલા છોકરાઓ જેટલું કામ કરી શકે એટલું જ ભણેલી છોકરીઓ પણ કરી શકે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- આધુનિક યુગમાં શિક્ષણ આપવું જરૂરી છે કારણ કે કૌટુંબિક આવક માટે પૂરક બને છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- નાણાંકીય બાબતને ધ્યાનમાં રાખી એક વાલી તરીકે દીકરીને પોતાની મનપસંદ વિદ્યાશાખા છોડવી પડી હતી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.

➢ પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના શૈક્ષણિક પરિબળો અંગેના તારણો નીચે મુજબ છે.

- સ્ત્રી માનવશક્તિ છે અને તેનો વિકાસ શિક્ષણ દ્વારા થવો જોઈએ માટે કન્યા કેળવણી અનિવાર્ય છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શિક્ષણની મદદથી દીકરીઓની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે એવા અભિપ્રાય સાથે બધા જ વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- છોકરીઓને શાળાએ મોકલવા કરતા ગૃહ ઉદ્યોગ કરાવવો યોગ્ય છે એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમત ધરાવતા હતા.
- દીકરીઓને જો શિક્ષણ માટે યોગ્ય શૈક્ષણિક સગવડો પૂરી પાડવામાં આવે તો અભ્યાસમાં સારી પ્રગતિ કરી શકે એવા અભિપ્રાય સાથે બધા જ વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શાળાકીય શિક્ષણ ઉપરાંત ટ્યુશન અપાવવું જરૂરી બને છે એવા અભિપ્રાય સાથે

મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.

- છોકરીઓને શિક્ષણ આપવાથી તે એક સાથે બે ઘરને સંભાળી શકે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતાહતા.
- સમાન તક મેળવવા માટે છોકરીઓને શિક્ષણ આપવાનું જરૂરી સમજું છું એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શહેરની છોકરીઓ શાળાએ જાય એ બરાબર છે પણ ગામડાની છોકરીઓ શિક્ષણ મેળવે એનો કોઈ અર્થ નથી એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- વાલી તરીકે મારું એવું માનવું છે કે અમે ઓછું ભણેલા હોવાથી દીકરીને ભણવામાં મદદરૂપ થઈ શકય નથી એના અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- વધારે ભણાવવાથી દીકરી માતા-પિતાની વાતનું માન રાખની નથી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.

➢ પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના સાંસ્કૃતિક પરિબળો અંગેના તારણો નીચે મુજબ છે.

- સંસ્કૃતિ સંવર્ધન માટે કન્યાઓના શિક્ષણને અનિવાર્ય સમજું છું એવા અભિપ્રાય સાથે મોટા ભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- એક માતા સો શિક્ષકની બરાબર છે તેવું હું સમજુ છું માટે કન્યા શિક્ષણની હિમાયત કરે છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- કન્યાઓને ભણાવનાર માતા-પિતાની ટીકા થવી જોઈએ નહીં એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શિક્ષણ આપવાથી કન્યાઓ આધુનિક સંસ્કૃતિ તરફ જઈ રહી છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા
- કન્યાઓને શિક્ષણ આપવાથી તેઓ સમાજમાં ચાલતા કુરિવાજો દૂર કરી શકે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- પ્રાથમિક કક્ષાએથી જ છોકરીઓ માટે અલગ શાળા હોવી જોઈએ એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતી ધરાવતા હતા.
- ઉચ્ચ શિક્ષણમાં છોકરાઓ અને છોકરીઓ સાથે ભણે તેને હું યોગ્ય સમજતી કે સમજતો નથી એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- પુરુષ જેટલી જ યોગ્યતા હોવા છતાં સ્ત્રીઓને ઓછું સન્માન મળે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- જેટલું શિક્ષણ વધુ આપીએ તેટલું સમાજથી દૂર થવાનો ભય રહે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- કન્યાને શિક્ષણ આપવાથી તેનું વ્યવહારિક કામકાજમાં ધ્યાન ઓછું રહે છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.

➢ પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના મનોવૈજ્ઞાનિક પરિબળો અંગેના તારણો નીચે મુજબ છે.

- અમારી જ્ઞાતિમાં કન્યાને ભણાવવાની જરૂર નથી તેવી માનસિકતાને કારણે કન્યાને ભણવું જરૂરી લાગતું નથી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- કુટુંબમાં દીકરા કરતા દીકરીઓનું પ્રમાણ વધારે હોવાથી દીકરી પરત્વે પ્રેમ અને હુંફ યોગ્ય રીતે પૂરા પાડી શક્તા નથી તેને કારણે દીકરીને ભણતર માટે પ્રોત્સાહન અપાતું નથી. એવા અભિપ્રાય સાથે

મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.

- કન્યાઓના લાગણીશીલ સ્વભાવને કારણે શિક્ષકોનું કઠોર વર્તન તેમને શિક્ષણથી દૂર કરે છે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- તરુણાવસ્થાની શારીરિક સમસ્યાઓના સંદર્ભે કન્યાઓને શાળામાં જવું ગમતું નથી એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- ગણિત વિજ્ઞાન જેવા વિષય પ્રત્યેની નકારાત્મક અભિરુચિના કારણો શાળામાં અભ્યાસ કરવો ગમતો નથી એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- શિક્ષણને કારણે દીકરીની બૌદ્ધિક શક્તિનો નિકાસ થાય છે એવા અભિપ્રાય સાથે બધા જ વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શાળાની સહભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સંદર્ભે કુટુંબ દ્વારા હકારાત્મક અભિગમનો અભાવ છે તેને કારણે શિક્ષણત્તર પ્રવૃત્તિઓમાં કન્યાની નિષ્ક્રિયતા તેને કેળવણીથી દૂર કરે છે એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ સંમતિ ધરાવતા હતા.
- શિક્ષિત કન્યાને પોતાના વૈવાહિક જીવનમાં યોગ્ય પાત્ર ન મળી શકે તેવા ડરને કારણે કન્યા કેળવણી સંદર્ભે નિષ્ક્રિય વલણ રાખવું છું એવા અભિપ્રાય સાથે વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- શિક્ષણ પુરુષનો અધિકાર છે તેવી માનસિકતાને કારણે કન્યા કેળવણી સંદર્ભે વાલીનું વલણ હકારાત્મક જણાતું નથી. એવા અભિપ્રાય સાથે મોટાભાગના વાલીઓ અસંમતિ ધરાવતા હતા.
- દીકરીને શિક્ષિત કરવી એ હાલના સમયમાં પડકારરૂપ છે એવા અભિપ્રાય સાથે વાલીઓ સંમતિ ધરાવતા હતા.

**સંશોધનના શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના આધારે મેળવેલ તારણોને લક્ષમાં લઈ નીચે મુજબના સૂચિતાર્થો દર્શાવવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના સામાજિક પરિબળો અંગેના તારણો પરથી તારવેલ સૂચિતાર્થો.

(૧) સમાજના સુંદર અને સુવ્યવસ્થિત વિકાસ માટે કન્યા શિક્ષણ અતિ આવશ્યક છે. અને આ માટે સમાજે એને અનુરૂપ વાનાવરણ પેદા કરવું જોઈએ અને સમાજમાં કન્યા કેળવણી પ્રત્યેની ઉદાસીનતા દૂર કરવી જોઈએ.

(૨) છોકરીઓ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે તેમના લગ્ન પુખ્તઉંમર પછી જ થવા જોઈએ.

(૩) ખોટા રીતરિવાજો અને પરંપરાઓ સમાજમાંથી દૂર થાય એ જ આવશ્યક છે આથી વાલીએ કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવું જોઈએ.

(૪) દીકરી ભલે પારકી થાપણ હોય પરંતુ તેનો શિક્ષણ દ્વારા થયેલો દીકરીનો વિકાસ સમસ્ત સમાજને પ્રેરણા પૂરી પાડી શકે છે તેથી દીકરી પારકી થાપણ હોવા છતાં તેના શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ.

(૫) શિક્ષણથી ક્યારેય દીકરીઓ ગેરમાર્ગે દોરાતી નથી આ ખોટી માન્યતા છે. દીકરીઓ સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર તેને ક્યારેય ગેરમાર્ગે દોરતો નથી. આથી સમાજે કન્યા શિક્ષણ માટે હિમાયત કરવી જોઈએ.

પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના આર્થિક પરિબળો અંગેના તારણો પરથી તારવેલ સૂચિતાર્થો.

(૧) કન્યાઓને અભ્યાસ કરાવવા માટે અન્ય સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ કે સંસ્થા દ્વારા આર્થિક સહાય મળે તેવી વ્યવસ્થા સમાજે કરવી જોઈએ.

(૨) સરકાર કન્યા કેળવણી પ્રત્યે ઘણી યોજનાઓ અને સહાય પૂરી પાડે છે તેવી માહિતી વાલીઓ સુધી પહોંચે તે માટે સમાજે વાલી મીટીંગ જેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના શૈક્ષણિક પરિબળો અંગેના તારણો પરથી તારવેલ સૂચિતાર્થો

(૧) વાલી ભલે ઓછું ભણેલા હોય પરંતુ કન્યાને શાળાએ મોકલવાથી અને સમાજમાં કન્યા કેળવણી

પ્રત્યે જાગૃતતા લાવવા સમાજે વાલી મીટીંગનું આયોજન કરવું જોઈએ.

(૨) વધારે ભણવાથી દીકરી વાસ્તવિક પરિસ્થિતિને સમજી શકે છે અને મા પિતાની વાતનું માનપણ રાખે છે તેવી હકારાત્મકતા વાલીઓએ દાખવવી જોઈએ.

પ્રસ્તુત સંશોધનમાં કેન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના સાંસ્કૃતિક પરિબળો અંગેના તારણો પરથી તારવેલ સૂચિતાર્થો

(૧) કન્યાઓ આધુનિક સંસ્કૃતિ તરફ પ્રયાસ ન કરે અને કન્યાઓમાં સંસ્કૃતિનું સંવર્ધન થાય એ માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

(૨) ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓ અને છોકરાઓ સાથે ભણવા ન જોઈએ આવી વાલીઓની નકારાત્મક માનસિકતા દૂર કરવા સમાજે પ્રયાસ હાથ ધરવા જોઈએ.

(૩) કન્યાને શિક્ષણ માટે યોગ્ય સગવડ એ વ્યવસ્થા મળી રહે તો તેમનું વ્યવહારિક કામકાજ પણ સારી રીતે પાર પાડી શકાય એ માટે વાલીઓએ જાગૃત થવાની જરૂર છે.

પ્રસ્તુત સંશોધનમાં કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓના મનોવૈજ્ઞાનિક પરિબળો અંગેના તારણો પરથી તારવેલ સૂચિતાર્થો

(૧) વાલીઓએ દીકરા અને દીકરી વચ્ચે કોઈપણ પ્રશ્નરનો ભેદભાવ રાખવો જોઈએ નહીં.

(૨) કન્યાઓ શિક્ષિત બની કુટુંબ અને સમાજ માટે એક આદર્શરૂપ અને સ્વનિર્ભર બની શકે તે માટે વાલીઓએ કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવું જોઈએ.

(૩) ગણિત વિજ્ઞાન જેવા વિષયો પ્રત્યે કન્યાઓ હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવે તે માટે સમાજના વાલીઓએ જાગૃત થવું જોઈએ.

(૪) હાલનાં સમયમાં આવતા પડકારો સામે છોકરીઓ ભણવામાં રસ લેતી થાય અને સ્વતંત્ર નિર્ણય લેતી થાય એવા પ્રયત્ન કરવા જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

(૧) સામાજિક સંતુલન અને સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે આત્મનિર્ભરતા જરૂરી એક સર્વેક્ષણ

(૨) દીકરીને સેટલ કરવાનો મતલબ એના લગ્ન નથી, તેને પોતાના પગ પર ઊભી કરવાનો છે.

(૩) કન્યા કેળવણીના ક્ષેત્રમાં શિક્ષિત સ્ત્રીઓનો ફાળો એક સર્વેક્ષણ

(૪) કન્યાઓના શિક્ષણ માટે વિશિષ્ટ અભ્યાસક્રમની રચના એક સર્વેક્ષણ

(૫) ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી કન્યાઓ પોતાના સ્વવિકાસ માટે કયા ક્ષેત્રમાં જવા ઇચ્છે છે તે અંગે કન્યાઓના અભિપ્રાયોનું સર્વેક્ષણ

ઉપસંહાર

અહીં સંશોધકે "કન્યા કેળવણી સંદર્ભે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિનાં વાલીઓના પ્રતિભાવો" વિષયને ધ્યાનમાં રાખીને નાનકડું સંશોધન હાથ ધર્યું હતું. સંશોધક માટે આ અભ્યાસનો પ્રથમ પ્રયાસ છે. દરેક સંશોધનને પોતાની આગવી લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ હોય છે તેમ પ્રસ્તુત સંશોધનમાં પણ હશે. આ અભ્યાસના સમયગાળા દરમિયાન સંશોધન પ્રક્રિયા વિશે ઘણું નવું જાણવા તેમજ શીખવાનો અવસર પ્રાપ્ત થયો. અભ્યાસકના પ્રથમ પ્રયાસમાં શક્ય તેટલી બધી જ તકેદારીઓ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમજ મર્યાદિત અનુભવોને ધ્યાનમાં લેતા કેટલીક ક્ષતિઓ ઓ રહી જવાની શક્યતાઓ છે. જે અભ્યાસકના પ્રથમ પ્રયાસને ધ્યાનમાં લઇ ક્ષમ્ય ગણી શકાય.

## બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યયન સમસ્યાઓ

**કનોજીયા શોભના આર.**

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે હતા.

(૧) બારડોલી ત્તાનુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીના સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યયન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૨) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષકોના અધ્યાપન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૩) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં ઉપયોગી શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા અને ઉપયોગીતા સંબંધિત માહિતી મેળવવી.

(૪) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિ રાબંધિત સમસ્યાનો અભ્યાસ કરવો.

(૫) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાનો અભ્યાસ કરવો.

(૬) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન નિયમાં નાધ્યાય કાર્ય સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૭) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધકે પોતાના મિશન અને ધ્યાનમાં રાખીને નીચે દર્શાવેલ પ્રશ્નોના ઉત્તરો મેળવવાના પ્રયત્ન કર્યો હતો.

(૧) બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યાપન સંબંધિત કઈ-કઇ સમસ્યાઓ અનુભવે છે.?

(૨) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષકોના અધ્યાપન સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ અનુભવે છે.?

(૩) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસમાં ઉપયોગી શૈક્ષણિક સાધનો ઉપલબ્ધતા અને અધ્યયન ઉપયોગિતા સંબંધિત કઈ-કઇ સમસ્યાઓ અનુભવે છે.?

(૪) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ છે.?

(૫) બારડોલી તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયના પાત્વપુસ્તક સંબંધિત કઈ કઈ સમસ્યાઓ છે ?

(૬) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં સ્વાધ્યાય કાર્ય સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ છે.?

(૭) બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં મૂલ્યાંકન સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ છે.?

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની અધ્યયન સમસ્યાનો અભ્યાસ કરવાનો હોવાથી સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યયન સમસ્યાઓ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન કુલ ૪૦ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને સામાજિક વિજ્ઞાન વિષયના વિષય શિક્ષકોએ વ્યાપવિશ્વ તરીકે હતા, તેમાંથી યાદેચ્છિક ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિ દ્વારા બારડોલી તાલુકાની ૨૦ શાળાઓના ધોરણ આઠના ધોરણદીઠ પંદર આમ, કુલ ૩૦૦ વિદ્યાર્થીઓ અને સામાજિક વિજ્ઞાન વિષયના દરેક શાળાદીઠ એક શિક્ષક આમ, કુલ ૨૦ શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

સંશોધન પરિણામો અર્થપૂર્ણ અને વિશ્વસનીય મળે તે માટે માહિતી એકત્રીકરણ માટે યોગ્ય ઉપકરણોનો ઉપયોગ અત્યંત જરૂરી છે. પરંતુ સંશોધનમાં વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અધ્યયન સંબંધી સમસ્યાઓ સંદર્ભે 'સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ' અને તેમજ

શિક્ષકો માટે 'મુક્તજવાબી પ્રશ્નાવલિનો' સંશોધન ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત

સંશોધનના હેતુઓને કેન્દ્રમાં રાખીને માહિતી એકત્રિત થાય તે અત્યંત આવશ્યક છે, જેથી સાચા પરિણામો પ્રાપ્ત થઈ શકે. સંશોધકે બારડોલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી માહિતી મેળવવાની હતી. આથી સંશોધકે સૌપ્રથમ શાળામાં રૂબરૂ મુલાકાત લઈ આચાર્યને સંશોધન કાર્યથી વાકેફ કર્યા અને ત્યારબાદ પ્રત્યક્ષ રીતે માહિતી મેળવી હતી. જેમાં વિદ્યાર્થીઓને સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ વહેંચવામાં આવી હતી જેમાં કુલ ૭ પેટા વિભાગોમાં માહિતી એકત્ર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સંશોધન બાબતે ટૂંકમાં માહિતી આપી વિદ્યાર્થીઓ પાસેથી વિધાન સ્વરૂપે માહિની એકત્ર કરવામાં આવી હતી જ્યારે શિક્ષકોને મુક્તજવાબી પ્રશ્નાવલિ આપી સંશોધન માટે જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

માહિતી એકત્રિત કર્યા બાદ સંશોધનના યોગ્ય તારણો મેળવવા માટે માહિતી પૃથક્કરણએ અતિ મહત્વનું પાસુ બની જાય છે. તેથી સંશોધકે ઉપકરણ તરીકે સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધક ટકાવારીને આધારે વિધાનોને અગ્રતાક્રમ આપ્યો હતો. તથા મુક્તજવાબી પ્રશ્નાવલિના આધારે વર્ણાત્મક સ્વરૂપે પ્રાપ્ત થરોલ માહિતીનું સંશોધકે પ્રતિયરોના પુનરાવર્તન ના આધારે આવૃત્તિ સ્વરૂપે ગુણાત્મક રીતે પૃથક્કરણ કર્યુ હતું.

**સંશોધનના તારણો**

❖ સમસ્યા ઓળખસૂચિ દ્વારા વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

➢ વિદ્યાર્થીઓની અધ્યયન સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો.

- સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતી ઈ.સ. યાદ રાખવુ મુશ્કેલ પડતું હોવાનું જણાયુ હતું.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં વિવિધ પ્રવૃત્તિઓ થતી ન હોવાથી નૌરસ લાગતું હતું.
- વિદ્યાર્થીઓ અલગ-અલગ પ્રકારના નકશા સમજવામાં મુશ્કેલી અનુભવતા હતા.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં પારિભાષિક શબ્દો સમજવામાં મુશ્કેલી પડતી હોવાનુ જણાયુ હતુ.
- વિદ્યાર્થીઓ નકશાપૂર્તિ કરવામાં મુશ્કેલી અનુભવતા હતા.

➢ શિક્ષકોના અધ્યાપન સબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

- સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષકો વિવિધ પ્રવૃત્તિ દ્વારા અધ્યાપન કરાવતા ન હતા.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષકો દ્વારા પ્રોજેક્ટ કાર્ય સોંપવામાં આવતું ન હતું.
- પાઠમાં આવતી પ્રવૃત્તિ શિક્ષક કરાવતા ન હતા.
- શિક્ષક નકશાને લગતી સ્પષ્ટ માહિતી આપતા ન હતા.
- સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યાપન માટે શિક્ષક શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતા ન હતા.

➢ શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધિ અને ઉપયોગીતાના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો.

- શાળામાં સ્માર્ટ બોર્ડની સુવિધા નથી.
- સામાજિક વિજ્ઞાન વિષયને અનુરૂપ પ્રોજેક્ટર પર કાર્યક્રમો દર્શાવવામાં આવતા નથી.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં ચાર્ટ, ચિત્રો દ્વારા અધ્યયન કરાવવામાં આવતું નથી.
- શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો અંગેની સમજણ આપવામાં આવતી નથી.

➢ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

- સામાજિક વિજ્ઞાન વિષયમાં સ્વાધ્યાયના અંતમાં આવેલ પ્રવૃત્તિ કરાવવામાં આવતી ન હતી.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે અલગ તાસ ફાળવવામાં આવનું ન હતુ.

- સામાજિક વિજ્ઞાન વિષયને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું ન હતુ.
- શાળામાં સમાચાર પત્રોનુ વાંચન થતુ નથી.

➢ સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં તારણો

- સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આધુનિક માહિતીનો અભાવ હોવાનું જણાયું હતું.
- સ્વાધ્યાય કાર્યમાં નવીનતા જોવા મળતી ન હોવાનુ જણાયું હતુ.
- સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં પાઠોની સંખ્યા વધુ જણાય હતી.

➢ સ્વાધ્યાય કાર્ય સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

- શિક્ષક સ્વાધ્યાય કાર્ય વધુ પ્રમાણમાં આપતા હોવાનું જણાયું હતું.
- નકશાપોથીનું સ્વાધ્યાય કાર્ય કરવાનું કઠીન જણાયું હતું.
- ગૃહકાર્ય પ્રવૃત્તિલક્ષી આપવામાં આવતું ન હતું.
- સ્વાધ્યાય કાર્ય કરવાનું ગમતું ન હોવાનું જણાયું હતું.
- ગૃહકાર્ય માટે શિક્ષક માર્ગદર્શન આપતા ન હતું.

➢ મૂલ્યાકન સંબંધિત સમસ્યાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

- પ્રશ્નપત્રમાં આપવામાં આવેલ નિબંધ પ્રકારના પ્રશ્નો લખવામાં મુશ્કેલી અનુભવાતી હોવાનું જણાયુ હતું.
- મુલ્યાંકન માટે પૂરતો સમય ફાળવવામાં આવતો ન હતો.
- વિવિધ પ્રવૃત્તિને આધારે મૂલ્યાંકન કરવામાં આવતું ન હતું.
- શિક્ષક હોશીયાર વિદ્યાર્થી ને જ પ્રશ્ન પૂછતા હતા.

➢ મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા મળેલ શિક્ષકોના પ્રતિચારોના આધારે પ્રાપ્ત થયેલા તારણો

- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી વખતે નીચેના જેવી સમસ્યાઓ જણાઈ હતી.
- વિદ્યાર્થીઓને ઈ.સ. અંગેની માહિતી યાદ રાખવામાં મુશ્કેલી પડે છે.
- નાગરિકશાસ્ત્રના લાંબા પ્રશ્નો યાદ રાખવામાં મુશ્કેલી પડે છે.
- વિદ્યાર્થીઓ નકશાપૂર્તિ કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- જૂની પરંપરાગત રીતથી અધ્યયન કરાવવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓને કંટાળો આવે છે.

➢ સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓને અનુભવાતી સમસ્યાઓનું નિવારણ સંદર્ભે શિક્ષકો દ્વારા સૂચિત પ્રતિચરોનાં આધારે પ્રાપ્ત થયેલા તારણો.

- વિવિધ સ્થળોના મુલાકાત દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ આપી શકાય.
- શિક્ષક દ્વારા ચૌક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને અધ્યાપનકાર્ય કરાવવામાં આવે.
- વિવિધ પદ્ધતિ અને પ્રવૃત્તિ દ્વારા અધ્યાપન કરાવવા આવે.
- નાટ્યકરણ, મોક ધારાસભા વગેરે આયોજન દ્વારા સરળતાથી સંકલ્પના સમજાવી શકાય.
- વિદ્યાર્થીઓ પાસે ભૂમિ નકશા દોરવી નકશા વિશે સમજાવી શકાય.

➢ સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતી અધ્યાપન પદ્ધતિઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો.

- જૂથચર્ચા પદ્ધતિ
- અવલોકન પ્રતિ
- ક્ષેત્રિય મુલાકાત પતિ
- નાટ્યકરણ પદ્ધતિ
- પ્રોજેક્ટ પદ્ધતિ
- કથન ચર્ચા પદ્ધતિ

- ➢ સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન યોજાતી સમભ્યાસિક પ્રવૃતિઓ સંદર્ભે થયેલા તારણો
- શાળા સ્વચ્છતા
- ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી
- નકશાપૂર્તિઓના અધ્યાપન દ્વારા અધ્યાપન કાર્ય.
- નાટ્ય પ્રવૃત્તિ, ડિબેટ દ્વારા અધ્યાપન કાર્ય
- પ્રવાસ-પર્યટનનું આયોજન
- વિવિધ સ્પર્ધા સ્પર્ધાઓનું આયોજન
- ➢ પરિણામ સારું લાવવા અંગે શિક્ષકો દ્વારા રચિત પ્રતિચારોનાં આધારે પ્રાપ્ત થયેલા તારણો
- આધુનિક પદ્ધતિ દ્વારા અધ્યાપન
- સંદર્ભ સાહિત્યનો ઉપયોગ
- પ્રત્યક્ષ મુલાકાત દ્વારા અધ્યાપન કરવવામ આવે
- ઈન્ટરનેટ પર વધારાની માહિતી મેળવી.
- વિવિધ પદ્ધતિ અને પ્રવૃત્તિ દ્વારા અધ્યાપન કરાવીને
- ટેકનોલોજીના માધ્યમથી અધ્યાપન
- એકમ કસોટી કરાવી
- પુનરાવર્તન દ્વારા વિષયવસ્તુની સમજૂતી આપવી
- નિયમિત સાથે સ્વાધ્યાય કાર્ય કરાવીને.
- પ્રશ્ન બેંકની નોટ તૈયાર કરવી કરાવવી.
- પ્રાર્થના સભામાં પ્રશ્નોત્તરી દ્વારા તૈયારી કરાવવી.

**શૈક્ષણિક સૂચિતાર્થ**

(૧) સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતી સાલવારી યાદ રાખવા માટે અલગ-અલગ ટેકનિકો વિકસાવી જોઈએ.

(૨) વિવિધ પદ્ધતિઓ દ્વારા અધ્યાપનકાર્ય કરાવવું જોઈએ.

(૩) શાળામા શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવા અને અને શિક્ષક અધ્યાપન માટે તેનો ઉપયોગ કરવા માટે તેમને પ્રોત્સાહન આપવું.

(૪) શાળામાં વ્યાખ્યાનનું આયોજન કરી શકાય.

(૫) શાળામાં સમાચાર પત્રો અને વિવિધ સામાયિકો ઉપલબ્ધ કરાવવી જોઈએ.

(૬) વિદ્યાર્થીઓની સ્તરને ધ્યાનમાં રાખીને અધ્યાપન કરાવવુ જોઈએ.

(૭) વિદ્યાર્થીઓ નકશા સંબંધિત જ્ઞાન પ્રાપ્ત કરે એ માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૮) વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે અને તેનુ મહત્વ સમજાવવામાં આવે.

(૯) ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરી શકાય.

(૧૦) શાળા દ્વારા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત યોજી શકાય.

(૧૧) જીવંત શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવો.

(૧૨) નાટ્યકરણ દ્વારા શિક્ષણ આપી શકાય.

(૧૩) સામાજિક વિજ્ઞાન વિષયમાં પાર્ટીની અંદર આવેલા પ્રવૃત્તિઓ શિક્ષકે કરાવવું.

(૧૪) સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કાર્ય સોંપાવું જોઈએ.

(૧૫) શાળામાં સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે.

(૧૬) સામાજિક વિજ્ઞાન વિષયમાં ઈતિહાસના મુદ્દા સમજાવવા માટે ફિલ્મ,વિડિયો બતાવી શકાય એવી સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

**ભાવિ સંશોધન માટેના નિર્દેશ**

પ્રસ્તુત સંશોધન સંશોધકના લઘુપ્રયાસરૂપે હોવાથી આ સંશોધન મર્યાદાથી પર નથી. પ્રસ્તુત સંશોધનની મર્યાદાને ધ્યાનમાં રાખીને સંશોધકે ભાવિ સંશોધન માટેના નિર્દેશ માટે નીચે પ્રમાણેના સૂચનો કર્યા છે.

(૧) પ્રસ્તુત સંશોધન માત્ર બારડોલી તાલુકાના ૨૦ શાળાઓ પૂરતું જ મર્યાદિત હતું. તાલુકાની અન્ય શાળા તથા અન્ય વિસ્તારોમાં પણ સંશોધન હાથ ધરી શકાય.

(૨) પ્રસ્તુત સંશોધન માત્ર સામાજિક વિજ્ઞાન વિષય પૂરતું મર્યાદિત હતું. બીજા વિષયો પર પણ આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

(૩) પ્રસ્તુત સંશોધન એ સરકારી શાળા પૂરતું જ મર્યાદિત હતું. પ્રાઈવેટ શાળાઓમા પણ સંશોધન હાથ ધરી શકાય.

(૪) પ્રસ્તુત સંશોધન ઉચ્ચત્તર પ્રાથમિક સ્તર પુરંતુ મર્યાદિત હતુ.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સંશોધન હાથ ધરી શકાય છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતા એ ફલિત થાય છે કે સામાજિક વિજ્ઞાન વિષયનું વર્ગખંડની અંદર જીવંત થઈ શકે છે. વિકાસશીલ દેશમાં નવીન માહિતીની જાણકારી વિદ્યાર્થીઓને અધ્યયન તરફ પૂરી પડે છે. અનુગામી સંશોધકો માટે પ્રસ્તુત સંશોધન માર્ગદર્શન બની રહશે.

# ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયમાં મૂળભૂત ખ્યાલો અને સંકલ્પના એકમ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની રચના અને અજમાયશ

ખેંગાર મિલિનકુમાર પી.

**સંશોધનના હેતુઓ**

(૧) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ પર આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(૨) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે સિદ્ધિ કસોટીની રચના કરવી.

(૩) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમ અંગેના અભિપ્રાયો મેળવવા રચના કરવી.

(૪) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની વર્ગખંડમાં અજમાયશ કરવી.

(૫) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે રચવામાં આવેલ આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

(૬) ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે રચવામાં આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમની પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સાથે તુલના કરવી.

(૭) ધોરણ-૧૧ના પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના આગમન તર્ક પ્રતિમાન આધારિત શૈક્ષણિક કાર્યક્રમ અંગેના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનની શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

(૧) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(૨) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(૩) નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

(૪) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનનાં લક્ષ્ય વ્યાપવિશ્વમાં માંડવી તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૧ના સામાન્ય પ્રવાહમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે માંડવી તાલુકાની પી માંડવી હાઈસ્કુલ માંડવી શાળાની પસંદગી સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧ના પ્રસ્તુત શાળાના ધોરણ-૧૧(અ) વર્ગમાં અભ્યાસ કરતા ૪૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોડકા પદ્ધતિ દ્વારા ૨૦ વિદ્યાર્થીઓની પ્રાયોગિક જૂથ તરીકે અને ૨૦ વિદ્યાર્થીઓની નિયંત્રિત જૂથ તરિકે નમૂના પસંદગી કરવામાં આવી હતી.

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનુ હોવાથી તેની પ્રાયોગિક યોજના તરીકે "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વ કસોટી-ઉત્તર કસોટી યોજના" પસંદ કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ સંદર્ભે સંશોધક રચિત પ્રાયોગિક જૂથ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત એક કલાક પ્રમાણે ચાર પાઠ આયોજન, બંને જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે ૪૦ ગુણની સિદ્ધિ કસોટી અને આગમન તર્ક પ્રતિમાન આધારિત અધ્યાપનકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ પર આધારિત ૨૦ વિધાનોની અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાઓને આધારે માહિતી એકત્રીકરણ કરવા માટે ધી માંડવી હાઈસ્કુલ માંડવી શાળાના આચાર્યશ્રીની મંજૂરી મેળવી હતી. પ્રસ્તુત શાળાના ધોરણ-૧૧ના નમૂનામાં પસંદગી પામેલા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તેના સંદર્ભેની પૂર્વકસોટી આપી પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ પર આધારિત આગમન તર્ક પ્રતિમાન દ્વારા અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવ્યાબાદ તેના સંદર્ભેની ઉત્તરકસોટી આપી તેના આધારે મેળવેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં આવ્યું હતુ. તેમજ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પાસે આગમન તર્ક પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ પર આધારિત ૨૦ વિધાનોની અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી. તે અંગેની માહિતી એકત્રિત કર્યા બાદ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વકસોટી, ઉત્તરકસોટીના પ્રાપ્તાંકો અને લબ્ધિઆંકના પ્રાપ્તાંકોને આધારે મધ્યસ્થ તેમજ વિલ્કોક્સન ચિન્હક્રમાંક કસોટીદ્વારા T-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. તેમજ અભિપ્રાયવલિ ઉપર પ્રાપ્ત થયેલા અભિપ્રાયોને આધારે આવૃત્તિ, ટકાવારી, કાઈવર્ગ, સરેરાશભારાંક અને અગ્રતાક્રમની આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

**સંશોધનના તારણો**

➤ સંશોધનના મુખ્ય તારણો

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત ન હતો, તેથી પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ સબંધિત સમાન માહિતી ધરાવતા હતા. અર્થાત પ્રયોગ પહેલા બંને જૂથો સમાન હતા.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો, તેથી પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પર આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પુરવાર થઇ હતી.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો, તેથી નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પરંપરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પુરવાર થઈ હતી.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પાકોના મધ્યની સરખામણીમાં વધુ હતા. અર્થાત આગમન તર્ક પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

આથી પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ત તારણોને આધારે કહી શકાયકે આગમન તર્ક પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

➤ વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો

પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને આગમન તર્ક પ્રતિમાન આધારિત કરાવેલ શિક્ષણ કાર્ય કેટલા પ્રમાણમાં રસપ્રદ અને અસરકારક રહ્યું તે જાણવા

અંગેના અભિપ્રાયવલિના આધારે પ્રાપ્ત થયેલ તારણો નીચે મુજબ હતા.

- વિદ્યાર્થીઓને એકમની આગમન તર્ક પ્રતિમાન દ્વારા રજૂઆત ગમી હતી.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા બધા વિદ્યાર્થીઓની ઝીણવટ ભર્યો અભ્યાસ કરવાની ટેવ વિકસી હતી.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને અપરિચિત બાબતો સમજવામાં અનુમાનો ઉપયોગી થયા હતા.
- શાળાના વિષય શિક્ષક દ્વારા અપાતા શિક્ષણ કરતા આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ ઓછા થાક્યા હતા.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ વિષયવસ્તુ ગોખણપટ્ટી દ્વારા યાદ રાખવા કરતા સમજપૂર્વક યાદ રાખતા શીખ્યા હતા.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન કરવામાં વધુ સમય લાગ્યો હતો.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને સમાનતાના ધોરણે વિષયવસ્તુના જૂથો પાડી તેના નામો વિકસાવતા આવડ્યું હતું.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ વિષયવસ્તુ સાથે સંબંધિત બાબતો અંગે વિચારતા થયા હતા.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓને વિષયવસ્તુ સાથેસાંકળતા આવડતું હતું.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને મેળવેલા જ્ઞાનનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરતા આવડ્યું હતું.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ વિષયવસ્તુને પ્રશ્નો દ્વારા સરળ બનાવી જાતેજ ખ્યાલ મેળવતા શીખ્યા હતા.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષય ભણવામાં રસ પડયો હતો.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓની સ્વપ્રયત્ને અધ્યયન કરવાની હિંમત વિકી હતી.
- વિદ્યાર્થીઓને આગમન તર્ક પ્રતિમાન દ્વારાશીખેલ સંકલ્પનાઓની મદદથી આગળનું વિષયવસ્તુ સમજવામાં સરળતા રહેશે.
- આગમનતર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓએ મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ એકમની ક્રમિક રીતે સમજણ કેળવી હતી.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુમાં સમાન બાબતો શોધતા આવડી હતી.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓને વિષયવસ્તુની માહિતીના અર્થઘટન પરથી અનુમાન કરતા આવડ્યું હતું.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓમાં તર્ક કરવાની શક્તિ જાગૃત થઈ હતી.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને આપેલ શિક્ષણ લાંબા સમય સુધી યાદ રહેશે.
- આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાયન વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી તૈયારી કરવા માટે વધુ અસરકારક લાગ્યું હતું.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો નીચે મુજબ છે.

(૧) પ્રવર્તમાન સમયમાં અર્થશાસ્ત્ર વિષયના પરંપરાગત અધ્યાપનને સ્થાને શિક્ષકે આગમન તર્ક પ્રતિમાનની વ્યૂહરચનાઓ પર આધારિત અધ્યાપનકાર્ય વર્ગખંડમાં કરવું જોઈએ જેથી શિક્ષણકાર્યમાં નવીનતા સર્જી શકાય.

(૨) નમૂનાના પાત્રો તરીકે પસંદ થયેલા વિદ્યાર્થીઓ સિવાય વ્યાપ વિશ્વમાં સમાવિષ્ટ અન્ય વિદ્યાર્થીઓને પણ અર્થશાસ્ત્ર વિષયના “મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ” એકમ સંદર્ભે આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી શકાય.

(૩) વિદ્યાર્થીઓ જિજ્ઞાસા વૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી સ્વભાવને કારણે અર્થશાસ્ત્ર વિષયના વિષયવસ્તુ સંદર્ભે શિક્ષકના કથનથી કંટાળો અનુભવતા હોય છે તો આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓમાં રહેલા રસને જાળવી શકાય અને કંટાળો દૂર કરી શકાય.

(૪) શિક્ષકોને શિક્ષણ ક્ષેત્રે અપનાવવામાં આવતી નવીન પદ્ધતિઓથી પરિચિત કરી શકાય અને આ પદ્ધતિ દ્વારા કઠિન અને અઘરા એકમોને વધારે સારી રીતે સમજાવી શકાય.

(૫) આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓની તર્કશક્તિનો વિકાસ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં હાથ ધરી શકાય.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા મળે તે માટે ભાવિ સંશોધનો અંગેનાક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) પ્રસ્તુત સંશોધન માંડવી તાલુકાની માત્ર એક શાળા પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ગામ, શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ શાળાઓને આવરી લઈ આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

(૨) પ્રસ્તુત સંશોધન ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ધોરણ-૧૧ પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ધોરણો માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણ સામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા તપાસી શકાય.

(૩) પ્રસ્તુત સંશોધન ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણ સામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

(૪) પ્રસ્તુત સંશોધન ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ પૂરતું જ સીમિત હતું, પરંતુ અર્થશાસ્ત્ર વિષયના અન્ય એકમ માટે તેમજ અન્ય વિષયો માટે પણ આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણ સામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

(૫) પ્રસ્તુત સંશોધન આગમન તર્ક પ્રતિમાન પૂરતું જ સીમિત હતું, પરંતુ અધ્યાપનના અન્ય પ્રતિમાનો જેવા કે શોધ-પ્રશિક્ષણ પ્રતિમાન, સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન, એડવાન્સ ઓર્ગેનાઈઝર પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી અન્ય પદ્ધતિ સાથે તુલના કરી શિક્ષણની પદ્ધતિઓની અસરકારકતા તપાસી શકાય.

(૬) વિદ્યાર્થીઓની જાતિ, વય, બુદ્ધિ, વિસ્તાર વગેરે જેમાં ચલોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર આગમન તર્ક પ્રતિમાનદ્વારા અધ્યાપન કાર્યની અસરકારકતા તપાસી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતા એ ફલિત થાય છે કે આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવવાથી વિદ્યાર્થીઓની તર્કશક્તિનો અને વિચાર શક્તિનો વિકાસ કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન દ્વારા સંશોધકને મળેલ જ્ઞાન અને અનુભવ પોતાના ભાવિ વ્યવસાયને ગુણવત્તાયુક્ત અને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ થશે અને ભવિષ્યમાં સંશોધન કરનારને પ્રસ્તુત સંશોધન પથદર્શક બની રહેશે.

## ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં યુવાકેન્દ્રની પ્રવૃતિઓનો અભ્યાસ

**માછી સંજયકુમાર એન.**

**સંશોધનનાં હેતુઓ**

૧. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યમાં યુવા કેન્દ્ર વિશે જાણવા.

૨. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યમાં યુવા કેન્દ્ર હેઠળ થતી પ્રવૃતિઓ પાછળનો હેતુઓ વિશે જાણવા.

૩. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યનાં યુવા કેન્દ્રમાં પ્રવૃતિ

અંતર્ગત સમાવિષ્ઠ બાબતોને જાણવા.

૪. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યમાં યુવા કેન્દ્રમાં Universal Format નું મહત્ત્વ વિશે જાણવા.

૫. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યનાં યુવા કેન્દ્રમાં પંચસુચિ વિશે જાણવા.

૬. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યનાં યુવા કેન્દ્ર હેઠળ સંકળાયેલ વ્યક્તિના પ્રવૃતિ સંદર્ભે જાણવા.

૭. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વાધ્યાય કાર્યનાં યુવા કેન્દ્રમાં વિદ્યાપ્રેમવર્ધન પરીક્ષા વિશે જાણવા.

**સંશોધનના તારણો**

યુવાકેન્દ્રોના સંદર્ભમાં ઉત્તરદાતાઓએ વિધાનો પર દર્શાવેલ પ્રશ્નાવલિઓના આધારે પ્રાપ્ત થયેલા તારણો નિચે મુજબ છે.

યુવાકેન્દ્રના સંદર્ભમાં

૧. યુવાનો યુવાકેન્દ્રમાં સંયમ સ્વઉત્સાહથી જાય છે.

૨. યુવાનોના જીવનમાં સાચા અર્થમાં નૈતિક મુલ્યોનો વિકાસ થાય છે.

૩. યુવાનોના જીવનમાં કૃતજ્ઞતાનો ભાવ નિર્માણ થાય છે.

૪. યુવાનોના જીવનમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.

૫. યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિનો વિકાસ થાય છે.

૬. યુવાનોના જીવનમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવ નિર્માણ થાય છે.

૭. યુવાનોમાં નિઃસ્વાર્થ ભાવ જન્મે છે.

૮. યુવાનોમાં જીવનલક્ષી ગુણો વિકાસ થાય છે.

૯. યુવાનોના જીવનમાં શીલ (ચારિત્ર્ય) ઘડતર થાય છે.

૧૦. યુવાનોમાં can do વૃતિ નિર્માણ થાય છે.

૧૧. યુવાનોના જીવનમાં જીવન પ્રત્યે વિધાયક દ્રષ્ટિકોણ જન્મે છે.

૧૨. યુવાનોમાં જીજ્ઞાસા વૃતિ નિર્માણ થાય છે.

૧૩. યુવાનો જીવનમાં નિઃસ્વાર્થ કૃતિ કરે છે.

૧૪. યુવાનો ત્રિકાળ સંધ્યાથી માહિતગાર થાય છે.

૧૫. યુવાકેન્દ્ર દ્વારા યુવાનોને વિશ્વના મહાન જીવન ચરિત્રોમાંથી નવુ શીખવા મળે છે.

૧૬. યુવાનો યુવાકેન્દ્રમાં ગીતા જયંતિ દ્વારા ગીતાના વિચારોથી સાચા અર્થમાં પરિચિત થાય છે.

૧૭. યુવાનો ધનંજ્ય રમતોત્સવ દ્વારા ખેલદિલી ભાવનાનો વિકાસ થાય છે.

૧૮. યુવાકેન્દ્રથી યુવાનોના જીવનમાં જીવન જીવવાનો સાચો રાહ મળે છે.

૧૯. યુવાનો મત્સ્યગંધા, યોગેશ્વર કૃષિ વગેરે જેવાં પ્રયોગોમાં યુવાન કૃતિ કરે છે.

૨૦. યુવાનો સુર્યનમસ્કાર અને વાંચન કરે છે.

૨૧. યુવાનોમાં યુવાનો વચ્ચે નિઃસ્વાર્થ દેવી ભ્રાતૃત્વ ભાવ નિર્માણ થાય છે.

૨૨. યુવાકેન્દ્રથી યુવાનો સંસ્કૃતના શ્લોક કંઠસ્થ કરે છે.

૨૩. યુવાકેન્દ્ર દ્વારા યુવાનના જીવનમાં અસ્મિતા, તેજસ્વીતા અને કૃતજ્ઞતાનો ભાવ નિર્માણ થાય છે.

૨૪. યુવાકેન્દ્ર દ્વારા વસુદૈવ કુંટુંબકમની ભાવના જન્મે છે.

૨૫. યુવાકેન્દ્રમાં યુવાનો વચ્ચે શ્રીમંત,ગરીબનો શિક્ષિત-અશિક્ષિતનો ભેદભાવ જોવા મળતો નથી.

- સામન્ય માહિતી પરથી પ્રાપ્ત થયેલા તારણો

સામન્ય માહિતીના આધારે યુવાનોની શૈક્ષણિક લાયકાત, યુવા કેન્દ્રમાં જોડાયેલ વર્ષની સંખ્યા વગેરે જેવી વિગતો સમાવિષ્ટ હતી, જે ઉપરથી નીચેની માહિતી પ્રાપ્ત થઈ હતી.

નમૂનામાં સમાવિષ્ટ કુલ 150 યુવા કેન્દ્રમાંથી ફક્ત 3 yuvakendra na 75 યુવાનો પાસેથી જ માહિતી મળી હતી

યુવા કેન્દ્ર સાથે સંકળાયેલ યુવાનોની શૈક્ષણિક લાયકાત મેળવી હતી. જેને આધારે કહી શકાય કે સૌથી વધુ ૨૮ જેટલા યુવા કેન્દ્રના યુવાનોની સંખ્યા એસ.એસ.સી હતી. જ્યારે ૨૨ યુવાનોની સંખ્યા એચ.એસ.સી હતી ૦૩ યુવાનો ગ્રેજ્યુએશન તથા ૦૬ યુવાનો આઈ.ટી.આઈ. થયેલા અને ૧૨ thi vadhu જેટ્લા એસ.એસ.સી. થી ઓછુ અભ્યાસ કરનારા યુવાનો

હતા. યુવા કેન્દ્રમાં જોડાયેલી વર્ષના સંખ્યાને આધારે અમુક યુવાનો ૧૨ વર્ષથી અને અમુક ૩,૫,૭ તથા ૭ થી વધુ વર્ષ કાર્યમાં જોડાયેલા યુવાનો જોવા મળે છે.

➢ યુવાકેન્દ્રના યુવાનો દ્વારા મુક્ત જવાબી પ્રશ્નાવલિ આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧. યુવાકેન્દ્ર (D.B.T) માં ફલિત થતાં તારણો આ મુજબ છે.

યુવાકેન્દ્ર (D.B.T) divine brain trust

યુવનોમા સમાન વય, અભિરુચિ વૃતિ ધરાવતો વર્ગ

બુધ્ધિજીવી વર્ગ દ્વારા ભગવાને કેન્દ્રમાં રાખી કાર્ય કરે

divine Brain Trust 1971માં સ્થાપના કરવામાં આવી.

૨. યુવાકેન્દ્રમાં Universal Formatમાં ફલિત થતાં તારણો

Universal Format પૂ. દીદીજીએ વર્ષ ૨૦૦૦ થી કાર્યરત

દરેક પુષ્પ વિશ્વમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ભારત વગેરે હોય દરેક જગ્યાએ આચાર, વિચાર અને ઉચ્ચાર સરખી પધ્ધતિથી એક સરખો વિષય લેવામાં આવે છે.

Universal Formatમાં 52 અઠવાડિયાના 52 પુષ્પો (વિષયો) લેવામાં આવે છે.

વિશ્વના મહાન ચરિત્રો, ગુણો, મંતવ્યદર્શન ઉત્સાહ વગેરે વિષય પર પુષ્પ લેવામાં આવે છે.

વિષયને અનુસંધાન મુજબ ભાવગીત વિષય , રમત, કોયડો, કૂતુહલમ (પ્રશ્નો), પારાયણ (શ્લોક) વગેરે લેવામાં આવે છે.

૩. યુવાકેન્દ્રમાં પ્રવૃતિમાં ફલિત થતાં તારણો

યુવાકેન્દ્રમાં રમત, ગીતા જયંતિ પૂજન નિબંધ સ્પર્ધા, પથનાટ્ય (નાટક) ભાવફેરી વગેરે પ્રવૃતિ કરવામાં આવે છે.

ભગવાનના વિચારો પ્રત્યેક માનવ સુધી પહોચે તે માધ્યમથી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

જન્માષ્ટમી, ગીતાજયંતિ, રમતોત્સવ, દિર્ઘ-મિલન વગેરે દ્વારા યુવાનોમાં સદ્વિચાર નિર્માણ થાય છે.

૪. યુવાકેન્દ્રથી જીવનમાં થતાં ફાયદા અંગેના તારણો

યુવાકેન્દ્રથી જીવનમાં વિચાર વાણી અને વર્તનમાં પરિવર્તન આવે.

સદવિચારોથી જીવનમાં સર્જનાત્મકશક્તિ, જીજ્ઞાસાવૃતિ, નિર્ણયશક્તિ, કર્તૃત્વશક્તિ વગેરે જેવાં ગુણો નિર્માણ થાય.

જીવનમાં નિયમિતતા, પ્રમાણિક , સત્ય, કૃતજ્ઞતા, ભાવમયતા, દૈવી ભ્રાતૃત્વ ભાવના, સંસ્કાર, આત્મવિશ્વાસ, આત્મગૌરવ વગેરે જેવાં ગુણો સંક્રાંત થાય.

૫. યુવાકેન્દ્ર દ્વારા જીવનમાં પરિવર્તન અંગેના તારણો

સત્ય બોલવુ, પ્રમાણિક રહેવુ, નિયમિતતા, કુટેવ, દૂર થાય.

સમયનો સદઉપયોગ કરતા શીખે..

કુંટુંબમા માતા પિતા સાથેના સાનૂકૂળ પ્રકારનુ વર્તન કરવુ.

મિત્રજૂથ, વડિલો, શિક્ષકો, બાળકો પ્રત્યે આદરભાવ કેળવે.

નિઃસ્વાર્થ કૃતિ, કરતા થયા.

તેજસ્વીતા, અસ્મિતા, ભાવમયતા, કાર્યપ્રણવતા વગેરે જેવા ગુણોનો વિકાસ થયો.

હું કઇ કરી શકુ, બની શકુ, બદણવી શકુ,I can do વૃતિ નિર્માણ થાય.

6. યુવાકેન્દ્રથી જીવનમાં કુટેવ-દુર્ગુણો દૂર થયા તે અંગેના તારણો

યુવાકેન્દ્રથી જીવનમાં ખરાબ વિચારો દૂર થયા.

બીજાની નિંદા કરવી, અનિયમિતતા, અસત્ય, ન બોલવુ, સવારે મોડા ઉઠવુ વગેરે જેવા દુર્ગુણો દૂર થયા.

૭. યુવાકેન્દ્રમાં જવાથી જીવનમાં બદલાવ પાછળ ભાવપ્રસંગ અંગેના તારણો.

યુવાકેન્દ્રમાં જવાથી વિચાર, વાણી અને વર્તનમાં પરિવર્તન જેવાં મળે.

રમત-ગમતમાં હાર-જીત અંગે સાચી સમજણ અને ખેલદિલીની ભાવના નિર્માણ થાય.

પથનાટ્ય, ગીતા જયંતિમાં ડર વગર બોલવુ અને આત્મવિશ્વાસ જાગ્રત થાય,

કૃતજ્ઞતા જીવનમાં નિર્માંણ થાય માનવ અને ભગવાન પ્રત્યે વિધાયક વિચારોનો દ્રષ્ટિકોણમાં બદલ જોવા મળે.

કુટુબના સભ્ય સાથે ઘરમાં કુટુંબ પ્રાર્થના કરતા થયા.

૮. પથનાટ્ય (નાટક) દ્વારા જીવનમાં નવુ શિખવા અંગેના તારણો

જન્માષ્ટમીના ઉત્સવ વખતે ભગવાનના વિચારો પ્રત્યેક માનવ સુધી લઇ જવાનુ માધ્યમ નાટક છે.

પથનાટ્ય દ્વારા ભાવફેરી, શ્રીકૃષ્ણના વિચારો માનવ સુધી લઇ જવામાં આવે છે.

પથનાટ્યમાં યુવાનોની ટીમમાં ઐકય, દૈવી ભ્રાતૃત્વ ભાવના, જોવા મળે છે.

પથનાટ્યથી યુવાનોમાં હજારો લોકો સામે બોલવાની શક્તિ, નિર્ભયતા અને આત્માવિશ્વાસ જોવા મળે છે.

૯. ગીતા જયંતિ અને નિબંધ સ્પર્ધા દ્વારા જીવનમાં શીખવા અંગેના તારણો

ગીતા જયંતિ દ્વારા સાચા અર્થમાં માં ઈતાનુ પૂજન થાય.

વિશ્વના દરેક ધર્મગ્રંથોમાં ફક્ત માં ગીતાનો જન્મજયંતિ ઉજવવામાં આવે છે.

ગીતાના વિચારો જીવનમાં સમજણ નિર્માણ કરે છે.

નિબંધ સ્પર્ધા દ્વારા વાંચન ટેવ, સંદર્ભ, સાહિત્ય, ગ્રંથોનો ઉપયોગ અલગ-અલગ પુસ્તકોના વિચારોનો અભ્યાસ થાય છે.

જીવનમાં વૈચારિક શક્તિમાં વધારો કરે.

૧૦. ધનંજય રમતોત્સવથી જીવન ઘડતર અંગેના તારણો

રમત પણ એક ભક્તિનુ માધ્યમ બની શકે.

રમતથી દૈવી વિચારોની ક્રાંતિ નિર્માણ થાય.

રમતથી એક-બીજા પ્રત્યે પ્રેમભાવના વધે.

રમત દ્વારા હાર-જીત વિશે સમજણ નિર્માણ થાય અને હાર-જીતને જીવનમાં પચાવવાની શક્તિ વિશે સાચી સમજ નિર્માણ થાય.

રમત દ્વારા શારિરીક, માનસિક અને બૌધ્ધિક શક્તિનો વિકાસ થાય.

રમતથી એક-બીજા પ્રત્યે આદર ભાવના, આત્મીયતા, સંઘનિષ્ઠા વગેરે જેવા ગુણો જીવનમાં જીવન ઘડતરમાં ઉપયોગી બને.

૧૧. વિદ્યા પ્રેમ વર્ધન પરીક્ષા અંગેના તારણો

વિદ્યા પ્રેમ વર્ધન પરીક્ષા દ્વારા વિદ્યા ઉપર સાચો પ્રેમ નિર્માણ થાય.

સંસ્કૃતિના વિચારોનુ સંરક્ષણ અને સંવર્ધન થાય.

વ્યક્તિમાં રહેલા સદ્વિચારોથી ભગવદ્ કાર્યમાં જીવન વિકાસ અર્થે વિચાર શક્તિમાં વધારો અને જીવન વિકાસ અર્થે ઉપયોગી બને.

સંસ્કૃતિના વિચારોનું પુનઃરુત્થાન કરવા વિચારો ખૂબ જ આવશ્યક બને.

૧૨. દિર્ધ-મિલન દ્વારા જીવનમાં સદ્વિચારો અંગેના તારણો

દિર્ધ-મિલન દ્વારા તપોવન પધ્ધતિથી સદ્વિચારોનુ સિંચન થાય.

દિર્ધ-મિલનમાં વિવિધ વિષયો જેવાં કે ઋષિઓ, ચરિત્રો, ગુણો, શ્રીમદ ભગવદ્ગીતા પાઠશાળા, તત્વજ્ઞાન વિદ્યાપીઠ વગેરે જેવા વિચારો જીવનમાં મળે.

જીવનમાં ભગવદ કાર્ય કરવા માટે પ્રેરણા, ઉત્સાહ, કૃતિ નિર્માણ થાય.

૧૩. યુવાકેન્દ્ર સ્થાપવા પાછળનો હેતુ અંગેના તારણો

યુવાકેન્દ્ર સ્થાપવા પાછળનો હેતુ ભગવદ કાર્ય અંગે, ભગવાનના વિચારો વિશે સ્પષ્ટ સમજણ નિર્માણ થાય.

યુવાનોના જીવનમાં સર્વાંગી વિકાસ થાય.

યુવાનોમાં જીવન ઘડતર (શીલ) ચારિત્ર્ય નિર્માણ થાય.

૧૪. યુવાકેન્દ્ર દ્વારા ચારિત્ર્ય (શીલ) નિર્મા અંગેના તારણો

યુવાકેન્દ્ર દ્વારા નચિકેત વૃતિ નિર્માણ થાય.

મફતનુ લેવાનિ વૃતિ જીવનમાંથી ચાલી જાય છે.

હું કરી શકુ છુ, બની શકુ છુ,can do વૃતિ નિર્માણ થાય.

યુવાકેન્દ્ર દ્વારા કર્તૃત્વવાન, નિષ્ઠાવાન, સત્ય, નિર્ભયતા વગેરે જેવા ગુણો નિર્માણ થાય.

વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય.

૧૫. યુવાકેન્દ્રમાં ભાવગીત અંગેના તારણો

દિવસ દરમિયાન મન ઉપર અનેક પ્રકારના ઘાત-પ્રત્યાઘાત તેના મન પર, થાક, આળસ અનુભવતુ હોય છે અને આપણુ મન આમ-તેમ ભટ્કતુ હોય છે. તે માટે ભાવગીતથી ચિંત એકાગ્ર થાય.

ભાવગીતથી ભગવાન, વ્યક્તિ પ્રત્યે ભાવ નિર્માણ થાય.

ભાવગીત પુષ્પના (વિષય) અલગ-અલગ વિષયને અનુબંધના આધારે લેવામાં આવે છે.

ભાવગીત વ્યક્તિ ભાવથી ભાવગીત ગાતો હોય છે.

ભાવગીતથી દરેકનુ મન ભગવાન તરફ વિચારોમાં એકાગ્ર કરવામાં મદદરૂપ બને.

૧૬. યુવાકેન્દ્રમાં રમત અંગેના તારણો

રમતથી યુવાનોમાં સર્વાંગી વિકાસ થાય.

યુવાનોના જીવનમાં શારીરિક, માનસિક અને બૌધ્ધિક વિકાસ થાય.

રમતથી એક-બિજા પ્રત્યે આત્મીયતા, ખેલદિલી ભાવના, સંઘનિષ્ઠા, હાર-જીતને પચાવવાનિ શક્તિનિર્માણ થાય.

રમતથી વ્યક્તિમાં રહેલી સુષુપ્તશક્તિ વિકાસ થાય.

રમતએ ભક્તિનુ માધ્યમ બની શકે છે.

રમતના માધ્યમથી ભગવદ વિચારોનો જીવનમાં વિકાસમાં મદદરૂપ બને.

રમતથી કાર્ય કરવા પ્રત્યે રસ, રુચિ, વલણ નિર્માણ થાય.

૧૭. યુવાકેન્દ્રમાં કૂતુહલમ (પ્રશ્નો) અંગેના તારણો

યુવાકેન્દ્રમાં કૂતુહલમ (પ્રશ્નો)થી યુવાનોના જીવનમાં જીજ્ઞાસા વૃતિ ખીલે.

કૂતુહલમ (પ્રશ્નો)થી યુવાનોમાં વૈચારીક શક્તિ વધે.

કૂતુહલમ (પ્રશ્નો)થી વિશ્વના પ્રશ્નો, જીવનલક્ષી પ્રશ્નો, કોયડાઓ વિશેનો સાચો ઉકેલ જીવનમાં મળે.

કૂતુહલથી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જોવા મળે.

કૂતુહલથી દુનિયાના પ્રશ્નો, ઘટના વગેરેના પ્રશ્નોના સાચા ઉત્તર મળે.

કૂતુહલથી સંસ્કૃતિના વિચારોનુ સંરક્ષણ અને સંવર્ધન કરવામાં વૈચારિક શક્તિઓમાં વધારો થાય.

૧૮. સૂર્યનમસ્કાર કરવા પાછળનો હેતુ અંગેના તારણો

સૂર્યનમસ્કાર દ્વારા સૂર્યની ઉપાસના થાય.

સૂર્યનમસ્કાર કરવાથી સૂર્ય જેવા તેજ, તેજસ્વી, વિચારો જીવનમાં સંક્રાંત થાય.

સૂર્યનમસ્કારથી શારિરીક અને માનસિક શક્તિઓ ખીલે છે.

સૂર્યનમસ્કાર કરવાથી મન, પ્રફુલ્લિત, રોગમુક્ત બને છે.

સૂર્યનમસ્કારથી સ્વસ્થ આરોગ્ય બને છે.

૧૯. જીવનમાં વાંચન અંગેના તારણો

વાંચનથી જીવનમાં વિચાર, ભાવ, ક્રિયા અને કૃતિ જીવનમાં નિર્માણ થાય.

વાંચનથી સ્મરણશક્તિ, બુધ્ધિ ધારદાર, વૈચારિક દ્રષ્ટિકોણમાં બદલાવ આવે.

વાંચનથી વિચારશક્તિ, જીજ્ઞાસાવૃતિ નિર્માણ થાય.

વાંચનથી જીવનમાં વિવિધ સમસ્યા, પ્રશ્નોના ઉકેલ મળે.

વાંચનથી સંસ્કૃતિ, વૈધિક સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના વિચારો જાણવા મળે.

૨૦. ત્રિકાળ-સંધ્યા અંગેના તારણો

ત્રિકાળ-સંધ્યા વિચારથી ખબર પડે છે કે ભગવાન મારુ જીવન ચલાવે છે.

ત્રિકાળ-સંધ્યાથી ભગવાનને કૃતજ્ઞતા વ્યક્તિ કરે.

ત્રિકાળ-સંધ્યાથી ભગવાનને ત્રણ વખત સ્મરણ કરે.

ત્રિકાળ-સંધ્યા દ્વારા સ્મુતિદાન, શક્તિદાન અની શાંતિદાન જીવનમાં મળે.

ત્રિકાળ-સંધ્યા શ્લોક દ્વારા ભગવાનને નમસ્કાર કરવામાં આવે છે.

૨૧. યુવાકેન્દ્ર પહેલાં અને પછી જીવનમાં પરિવર્તન અંગેના તારણો

યુવાકેન્દ્ર પહેલાં મારું જીવન Eat, Drink and be marry ખાવો, પીવો અને મજા કરોઆવા પ્રકારની વૃતિ જોવા મળે છે.

યુવાકેન્દ્રમાં જવાથી વિચાર, વાણી અને વર્તન વ્યવહારમાં પરિવર્તનો જોવા મળે.

૨૨. યુવાકેન્દ્ર દ્વારા કુંટુબમાં પરિવર્તન અંગેના તારણો

યુવાકેન્દ્ર દ્વારા કુંટુબમાં માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞાતા, પ્રેમ અને ભાવ નિર્માણ થાય.

ભાઇ-બહેન વચ્ચેના સાચા સંબંધનો ખ્યાલ આવે.

બાળકો, યુવાન, કુંટુંબના સભ્યો પ્રત્યે આદરભાવ, સન્માનની લાગણીઓ નિર્માણ થાય.

કુંટુંબમાં કુંટુબ પ્રાર્થના કરતા થયા.

માતા-પિતા વચ્ચે પિતા-પુત્ર વચ્ચે, ભાઇ-બહેન વચ્ચેના ઘણાં સંઘર્ષો, કુંટુબમાં ઝઘડા જેવા દુષણોઆજે દૂર થયા.

કુંટુંબમાં દરેક સભ્યોના નાના-મોટા પ્રશ્નોનુ યોગ્ય રીતે નિરાકરણ, સુખી, શાંતિ અને સમાધાનીથી જીવન જીવતાં શીખ્યા.

કુંટુંબમાં સભ્યો પ્રત્યે આત્મીયતા ભાવ જોવા મળે છે.

કુંટુંબમાં સુખ-દુખમાં પ્રત્યેક સહભાગીદાર બને છે.

૨૩. યુવાકેન્દ્રથી સમજ જીવનમાં અસર અંગેના તારણો

યુવાકેન્દ્રથી સમાજ જીવનમાં યુવાનો અંધ શ્રધ્ધા, વહેમ, કુરિવાજો, પરંપરા, માન્યતામાં પરિવર્તનજોવા મળે છે.

સમાજમાં વૈચારિક દ્રષ્ટિકોણમાં બદલાવ જોવા મળે છે.

૨૪. યુવાકેન્દ્રથી સામજીક પરિવર્તનો અંગેના તારણો

-- યુવાકેન્દ્રથી જુની રીતિ-રિવાજો, સંસ્કૃતિના વિચાર, જીવન જીવવાની પધ્ધતિ, વિચાર, વર્તન- વ્યવહાર, અંધશ્રધ્ધા, વહેમ વગેરેમાં સામજીક પરિવર્તનો જોવા મળે.

૨૫. યુવાકેન્દ્ર દ્રારા વ્યક્તિગત શિક્ષણમાં પરિવર્તન અંગેના તારણો

-- યુવાકેન્દ્રથી વ્યક્તિ જીવનમાં શિક્ષણ પ્રત્યે જાગ્રત, રસ અને અભિરુચિમાં વધારો જોવા મળે.

-- યુવા પેઢી શિક્ષણ અંગેની સાચી સમજણ કેળવતા થયા.

-- શિક્ષણનું જીવનમાં સાચા અર્થમાં મહત્વ વિશેનો ખ્યાલ જોવા મળે.

-- શિક્ષણથી વ્યક્તિગત વિચારોમાં પરિવર્તન જોવા મળે છે.

૨૬. યુવાકેન્દ્ર દ્રારા સર્જનાત્મક શક્તિનો વિકાસ અંગેના તારણો

-- યુવાકેન્દ્ર દ્રારા હું કઇ કરી શકુ છુ, બની શકુ છુ અને વિશ્વને બદલાવી શકુ છુ.

-- યુવાનોમાં can do વૃતિ જેવી સર્જનાત્મક શકિતનો વિકાસ થાય.

-- યુવાકેન્દ્રથી યુવાનોની સુશુપ્ત શક્તિનો ભગવાનના કાર્યમાં યુવાન પોતાની સમજણ, શક્તિ, સમય આપતો રહેલો છે.

-- યુવાકેન્દ્ર દ્રારા નવુ સર્જન કરવાની, આત્મવિશ્વાસ, વૈચારીક શક્તિમાં વધારો થાય.

૨૭. યુવાકેન્દ્રમાં જનાર અને અ જનાર યુવાન વચ્ચે સમાનતા અને ભિન્નતામાં તફાવત અંગેના તારણો

-- યુવાકેન્દ્રમાં જનાર યુવાન પ્રત્યેક કૃતિ નિઃસ્વાર્થ ભાવે કરતો હોય.

-- વિચાર, વાણી અને વર્તન-વ્યવહારમાં યોગ્ય રીતે સમજણથી સમાજમાં વ્યવહારો કરે.

-- યુવાકેન્દ્રમાં ન જનાર યુવાનનુ જીવન ફક્ત ખાવો, પિવો અને મજા કરો. પોતાના ફાયદાનુ જ વિચાર કરતો હોય.

૨૮. મત્સ્યગંધાનો પ્રયોગ અંગેના તારણો

-- મત્સ્યગંધાનો પ્રયોગ સાગરપૂત્ર માછીમાર ભાઇઓ દ્રારા ભક્તિના માધ્યમથી નિઃસ્વાર્થ ભાવથી કૃતિ કરે.

-- પોતાની કર્મકુશળતા ભગવાનને ધરીને ભક્તિ થઇ શકે.

૨૯. યોગેશ્વર કૃષિનો પ્રયોગ અંગેના તારણો

-- યોગેશ્વર કૃષિનો પ્રયોગ ભૂમિપુત્ર ખેતીના માધ્યમથી ભક્તિ થઇ શકે.

-- ખેતીમાં વપરાતા પાવડો, ત્રિકમ, હળ, તગાળાં વગેરે ભક્તિનાં-પૂજાના સાધન બની શકે છે.

-- પોતાની કર્મકુશળતા, નિપુણતા ભગવાનને શરણે ધરે છે.

-- નિઃસ્વાર્થ કૃતિથી ભક્તિ કરી શકાય.

-- યોગેશ્વર કૃષિ ગામોમાં ઐક્ય નિર્માણ થાય.

-- યોગેશ્વર કૃષિમાં કોઇ માલિક-મજૂર નથી

-- યોગેશ્વર કૃષિમાંથી મહાલક્ષ્મી નિર્માણ થાય.

-- મહાલક્ષ્મી (પૈસા) સંસ્કૃતિ કાર્ય અને સમાજના જરૂરીયાતમંદ કુંટુંબને આપવામાં આવે છે.

૩૦. ગીતાનો શ્લોક આશ્વાસન અને માર્ગદર્શન અંગેના તારણો

-- ગીતાના વિચારો જીવન જીવવામાં પ્રેરણા માર્ગદર્શન અને આશ્વાસન મળે છે.

-- ગીતાનો અધ્યાય 15મો
સર્વસ્ય ચાહં હાદિ ......... શ્લોક
મમૈવાંશો જીવલોકે.......... શ્લોક
અહં વૈશ્વાનરો ભુત્વા......શ્લોક

ગીતાનો અધ્યાય - 18મો - યત્ર યોગેશ્વરો કૃપણો .... શ્લોક

૩૧. ગીતાનો અધ્યાય અને શ્લોક તમને ગમે તે અંગેના તારણો

-- ગીતા દરેક અધ્યાય અને શ્લોક ગમે છે.

-- ગીતાના વિચારો જીવન જીવવાની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

-- જીવનના દરેક કોયડાઓ (પ્રશ્નો)ના ઉકેલ માં ગીતા પાસે છે.

-- ગીતાએ માનવનો જીવનગ્રંથ છે.

-- ગીતાનો 12મો અધ્યાય ગમે અને ભગવાને ભક્તિનુ વર્ણન કર્યુ છે.

-- ગીતામાં જ્ઞાન-કર્મ અને ભક્તિનો સમન્વય જોવા મળે છે.

૩૨. ગીતાનો શ્લોક કાર્ય કરવા પ્રેરણા અંગેના તારણો

-- ગીતાનો કરિષ્યે વચનં .... શ્લોક પ્રભુ કાર્ય કરવા માટે પ્રેરણા આપે છે.

-- સ્વકર્મણા .... શ્લોક પોતાની કર્મકુશળતા ભગવદ્ કાર્ય કરવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપે.

-- ઉધ્દરેદાત્મા .... શ્લોક પોતાના ઉધ્ધાર પોતે જાતે જ કરવનો છે.

-- ગીતાના પ્રત્યેક શ્લોક કાર્ય કરવા અને જીવન જિવવા માટે જીવનમાં પ્રેરણા આપે છે.

-- ગીતાનો યત્ર યોગેશ્વરઃ કૃપણ ..... શ્લોક વગેરે જીવનમાં કાર્ય કરવા માટે પ્રેરણા આપે છે.

૩૩. ગીતા જીવનગ્રંથ છે તે અંગેના તારણો

-- ગીતા જીવનગ્રંથ છે.

-- ભગવાન શ્રીકૃષ્ણના સ્વયં પોતાના મુખારવિંદમાંથી નિકળેલુ માધુર્ય એટલે માં ગીતા

-- ૫૦૦૦ વર્ષ પછી પણ ગીતાના વિચારો શાશ્વત છે.

-- ગીતામાં જીવનના દરેક કોયડાઓ, પ્રશ્નોનો ઉકેલ ગીતામાં છે.

-- ગીતાના વિચારો જીવંત છે.

-- ગીતાએ વિશ્વિક ગ્રંથ છે.

-- ગીતા કોઇ વ્યક્તિ, ધર્મ કે જાતિ, વર્ણ માટે નથી પણ પ્રત્યેક મનુષ્ય માટે છે.

૩૪. યુવાકેન્દ્ર દ્વારા તમારા જીવનમાં ગુણો અંગેના તારણો

-- યુવાકેન્દ્ર દ્વારા જીવનમાં સત્ય, પ્રમાણિકતા, નિષ્ઠા, તેજસ્વીતા, અસ્મિતા, કૃતજ્ઞતા, ભાવમયતા વગેરે જેવા ગુણો નિર્માણ થયા.

૩૫. ગીતાકાર શ્રીકૃષ્ણ નહિ પરંતુ સુપર પાવર (સર્વ શક્તિમાન) યોગેશ્વર કૃષ્ણ છે તે અંગેના તારણો.

-- ગીતામાં પ્રત્યેક શ્લોકમાં ભગવાન ઉવાચનો ઉલ્લેખ જોવા મળે છે.

-- સ્પષ્ટ ભગવાનની ભૂમિકા ગીતામાં જોવા મળે છે.

-- ગીતામાં ભગવાને સાક્ષાત વિશ્વરૂપ દર્શન બતાવ્યું છે.

-- જ્યારે મહાભારતમાં ભગવાન ઉવાચ બોલાતુ નથી, ગીતામાં યોગેશ્વર ભગવાન

શ્રીકૃષ્ણનોઉલ્લેખજોવા મળે છે.

-- ગીતાકાર શ્રીકૃષ્ણ નહિ પરંતુ સુપરપાવર (સર્વ શક્તિમાન) યોગેશ્વર કૃષ્ણ છે.

૩૬. શ્રીમદ ભગવદ્ગીતા અન્ય ગ્રંથો કરતાં વિશિષ્ટ કે તે અંગેના તારણો

-- ગીતા માનવતા માટીનો ગ્રંથ છે.

-- ગીતાએ કોઇ વ્યક્તિ,જાતિ ધર્મ,વર્ણ કે સમુદાય માટે નહિ પરંતુ વિશ્વના પ્રત્યેક માનવ માટે છે.

-- દુનિયામાં ફક્ત એક જ એવો ગ્રંથ છે જેની વિશ્વમાં જન્મજયંતિ ઉજવવામાં આવે છે.

-- ગીતાએ જીવનગ્રંથ છે.

-- ગીતાના વિચારો સાશ્વત અને જીવંત છે તેના વિચારો અનાદિકાળ સુધી ચાલશે.

૩૭. ગીતા જીવનમાં જરૂરી છે તે અંગેના તારણો

-- ગીતા જીવનના પ્રત્યેક સમયે સુખ-દુઃખમાં આશ્વાસન અને માર્ગદર્શન આપે છે.

-- ગીતા માનવ જીવનમાં ઉત્સાહ, ચૈતન્ય,સ્ફુર્તિ વગેરે જેવા પ્રેરણાદાયક વિચારો મળે છે.

-- ગીતા જીવન જીવવા માટે સાચો રસ્તો બતાવે છે.

-- ગીતાના વિચારો જીવંત છે દરેક પ્રશ્નોનો ઉકેલ ગીતામાં છે તેથી ગીતા જીવન ઉપયોગી છે.

૩૮. ગીતાનો જીવન સંદેશ અંગેના તારણો

-- ગીતાનો સંદેસ કર્મ કરતો જા !

-- ફળની આશા ન રાખવુ

-- ગીતાનો સંદેશ કર્યા વગર કંઇ મળતુ નથી

કરેલુ ફોગટ જતુ નથી

કામ કરવાની શક્તિ તારામાં છે.

કામ કરતો જા ! હાક મારતો જા !મદદ તૈયાર છે. લઘુતાગ્રંથિ બાંધીશ નહિ, વગેરે જેવા જીવંત વિચારો માનવ્ય માટે આપે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રત્યેક સંશોધનએ હેતુપુર્વક કરવામાં આવે છે. પ્રત્યેક સંશોધનનો આખરી હેતુએ ભવિષ્યને માટે કંઇક ને કઇ નવુ વૈચારીક પ્રદાન કરવાનો હોય છે. આથી જ પ્રત્યેક સંશોધનમાં તારણોને આધારે શૈક્ષણિક ફલિતાર્થો દર્શાવવુ ખૂબ જ જરૂરી બને છે. આ સુચિતાર્થો ભાવિ અધ્યેતા માટે શિક્ષણ જગત, યુવાપેઢી માટે માર્ગદર્શસરૂપ બની રહેશે, એટલુ જ નહિ પણ સ્વાધ્યાય કાર્યના ક્ષેત્રે રસ દાખવનારા ભાઈઓ, યુવાનો, તત્ત્વચિંતકો, વિચારોને પણ પથદર્શક બની શકશે.

૧. યુવાનોએ યુવાકેન્દ્રમાં જવા જોઇએ.

૨. યુવાનોના જીવનમાં નૈતિક મૂલ્યોનો વિકાસ તે માટે યુવાકેન્દ્રમાં મોકલવા પ્રોત્સાહિત કરવા જોઇએ.

૩. યુવાનોના જીવનમાં કૃતજ્ઞતા, અસ્મિતા, તેજસ્વીતા જેવા ભાવ નિર્માણ થાય તે માટે આવી પ્રવૃતિઓમાં ખાસ રસ લેવાની જરૂર છે.

૪. યુવાનોમાં જીવનમાં આત્માવિશ્વાસ અને આત્મગૌરવ નિર્માણ થાય તે માટે જાગ્રત કરવા જોઇએ.

૫. યુવાનોના જીવનમાં સર્જનાત્મક શક્તિ, સુષુપ્તશક્તિનો વિકાસ તેવી પ્રવૃતિઓ કરવા જોઇએ.

૬. યુવાનોએ નિઃસ્વાર્થ કૃતિ કરવી જોઇએ.

૭. યુવાનોમાં જીવનલક્ષી અને જીવિકાલક્ષી શિક્ષણ મળવુ જોઇએ.

૮. યુવાનોના જીવનમાં ચારિત્ર્ય (શીલ) ઘડતર થાય તેવી પ્રવૃતિઓ કરવા જોઇએ.

૯. યુવાનોમાંcan do વૃતિ નિર્માણ થવા જોઇએ.

૧૦. શિક્ષણની ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓએ વિવિધ પ્રયોગોથી માહિતગાર થવુ જરૂરી છે.

૧૧. યુવાનોએ પોતાના ફુરસદના અનુકૂળ સમયે યુવાકેન્દ્રમાં જવું જોઇએ.

૧૨. યુવાકેન્દ્રના સંચાલક ભાઇઓ તથા યુવાનોએ સ્વાધ્યાય કાર્યની પ્રવૃતિથી ભાઇઓને માહિતગાર કરવા જોઇએ.

૧૩. યુવાનોમાં જીજ્ઞાસા વૃતિ અને ત્રિકાળ-સંધ્યા માહિતગાર થવા જોઇએ.

૧૪. યુવાનો ગીતાના વિચારોથી સાચા અર્થમાં પરિચિત થવા જોઇએ.

૧૫. યુવાનોમાં રમત દ્વારા ખેલદિલી ભાવના તેમહ હાર-જીતની સાચી સમજણ કેળવતા થવા જોઇએ.

૧૬. યુવાનો મત્સ્યગંધા, યોગેશ્વર કૃષિ વગેરે જેવા પ્રયોગોથી પણ માહિતગાર થવા જોઇએ.

૧૭. યુવાનોમાં વસુદૈવ કુંટુંબકમની ભાવના નિર્માણ થવા જોઇએ.\

૧૮. યુવાનોએ ભગવાનને કેન્દ્રમાં રાખી પ્રત્યેક કૃતિ કરવા જોઇએ.

૧૯. યુવાનોના જીવનમાં ચરિત્ર, ગુણો નિર્માણ થવા જોઇએ.

૨૦. યુવાનોએ ગીતાજયંતિ, નિબંધ સ્પર્ધા, પથનાટ્ય (નાટક) ભાવફેરી વગેરે જેવી પ્રવૃતિઓમાં ભાગ લેવાજોઇએ.

૨૧. યુવાનોના જીવનમાં વિચાર, વાણી અને વર્તનમાં પરિવર્તન થવા જોઇએ તેવી પ્રવૃતિઓ કરવા જોઇએ.

૨૨. યુવાનોના જીવનમાં સદવિચારોથી સર્જનાત્મકશક્તિ, જીજ્ઞાસાવૃતિ, નિર્ણયશક્તિ, કર્તૃત્વશક્તિ વગેરે જેવા ગુણો નિર્માણ થવા જોઇએ.

૨૩. યુવાનોના જીવનમાં નિયમિતતા, પ્રામાણિકતા,સત્ય, કૃતજ્ઞતા, ભાવમયતા, દૈવીભ્રાતૃત્વ ભાવના, સંસ્કાર, આત્મગૌરવ, આત્માવિશ્વાસ વગેરે જેવા ગુણો થવા જોઇએ.

૨૪. યુવાનોએ કુંટુંબમાં માતા-પિતા પ્રત્યે સાનુકૂળ વર્તન કરવા જોઇએ.

૨૫. યુવાનોએ મિત્રજૂથ, વડિલો, શિક્ષકો, બાળકો પ્રત્યે આદરભાવ કેળવવાવા જોઇએ.

૨૬. યુવાનોમાં અસ્મિતા,ભાવમયતા,કાર્યપ્રણવતા, તેજસ્વીતા વગેરે જેવા ગુણો નિર્માણ થવા જોઇએ.

૨૭. યુવાકેન્દ્રથી યુવાનોના જીવનમાં કુટેવ-દુર્ગુણો અને ખરાબ વિચારો દૂર થાય તેવી પ્રવૃતિઓ કરવી જોઇએ.

૨૮. મનવ અને ભગવાન પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ નિર્માણ થવા જોઇએ.

૨૯. યુવાનોએ કુંટુંબના સભ્ય સાથે ઘરમાં કુંટુંબ પ્રાર્થના કરવી જોઇએ.

૩૦. યુવાનોએ પોતાના મિત્રવર્તુળને પણ યુવાકેન્દ્રથી પરિચિત કરાવવા જોઇએ.

૩૧. યુવાનોએ પથનાટ્ય, ગીતાજયંતિ, નિબંધ સ્પર્ધા, રમતોત્સવમાં ભાગ લેવા જોઇએ.

૩૨. પથનાટ્યથી ટીમ ઐક્ય, દૈવીભ્રાતૃત્વ ભાવ, નિર્ભયતા અને આત્માવિશ્વાસ જેવા ગુણો યુવાનોમાંજોવા મળે છે.

૩૩. યુવાનો ગીતના વિચારોથી પરિચિત થયા છે.

૩૪. યુવાનો દ્વારા રમતથી દૈવી વિચારોથી ક્રાંતિનુ સર્જન કરી શકે છે.

૩૫. રમતથી હાર-જીતને પચાવવાની શક્તિ વિશે સાચી સમજ નિર્માણ થાય છે.

૩૬. રમતથી યુવાનોમાં શારીરિક, માનસિક અને બૌધ્ધિક શક્તિનો વિકાસ થાય છે.

૩૭. યુવાકેન્દ્રથી યુવાનોમાં રહેલી સુષુપ્તશક્તિ, વિચારશક્તિ ખીલે છે.

૩૮. વિદ્યા પ્રેમ વર્ધન પરીક્ષાથી વાંચન ટેવ, વિદ્યા ઉપર સાચો પ્રેમ નિર્માણ થયા.

૩૯. યુવાનોને સંસ્કૃતિના વિચારોનું પુનઃરુત્થાન કરવા આવા વિચારો ખૂબ જ આવશ્યક બને છે.

૪૦. દિર્ધ-મિલન દ્વારા તપોવન પધ્ધતિથી શિક્ષણ ભગવદ સદવિચારોનું સિંચન થાય છે.

૪૧. યુવાનોના જીવનમાં ભગવદ કાર્ય કરવા માટે પ્રેરણા, ઉત્સાહ કૃતિ જેવા ગુણો નિર્માણ થાય.

૪૨. યુવાનોના જીવનમાં સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે.

૪૩. યુવાકેન્દ્ર દ્વારા ચારિત્ર્ય (શીલ) નિર્માણ થાય છે.

૪૪. યુવાકેન્દ્ર દ્વારા નચિકેત વૃતિ નિર્માણ થાય છે.

૪૫. યુવાકેન્દ્ર દ્વારા યુવાનોમાં ભાવગીતથી ભગવાન,વ્યક્તિપ્રત્યે,જીવપ્રત્યે, ભાવ નિર્માણ થાય.

૪૬. યુવાકેન્દ્ર દ્વારા કુતુહલ (પ્રશ્નો)થી વિશ્વના પ્રશ્નો, જીવનલક્ષી પ્રશ્નો, કોયડાઓ વિશેનો સાચો ઉકેલ જીવનમાં મળે છે.

૪૭. કૂતુહલ યુવાનોના જીવનમાં સંસ્કૃતિના વિચારોનુ સંસ્કરણ અને સંવર્ધન કરવામાં વૈચારિક શક્તિઓમાં વધારો થાય.

૪૮. સુર્યનમસ્કાર કરવાથી સૂર્ય જેવા તેજ, તેજસ્વી વિચારો સંક્રાંત થાય તે યુવાનોને ખ્યાલ હોવા જોઇએ.

૪૯. સૂર્યનમસ્કારથી મન પ્રફુલ્લિત, રોગમુક્ત અને સ્વસ્થ આરોગ્ય બને છે.

૫૦. વાંચનથી યુવાનોના જીવનમાં વિચારશક્તિ,સ્મરણશક્તિ,બુધ્ધિ ધારદાર, વૈચારીક

દ્રષ્ટિકોણ, સંસ્કૃતિ, વૈદિક સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના વિચારો વિશે જાણવા મળે છે.

૫૧. યુવાનો ત્રિકાળ-સંધ્યાથી માહિતગાર કરવા જોઇએ.

૫૨. યુવાનો ત્રિકાળ-સંધ્યા દ્વારા સ્મૃતિદાન, શક્તિદાન અને શાંતિદાન જીવનમાં મળે છે.

૫૩. ત્રિકાળ-સંધ્યા દ્વારા ભગવાનને કૃતજ્ઞતા વ્યક્તિ કરી શકાય.

૫૪. યુવાકેન્દ્રમાં જવાથી વિચાર,વાણી અને વર્તનમાં પરિવર્તન જોવા મળે છે.

૫૫. યુવાકેન્દ્ર દ્વારા કુંટુંબમાં સાચા સંબંધનો ખ્યાલ આવે છે.

૫૬. યુવાકેન્દ્રથી યુવાનોમાં અંધશ્રધ્ધા, વહેમ, કુરિવાજો, પરંપરા માન્યતામાં માનતા નથી પરંતુ આવા વિચારોમાં પરિવર્તન ભક્તિના માધ્યમથી જોવા મળે છે.

૫૭. યુવાકેન્દ્રથી યુવાનના જીવનમાં શિક્ષણ પ્રત્યે સજાગ,જાગ્રત,રસ, અભિરુચિમાં આજે વધારો જોવામળે છે.

૫૮. ગીતા જીવગ્રંથ છે. ગીતાના વિચારોથી યુવાનોને માહિતગાર કરાવવા જોઇએ.

૫૯. ગીતાના વિચારોમાં જ્ઞાન-કર્મ-ભક્તિનો સમન્વય જોવા મળે છે.

૬૦. ગીતાના વિચારો દ્વારા યુવાન પોતાની શક્તિ,કર્મકુશળતા,ભગવદ્ કાર્ય, પ્રભુ કાર્યાર્થ ઉપયોગ કરે છે.

૬૧. ગીતાના વિચારો જીવંત અને શાશ્વત અને વૈશ્વિકગ્રંથ તથા માનવગ્રંથ છે. એમ કહી શકાય.

૬૨. ગીતાના વિચારો કોઇ વ્યક્તિ, ધર્મ કે જાતિ,વર્ણ માટે નથી પણ પ્રત્યેક મનુષ્ય માટે છે.

૬૩. ગીતાના વિચારોમાં શ્રી કૃષ્ણ ભગવાનની ભૂમિકા સ્પષ્ટ જોવા મળે છે. તેનો ખ્યાલ યુવાનોને હોવાજોઇએ.

૬૪. ગીતા જીવનના પ્રત્યેક સમયે સુખ દુ:ખમાં આશ્વાસન પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધન ભાવિ અનેક સંશોધનનાં ક્ષેત્રોને સાચા અર્થમાં ઉજાગર કરી જતું હોય છે. પ્રસ્તુત સંશોધન પણ આનાથી અપવાદરૂપ ન હોઇ શકે. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વધુ વેગ પ્રાપ્ત થતો રહે તેથી અત્રે અહી કેટલાક વિષયો સંશોધનને કારણે સંશોધકના મનમાં ઉદ્ભવ્યા તે અહીં સુચવવામાં આવે છે. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્ય વિશાળ અને વિશ્વ વ્યાપક જોવા મળે છે. તેથી તે અંગેના સંશોધન કરવાની આવશ્યક્તાઓ રહેલી છે. તેથી તે સુચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભાવિ સંશોધકોને સાચા અર્થમાં પ્રેરણા,માર્ગદર્શન અને આશ્વાસન મળશે એવી આશા સ્વાભાવિક જ છે.

૧. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યના વિવિધ પ્રયોગોનો અભ્યાસ.

૨. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના યોગદાન ક્ષેત્રે પ્રદાન વિશેનો અભ્યાસ.

૩. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં શ્રીમદ ભગવદગીતા પાઠશાળા વૈચારિક પ્રદાન વિશેનો અભ્યાસ.

૪. શ્રી પાંડુરંગ આઠવલેજીના મત્સ્યગંધા અને યોગેશ્વર કૃષિના પ્રયોગોનો અભ્યાસ.

૫. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યની પ્રવૃતિઓનો અભ્યાસ.

૬. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્ય ભારતમાં તથા વિદેશમાં ચાલતી સ્વાધ્યાયી પ્રવૃતિઓનો તુલનાત્મક અભ્યાસ.

૭. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં શૈક્ષણિક પ્રદાન

૮. શ્રી પાંડુરંગ આઠવલેજીના વૈચારિક પંચરંગી ક્રાંતિનો અભ્યાસ.

૯. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્ય દ્વારા સામાજીક પરિવર્તન ક્ષેત્રેનો અભ્યાસ.

૧૦. શ્રી પાંડુરંગ આઠવલેજીના ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ સંસ્થાઓનો એક તુલનાત્મક અભ્યાસ.

૧૧. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યના ભાઇઓ-બહેનો અને બિન સ્વાધ્યાય ભાઇઓ-બહેનો વચ્ચેનો એક તુલનાત્મક અભ્યાસ.

૧૨. શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યના સાહિત્યમાં સ્ફુરણ થતાં વિવિધ વૈચારિક મુલ્યોનો અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન કાર્યને સંશોધક દ્વારા તટસ્થ રીતે મૂલવાનો પૂરતો પ્રયત્ન કર્યો છે. સંશોધકે સમગ્ર સંશોધન પ્રક્રિયાને અંતે નિષ્પન્ન થયેલા મુજબ તારણો તેના શૈક્ષણિક ફલિતાર્થો તથા વધુ અભ્યાસ માટે ભાવિ સંશોધનના ક્ષેત્રો માટેનાં સૂચનો દર્શાવવાનો પ્રયત્ન કર્યો. પ્રસ્તુત સંશોધનમાં યુવાકેન્દ્ર વિશેનુ સાચુ ચિત્ર આપવાનો સંશોધકનો પ્રયત્ન રહ્યો છે. આ સંશોધન દિશા સૂચન કરશે એવી સંશોધકને શ્રધ્ધા પણ ધરાવે છે. પ્રસ્તુત સંશોધન યુવાકેન્દ્રની પ્રવૃતિઓનો અભ્યાસ અંગે ભાવિ યુવાપેઢી યુવાનોને સહેજ પણ ઉપયોગી થશે તો સંશોધક અવશ્ય પરિતોષની લાગણી અનુભવશે.

## ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયમાં "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

મહાજન પ્રિયંકા એ.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ' એકમ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના કરવી.

(૨) ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના 'મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ' એકમ માટે સિદ્ધિકસોટીની રચના કરવી.

(3) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો જાણવા અભિપ્રાયવલીની રચના કરવી.

(૪) ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના 'મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ' એકમ માટે રચવામાં આવેલ સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની વર્ગખંડમાં અજમાયશ કરવી.

(૫) ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ' એકમ માટે રચવામાં આવેલ સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

(૬) ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના 'મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ'એકમ માટે રચવામાં આવેલ સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સાથે તુલના કરવી.

(૭) ધોરણ અગિયારના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગેના પ્રાયોગિક જૂથના વિધાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને ધ્યાનમાં રાખી નીચે પ્રમાણેની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

(૧) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તકાવત નહીં હોય.

(૨) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(3) નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૪) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ના ધોરણ ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નમુના તરીકે સુરત શહેરની શ્રી જવાહર વિધાલય સણીયા,કણદે ઉચ્ચતર

માધ્યમિક શાળાની પસંદગી સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી કરવામાં આવી હતી, જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રસ્તુત શાળાના ધોરણ અગિયારમાં અભ્યાસ કરતા ૫૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોડકા પદ્ધતિ દ્વારા ૨૯વિધાર્થીઓ પ્રાયોગિક જૂથ તરીકે અને ૨૯ વિદ્યાર્થીઓની નિયંત્રિત જૂથ તરીકે નમૂના પસંદગી કરવામાં આવી હતી,

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હોવાથી તેની પ્રાયોગિક યોજના તરીકે "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વકસોટી-ઉત્તરકસોટી યોજના" પસંદ કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ સંદર્ભે સંશોધક રચિત પ્રાયોગિક જૂથ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત પાઠ આયોજન, બંને જૂથના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે ૪૦ ગુણની સિદ્ધિ કસોટી અને સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત અધ્યાપનકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રીબિંદુ પર આધારિત ૨૫ વિધાનોની અભિપ્રાયવલી રચવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓ અને ઉત્કલ્પનાઓને આધારે માહિતી એકત્રીકરણ કરવા માટે શ્રી જવાહર વિદ્યાલય ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીની મંજૂરી મેળવી હતી. પ્રસ્તુત શાળાના ધોરણ અગિયારના નમૂનામાં પસંદ પામેલા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તેના સંદર્ભેની પૂર્વકસોટી આપી, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને ધોરણ અગિયારના અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" વિષયવસ્તુ પર આધારિત સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનથી અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન કાર્ય કરાવ્યા બાદ તેના સંદર્ભેની ઉત્તરકસોટી આપી, તેના આધારે મેળવેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં આવ્યું હતું, તેમજ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પાસે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન શિક્ષણકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવામાં આવે મેળવવા માટે ત્રીબિંદુઓ પર આધારિત ૨૫ વિધાનોનો અભિપ્રાયો આપવામાં આવ્યા હતા.

**માહિતીનું પૃથક્કરણ રીત**

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વ કસોટી, ઉત્તર કસોટી અને લબ્ધીઆંકના પ્રાપ્તાંકોના આધારે તેમજ વિલ્કોક્સન ચિન્હ ક્રમાંક કસોટી દ્વારા T - મૂલ્ય ની ગણતરી આવી હતી.

તેમજ અભિપ્રાયાવલિ ઉપર પ્રાપ્ત થયેલા અભિપ્રાયોને આધારે આવૃત્તિ, ટકાવારી, કાયવર્ગ, સરેરાશ ભારાંક અને અગ્રતાક્રમની અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

**સંશોધનના તારણો**

➢ સંશોધનના મુખ્ય તારણો

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત ન હતો, તેથી પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ 'મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ એકમ સંબંધિત સમાન માહિતી ધરાવતા હતા, અર્થાત્ પ્રયોગ પહેલા બંને જૂથો સમાન હતા.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો, તેથી પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પર સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પુરવાર થઇ હતી.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો,તેથી નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પર પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પુરવાર થઇ હતી.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થની સરખામણીમાં વધુ હતા. અર્થાત્ સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

આથી પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ત તારણોને આધારે કહી શકાય કે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા થયેલ

અધ્યાપન કાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

➢ વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો

પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત કરાવેલ શિક્ષણકાર્ય કેટલા પ્રમાણમાં રસપ્રદ અને અસરકારક રહ્યું તે જાણવા અંગેના અભિપ્રાયાવલીના આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ હતા.

- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને 'મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ' એકમની પ્રતિમાન દ્વારા થયેલ રજૂઆત ગમી હતી.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને ઝીણવટભર્યો અભ્યાસ કરવાની ટેવ વિકસી હતી.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુમાં આવતી દરેક સંકલ્પનાઓની ઉંડાણપૂર્વક સમજણ પ્રાપ્ત થઈ હતી.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓની વિચારવાની ક્ષમતા વિકસી હતી.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસનો નૂતન અનુભવ થયો હતો.
- વિદ્યાર્થીઓને શાળાના વિષય શિક્ષક દ્વારા આપતા શિક્ષણ કરતા સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા ભણવાની વધુ મજા પડી હતી,
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓના કોઈપણ સંકલ્પનાના આવશ્યક લક્ષણો તારવતા આવ્યું હતું.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને કોઈપણ સંકલ્પનાના ઉદાહરણ અને અનઉદાહરણ વચ્ચેનો ભેદ કરતા આવડી ગયું હતું.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અપાયેલ શિક્ષણ વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી યાદ રહેશે.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓમાં અધ્યયન કર્યા બાદ ગોખણપટ્ટી વિના વ્યાખ્યાને યાદ રાખી શક્યા હતા.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક સાથે ચર્ચામાં ભાગ લેવાનું ગમતું હતું.
- વિદ્યાર્થીઓને અન્ય પદ્ધતિ કરતાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનથી શિક્ષણ મેળવવાનું ગમ્યું હતો.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો વધારો થયો હતો.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા કરાવેલ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયની સંકલ્પના ખૂબ સરળતાથી શીખી શક્યા હતા,
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા કરાવેલ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને શિક્ષકદ્વારા જવાબ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતું હતો.
- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા કરાયેલ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી તૈયારી માટે ઉપયોગી છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો નીચે મુજબ છે.

(૧) પ્રવર્તમાન સમયમાં અર્થશાસ્ત્ર વિષયના પરંપરાગત અધ્યાપનને સ્થાને શિક્ષકે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન વ્યૂહરચનાઓ પર આધારિત અધ્યાપન કાર્ય વર્ગખંડમાં કરવું જોઈએ જેથી શિક્ષણકાર્યમાં નવીનતા સર્જી શકાય.

(૨) નમુનાના પાત્રો તરીકે પસંદ થયેલા વિદ્યાર્થીઓ શિવાય વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ અન્ય વિદ્યાર્થીઓને પણ અર્થશાસ્ત્ર વિષયના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ સંદર્ભે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી શકાય.

(૩) વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી સ્વભાવને કારણે અર્થશાસ્ત્ર વિષયના વિષયવસ્તુ સંદર્ભે શિક્ષકના કથનથી કંટાળતો હોય

છે તો સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓમાં રહેલા રસને જાળવી શકાય અને કંટાળો દૂર કરી શકાય.

(૪) શિક્ષકોને શિક્ષણક્ષેત્રે અપનાવવામાં આવતી નવીન પદ્ધતિઓથી પરિચિત કરી શકાય અને આ પદ્ધતિ દ્વારા કઠિન અને અઘરા એકમોને વધારે સારી રીતે સમજાવી શકાય.

(૫) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓની તર્ક શક્તિનો વિકાસ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં હાથ ધરી શકાય છે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા મળે તે માટે

ભાવિ સંશોધનો અંગેના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) પ્રસ્તુત સંશોધન સુરત શહેરની માત્ર એક શાળા પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ગામ, શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ શાળાઓને આવરી લઈ આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

(૨) પ્રસ્તુત સંશોધન ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-અગિયાર પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ધોરણ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા તપાસી શકાય.

(૩) પ્રસ્તુત સંશોધન ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિત શિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય

(૪) પ્રસ્તુત સંશોધન ધોરણ-અગિયારના અર્થશાસ્ત્રના "મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ" એકમ પૂરતું જ સીમિત હતું, પરંતુ અર્થશાસ્ત્રના અન્ય એકમ માટે તેમજ અન્ય વિષયો માટે પણ સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન આધારિતશિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

(૫) પ્રસ્તુત સંશોધન સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન પૂરતું જ સીમિત હતું, પરંતુ અધ્યાપનના અન્ય પ્રતિમાનો જેવા કે આગમન તર્ક પ્રતિમાન, શોધ પ્રશિક્ષણ પ્રતિમાન, એડવાન્સ ઓર્ગેનાઈઝર પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી અન્ય પદ્ધતિ સાથે તુલના કરી શિક્ષણની પદ્ધતિઓની અસરકારકતા તપાસી શકાય.

(૬) વિદ્યાર્થીઓને જાતી, વય, બુદ્ધિ, વિસ્તાર વગેરે જેવા ચલોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા તપાસી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતા એ ફલિત થાય છે કે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવવાથી વિદ્યાર્થીઓની તર્કશક્તિનો અને વિચારશક્તિનો વિકાસ કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન દ્વારા સંશોધકને મળેલ જ્ઞાન અને અનુભવ પોતાના ભાવિ વ્યવસાયને ગુણવત્તાયુક્ત અને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ થશે અને ભવિષ્યમાં સંશોધન કરનારને પ્રસ્તુત સંશોધન પથદર્શક બની રહેશે

# સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સંસ્કૃત વિષયક સજ્જતા

**મહેતા ચેતનકુમાર પી.**

**સંશોધનના હેતુઓ**

(૧) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની શબ્દ ભંડોળ વિષયક સજ્જતા જાણવી.

(૨) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની વ્યાકરણ વિષયક સજ્જતા જાણવી.

(૩) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સાહિત્ય વિષયક સજ્જતા જાણવી.

(૪) સુરત જિલ્લાના શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની અર્થ-ગ્રહણ વિષયક સજ્જતા જાણવી.

(૫) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની અનુવાદ વિષયક સજ્જતા જાણવી.

(૬) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક યોગ્યતાના સંદર્ભે સંસ્કૃત વિષયક સજ્જતાની તુલના કરવી.

**સંશોધનના પ્રશ્નો**

(૧) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની શબ્દ ભંડોળ વિષયક સજ્જતા કેવી છે?

(૨) સુરત જિલ્લાના શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની વ્યાકરણ વિષયક સજ્જતા કેવી છે?

(૩) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સાહિત્ય વિષયક સજ્જતા કેવી છે?

(૪) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની અર્થ-ગ્રહણ વિષયક સજ્જતા કેવી છે?

(૫) સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં અનુવાદ વિષયક સજ્જતા કેવી છે?

(૬) સુરત જિલ્લાના શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપન શાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક યોગ્યતાના સંદર્ભે સંસ્કૃત વિષયક સજ્જતાની તુલના વચ્ચે શું તફાવત છે?

ઉત્કલ્પના

(૧) સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની શબ્દ ભંડોળ વિષયક સજ્જતાના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

(૨) સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની વ્યાકરણ વિષયક સજ્જતાના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

(3) સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની સાહિત્ય વિષયક સજ્જતાના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

(૪) સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની અર્થગ્રહણ વિષયક સજ્જતાના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

(૫) સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની અનુવાદ વિષયક સજ્જતાના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત નહી હોય.

**ચલોની ઓળખ**

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલ તરીકે પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક યોગ્યતા લેવામાં આવી હતી, જેની બેકક્ષાઓ (૧. સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને ૨, અન્ય ભાષામાં સ્નાતક અથવા અનુસ્નાતક.)

પ્રસ્તુત સંશોધનમાં પરતંત્ર ચલ તરીકે સંસ્કૃત વિષયક સજ્જતા હતી. તેની પાંચ કક્ષાઓ ૧, શબ્દ-ભંડોળ વિષયક સજ્જતા ૨, વ્યાકરણ વિષયક સજ્જતા 3.સાહિત્ય વિષયક સજ્જતા ૪, અર્થગ્રહણ વિષયક સજ્જતા ૫, અનુવાદ વિષયક સજ્જતા.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્ર ધરાવતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો, તે અંતર્ગત સુરત જીલ્લામાં આવેલ કુલ ૧૦ શિક્ષક-

પ્રશિક્ષણ મહાવિદ્યાલયો માંથી એક શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયમાં સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓ મળ્યા ન હતા. જેથી કુલ ૯ (નવ) શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્ર નો અભ્યાસ કરતા તૃતીય સેમેસ્ટરનાં સંસ્કૃત પદ્ધતિ ધરાવતા કુલ ૮૯ પ્રશિક્ષણાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૬૮ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

૨૧ પાત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ શકી ના હતી તેની સંશોધકે મર્યાદામાં સ્વીકાર કરેલ છે.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને સંસ્કૃત વિષયક સજ્જતા કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત સંસ્કૃત વિષય સજ્જતા કસોટીની રચના કરી હતી. પરંતુ કોવિડ-૧૯ મહામારી બીમારીના કારણે પ્રત્યક્ષ કોલેજમાં જઈ માહિતી એકત્રિત કરવું શક્ય ન હતું. જેથી સંશોધકે સ્વરચિત સંસ્કૃત વિષય સજ્જતા કસોટીને ગુગલ ફોર્મમાં રચના કરી હતી. અને ગુગલ ફોર્મની લિંક ૯ શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકો દ્વારા તૃતીય સેમેસ્ટરના તાલીમાર્થીઓના whatsapp ગ્રુપમાં મોકલી માહિતી એકત્ર કરવામાં આવી હતી. પ્રશિક્ષણાર્થીઓએ તમામ સૂચનાઓ ધ્યાનમાં રાખી માહિતી પરત મોકલી હતી. કુલ ૬૮ શિક્ષક-પ્રશિક્ષણાર્થિઓ પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી અકત્રીકરણ કરવા માટે સંસ્કૃત વિષય સજ્જતા કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. ઉપકરણ દ્વારા પ્રાપ્ત માહિતીનું રૂપાંતર ગુણો (Marks)માં કરવામાં આવ્યું હતું તથા ગુણોના આધારે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરવા માટે પ્રતિશત (%), મધ્યક, મધ્યસ્થ તથા અપ્રાચાલ્ય મેટ્રિવટની ! કસોટીનો ઉપયોગ કર્યો હતો. સજ્જતા સ્તરની ઓળખ કરવા નિયત ગુણના આધારે માપદંડો નક્કી કરવામાં આવ્યા હતા.

**સંશોધનના તારણો**

સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સંસ્કૃત વિષયક સજ્જતા તપાસવા માટે સ્વયિત સંસ્કૃત વિષય સજ્જતા કસોટીની રચના કરી હતી તેના પૃથક્કરણ અને અર્થઘટનને અંતે નીપજતા સંશોધનના મુખ્ય તારણો આ મુજબ છે.

➢ સામાન્ય તારણો

- સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની શબ્દ ભંડોળ વિષયક સજ્જતા મધ્યમ કક્ષાની જોવા મળી હતી.
- સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની વ્યાકરણ વિષયક સજ્જતા મધ્યમ કક્ષાની જોવા મળી હતી.
- સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની સાહિત્ય વિષયક સજ્જતા મધ્યમ કક્ષાની જોવા મળી હતી.
- સુરત જિલ્લાનાં શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની અર્થગ્રહણ વિષયક સજ્જતા મધ્યમ કક્ષાની જોવા મળી હતી.
- સુરત જિલ્લાના શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓની અનુવાદ વિષયક સજ્જતા નિમ્ન કક્ષાની જોવા મળી હતી.

➢ શૈક્ષણિક યોગ્યતાના સંદર્ભે સંસ્કૃત વિષયક સજ્જતાના તુલનાત્મક તારણો

- સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી

ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની શબ્દ ભંડોળ વિષયક સજ્જતા એક સમાન હતી.

- સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની વ્યાકરણ વિષયક સજ્જતા એક સમાન હતી,
- સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની સાહિત્ય વિષયક સજ્જતા એક સમાન હતી.
- સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની અર્થગ્રહણ વિષયક સજ્જતા એક સમાન હતી.
- સંસ્કૃત વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતક અને અન્ય ભાષાના વિષયમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ઉપાધી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની અનુવાદ વિષયક સજ્જતા એક સમાન હતી.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત જે તારણો પ્રાપ્ત થયા છે, તેના આધાર પર સંશોધનના તમામ સૈક્ષણિક સૂચિતાર્થો નીચે પ્રમાણે છે.

(૧) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં સંસ્કૃત વિષયક સજ્જતા લાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

(૨) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકસે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(3) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં વ્યાકરણનું જ્ઞાન મેળવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૪) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં સાહિત્ય વિષયમાં રસ દાખવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૫) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાંઅર્થગ્રહણ વિષયક વધુ જ્ઞાન મેળવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૬) શિક્ષણ-પ્રશિક્ષણ મહાવિદ્યાલયોના સંસ્કૃત અધ્યાપનશાસ્ત્રના પ્રશિક્ષણાર્થીઓમાં અનુવાદ પ્રત્યે સમજ કેળવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૭) સંભાષણના વર્ગોનું આયોજન કરવું જોઈએ.

(૮) આવાસી શિબિરોનું આયોજન કરવું જોઈએ.

(૯) સંસ્કૃતિનું સંરક્ષણ તેમજ સંવર્ધન થાય તે માટે સેમિનારનું આયોજન કરવું જોઈએ.

(૧૦) સંસ્કૃત વિષયના તાનું માર્ગદર્શન મેળવવું જોઈએ.

(૧૧) શિક્ષક/અધ્યાપકોએ સંસ્કૃતના ગદ્ય, પદ્ય અને વ્યાકરણ જેવા વિવિધ પાઠો માટે શિક્ષણની નિત નવીન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૧૨) શિક્ષક અધ્યાપકે વિદ્યાર્થીઓ તરફ વ્યક્તિગત ધોરણે ધ્યાન આપી તેમની ભાષાકીય ભૂલો સુધારવી. સંસ્કૃત ભાષાના હાર્દને વિદ્યાર્થીઓ સમજે તે માટેના પ્રયાસો કરવા જોઈએ.

**ભાવિ સંશોધન માટેના નિર્દેશો**

સંશોધનનું ક્ષેત્ર ખુબ જ મોટું અને વ્યાપક છે. આથી કોઈ પણ સંશોધક એવી ખાતરી ન આપી શકે કે સંશોધન સંપૂર્ણ અને અંતિમ જ હોય. પ્રસ્તુત સંશોધનના સંબંધિત ક્ષેત્રમાં ભાવિ સંશોધન અંગેના નિર્દેશો ઓ મુજબ દર્શાવી શકાય.

(૧) પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લા પુરતું જ મર્યાદિત હતું, અન્ય જિલ્લાઓમાં આ પ્રકારના વિસ્તૃત સંશોધન હાથ ધરી શકાય.

(૨) પ્રસ્તુત સંશોધન શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓ પુરતું જ સીમિત હતું. શાળાના શિક્ષકો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓને આવરી લુઈ આવા પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

(૩) પ્રસ્તુત સંશોધન સંસ્કૃત વિષયક સજ્જતા પુરતું જ મર્યાદિત હતું, ગુજરાતી, હિન્દી અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયોની સજ્જતા પર આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

(૪) પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યના સુરત જિલ્લા પુરતું જ મર્યાદિત ન રહેતા અન્ય રાજ્યોના જિલ્લાઓમાં આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

(૫) પ્રસ્તુત સંશોધનમાં મર્યાદિત પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો પણ મોટા નમૂનાની

પસંદગી કરી આવા પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

સંશોધનના અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશની પ્રસ્તુતિ સમગ્ર સંશોધન પ્રક્રિયાના અંતમાં પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનોને સવિસ્તાર દર્શાવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રત્યેક સંશોધનની વિશિષ્ટતા તથા મર્યાદા હોય છે. જે આ સંશોધનમ પણ છે. આ પ્રકારે સંશોધકે નવા અને પ્રવર્તમાન સમયમાં શિક્ષણ ક્ષેત્રમાં ઉપયોગી વિષયમાં શોધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. સંસ્કૃત ભાષા માનવીના જીવનમાં ખુબ જ ઉપયોગી છે, આ સંશોધન દ્વારા ભવિષ્યમાં શિક્ષક-પ્રશિક્ષણ માં જોડાયેલા અધ્યાપકો. પ્રશિક્ષણાર્થીઓ તથા વિદ્યાલયોના શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન તથા દિશાસૂચન પ્રાપ્ત થશે. આવનારી પેઢીને તેના રૂચી તથા બુદ્ધિ શક્તિના અનુરૂપ જ્ઞાન પ્રાપ્ત કરવાને હેતુ સંસ્કૃત વિષયક સજ્જતા વરદાનરૂપ સિદ્ધ થશે, એવું સંશોધાકનું માનવું છે.

## ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલોજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પરમાર ક્રિષ્નાકુમારી આર.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

(૧) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષયના શિક્ષકની શૈક્ષણિક લાયકાત અને અનુભવનો અભ્યાસ કરવો,

(૨) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષયનાં શિક્ષકોની જાતિયતા અંગે અભ્યાસ કરવો.

(૩) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનાં અભ્યાસક્રમ અંગે અભ્યાસ કરવો.

(૪) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષયના ધોરણ ૯ અને ધોરણ ૧૦નાં પાઠ્યપુસ્તક અંગે અભ્યાસ કરવો,

(૫) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી અધ્યયન-અધ્યાપન પધ્ધતિનો અભ્યાસ કરવો.

(૬) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષય શિક્ષણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો,

(૭) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષય શિક્ષકોની સેવાકાલીન તાલીમ સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૮) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષય શિક્ષણ સંબંધી સમસ્યાઓ અને ઉકેલ અંગેનો અભ્યાસ કરવો

(૯) ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય પ્રત્યેની અભિરૂચિનો સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ચીખલી તાલુકાની ગુજરાતી માધ્યમની ૨૯ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નમૂના તરીકે માધ્યમિક શાળાના ૬૦ વિજ્ઞાન શિક્ષકોનો સમાવેશ કર્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત ઉપકરણ તરીકે બંધજવાબી અને મુક્તજવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે ગુગલ ફોર્મ દ્વારા શિક્ષકો પાસે પ્રશ્નાવલી ભરાવવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં બંધજવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા. મુક્તજવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

➢ વિજ્ઞાન શિક્ષકોની સામાન્ય માહિતી પરથી તારણો

- ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ મોટાભાગના વિજ્ઞાન શિક્ષકો એમ.એસસી.,બી.એડ્. જેવી શૈક્ષણિક લાયકાત ધરાવે છે.
- મોટા ભાગનાં વિજ્ઞાનના પુરૂષ શિક્ષકો છે,
- વિજ્ઞાન શિક્ષકોમાં ૧૬ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો વધુ પ્રમાણમાં હતા.

❖ બંધ જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

➢ વિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ અંગેના તારણો

- વિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ વૈજ્ઞાનિક ઢબે જ્ઞાન આપે છે.
- વિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ શિક્ષકો અસરકારક રીતે વિદ્યાર્થીને સમજાવી શકે છે.
- માધ્યમિક શિક્ષણકક્ષાએ અભ્યાસક્રમમાં પરિવર્તન આવશ્યક છે.
- વિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ જીવનલક્ષી છે.

➢ વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તક અંગેના તારણો

- વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં આકૃતિઓમાં નામ-નિર્દેશન યોગ્ય છે.
- વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક વિષયવસ્તુ સાથે સુસંગત છે.વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકનું સ્વરૂપ આકર્ષક છે,
- વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ જાતે વાંચીને સમજી શકે છે,

➢ વિજ્ઞાન વિષયમાં અધ્યયન-અધ્યાપન પધ્ધતિ અંગેના તારણો

- વિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક પધ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે છે.
- વિજ્ઞાન વિષયમાં અધ્યયન-અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓ પાસે વિવિધ ઉદાહરણો લેવામાં આવે છે.
- વિજ્ઞાન વિષયમાં અધ્યાપન કાર્ય દરમિયાન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.
- વિજ્ઞાન વિષયમાં અધ્યાપન કાર્ય માટે ઉપયોગમાં લેવાતી પધ્ધતિઓમાં વૈવિધ્યતા જોવા મળે છે.

➢ વિજ્ઞાન વિષય સંબંધિત વિવિધ પ્રવૃિત્તિઓ અંગેના તારણો

- શિક્ષકો વિદ્યાર્થીઓને વિજ્ઞાન મેળામાં ભાગ લેવા માટે મહત્તમ પ્રોત્સાહન પુરૂં પાડેછે.
- વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનાં વૈજ્ઞાનિક વલણો કેળવાય છે.
- વિજ્ઞાન વિષયમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ઓળખ માટે વિજ્ઞાનમેળો મદદરૂપ થાય છે.
- માછલીગૃહ રચના શાળામાં બિલકુલ નહીંવત પ્રમાણમાં કરવામાં આવી છે.

➢ વિજ્ઞાન વિષયની સેવાકાલીન તાલીમ અંગેના તારણો

- સેવાકાલીન તાલીમથી શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય છે.
- સેવાકાલીન તાલીમ દરમિયાન નવીન જાણકારી પ્રાપ્ત થાય છે.
- સેવાકાલીન તાલીમમાં તજજ્ઞ પૂર્વ તૈયારી સાથે આવે છે.
- સેવાકાલીન તાલીમથી વિજ્ઞાન વિષયમાં વિવિધ ઉપકરણોનાં ઉપયોગ વિશે માહિતી આપવામાં આવે છે.

❖ મુક્તજવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

➢ વિજ્ઞાન વિષયનાં અધ્યાપન માટે આપને ફાળવેલા તાસોના સંદર્ભ અંગેના તારણો

- પ્રાયોગિક કાર્ય માટે તાસોનો વધુ સમયનો અભાવ,
- સમસ્યાનું નિવારણ થાય છે.
- તાસોની સંખ્યા યોગ્ય પ્રમાણમાં છે.

➢ વિજ્ઞાન વિષયમાં સેવાકાલીન તાલીમ અંગેના તારણો

- નવીન માહિતી પ્રાપ્ત થાય છે.
- સંપૂર્ણ પાઠને તાલીમ માટે ન્યાય અપાતો નથી.
- સમસ્યાનું નિવારણ થાય છે.

➢ વિજ્ઞાન શિક્ષણ સંબંધી સમસ્યાઓ અને તે સમસ્યા ઉકેલ અંગેના તારણો

- સાધનનો અપૂરતા પ્રમાણ અને તેના ઉકેલ સ્વરૂપે અન્ય વૈકલ્પિક સાધનોનો ઉપયોગ
- પદાર્થોની સમયસર પ્રાપ્તિ નથી અને તેના ઉકેલ સ્વરૂપે મોટી શાળામાંથી પ્રાપ્ત કરવામાં આવે છે.

➢ વિજ્ઞાન વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરૂચિ અંગેના તારણો

- વિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક કાર્ય પ્રત્યે વિદ્યાર્થીઓ વધુ અભિરૂચિ ધરાવે છે.
- વિજ્ઞાન વિષયમાં પાઠયપુસ્તકના અધ્યયનમાં મધ્યમ અભિરૂચિ ધરાવે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં તારણોના આધારે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવામાં આવ્યા છે.

(૧) વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષય પ્રત્યે રસ વધે એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ. “

(૨) અભ્યાસક્રમમાં વિષયવસ્તુ યોગ્ય પ્રમાણમાં રાખવું જોઈએ.

(૩) વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન કરતાં થાય એ હેતુથી વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૪) વિજ્ઞાન શિક્ષણ માટે ફક્ત પાઠયપુસ્તકનો જ ઉપયોગ ન કરતા વિજ્ઞાન સંબંધિત અન્ય સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ.

(૫) વિજ્ઞાન શિક્ષણ અંતર્ગત વિવિધ મોડેલોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

(૬) શિક્ષકોએ અધ્યાપનકાર્ય વૈયકિતક તફાવતોને ધ્યાનમાં રાખી કરવું જોઈએ.

(૭) વિજ્ઞાન વિષયને વિદ્યાર્થીઓમાં પ્રિય બનાવવા વિજ્ઞાન પ્રદર્શન યોજવું જોઈએ.

(૮) શાળામાં વિજ્ઞાન મંડળની સ્થાપના કરવી જોઈએ.

(૯) વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના જ્ઞાનમાં વધારો થાય એ માટે વિજ્ઞાન ક્વિઝનું આયોજન કરવું જોઈએ.

(૧૦) વિદ્યાર્થીઓને પાસ કરવાનું વલણ દૂર કરવું જોઈએ.

**ભાવિ સંશોધનનાં ક્ષેત્રો**

(૧) નવસારી જિલ્લાની ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ મહાવિદ્યાલયોમાં વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૩) ચીખલી તાલુકામાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૪) નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૫) નવસારી જિલ્લામાં માધ્યમિકક્ષાએ વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ, સંશોધનના તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવવાનો ઉપમ રાખ્યો હતો. આજનો યુગ એ વિજ્ઞાનનો યુગ છે. અનેક સુવિધાઓના કારણે જીવન સરળ બન્યું છે આથી આજના જમાનામાં વિજ્ઞાન શિક્ષણનું મહત્વ ખૂબ જ છે. વિજ્ઞાન શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે અને માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી તેમાં સુધારો લાવવા મદદરૂપ નીવડી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા ચીખલી તાલુકામાં માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન અને ટેક્નોલોજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો, પ્રસ્તુત સંશોધન વિજ્ઞાન શિક્ષકો, વિજ્ઞાન વિષયમાં રસ ધરાવતા સંશોધકો, સરકાર વગેરેને ઉપયોગી નીવડશે એવી, સંશોધકની નમ્ર આશા છે.

# માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

પરમાર વશિષ્ઠકુમાર વી.

**અભ્યાસના હેતુઓ**

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળના વિદ્યાર્થીઓની સમસ્યા અંગે પ્રસ્તુત

અભ્યાસના હેતુઓ નીચે મુજબ નિર્દેશિત કરવામાં આવ્યા હતા.

૧) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો,

૩) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભાવાત્મક સમસ્યાઓ જાણવી.

૪) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને નડતી ભૌતિક સમસ્યાઓનો અભ્યાસ કરવો

૫) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષક વર્તન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૭) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વર્તન સંબંધી સમસ્યા અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

૮) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સંબંધિત શિક્ષકો પાસેથી અન્ય સમસ્યાઓ જાણવી.

**અભ્યાસના પ્રશ્નો**

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યા આધારિત પ્રશ્નો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતા.

૧) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓ કેવા પ્રકારની હશે?

૨) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ કઈ હશે?

૩) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભાવાત્મક સમસ્યાઓ કેવી હશે?

૪) માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને નડતી ભૌતિક સમસ્યાઓ કઈ હશે?

૫) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કેવી હશે?

૬) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષક વર્તન સંબંધિત સમસ્યાઓ કઈ હશે?

૭) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વર્તન સંબંધી સમસ્યા અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

૮) માંગરોળ તાલુકાની લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સંબંધિત શિક્ષકો પાસેથી અન્ય સમસ્યાઓ કઈ હશે?

**અભ્યાસની પદ્ધતિ**

માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

માંગરોળ તાલુકાની મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યા અંતર્ગત ઉદ્દેશો અને પ્રશ્નો સિદ્ધ કરવા માટે વ્યાપવિશ્વ તરીકે માંગરોળ તાલુકાની સાત મુસ્લિમ લઘુમતી શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે નમૂના તરીકે મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના ધોરણ ૯ના શાળાદીઠ ૨૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક નમૂના પસંદગી પ્રયુક્તિ દ્વારા પસંદગી કરવાનું નક્કી થયું હતું. નમૂનામાં સમાવિષ્ટ ૧૪૦ વિદ્યાર્થીઓ હતા.પરંતુ કોવિડ ૧૯ની વૈશ્વિક મહામારીને કારણે નમૂનામાં ૭ શાળાના વિદ્યાર્થઓની હાથવગા નમૂના પ્રયુક્તિ દ્વારા ૪૩

વિદ્યાર્થીઓને અંતિમ નમૂના તરીકે પસંદગી પામેલ હતા. ઉપરાંત શાળાના માધ્યમિક વિભાગના શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૩૬ જેટલા શિક્ષકો નો સમાવેશ થયો હતો.

**ઉપકરણની સંરચના**

માહિતી એકત્રીકરણ માટે સંશોધકે ઉપકરણ તરીકે મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વરચિત બંધ જવાબી સમસ્યાસૂચિ જેમાં કુલ ૬ વિભાગોમાં ૧૧૦ વિધાનો હતા. જ્યારે શિક્ષકો માટે કુલ ૧૬ વિધાનો વાળી અભિપ્રાયાવલિ રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

સંશોધકે કોવિડ ૧૯ની વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ હોવાને કારણે નમૂનામાં સમાવિષ્ટ જઉવિદ્યાર્થીઓની વ્યક્તિગત મુલાકાત લઇ સ્વરચિત બંધજવાબી સમસ્યાસૂચિ ભરાવી આવી હતી. જ્યારે મુસ્લિમ લઘુમતી શાળામાં આચાર્યશ્રીની ટેલિફોનિક સંપર્ક સાધી પરવાનગી મેળવી શિક્ષકોના અભિપ્રાય ઓફલાઈન મેળવ્યા હતા જ્યારે કેટલાક શિક્ષકોએ ગુગલ ફોર્મના માધ્યમથી અભિપ્રાયો આપ્યા હતા આમ કુલ ૩૬ જેટલા શિક્ષકોએ અભિપ્રાયો આપ્યા હતા.

પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ અંક શાસ્ત્રીય પદ્ધતિ મુજબ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચાર ઓની ટકાવારી કાઢવામાં આવી હતી અને તેના આધારે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. જ્યારે શિક્ષકોના અભિપ્રાયોનું કાઈવર્ગ મૂલ્ય શોધવામાં આવ્યું હતું તથા તેના અનુસંધાને સાર્થકતાની કક્ષા નક્કી કરી સરેરાશ ભારાંક આપવામાં આવ્યો હતો અને અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો.

**અભ્યાસના તારણો**

વિદ્યાર્થીઓના સમસ્યાસૂચિને આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. શાળાએ જવા માટે રીક્ષા બસનું ભાડુ પોષાતું ન હતું.

૨. પ્રોજેક્ટ કાર્ય સંદર્ભે ખર્ચ થતો ન હતો.

૩. લઘુમતી વિદ્યાર્થીઓ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે શૈક્ષણિક પ્રવાસમાં જોડાય શકતા નથી.

૪. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓના ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળી હતી.

૫. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટેના પુસ્તકો /નોટબુકનો ખર્ચ ઓછા તો નથી.

૬. લઘુમતી વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબની વસ્તુઓ વાપરવા માટે વાલી તરફથી યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવતી ન હતી.

૭. સરકાર દ્વારા શિષ્યવૃત્તિનો પુરતો લાભ પ્રાપ્ત થતો ન હતો.

૮. શિષ્યવૃત્તિની રકમ ઘરખર્ચમાં વપરાય જાય છે.

૨. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. લઘુમતી શાળા ના વિદ્યાર્થીઓ અને સામાજિક પ્રસંગમાં જવાનું ખૂબ ગમે છે પણ અભ્યાસ બગડે તેની ચિંતા પણ સતાવે છે,

૨. લઘુમતીશાળાના વિદ્યાર્થીઓ સમાજના ખોટી બાબતો માટે નિતી નિયમોનો ભંગ કરી શકતા નથી.

૩. સમાજની પ્રગતિ શિક્ષણ દ્વારા થતી હોવા છતાં સમાજમાં કન્યા કેળવણીને મહત્વ અપાતું નથી.

૪. સામાજિક પ્રસંગોએ પરીક્ષા સમયે ધ્યાન અપાતું નથી.

૫. ભણેલી વ્યક્તિ સમાજમાં આગવું સ્થાન ધરાવે છે પણ તેની કદર કરવામાં આવે છે.

૬. સમાજના ખોટા રીતરિવાજો એ બંધનમાં બાંધી રાખ્યા ન હતા.

૭. સમાજ દ્વારા સારા કાર્ય માટે કોઈ પ્રોત્સાહન મળતું ન હતો.

૮. સગા સંબંધીઓ અભ્યાસ પાછળ વધુ ખર્ચ થવાને કારણે મદદરૂપ બને છે.

૩. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભાવાત્મક સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભાવાત્મક સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓ નિખાલસ/ પ્રેમાળ સ્વભાવને કારણે લાગણીશીલ બની શકતા નથી.

૨. અન્યને દુઃખી જોઈ મદદ કરવાની વૃત્તિ ધરાવતા હતા.

૩. વિદ્યાર્થીઓની વાતોને ન કરતા પણ ખોટું લાગતું ન હતો.

૪. સારા વર્તનને કારણે શિક્ષકો દ્વારા પ્રોત્સાહન મળતું હતુ.

૫. વિદ્યાર્થીઓ અન્યનું ગેર વર્તન સહન કરી શકતા ન હતા.

૬. શાળામાં બનતા બનાવો વિદ્યાર્થીઓને સમાજસેવા તરફ પ્રેરતા હતા.

૭. વિદ્યાર્થીઓ ભૂલને સ્વીકારી શકતા ન હતા.

૮. વિદ્યાર્થીઓને જૂથ અભ્યાસ કરવાનું ગમે છે પણ શાળામાં જૂથ અભ્યાસ કરવામાં આવતો ન હતો.

૯. વિદ્યાર્થીઓને સાથી મિત્રોમાં નાસ્તો કે જમવાનું વહેંચવું ગમતું હતું.

૪. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. લઘુમતી શાળા પાસે પૂરતા પ્રમાણમાં રમતગમતના સાધનો ઉપલબ્ધ ન હતા.

૨ શાળાઓ પાસે કોમ્પ્યુટર લેબમાં કોમ્પ્યુટરની સંખ્યા વિદ્યાર્થીના પ્રમાણ મુજબ યોગ્ય નથી.

૩. લઘુમતી શાળા પાસે રમતનું મેદાન વિશાળ છે પણવિદ્યાર્થીઓને રમાડતા હતા.

૪. લઘુમતી શાળાની વિદ્યાર્થીની બહેનો માટે નમાજ માટે અલગ ઓરડાની વ્યવસ્થા ન હતી.

૫. શાળા પાસે વિદ્યાર્થીના અવરજવર માટે બસ ન હતી.

૬. શાળા પાસે સંગીતના પૂરતા સાધનો છે પણ તેનો ઉપયોગ કરવામાં આવતો ન હતો.

૭. શાળામાં પ્રયોગખંડ, ચિત્રકલાખંડ અલગ અલગ જોવા મળતા ન હતા.

૫. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓ બસ કે રિક્ષા દ્વારા શાળાએ સમયસર ના પહોંચે તો અભ્યાસ બગડતો હતો.

૨. લઘુમતી શાળાના કડક નિયમોને કારણે શાળાના આચાર્યનો સ્વભાવ ઉગ્ર લાગતો હતો

૩. કેટલાક વિદ્યાર્થીઓને વિષય શિક્ષકનો સ્વભાવ વધુ લેસન આપવાને કારણે ગમતો ન હતો.

૪. વિદ્યાર્થીઓને આ ધોરણનું સમજાતું નથી અને આગલા ધોરણનું સમજાશે નહીં એ બાબતની સતત બીક લાગતી હતી.

૫. ગાઈડ (નવનીત )હોવાને કારણેલઘુમતી શાળાના વિદ્યાર્થીઓને ચોપડી (પાઠ્યપુસ્તક) વાંચવાનો કંટાળો આવતો હતો.

૬. લઘુમતી શાળાના શિક્ષકો ખૂબ સારું ભણાવે છે પણ વિદ્યાર્થીઓનું વર્ગખંડમાં ધ્યાન રહેતું નથી.

૭. વિદ્યાર્થીઓ લેસન ન લાવતા એકથી વધુ વખત શિક્ષકો લખવા આપે છે.

૮. વિદ્યાર્થીઓની ફરિયાદ બદલ સારામાં વાલીને વારંવાર બનાવવામાં આવતા નથી.

૯. પુસ્તકાલયમાં પુસ્તકો આપતા ન હોવાથી માત્ર નામના જ જોવા મળે છે.

૬. મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શિક્ષક વર્તન સબંધિત સમસ્યા અંગેના તારણો

મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શિક્ષક વર્તન સબંધિત સમસ્યા અંગેના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

૧. મુશ્કેલીના સમય દરમિયાન શાળાના શિક્ષકો માટે માટે આવ્યા હતા.

૨. વારંવાર ગેરહાજર રહેતા શાળાના શિક્ષકો ઠપકો આપતા હતા.

૩. શિક્ષકો વિદ્યાર્થીની લાગણી સમજી શકતા હતા.

૪. રિસેસ દરમિયાન સ્ટાફરૂમમાં મદદ માંગવા જતા મદદરૂપ બન્યા હતા.

૫. વારંવાર શિક્ષક તરફથી પરિણામ બગડવાની ચેતવણી મળતી હતી.

૬. વર્ગખંડમાં શિક્ષકો ગૃહકાર્ય તપાસના ન હતા.

૭. શિક્ષકો વારંવાર ગેરહાજર રહેવા ને કારણે અભ્યાસ બગડતો હતો.

➢ મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોના આધારે પ્રાપ્ત થયેલા તારણો

પ્રસ્તુત અભ્યાસ અંગે મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના શિક્ષકોના થયેલા અભિપ્રાયોના આધારે તારણો નીચે મુજબ હતા

વિદ્યાર્થીઓના વર્તન સંબંધિત સમસ્યા અંગે શિક્ષકોના પ્રાપ્ત થયેલા અભિપ્રાયો અંગેના તારણો

માંગરોળ તાલુકાના મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વર્તન સંબંધી સમસ્યા અંગે શિક્ષકોના પ્રાપ્ત થયેલા અભિપ્રાયોના આધારે તારણો નીચે મુજબ હતા.

૧. લઘુમતી ન ધરાવતા વિદ્યાર્થીઓ પરત્વે શિક્ષકોનું વર્તન સંતોષકારક જણાતું હતું.

૨. અન્ય ધર્મના વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યમાં બાધા પ્રશ્નો ઊભા થતા ન હતા.

૩. વિદ્યાર્થીઓ પ્રશ્નો જાતે નિરાકરણ લાવે છે.

૪. લઘુમતી શાળાના ઘણા વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યા જોવા મળે છે.

૫. અન્ય ધર્મના વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને રહે છે.

૬. લઘુમતી ધરાવતા વિદ્યાર્થીઓ પ્રત્યે સમાજનું વર્તન લઘુતાગ્રંથિથી પીડિત નથી.

૭. શાળામાં થતી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ વધુ રસ ધરાવે છે.

૮. સંસ્થાનું ટ્રસ્ટ વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્યમાં નવીનતા લાવવાનો પ્રયત્ન કરે છે.

વિદ્યાર્થીઓના વર્તન સંબંધિત સમસ્યા અંગે શિક્ષકોના પ્રાપ્ત થયેલા અન્ય અભિપ્રાયો અંગેના તારણો

માંગરોળ તાલુકાના મુસ્લિમ લઘુમતિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વર્તન સંબંધી સમસ્યા અંગે શિક્ષકોના પ્રાપ્ત થયેલા અન્ય અભિપ્રાયોના આધારે તારણો નીચે મુજબ હતા.

૧. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે રૂચિ ઓછી જોવા મળે છે.

૨. શિક્ષણની બાબતમાં લઘુમતી શાળામાં ભણતા વાલીઓનું પોતાના બાળક તરફ ધ્યાન ઓછુ જોવા મળે છે.

૩. પહેલા કરતાં લઘુમતીમાં થોડા અંશ બાદ દીકરીઓને ભણાવતા થયા છે.

૪. મહદંશે ઘણી વિદ્યાર્થીનીઓ ધોરણ ૧૦ પછી અભ્યાસ છોડી દે છે.

૫. લઘુમતી શાળાની કેટલીક વિદ્યાર્થીનીઓના વાલીઓ સહઅભ્યાસિક પ્રવૃત્તિ કરવા માટે સજાગ નથી.

૬. વાલીઓ ઘરે અભ્યાસ અંગે મહેનત કરાવતા નથી ફક્ત શાળા કક્ષાએ જ મહેનત થાય છે.

૭. વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બને તે રીતે અભ્યાસક્રમ જરૂરી છે.

૮. વિદ્યાર્થીઓને સામાજિક સમસ્યાઓ જેવી કે માતા-પિતા છૂટાછેડા, અન્ય લગ્નેત્તર સંબંધોને કારણે વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં આવવા માટે સમસ્યા ઊભી થાય છે.

૯. મોટાભાગના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં શું કરવા ઈચ્છે તે સ્પષ્ટ હોતા નથી.

૧૦. કેટલાક વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથિનો ભોગ બને છે.

૧૧. લઘુમતી શાળાના વિદ્યાર્થીઓ અભ્યાસ નું મહત્વ જાણતા નથી.

૧૨. લઘુમતી સમાજના મોટાભાગના વિદ્યાર્થીઓ પર તેના સાથી મિત્રોને વર્તણૂકની અસર જોવા મળે છે

**શૈક્ષણિક સૂચિતાર્થો**

સંશોધકે સંશોધન દરમિયાન ઘણીબધી બાબતોના અભ્યાસ બાદ કેટલા શૈક્ષણિક સૂચિતાર્થો નિર્ધાર્યા છે. જે આવનારા સમયમાં અન્ય અન્ય લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો અને ટ્રસ્ટી મંડળને ઉપયોગી સાબિત થશે. જે નીચે મુજબ છે.

૧. લઘુમતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

૨. શાળામાં મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને નોટ ચોપડાની વ્યવસ્થા કરી આપવી જોઈએ.

૩. દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે vahanni વ્યવસ્થા શાળાએ કરવી હિતાવહ રહેશે.

૪. વિદ્યાર્થીઓના વાલીનો વાલીમિટિંગ માં આવશ્યક જોડાવું જોઈએ.

૫. સરકાર દ્વારા મહિલા શિક્ષણ માટે લઘુમતી વિદ્યાર્થીનીઓને સાઇકલની સુવિધા આપવી જોઈએ.

૬. સમાજ દ્વારા હોશિયાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવા જોઈએ.

૭. પરીક્ષા દરમિયાન એવા કોઈ પણ પ્રસઁગો મનાવવા ન જોઈએ.

૮. માતાપિતાએ વિદ્યાર્થીઓને પૂરતો સહકાર આપવો જોઈએ.

૯. શાળા દ્વારા સર્વધર્મ સમભાવni લાગણી વ્યક્ત થાય એવા ગુણ વિકસાવવા જોઈએ

**ભાવિ અભ્યાસના ક્ષેત્રો**

પ્રત્યેક અભ્યાસ એક નવા અભ્યાસ માટે દિશાસૂચન કરતું હોય છે. અભ્યાસ કાર્ય દરમિયાન અધ્યેતાની નજર સમક્ષ અભ્યાસ સંબંધિત કેટલીક નવીન સમસ્યા આવતી હોય છે. અધ્યેતાએ પોતાના અભ્યાસ કાર્ય દરમિયાન અનુભવાયેલા પ્રશ્નો ભાવિ અભ્યાસના ક્ષેત્ર બની રહે છે. જે નીચે મુજબ ભાવિ અભ્યાસના ક્ષેત્ર નક્કી કરી શકશે.

૧. માંગરોળ તાલુકાની લઘુમતી શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણ વિષયક પરિસ્થિતિનો અભ્યાસ.

૨. માંગરોળ તાલુકાની લઘુમતી શાળાની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

૩. લઘુમતી સમાજમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત કન્યાઓની સમસ્યાઓનો અભ્યાસ.

૪. લઘુમતી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનીઓના વાલીઓનો સ્ત્રી કેળવણી અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

૫. લઘુમતી અને બિન લઘુમતી માધ્યમિક શાળાનો તુલનાત્મક અભ્યાસ.

૬. લઘુમતી સમાજમાં શૈક્ષણિક પછાતપણા માટે જવાબદાર કારણોનો વિવેચનાત્મક અભ્યાસ.

૭. લઘુમતી શાળાના શિક્ષકોના અધ્યાપન સંબંધિત પરિસ્થિતિનો અભ્યાસ.

૮. લઘુમતી શાળામાં અભ્યાસ કરતા શિક્ષકોનો વ્યવસાયિક અભિરુચિ અંગેનો અભ્યાસ.

## જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછીસમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ

પટેલ ભૂમિકાબેન વી.

**સંશોધનના હેતુઓ**

(૧) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવા સમસ્યા ઓળખસૂચિની રચના કરવી.

(૨) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી,

(૩) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સહઅભ્યાસક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૪) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણવી,

(૫) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓ જાણવી.

(૬) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓનીભૌતિક સમસ્યાઓ જાણવી.

(૭) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની.કૌટુંબિક સમસ્યાઓ જાણવી.

(૮) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ જાણવી.

(૯) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓના ઉકેલો શિક્ષકો પાસેથી મેળવવા,

**સંશોધનના પ્રશ્નો**

(૧) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૨) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સહઅભ્યાસક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ કઈ કઈ છે?

(૩) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓનીમનોવૈજ્ઞાનિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૪) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૫) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૬) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૭) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ કઈ કઈ છે?

(૮) જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓના ઉકેલો કયા-કયા છે.

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે જલાલપોર તાલુકામાં આવેલ સરકારી, અનુદાનિત અને ખાનગી આમ કુલ ૨૮ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં માછી સમાજના તમામ વિદ્યાર્થીઓ અને આ માછી સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા તમામ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં ૧૨ શાળાઓમાં અભ્યાસ કરતાં ૩૭૦ માછી સમાજના વિદ્યાર્થીઓ અને તેમને અભ્યાસ કરાવતા ૧૦૫ શિક્ષકોનો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણની પસંદગી અને સંરચના**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એ. કરવા માટે સમસ્યા ઓળખસૂચિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલીની પસંદગી કરવામાં આવી હતી. સંશોધનના હેતુઓને અનુરૂપ પ્રમાણિત ઉપકરણો ઉપલબ્ધ નથી, તેથી બંને ઉપકરણો સ્વરચિત હતા. જેમાં પ્રારંભિક સ્વરૂપથી શરૂ કરી અંતિમ સ્વરૂપ સુધીનાં ઉપકરણોમાં તજજ્ઞોના માર્ગદર્શનથી રચવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ માટેની સમસ્યા ઓળખસૂચિમાં સાત વિભાગોમાં સમસ્યા વહેંચવામાં આવી હતી જેમાં કુલ ૮૦ વિધાનોની રચના કરવામાં આવી હતી. અને શિક્ષકો માટેની મુક્ત જવાબી પ્રશ્નાવલીમાં કુલ પાંચ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધન માટે જલાલપોર તાલુકાની માધ્યામિક શાળાઓમાં અભ્યાસ કરતાં માછી સમાજના વિદ્યાર્થીઓ અને તેમને અભ્યાસ કરાવતા શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. કોવિડ–19 મહામારીને કારણે શાળા-કૉલેજનું શિક્ષણ કાર્ય ઓનલાઇન ચાલતું હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવા માટે સમસ્યા ઓળખસૂચિનું ગુગલફોર્મમાં રૂપાંતર કરવામાં આવ્યું હતું. સંશોધન હેઠળની બધી જ શાળાઓના આચાર્યોનો પ્રત્યક્ષ સંપર્ક સાધી, પ્રસ્તુત સંશોધન તથા ગુગલફોર્મ વિશે માહિતગાર કરી, વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન માહિતી મેળવવા બાબતે રજૂઆત કરી મંજૂરી મેળવવામાં આવી હતી. મંજૂરી મેળવ્યા બાદ નમૂનામાં પસંદ કરેલા વિદ્યાર્થીઓને વોટ્સએપ દ્વારા ગુગલફોર્મ મોકલવામાં આવ્યું હતું. ગુગલફોર્મ તરીકે રજૂ કરેલ સમસ્યા ઓળખસૂચિમાં વિદ્યાર્થીઓએ પ્રતિચારો આપી સબમિટ કર્યા હતા. તથા કેટલાક વિદ્યાર્થીઓને મોબાઈલ-ફોન અને નેટવર્કની સુવિધા બાબતે સમસ્યા જણાતા શાળાના આચાર્યોનો સહકાર મેળવી શાળાના આચાર્યો દ્વારા વિદ્યાર્થીઓને સમસ્યા શાળાના આચાર્યોનો સહકાર મેળવી શાળાના આચાર્યો દ્વારા વિદ્યાર્થીઓને સમસ્યા ઓળખસૂચિ મોકલવામાં આવી હતી. સમસ્યા ઓળખસૂચિના વિધાનો વિદ્યાર્થીઓએ ત્રણ થી ચાર દિવસોમાં ભરી પરત કર્યા હતા. ગુગલફોર્મના આધારે ૧૭૮ વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અને ૯૬ વિદ્યાર્થીઓ પાસેથી ઓફલાઈન સમસ્યા ઓળખસૂચિ દ્વારા માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

માહિતી એકત્રીકારણનો સમયગાળો ઓક્ટોબર ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦ સુધીનો રાખવામા આવ્યો હતો જે સમયે શિક્ષકો શાળામાં કાર્યરત હોવાથી શિક્ષકોનો પ્રત્યક્ષ સંપર્ક કરી શિક્ષકો પાસેથી માહિતી મેળવવા માટે મુક્તજવાબી પ્રશ્નાવલી ભરાવવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક તેમજ ગુણાત્મક એમ બંને પ્રકારે માહિતી પ્રાપ્ત થઈ હતી, જેનું સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આવૃત્તિઓ, ટકાવારી, શતમાનના તફાવતની સાર્થકતા અને તીવ્રતાક્રમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જ્યારે શિક્ષકોના મુક્ત જવાબી પ્રશ્નોના પ્રાપ્ત થયેલ ઉત્તરોનું સામાન્યીકરણ કરી ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે રચાયેલી સમસ્યા ઓળખસૂચિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી. તેના પૃથક્કરણ અને અર્થઘટનને અંતે નિપજતા સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ છે.

➢ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ અંગેના તારણો

- વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી ન બોલે તો શિક્ષકો ઠપકો આપે છે.
- શિક્ષણ કાર્યમાં માછી સમાજ વિશે હલકા ઉદાહરણો આપવામાં આવે છે.
- બોલી ને કારણે બીજી જ્ઞાતિના મિત્રો હસી ઉડાવે છે.
- શિક્ષકોને પ્રશ્નો પૂછવામાં વિદ્યાર્થીઓ શરમ અનુભવે છે.

➢ વિદ્યાર્થીઓની સહ-અભ્યાસક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

- શાળામાંથી મત્સ્ય ઉદ્યોગ સંબંધિત ક્ષેત્રે મુલાકાતનું આયોજન થતું નથી.
- માછી સમાજના વિવિધ તહેવારોની ઉજવણી શાળામાં થતી નથી.
- વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગેના તારણો
- માછી સમાજના વિદ્યાર્થીઓ વિશે અન્ય સમાજના વિદ્યાર્થીઓ નબળું બોલે ત્યારે તેઓ માનસિક રીતે હતાશ થઈ જાય છે.
- નાની ઉંમરે લગ્ન નક્કી થઈ જતા હોવાથી માનસિક તાણ અનુભવે છે.
- વ્યસનને કારણે ઝઘડા થતા હોવાથી માનસિક તાણ અનુભવે છે.
- શિક્ષકોને પ્રશ્નો પૂછતા વિદ્યાર્થીઓને અપમાનિત થવાનો ડર લાગે છે.

➢ વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓ અંગેના તારણો

- માતા-પિતા માછીમારનો વ્યવસાય કરે છે. ક્યારેક માછલી ન પકડાતા કે ન વેચાતા આર્થિક સમસ્યા ઉભી થાય છે.
- શિષ્યવૃત્તિની રકમ ઘરના ખર્ચમાં વપરાય છે.
- અભ્યાસને લગતી બધી સાધન-સામગ્રી ખરીદી શકતા નથી.
- પૈસાના અભાવે શૈક્ષણિક પ્રવાસોમાં જઈ શકતા નથી.
- કુટુંબની ઓછી આવકમાં અભ્યાસનો ખર્ચ પહોંચી વળાતો નથી.

➢ વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓ અંગેના તારણો

- ઘરમાં વાંચન લેખન કરવા માટે અલગ રૂમની વ્યવસ્થા નથી.
- દરિયાઇ વિસ્તારમાં ઘર હોવાથી વારંવાર પવન ફૂંકાતા વીજળીના તાર તૂટે છે જેથી વિજળી વારંવાર જાય છે.
- ચોમાસાની ઋતુમાં ઘરની આસપાસ પાણી ભરાઈ જવાથી શાળાએ રજા પાડવી પડે છે.
- દરિયાઈ વિસ્તારના ગામડામાં બસ નિયમિત ન મળતી હોવાથી શાળાએ સમયસર પહોંચવામાં મુશ્કેલી પડે છે.

- ➢ વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ અંગેના તારણો
- માતા-પિતા વધુ ભણ્યા ન હોવાથી તેઓ શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થઈ શકતા નથી.
- પરિવારમાં વારંવાર ઝઘડા થતા હોવાથી ભણવામાં ધ્યાન આપી શકાતું નથી,
- ➢ વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યા અંગેના તારણો
- માછી સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ જોવા મળે છે.
- માછી સમાજમાં દારૂ જેવા વ્યસનો વધુ જોવા મળે છે.
- વહેમ અને અંધશ્રદ્ધાનો વિરોધ કરો તો તેને સમાજ સ્વીકારતો નથી,
- વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સમાજ આર્થિક મદદ કરતો નથી.
- ➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ શૈક્ષણિક સમસ્યાઓ અંગેના તારણો
- વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી ભાષા બોલવામાં મુશ્કેલી અનુભવે છે.
- વિદ્યાર્થીઓમાં પાયાનું જ્ઞાન નબળું જોવા મળ્યું.
- વિદ્યાર્થીઓ ઊંડાણ-પૂર્વક વિષયવસ્તુ સમજી શકતા નથી.
- વિદ્યાર્થીઓના લખાણમાં એમની લોકબોલીનો વધારે ઉપયોગ થાય છે.
- વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પૂરતું માર્ગદર્શન મળતું નથી .
- ➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ સહ-અભ્યાસક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો
- વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી ભાષા બોલવામાં મુશ્કેલી અનુભવે છે.
- વિદ્યાર્થીઓમાં પાયાનું જ્ઞાન નબળું જોવા મળ્યું.
- વિદ્યાર્થીઓ ઊંડાણ-પૂર્વક વિષયવસ્તુ સમજી શકતા નથી.
- વિદ્યાર્થીઓના લખાણમાં એમની લોકબોલીનો વધારે ઉપયોગ થાય છે.
- વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પૂરતું માર્ગદર્શન મળતું નથી.
- ➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ સહ-અભ્યાસ પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો
- વિદ્યાર્થીઓ સહ અભ્યાસક પ્રવૃત્તિમાં રસ દાખવતા નથી.
- સહ-અભ્યાસક પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળતું નથી.
- શાળામાં ઈતર પ્રવૃત્તિઓ માટેના સાધન સામગ્રીનો અભાવ જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ ભાષા સાથે સંબંધિત (વકૃત્વ) પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી.
- ➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગેના તારણો
- વિદ્યાર્થીઓ પોતાના વિચારો રજૂ કરવામાં શરમ અનુભવે છે.
- વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછવામાં સંકોચ અનુભવે છે.
- વિદ્યાર્થીઓ અભ્યાસમાં એકાગ્રતા કેળવી શકતા નથી.
- વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સતત ચિંતામાં રહે છે.
- નાની ઉંમરે લગ્ન નક્કી થઈ જતા હોવાથી વિદ્યાર્થીઓ માનસિક તાણ અનુભવે છે.
- ➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ સામાજિક સમસ્યાઓ અંગેના તારણો
- સમાજના વડીલો તરફથી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પૂરતું માર્ગદર્શન મળતું નથી.
- વિદ્યાર્થીઓને માછી સમાજની સામાજિક સંસ્થાઓ દ્વારા મદદ મળતી નથી.
- સમાજમાં વ્યસનનું પ્રમાણ વધારે છે .
- સમાજમાં બિનજરૂરી રીતરિવાજોનું પ્રમાણ વધારે જણાય છે,

- માછી સમાજમાં નાની વયે લગ્ન નક્કી કરી દેવા જેવા કુરિવાજોનું પ્રમાણ વધારે છે.

➢ માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની તીવ્રતમ સમસ્યા ઉકેલ અંગેના તારણો

- વિદ્યાર્થીઓ શિક્ષણમાં આગળ વધે એ માટે યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડવું.
- સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓ માટે વિવિધ સેમિનાર અને સ્પર્ધાઓનું આયોજન કરવુ,
- સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારવું.
- શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ એકબીજા સાથે સંકલન સાધી શકે એવું વાતાવરણ ઊભું કરવું.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓને મુઝવતી સમસ્યાઓના ઉકેલ માટે નીચે પ્રમાણેના સૂચિતાર્થો આપી શકાય.

(૧) માછી સમાજના વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી ન બોલે તો શિક્ષકોએ ઠપકો આપવાને બદલે વિદ્યાર્થીઓની ભાષાશુદ્ધિના પ્રયત્નો કરવા જોઈએ.

(૨) શિક્ષણ કાર્યમાં માછી સમાજ વિશે યોગ્ય ઉદાહરણો આપવા જોઈએ.

(3) શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે એવો વર્તન-વ્યવહાર રાખવો જેથી વિદ્યાર્થીઓ શિક્ષકોને પ્રશ્ન પૂછવામાં શરમ ન અનુભવે

(૪) બોલી ને કારણે બીજી જ્ઞાતિના મિત્રો હસી ન ઉડાવે એનું ધ્યાન શિક્ષકોએ રાખવું જોઈએ.

(૫) શાળામાં અન્ય તહેવારોની સાથે માછી સમાજના વિશિષ્ટ તહેવારોની પણ ઉજવણી કરવી જોઈએ,

(૬) શાળામાંથી મત્સ્યઉદ્યોગ સંબંધિત ક્ષેત્રીય મુલાકાતનું આયોજન કરવું જોઈએ.

(૭) વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછે તો શિક્ષકે વિદ્યાર્થીઓનું અપમાન ન કરવું જોઈએ.

(૮) શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં સામૂહિક ભાવના વિકસે તેવા પ્રયત્નો કરવા જોઈએ. પરિવારમાં થતાં ઝઘડાઓ અટકાવવા જોઈએ જેથી વિદ્યાર્થીઓ માનસિક તાણમાંથી મુક્ત થઈ શકે.

(૯) માછી સમાજમાંથી શાળા કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના લગ્ન નક્કી કરી દેવાતા રિવાજો નાબૂદ કરવા જોઈએ.

(૧૦) સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવો જોઈએ, જેથી વિદ્યાર્થીઓ અભ્યાસના ખર્ચને પહોંચી વળી શકે.

(૧૧) અભ્યાસ માટે જરૂરી સાધનસામગ્રી શાળા દ્વારા વિદ્યાર્થીઓને પૂરી પાડવી.

(૧૨) શિષ્યવૃત્તિની રકમ વાલીઓએ અન્ય ખર્ચમાં ન વાપરતા વિદ્યાર્થીઓના અભ્યાસ પાછળ વાપરવા જોઈએ.

(૧૩) શાળા કક્ષાએથી રખાતા શૈક્ષણિક પ્રવાસોની રકમ પ્રમાણમાં ઓછી રાખવી જેથી દરેક વિદ્યાર્થીઓને પ્રવાસનો લાભ મળી શકે.

(૧૪) વાલીઓએ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે અલગ રૂમની વ્યવસ્થા કરી આપવી જોઈએ.

(૧૫) શાળા શિક્ષકો દ્વારા એવા પ્રયાસો થવા જોઈએ કે જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય ને લગતા પ્રશ્નો શાળા સમય દરમિયાન હલ થઈ જાય.

(૧૬) પરિવારમાં થતાં ઝઘડાઓ અટકાવવા જોઈએ જેથી વિદ્યાર્થીઓ ભણવામાં ધ્યાન આપી શકે.

(૧૭) સમાજે વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આર્થિક સહાયતા પૂરી પાડવી જોઈએ.

(૧૮) સમાજમાંથી અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું કરવું જોઈએ.

(૧૯) સમાજમાં ફેલાયેલ વહેમ અને અંધશ્રદ્ધાનો જો કોઈ વ્યક્તિ વિરોધ કરે કે તેને દૂર કરવાના પ્રયાસો કરે તો સમાજે તેનો સ્વીકાર કરવો જોઈએ.

(૨૦) સમાજ માંથી દારૂ જેવા વ્યસનોને દુર કરવા જોઈએ.

**ભાવી સંશોધનના ક્ષેત્રો**

સંશોધક એવું સ્વીકારે છે કે કોઈપણ અભ્યાસ સંપૂર્ણ હોઈ શકે નહિં તે જ રીતે પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. અન્ય સંશોધનોમાં રહેલી મર્યાદાઓની જેમ પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા હતી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિચરતી રહે એ માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનો થતાં રહે તે પણ જરૂરી છે. સંશોધકે આ

વાતને ધ્યાનમાં રાખીને ભાવી સંશોધનો માટેના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) જલાલપોર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ.

(૨) માછી સમાજમાં કન્યા કેળવણી પ્રત્યેના મનોવલણો જાણવા અંગેનો અભ્યાસ,

(૩) નવસારી શહેરની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર કરનારા પરિબળોનો અભ્યાસ

(૪) જલાલપોર તાલુકાના માછી સમાજના પરિવારોમાં શિક્ષણની સ્થિતિ જાણવા અંગેનો અભ્યાસ.

(૫) જલાલપોર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી માછી સમાજની વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ

**ઉપસંહાર**

સંશોધક માટે બહુ ઓછા સમયમાં બધી સમસ્યાઓનો અભ્યાસ કરવો શક્ય ન હતો તેથી માધ્યમિક શાળા કક્ષાએ માછી સમાજના વિદ્યાર્થીઓની શિક્ષણ સબંધી, સહઅભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ, મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, ભૌતિક સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ, કૌટુંબિક સમસ્યાઓ, અને સામાજિક સમસ્યાઓ અંગેસંશોધન હાથ ધર્યુ. આ સમસ્યાઓમાં વિદ્યાર્થીઓને મુઝવતી તીવ્ર સમસ્યાઓને ઝડપથી ઉકેલી શકાય તો શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય,

પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓના માછી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણી તેના ઉકેલ માટેના સૂચનો કરી શકાય. પ્રસ્તુત સંશોધનથી શિક્ષકો અને વાલીઓને સાંચી સૂઝ જ મળશે. પ્રસ્તુત સંશોધનથી માછી સમાજના વિદ્યાર્થીઓને સહાયભૂત થવા માટે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને યોગ્ય દિશા મળશે તેમજ પ્રસ્તુત સંશોધન નવા સંશોધકો માટે દીવાદાંડીરૂપ બની રહેશે. એવી નમ્ર માન્યતા અને ઊંડા સંતોષની લાગણી સાથે સંશોધક અહીં વિરમે છે.

## સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ

પટેલ દેવ્યાનીકુમારી બી.

**સંશોધનના હેતુ**

(૧) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની કૌટુંબિક સમસ્યાઓ જાણવી.

(૨) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યાઓ

(૩) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની આર્થિક સમસ્યાઓ જાણવી.

(૪) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સામાજિક સમસ્યાઓ જાણવી

(૫) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણવી.

(૬) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની શાળાકાર્યો સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૭) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની બોલી સંબંધિત સમસ્યાઓ જાણવી.

(૮) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની વાહનવ્યવહાર સંબંધિત સમસ્યાઓ જાણવી.

**સંશોધન પ્રશ્નો**

(૧) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઈ કઈ કૌટુંબિક સમસ્યાઓ અનુભવે છે?

(૨) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ અનુભવે છે?

(૩) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઈ કઈ આર્થિક સમસ્યાઓ અનુભવે છે?

(૪) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઈ કઈ સામાજિક સમસ્યાઓ અનુભવે છે?

(૫) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઈ કઈ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અનુભવે છે?

(૬) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની શાળાકાર્યો સંબંધિત કઈ કઈસમસ્યાઓ અનુભવે છે?

(૭) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓને શિક્ષિકાઓ બોલી સંબંધિત કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?

(૮) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ વાહનવ્યવહાર સંબંધિત કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં સાગબારા તાલુકાની ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન નોકરી કરતી તમામ શિક્ષિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાગબારા તાલુકામાં આવેલ ગુજરાતી માધ્યમની કુલ ૯૬ સરકારી પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓનો પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સાગબારા તાલુકાની ૩૩ પ્રાથમિક શાળાઓની ૮૩ શિક્ષિકાઓને નમુનામાં સમાવેશ કર્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનના માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વરચિત ઉપકરણ તરિકે તરીકે

સમસ્યાસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમસ્યાસૂચિમાં કુલ ૮ વિભાગોમાં વિભાજિત કરી તેમાં ૮૦ વિધાનોનો સમાવેશ કર્યો હતો.

**માહિતી એકત્રીકારણ**

સંશોધકે માહિતી એક્ત્રીકરણ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધર્યું હતું. જેમાં માહિતી એકત્રીકરણ માટે સંશોધકે સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ પાસેથી કોવિડ-૧૯ મહામારીના કારણે ગુગલ ફ્રોમ દ્વારા માહિતી મેડવવામાં આવી હતી.

**માહિતી પૃથ્થકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શિક્ષિકાઓને આપવામાં આવેલ સમસ્યાસૂચિના આધારે પ્રાપ્ત પ્રતિચારનું ટકાવારી ગણતરી કરી અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ અંગે સમસ્યાસૂચિ આધારિત જે માહિતી પ્રાપ્ત થઈ હતી. તેના પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત તારણો નીચે પ્રમાણે છે.

સમસ્યાસૂચિ પર પ્રાપ્ત થયેલા તારણો

વિભાગ-૧ કૌટુંબિક સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- વારંવાર નોકરી બદલાના શિક્ષિકાઓનું કુટુંબ જીવન ખોરવાઈ જાય છે.
- નોકરીને કારણે શિક્ષિકાઓ કુટુંબના સભ્યોને પૂરતો સમય આપી શકાતા નથી.
- નોકરીના કારણે શિક્ષિઓને પરિવારથી દૂર રહેવું પડે છે.
- નોકરીને કારણે શિક્ષિકાઓને વતનથી દૂર રહેવું પડે છે.
- નોકરીની વ્યસ્તતાના કારણે શિક્ષિકાઓ બાળકોની યોગ્ય રીતે સંભાળ કરી શક્તી નથી.

વિભાગ-૨ શૈક્ષણિક સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- સરકાર દ્વારા આપેલા વધુ પડતા કાર્યક્રમોને કારણે શિક્ષિકાઓને અધ્યાપનનો સમય મળતો નથી.

વિભાગ-૩ આર્થિક સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- શિક્ષિકાઓ ભવિષ્ય માટે બચત કરી શકતી નથી.
- શિક્ષિકાઓને મોંઘવારીની તુલનામાં પ્રાપ્ત થતો પગાર અપૂરતો છે.
- શિક્ષિકાઓ એ આર્થિક સહાય માટે બેન્કમાંથી લોન લેવી પડે છે.
- શિક્ષિકાઓને અન્ય વ્યવસાય કરતી વ્યક્તિઓ કરતા આર્થિક દ્રષ્ટિએ સદ્ધરતાનો અનુભવ થતો નથી.

- નોકરીનું સ્થળ દૂર હોવાથી શિક્ષિકાઓનો અન્ય ખર્ચ વધી જાય છે.
- શિક્ષિકાઓને મળતા પગારમાંથી કૌટુંબિક જવાબદારીઓ યોગ્ય રીતે પૂર્ણ થતી નથી.
- સામાજિક પ્રસંગોને પહોચી વળવા માટે શિક્ષિકાઓએ નાણાકીય સહાય લેવાની જરૂર ઊભી થાય છે.
- આવક કરતાં જાવક વધુ છે એવું શિક્ષિકાઓને અનુભવાય છે.

વિભાગ-૪ સામાજિક સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- નોકરીના કારણે શિક્ષિકાઓ સામાજિક પ્રસંગોમાં પૂરતો સમય આપી શકતા નથી,
- વારંવાર બદલીના કારણે શિક્ષિકાઓના કુટુંબ જીવન પર અસર થાય છે.
- શિક્ષિકાઓની પ્રગતિ માટે સમાજ તરફથી પ્રોત્સાહન મળતું નથી.
- વતનથી દૂર રહેવાને કારણે શિક્ષિકાઓને એકલવાયું લાગે છે.
- ઘરના કામમાં શિક્ષિકાઓને પતિની સહાય લેવી પડે છે.
- સમાજમાં શિક્ષિકાઓને સામાજિક કાર્યમાં અગ્રેસર રાખવામાં આવતા નથી.

વિભાગ-૫ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- અંતરિયાળ વિસ્તારમાં જોવા મળતી સામાજિક અંધશ્રદ્ધાને લીધે શિક્ષિકાઓ ચિંતાગ્રસ્ત રહે છે.
- શિક્ષિકાઓ શારીરિક થાકને લીધે માનસિક તણાવ અનુભવે છે.
- નોકરીના કારણે કૌટુંબિક જવાબદારી યોગ્ય રીતે ન પૂરી થતા શિક્ષિકાઓ માનસિક તણાવ અનુભવે છે.
- કુટુંબ અને નોકરીની બેવડી જવાબદારીને કારણે શિક્ષિકાઓ માનસિક થાક અનુભવે છે.
- શિક્ષિકાઓ રજાના દિવસે પણ શાળાના વહીવટી કામ અંગે જવું પડતું હોવાને લીધે માનસિક ત્રાસ અનુભવતા નથી.

વિભાગ-૬ શાળાકાર્ય સંબંધીત સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- સહઅભ્યાસ પ્રવૃત્તિના સંચાલનમાં અન્ય શિક્ષકોનો સહકાર શિક્ષિકાઓને મળતો નથી.

વિભાગ-૭ શાળાકાર્ય સંબંધિત સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- શિક્ષિકાઓને વિદ્યાર્થીઓની બોલી સમજાતી નથી.
- વિદ્યાર્થીઓને શિક્ષિકાની ભાષા સમજાતી નથી,
- શિક્ષિકાઓ વિધાર્થીઓના તળપદા શબ્દો સમજી શકતા નથી.
- વિદ્યાર્થીઓના પરિણામ પર બોલીની અસર થાય છે.
- વિષયવસ્તુના અધ્યયન માટે નવીન પદ્ધતિ અને પ્રવિધિઓના ઉપયોગમાં બોલી અવરોધરૂપ બને છે.
- જે વિસ્તારમાં શિક્ષિકાઓ વસવાટ કરે છે ત્યાંના લોકોની બોલી શિક્ષિકાઓને સમજાતી નથી.
- શિક્ષિકાઓ જે વિસ્તારમાં રહે છે ત્યાંના લોકોને શિક્ષિકાઓની ભાષા સમજતી નથી.

વિભાગ-૮ વાહનવ્યવહાર સંબંધિત સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત તારણો

- શિક્ષિકાઓને વાહન સમયસર મળતા નથી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

થયેલા તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો અત્રે દર્શાવવાનો ઉપક્રમ રાખેલ છે.

(૧) વારંવાર શિક્ષિકાઓની બદલી ન કરવી જોઈએ.

(૨) શિક્ષિકાઓની પ્રગતિ માટે સમાજે પ્રોત્સાહન આપવું જોઈએ.

(૩) સમાજમાં શિક્ષિકાઓને સામાજિક કાર્યોમાં અગ્રેસર રાખવા જોઈએ.

(૪) સામાજિક પ્રસંગોમાં સમયસર ન પહોંચતા શિક્ષિકાઓને ઠપકો ન આપો.

(૫) શિક્ષિકાઓને રવિવારની જાહેર રજામાં વધારાની કામગીરી સોંપી જોઈએ નહીં.

(૬) શાળાનું ભાવાવરણ હળવું બનાવવું જોઈએ.

(૭) સહઅભ્યાસીક પ્રવૃત્તિના સંચાલનમાં અન્ય શિક્ષકોએ શિક્ષિકાઓને સહકાર આપવો જોઈએ.

(૮) શિક્ષિકાઓ વિદ્યાર્થીઓની બોલી સમજી શકે તે માટેની તાલીમનું આયોજન કરવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધન નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તેથી સંશોધન અલ્પ વિરામ જ છે. પ્રસ્તુત સંશોધન સર્વાંગ સંપૂર્ણ નથી અને અંતિમ પણ નથી. આ પ્રકારના સંશોધનો ભવિષ્યમાં થતા રહે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ બને તે માટે કેટલાક વિષયો દર્શાવવામાં આવ્યા છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો સૂચવ્યા છે જે નીચે મુજબ છે.

(૧) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ.

(૨) સાગબારા તાલુકાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ.

(૩) સાગબારા તાલુકાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોની સમસ્યાઓનો અભ્યાસ.

(૪) સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના ICT ના ઉપયોગ સંદર્ભે અભ્યાસ,

(૫) સાગબારા તાલુકાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા આપનારા શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધનમાંથી ફલિત થતાં મહત્ત્વના તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રોની સ્પષ્ટતા કરી. પ્રસ્તુત સંશોધનના પ્રયાસથી સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ જાણી તેના ઉકેલ માટેના સંભવિત સૂચનો કરી શકાય. પ્રસ્તુત સંશોધનથી સાગબારા તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકઓની સમસ્યાઓના સમાધાન માટે યોગ્ય દિશાસૂચન પૂરું પાડી શકાશે તેમજ ઉપયોગી નીવડશે તો આ પ્રયાસ સાચા આર્થે યોગ્ય ગણાશે.

## પલસાણા તાલુકામાં વિદેશી શિક્ષણની સ્થિતિ

પટેલ દિવ્યા વી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું આ સંશોધનનો મુખ્ય હેતુ નીચે આ પ્રમાણે છે.

(૧) પલસાણા તાલુકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતીયતા મુજબ સંખ્યા જાણવી

(૨) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિક્ષણ માં અનુભવાતી સમસ્યાઓ જાણવી.

(૩) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ભાષાગત સમસ્યાઓ જાણવી

(૪) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રહેઠાણ અને ખોરાક અંગેની સમસ્યાઓ જાણવી.

(૫) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવી

(૬) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ના આર્થિક સ્વાવલંબન વિશે માહિતી મેળવવી

(૭) પલસાણા તાલુકામાં વિદેશી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના વાલીઓના વિદેશી શિક્ષણના આકર્ષણના કારણો જણાવો.

પ્રસ્તુત સંશોધનમાં નમુનાની અનિશ્ચિતતાના કારણે નમુના પદ્ધતિ દ્વારા કુલ ૫૦ વિદ્યાર્થીઓના વાલીઓને નમુના તરીકે સમાવવામાં આવ્યા હતા. હેતુઓ આધારિત બંધ જવાબી પ્રશ્નાવલિ વિદેશોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે તથા મુલાકાત પત્રક દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું ટકાવારી પદ્ધતિ તથા વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો આપવામાં આવ્યા છે.

**સંશોધનોના તારણો**

પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી બંધ જવાબી પ્રશ્નાવલિ તથા મુલાકાત પત્રક મુજબ પ્રાપ્ત માહિતીના અંકશાસ્ત્ર તથા ગુણાત્મક પૃથક્કરણ દ્વારા સંશોધનના હેતુ આધારિત તારણો ઉતારવામાં આવ્યા છે.

➢ જાતીયતા આધારિત તારણ

- પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં પુરુષ વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ અને સ્ત્રી વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

➢ વિદેશમાં શિક્ષણમાં અનુભવાતી સમસ્યા સંબંધિત તારણો

- વિદેશી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ પ્રક્રિયાસરળ છે.
- વિદેશી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવવા ડોનેશનની જરૂર નથી.
- વિદેશી શિક્શકોનું ભારતીય વિધાર્થી પ્રત્યે વર્તન સારું તથા સહકાર યુક્ત છે.
- વિદેશી શિક્ષણમાં કોઈ સમસ્યા થતી નથી.
- વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય માં કોઈ સમસ્યા અનુભવતા નથી,

➢ ભાષાગત સમસ્યા સંબંધિત તારણો

- ભાષા વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર કરતી નથીં
- વિદેશી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે વાતચીતમાં તકલીફ પડતી નથી.
- ભાષગત ભિન્નતાના કારણે સ્થાનિક વિદ્યાર્થીઓ સાથે સમસ્યા થતી નથી
- શિક્ષક દ્વારા ભાષગત ટિપ્પણીઓ થતી નથી.
- વિદેશમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ માતૃભાષાથી વિમુખ થયા નથી,

➢ ખોરાક અને રહેઠાણ સંબંધિત તારણો

- વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાડાના ઘરમાં વધુ સંખ્યામાં સાથે રહે છે.
- વિદેશમાં વિદ્યાર્થીને ઘરભાડા ચૂકવણીમાં તકલીફ પડતી નથી.
- વિદેશમાં વિદ્યાર્થી પાસે નિયત ભાડા થી વધુ ભાડું લેવાનું નથી
- વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓને ઘર માલિક દ્વારા હેરાનગતિ થતી નથી.
- વિદેશમાં વિદ્યાર્થીઓને ભારતીય રાશન મળી રહે છે.

➢ વિદ્યાર્થીઓએ વિદેશમાં મેળવેલ શૈક્ષણિક સિદ્ધિ સંબંધિત તારણો

- વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં ભારતમાં મેળવેલ શૈક્ષણિક સિધ્ધિ કરતાં વધારો જોવા મળ્યો છે.
- વિદેશમાં વિદ્યાર્થીઓ થોડી સંખ્યામાં અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં ભાગ લે છે.
- વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ પર જ ધ્યાન કેન્દ્રિત રાખે છે.

➢ આર્થિક સ્વાવલંબન સંબંધિત કારણો

- ભારતીય વિદ્યાર્થીઓ વિદેશી સંસ્થામાં સ્કોલરશીપ મેળવતા નથી.
- પ્રારંભિક સમયમાં વિદ્યાર્થીને પરિવારમાંથી આર્થિક સહાય કરાય છે.
- થોડા સમય બાદ વિદ્યાર્થી નોકરી મેળવી લે છે.
- વિદ્યાર્થી ઘરભડા ની રકમ અને ફીની રકમ પોતે ભરે છે,
- નોકરીના સ્થળે વિદ્યાર્થીઓનું શોષણ થતું નથી.

➢ વાલીઓના વિદેશી શિક્ષણ પ્રત્યે આકર્ષણ સંબંધિત તારણો

- વિદેશી શિક્ષણ પ્રણાલી સારી છે.
- વિદેશી સંસ્થાઓમાં ઉત્તમ ભૌતિક સુવિધાઓ મળે છે.
- વિદેશમાં અભ્યાસ માટેના વધુ વિકલ્પો છે.
- વિદેશમાં પ્રાપ્ત ડિગ્રીનું વૈશ્વિક સ્તરે વધુ મહત્વ છે.
- વિદેશમાં પ્રાપ્ત ડિગ્રીથી ભારતમાં ઉચ્ચ પગાર ધોરણની નોકરીની તકો વધે છે.
- વિદ્યાર્થીની સમાજમાં લગ્ન માટેની તકો વધે છે.

- ➢ વિદ્યાર્થીઓ વિદેશમાં સ્થાયી થવા ઈચ્છે છે
- વિદ્યાર્થી ભારત પરત ફરવા ઇચ્છતા નથી.
- વિદ્યાર્થીઓ વિદેશમાં સ્થાયી વસવાટ માટેની કાનૂની કાર્યવાહી કરી રહ્યા છે.
- વાલીઓ પોતાના સંતાનો વિદેશમાં સ્થાયી થાય એમ ઈચ્છે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

હેતુ આધારે સંશોધનના પ્રાપ્ત તારણોના આધારે સંશોધકે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવ્યા છે. કેટલાક મહત્વપૂર્ણ સૂચિતાર્થો નીચે દર્શાવવામાં આવ્યા છે

(૧) વિદેશ ની જેમ ભારતીય શૈક્ષણિક સંસ્થાઓમાં ઉત્તમ ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત કરવી જોઈએ

(૨) ભારતમાં પણ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે નોકરી કરી શકે તે માટે સમયની સુલભતા તથા આયોજન કરવું જોઈએ.

(૩) વિદેશી શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતમાં પણ ડોનેશન વગરની પ્રવેશ પ્રક્રિયા અપનાવી જોઇએ

(૪) ભારતમાં પણ વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા અભ્યાસક્રમો તથા સુવિધા કરવી જોઈએ.

(૫) ભારતમાં ઉત્તમ ઉચ્ચ શિક્ષણની સુલભતા વધારી ભારતીય મૂડી જે વિદ્યાર્થીની ફી તરીકે વિદેશમાં જાય છે તે અટકાવવા તથા વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં અભ્યાસ માટે આકર્ષવા આકર્ષક વિદેશ નીતિ બનાવી વિદેશી મૂડી દેશમાં લાવી શકાય તે માટે પ્રયત્ન કરવા જોઈએ,

(૬) ભારતમાં પ્રાપ્ત ડિગ્રીનું વૈશ્વિક સ્તરે મહત્વ વધારવા પ્રયત્નો કરવા જોઈએ.

(૭) વિદેશી ડિગ્રી જેટલું જ મહત્વ સ્વદેશી ડિગ્રીને આપવા નોકરીની તકો સમાનતાના ધોરણે આપવી જોઈએ.

(૮) વિદેશમાં વિદ્યાર્થીઓને થતી તકલીફો વિશે જાણવા વિવિધ અભ્યાસો, સંશોધનો હાથ ધરવા જોઈએ.

(૯) વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે ના અભ્યાસક્રમો યુનિવર્સિટીઓ તથા દેશની પસંદગી માટે યોગ્ય કાઉન્સેલીંગ કે માર્ગદર્શક કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધન જે ક્ષેત્રમાં હાથ ધરવામાં આવ્યું છે તે એક વણખેડાયેલ વિશાળ ક્ષેત્ર છે. જેમાં અન્ય સંશોધનોને વિશેષ અવકાશ છે. નીચે પ્રમાણે ના વિષયો પર ભવિષ્યમાં સંશોધકો વિસ્તૃત અભ્યાસ હાથ ધરી શકે છે.

(૧) ઓલપાડ તાલુકામાં વિદેશી શિક્ષણની સ્થિતિ

(૨) સુરત જિલ્લામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓના અભિપ્રાયોનો અભ્યાસ

(૩) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ નોઅભ્યાસ

(૪) નવસારી જિલ્લામાં વિદેશી શિક્ષણના આકર્ષણના કારણોનો અભ્યાસ

(૫) જલાલપોર તાલુકાના વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિદેશમા સ્થાયી વસવાટઅંગે તેમના વાલીઓના અભિપ્રાયોનો અભ્યાસ

(૬) પલસાણા તથા ચોર્યાસી તાલુકામાં વિદેશી શિક્ષણ ની સ્થિતિ નો તુલનાત્મક અભ્યાસ

(૭) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા ભારતમાં અભ્યાસ કરતાવિદ્યાર્થીઓના આર્થિક સ્વાવલંબનનો તુલનાત્મક અભ્યાસ

(૮) ચોર્યાસી તાલુકાના વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ નો અભ્યાસ

(૯) આંજણા પાટીદાર સમાજમાં વિદેશી શિક્ષણના વ્યાપનો અભ્યાસ

(૧૦) વિદેશી શિક્ષણ પ્રણાલી તથા ભારતીય શિક્ષણ પ્રણાલીનો તુલનાત્મક અભ્યાસ

(૧૧) નવગામ આંજણા પાટીદાર સમાજમાં વિદેશી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીની આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ

(૧૨) પલસાણા તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માનસિક તથા શારીરિક સ્થિતિ નો અભ્યાસ.

(૧૩) ચોર્યાસી તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આર્થિક સ્વાવલંબન અંગે તેમના વાલીઓ ના અભિપ્રાયો જાણવા

(૧૪) અમેરિકા તથા કેનેડાની વિદેશ નીતિમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની જોગવાઈઓ તથાનિયમોનો અભ્યાસ

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન ઉપયોગી બની રહે તે હેતુથી સંશોધકે પ્રત્યેક તબક્કે પ્રમાણિક પ્રયાસો હાથ ધર્યા

હતા. પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર અભ્યાસને અંતે નિષ્પન્ન થયેલા મુખ્ય તારણો, તેના શૈક્ષણિક સુચિતાર્થો તથા વધુ અભ્યાસ માટેના ક્ષેત્રોનું સુચન કર્યું છે.

વર્તમાન સમયમાં વિદેશમાં અભ્યાસાર્થે જતા વિદ્યાર્થીઓ નો વ્યાપ નોંધપાત્ર રીતે વધવા પામ્યો છે. તો આવા મહત્વના ક્ષેત્રે વધુ અભ્યાસ હાથ ધરાઇ એ ઇચ્છનીય છે. આ ક્ષેત્રે અભ્યાસ હાથ ધરતા સંશોધકને ભવિષ્યમાં પ્રસ્તુત સંશોધન માર્ગદર્શક નીવડે એવી સાહજિક અપેક્ષા રાખી શકાય છે. શિક્ષણ ક્ષેત્રના બદલાયેલા આયામો પ્રત્યે જાગૃતતા નથી રસ દાખવતા શિક્ષણશાસ્ત્રીઓ માટે પ્રસ્તુત સંશોધન ઉપયોગી નીવડશે વિશે સંશોધકની શ્રદ્ધા છે.

## હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓનો સમીક્ષાત્મક અભ્યાસ

પટેલ ગ્રીષ્માકુમારી કે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન અર્થે નીચે પ્રમાણેના હેતુઓ નિર્માણ કરવામાં આવ્યા હતા.

૧. હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિ અંગે જાણકારી મેળવવી,

2.હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિનાં આયોજનની જાણકારી પ્રાપ્ત કરવી.

3. હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ અભ્યાસિક પ્રવૃતિઓ અંગે શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.

૪. હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓ અંગે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

5.હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓની સિધ્ધિઓનો અભ્યાસ કરવી.

6.હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ અભ્યાસિક પ્રવૃતિઓથી વિદ્યાર્થી વિકાસ જાણવો,

7.હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓની મર્યાદા જાણવી.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન માટે હાંસોટ તાલુકાના ૨૦૨૦-૨૧ના કુલ ૩૫ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ સાથે સંકળાયેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બન્યા હતા અને ૩૫ શાળા દીઠ ૨-૨ શિક્ષકો અને ૧ ૧ વિદ્યાર્થીઓની યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ દ્વારા પસંદગી કરી કુલ પ્રાપ્ત ૭૦ શિક્ષકો અને ૯૦ વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. માહિતી એકત્રીકરણ માટે દસ્તાવેજી નોંધપત્રક, શિક્ષકો માટે મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને વિદ્યાર્થીઓ માટે બંધ જવાબી પ્રશ્નાવલિ અને વિદ્યાર્થીઓ માટે બંધ જવાબી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી તથા ટકાવારી, અગ્રતાક્રમ તથા ગુણાત્મક રીત દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

1.પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે સંગીત, નાટ્યપ્રવૃત્તિઓ, વેશભૂષા,રાસગરબા, લોકનૃત્ય, એક્પાત્રિય અભિનય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

૨.ગાંધીજયંતી, ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરેક શાળામાં કરવામાં આવે છે.

3. સહ-અભ્યાસિક પ્રવૃત્તિ સંદર્ભે સફાઈ સપ્તાહ, શ્રમયજ્ઞ, વાલી સંમેલન તથા પ્રાથમિક સારવારનું આયોજન વારંવાર કરવામાં આવે છે.

૪. શારીરિક વિકાસ માટે વર્ગખંડ રમત, મેદાની રમત, વ્યાયામ તથા યોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

5.સહ-અભ્યાસિક પ્રવૃત્તિ સંદર્ભે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચર્ચા,વાર્તાલેખન જેવી બૌદ્ધિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

6.વિજ્ઞાનપ્રયોગ, વિજ્ઞાનમેળા, પ્રદર્શન, વિજ્ઞાન સંગ્રહાલય, પ્રોજેકટકાર્ય જેવી પ્રવૃત્તિઓ પ્રાથમિક શાળાઓમાં યોજવામાં આવે છે.

7.પ્રાથમિક શિક્ષણમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન ઋતુઓ, તહેવારો,

વિશેષદિન અને રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને કરવામાં આવે છે.

8.પ્રાથમિક શિક્ષણમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ માસિક, વાર્ષિક અને દૈનિક આયોજન અનુસાર શાળાઓમાં હાથ ધરવામાં આવે છે.

9.પ્રાથમિક શિક્ષણમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું વિષય તથા એકમ અનુસાર આયોજનકરવામાં આવે છે.

૧૦. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસ થાય છે.

૧૧. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ, જૂથભાવના, સર્જનશીલતા તથા વિચારશક્તિ વિકસે છે.

12.પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વશક્તિનો વિકાસ થાય છે.

૧૩. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.

૧૪. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે શાળામાં વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવે છે.

૧૫. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે દરેક વિદ્યાર્થીઓને પ્રવાસમાં જોડાવા લાભ આપવામાં આવે છે.

૧૬. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે દરેક ધર્મના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

૧૭. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે શાળાદીઠ વિદ્યાર્થીઓની મધ્યમ પ્રકારની સિદ્ધિ જોવા મળી છે.

૧૮. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળે છે.

૧૯. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં મૌખિક અભિવ્યક્તિનો વિકાસ જોવા મળે છે.

૨૦. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં જ્ઞાનાત્મક, ભાવાત્મક તથા સર્જનાત્મક વિકાસ જોવા મળે છે.

૨૧. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે જરૂરી સાધન સામગ્રીનો અભાવ જોવા મળે છે.

૨૨. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે દરેક બાળકો જોડાઈ શકે તેવી પ્રવૃત્તિના આયોજનની મુશ્કેલી નડે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

નિર્ધારિત હેતુઓના અનુસંધાને હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધનમાં તારણોના આધારે કેટલાક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ હતો. તેથી સંભવિત ઉકેલો માટેના સૂચનો નીચે મુજબ કરવામાં આવ્યા છે.

1.વિદ્યાર્થીઓ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં જોડાઈ તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

૨. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની ધ્યાનમાં રાખી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

3. વિદ્યાર્થીઓ માટે રસપ્રદ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

૪.ઓછા ખર્ચે વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

૫. વિદ્યાર્થીઓ માટે જીવન ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

૬.વિદ્યાર્થીઓની ભાગ ન લેવાની સમસ્યા જાણી દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

7. વિદ્યાર્થીઓને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું તથા હકારાત્મક દિશાનિર્દેશ કરવા જોઈએ.

8.વિદ્યાર્થીઓને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે યોગ્ય માહિતી પૂરી પાડવી જોઈએ.

9. સંજોગ અનુસાર કાર્યપદ્ધતિ અપનાવવી જોઈએ.

૧૦. સમયને ધ્યાનમાં રાખી ચોકકસાઈપૂર્વક પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

**ભાવિ સંશોધન માટેના નિર્દેશો**

પ્રસ્તુત સંશોધન અંતિમ નથી. અન્ય સંશોધનોમાં રહેલી મર્યાદાની જેમ પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા હતી. શિક્ષણની ક્ષિતિજો હમેશા વિસ્તારથી રહે તે માટે શિક્ષણક્ષેત્રે સંશોધનો થતાં રહે તે જરૂરી છે.

સંશોધકે આ વાત ધ્યાનમાં રાખી સંશોધન માટેના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો સમીક્ષાત્મક અભ્યાસ.

2.સાગબારા તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

3. હાંસોટ તાલુકામાં માધ્યમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ.

4.ભરૂચ જિલ્લાની બી.એડ્. કોલેજની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ.

5.સુરત શહેરની માધ્યમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો સમીક્ષાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનના તારણોની ચર્ચા કરવામાં આવી તારણોના આધારે શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધન માટેના નિર્દેશો રચવામાં આવ્યા.

સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ બાળકોના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે, બાળકોના દરેક પાસાના વિકાસ માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ ખૂબ જ જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખી સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા હાંસોટ તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો સમીક્ષાત્મક અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન હાંસોટ તાલુકાના શિક્ષકો, વિદ્યાર્થીઓએ અને વાલીઓ માટે ઉપયોગી પુરવાર થશે. તેમજ પ્રસ્તુત સંશોધન નવા સંશોધકો માટે પણ મદદરૂપ બની રહેશે.

## ધોરણ - ૮ના ગણિત વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકના સંદર્ભમાં ઊંઝા તાલુકાના શિક્ષકોના અભિપ્રાયો

પટેલ કિંજલ આર.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં બાહ્ય સ્વરૂપ સંબંધી શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

૨. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની વિષયવસ્તુની ગોઠવણ અને રજૂઆત સંબંધી શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

3. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકમાં આકૃતિઓ સંબંધી શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

૪. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનો સ્વાધ્યાય કાર્ય સંબંધી શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

૫. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

૬. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં વિષયવસ્તુના ઉદાહરણ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

૭. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની ભાષાકીય બાબતો સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

૮. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તક સંદર્ભે ગણિત શિક્ષણ પદ્ધતિ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

૯. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની વિશેષતાઓ અને ખામીઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

૧૦. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં સંદર્ભમાં આવશ્યક સુધારાલક્ષી સૂચનો અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આધારિત પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. તેની માહિતી નીચે પ્રમાણે છે.

૧. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં બાહ્ય સ્વરૂપ સંબંધી શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૨. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની વિષયવસ્તુની ગોઠવણ અને રજૂઆત સંબંધી શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

3. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકમાં આકૃતિઓ સંબંધી શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૪. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનો સ્વાધ્યાય કાર્ય સંબંધી શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૫. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિ અંગે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૬. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં વિષયવસ્તુના ઉદાહરણ સંદર્ભે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૭. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની ભાષાકીય બાબતો સંદર્ભે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૮. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તક સંદર્ભે ગણિત શિક્ષણ પદ્ધતિ અંગે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૯.ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકની વિશેષતાઓ અને ખામીઓ અંગે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

૧૦. ધોરણ ૮ ગણિત વિષય પાઠ્યપુસ્તકનાં સંદર્ભમાં આવશ્યક સુધારાલક્ષી સૂચનો અંગે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?

**સંશોધન યોજના પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં ઊંઝા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ માં ગણિત વિષયનું અધ્યાપન કાર્ય કરાવતા ૫૨(બાવન) શાળાના એક એક ગણિત શિક્ષક દીઠ ૫૨(બાવન) ગણિત શિક્ષકો વ્યાપવિશ્વ બન્યા હતા.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો બન્યો હતો પરંતુ ૪૫ શિક્ષકોનો સમાવેશ નમૂનાના પાત્ર તરીકે કરવામાં આવ્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વરચિત ઉપકરણ તરીકે અભિપ્રાયવલિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અભિપ્રાયવલિ આઠ વિભાગમા ૮૯ વિધાનો તથા ૭ મુક્તજવાબી પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ**

માહિતી એકત્રીકરણ માટે સંશોધક દ્વારા સૌપ્રથમ મહેસાણા DIET સંસ્થામાંથી ઊંઝા તાલુકાની પ્રાથમિક શાળાઓની યાદી તથા આચાર્યશ્રીઓના મોબાઈલ નંબર મેળવવામાં આવ્યા હતા. ત્યારપછી આચાર્યશ્રી સાથે વાત-ચીત બાદ ધોરણ-૮ માં ગણિત વિષયનું અધ્યાપન કરાવતાં શિક્ષકોના વોટ્સએપ નંબર મેળવી ટેલિફોનિક વાત કર્યા બાદ google ફોર્મની લિંક મોકલીને ગણિત શિક્ષક પાસેથી સોફ્ટકોપી સ્વરૂપે માહિતી એકત્રિત કરવામાં આવી હતી. શિક્ષકોના અધૂરા અભિપ્રાયો અને ન મળેલા અભિપ્રાયોને આધારે પુનઃપ્રયત્નો કરવામાં આવ્યા હતા તથા કોરોનાની પરિસ્થિતિને કારણે આખરે મળેલ માહિતીને અંતિમ નમૂના તરીકે ૪૫ પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શિક્ષકોને આપવામાં આવેલ અભિપ્રાયવલિના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ, ટકાવારી, કાઈવર્ગ, સરેરાશ ગુણભાર, અગ્રતા ક્રમની ગણતરી કરવામાં આવી હતી તથા મુક્ત જવાબી પ્રશ્નાવલીના આધારે પ્રાપ્ત પ્રતિચારોનું વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અનુસાર માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો

- પાઠ્યપુસ્તકના બાહ્ય સ્વરૂપ અંગેના તારણો

૧. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ અક્ષરોનું કદ યોગ્ય જણાયું હતું.

૨. પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠના ચિત્રો વિષયને અનુરૂપ જણાયા હતા

3.ગણિત પાઠ્યપુસ્તકમાં જુદા જુદા હેતુથી અક્ષરોની સાઈઝમાં તથા અક્ષરોના રંગોમાં વિવિધતા જોવા મળે છે તે અસરકારક જણાઈ હતી ગણિત પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ વિદ્યાર્થીઓ માટે આકર્ષક અને પ્રેરણાદાયી જોવા મળ્યું હતું.

૪. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પ્રકરણોની ઓળખ સંદર્ભે યોગ્ય રંગથી પૃષ્ઠની કિનારીઓને નિદર્શિત કરેલ છે તે અસરકારક જણાયા હતા.

૫. પાઠ્યપુસ્તકમાં છાપકામ યોગ્ય શાહીથી થયેલું જોવા મળ્યું હતું

➤ પાઠ્યપુસ્તકની વિષયવસ્તુની રજૂઆત અને ગોઠવણી અંગે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકોના પ્રકરણોના વિષયવસ્તુમાં વૈવિધ્યતા જોવા મળી હતી.

૨. પાઠ્યપુસ્તકમાં રોમન અંકોનો ઉપયોગ યોગ્ય રીતે થયેલ જોવા મળ્યો હતો.

3. ગણિત પાઠ્યપુસ્તકની વિષયવસ્તુ અન્ય વિષયો સાથે અનુબંધ ધરાવતી જોવા મળી હતી.

૪. ગણિત પાઠ્યપુસ્તક ગણિત વિષયના હેતુઓ સાથે સુસંગત જણાયુ હતું.

૫. પાઠ્યપુસ્તકમાં ગાણિતિક ટૂંકાક્ષરીને પૂર્ણ સ્વરૂપે દર્શાવવામાં આવી છે તે યોગ્ય જણાઇ હતી.

૬. ગણિત પાઠ્યપુસ્તકના કેટલાંક પ્રકરણની લંબાઈ યોગ્ય નથી એવું જાણવા મળ્યું હતું.

૭. અંકગણિત, ભૂમિતિ અને બીજગણિત પર આધારિત પ્રકરણોને સમાન પ્રાધાન્ય અપાયું નથી.

૮. ગણિત પાઠ્યપુસ્તકમાં ઘાત અને ઘાતાંક પ્રકરણમાં ચિહ્નોની ભૂલો વધારે પ્રમાણમાં જોવા મળી હતી.

➤ પાઠ્યપુસ્તક ની આકૃતિઓ સંદર્ભે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકની આકૃતિઓ પૂરતા પ્રમાણમાં જોવા મળી હતી.

૨. ગણિત પાઠ્યપુસ્તકમાં પ્રકરણ દીઠ રજૂ કરેલ આકૃતિઓ વિષયવસ્તુને રસપ્રદ બનાવવા સુસંગત જણાઈ હતી.

3. ગણિત પાઠ્યપુસ્તકની આકૃતિ વિષયવસ્તુને સમજવા માટે યોગ્ય જણાઇ હતી

૪. ગણિત પાઠ્યપુસ્તકની વિષયવસ્તુની આકૃતિઓ ભૂમિતિ સંદર્ભે નામનિર્દેશ યોગ્ય રીતે કરેલ છે તેવું જાણવા મળ્યું હતું.

૫. ગણિત પાઠ્યપુસ્તકની આકૃતિઓ સમગ્ર રીતે રંગીન જોવા મળતી નથી એવું જોવા મળ્યું હતું.

➤ પાઠ્યપુસ્તકના સ્વાધ્યાય સંદર્ભે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાય પ્રકરણના વિષયવસ્તુ સાથે સુસંગત જણાયા હતા.

૨. ગણિત પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને તર્કપ્રેરક જોવા મળ્યા હતા.

3. ગણિત પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયના પ્રશ્નોમાં વૈવિધ્ય જોવા મળ્યું હતું.

૪. ગણિત પાઠ્યપુસ્તકમાં કેટલાંક પ્રકરણના સ્વાધ્યાય લાંબા જોવા મળ્યા હતા.

૫. ગણિત પાઠ્યપુસ્તકના કેટલાંક પ્રકરણના સ્વાધ્યાયના વ્યવહારુ દાખલાઓ વિદ્યાર્થીઓ માટે અઘરા જણાયા હતા.

૬. પાઠ્યપુસ્તકના કેટલાક પ્રકરણના સ્વાધ્યાયમાં મોટા ભાગના દાખલાઓમાં બે થી ત્રણ ગણતરીઓ સંકલિત કરેલ છે તે વિદ્યાર્થીઓની ક્ષમતાથી વિપરીત જણાઈ હતી.

૭. ગણિત પાઠ્યપુસ્તકના પ્રકરણના સ્વાધ્યાય વિદ્યાર્થીઓની વયકક્ષાને આધારે કઠિન લાગતા હતાં.

૮. પાઠ્યપુસ્તકના પ્રકરણમાં આપેલ સ્વાધ્યાય વિદ્યાર્થીઓને મહાવરો કરવા પ્રેરતા નથી એવું જાણવા મળ્યું હતું.

➤ પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ સંદર્ભે તારણો

૧. પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં ક્રિયાશીલતા જન્માવે છે તેવી છે.

૨. પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિમાં વધારો કરતી હતી.

3. ગણિત પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓ વિષયવસ્તુના એકમના મુદ્દાને સુસંગત જણાઈ હતી.

૪. પાઠ્યપુસ્તકમાં ભૂમિતિના સાધનોનો ઉલ્લેખ સુયોગ્ય જણાયો હતો.

૫. ગણિત પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓ સમયમર્યાદાને કારણે કરાવી શકાતી નથી તેવું જાણવા મળ્યું હતું.

➤ પાઠ્યપુસ્તકના ઉદાહરણ સંદર્ભે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકના ઉદાહરણ વિષયવસ્તુ(એકમ) સાથે સુસંગત જણાયા હતા.

૨. પાઠ્યપુસ્તકના ઉદાહરણના જવાબોનો તાળો મેળવીને અપાયો છે તે વિદ્યાર્થીઓ માટે અસરકારક જણાયું હતું.

3. પાઠ્યપુસ્તકના ઉદાહરણના દાખલાની ગણતરી કરવા માટે બે રીતોનો ઉપયોગ કરી યોગ્ય રીતે સમજાવવામાં આવ્યા હતા.

૪. પાઠ્યપુસ્તકના ઉદાહરણ સ્વાધ્યાયના પ્રશ્નો કરતાં સરળ અપાયા છે તે યોગ્ય જણાયું ન હતું.

➤ પાઠ્યપુસ્તકની ભાષાકીય બાબતો અંગે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકના અક્ષરો વચ્ચેનું અંતર યોગ્ય જણાયું હતું

૨. પાઠ્યપુસ્તકમાં ગાણિતિક શબ્દોની પરિભાષાની યોગ્ય સ્પષ્ટતા આપવામાં આવી હતી.

3. પાઠ્યપુસ્તકની ભાષા વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે.

➢ પાઠ્યપુસ્તકની શિક્ષણ પદ્ધતિ અંગે તારણો

૧. ગણિત પાઠ્યપુસ્તકના પ્રકરણ શિક્ષણ પદ્ધતિમાં નવીનતા પ્રેરતા હતા.

૨. ગણિત પાઠ્યપુસ્તક દ્વારા વિષય શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવા માટેનુ માર્ગદર્શન મળી રહેતું હતું.

- મુક્ત જવાબી પ્રશ્નોને આધારે તારણો

મુક્તજવાબી પ્રશ્નોનાં સંદર્ભમાં મળેલી માહિતી પરથી નીચે મુજબના તારણો ફલિત થાય છે.

➢ પાઠ્યપુસ્તકની વિશેષતાઓ બાબતે તારણો

૧. પાઠ્યપુસ્તકના ઉદાહરણ યોગ્ય રીતે આપેલ જણાયા હતા.

૨. પાઠ્યપુસ્તકના અક્ષરો રંગીન અને ઘાટા અક્ષરે સુયોગ્ય જોવા મળ્યા હતાં.

૩. ક્યુ.આર. કોડનો ઉપયોગ અસરકારક જણાયો હતો.

વિષયવસ્તુ યોગ્ય અને રંગીન રીતે દર્શાવેલ જોવા મળી હતી.

૪. વિષયવસ્તુ જ્ઞાનમાં વધારો કરે તેવી જણાઈ હતી.

➢ પાઠ્યપુસ્તકની ખામીઓ બાબતે તારણો

૧. અભ્યાસક્રમ વધારે લાંબો જોવા મળ્યો હતો.

૨. પાઠ્યપુસ્તકના પેજ વધુ પ્રમાણમા જણાયા હતાં.

૩. પ્રકરણોની લંબાઈ વધુ જણાઈ હતી.

૪. વિદ્યાર્થીઓની વય પ્રમાણે વિષયવસ્તુ કઠિન જણાઈ હતી.

૫. ઘાત ધાતાંકમાં ચિહ્નોની ભૂલો જોવા મળી હતી.

૬. સ્વાધ્યાયના દાખલા વયકક્ષા પ્રમાણે અઘરા જોવા મળ્યા હતાં.

૭. અભ્યાસક્રમ કઠિન જણાયો હતો.

➢ પાઠ્યપુસ્તકના કઠિન લાગતા પ્રકરણો બાબતે તારણો

- રાશિઓની તુલના
- પ્રાયોગિક ભૂમિતિ
- એકચલ સુરેખ સમીકરણ
- માપન
- બેઝીક પદાવલિ અને નિત્યસમ

➢ પાઠ્યપુસ્તકના સરળ લાગતા પ્રકરણો બાબતે તારણો

- વર્ગ અને વર્ગમૂળ
- માહિતીનું નિયમન
- ઘાત અને ઘાતાંક
- સંમેય સંખ્યાઓ
- ઘન અને ઘનમૂળ

➢ પાઠ્યપુસ્તકની ખામીઓ દૂર કરવા માટેના સુચનો સંદર્ભે તારણો

- અભ્યાસક્રમ ઘટાડવો
- પ્રકરણો ટૂંકા કરવા
- સ્વાધ્યાયનું ભારણ ઘટાડવું.
- સ્વાધ્યાય ટૂંકા કરવા.
- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- અભ્યાસક્રમ સરળ કરવો.

➢ પાઠ્યપુસ્તકને વધુ અસરકારક બનાવવા માટેના સુચનો સંદર્ભે તારણો

- દાખલાની પ્રત્યેક રીતમાં વધારે ઉદાહરણ પૂરા પાડવા જોઈએ તેવું જણાયું હતું.
- પ્રકરણ ઓછા કરવાનું જણાયું હતું.
- આકૃતિઓ રંગીન બનાવવી જોઈએ તેવું જણાયું હતું .
- "પ્રયત્ન કરો' દાખલાંના જવાબ આપવા જોઈએ.
- સ્વાધ્યાય ટૂંકા કરવાનું જણાયું હતું.
- દરેક જિલ્લાની પરિસ્થિતિને અનુરૂપ પાઠ્યપુસ્તક બનાવવું તેવું જણાયું હતું ૫.૩.૨.૭ પાઠ્યપુસ્તકની ગુણવત્તા સંદર્ભે યોજાતી તાલીમ બાબતે તારણો
- તાલીમનું આયોજન થાય તે સારી બાબત છે તેવું જણાયું હતું.
- તાલીમની જરૂરિયાત હોય છે તેવી માહિતી જણાઈ હતી.

- તાલીમમાં ગણિત વિષય માટે જ્ઞાનને દીર્ઘજીવી બનાવવા માટેની પ્રયુક્તિ શીખવવી.
- તાલીમ ઓનલાઇન જ હોવી જોઈએ તેવું જણાયું હતું.
- તાલીમ ગુણવત્તાસભર તથા યોગ્ય તજજ્ઞો દ્વારા થવી જોઈએ.
- પાઠ્યપુસ્તકની ગુણવત્તા સંદર્ભે તાલીમ થવી જોઈએ.
- દર છ માસે તાલીમ યોજાવી જોઈએ.

શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત સંશોધનના આધારે જે તારણો પ્રાપ્ત થયાં હતાં તેના આધારે સંશોધકે કેટલાક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. જે નીચે મુજબ છે.

૧. પાઠ્યપુસ્તકની વિષયવસ્તુ થોડી ઓછી કરવી જોઈએ કે જેથી પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને અધ્યાપન કાર્ય કરાવી શકાય.

૨. પાઠ્યપુસ્તકના પ્રકરણની વિષયવસ્તુ ઘટાડવી જોઈએ કે જેથી સમયસર અભ્યાસક્રમ પૂર્ણ થઈ શકે.

3. અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ પર આધારિત પ્રકરણોને સમાન પ્રાધાન્ય આપવું જોઈએ.

૪. ઘાત-ઘાતાંક પ્રકરણમાં ચિહ્નોની ભૂલો છે તેને નિવારવી જોઈએ.

૫. પાઠ્યપુસ્તકની આકૃતિઓને રંગીન બનાવવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓને ભણવા માટે આકર્ષી શકાય.

૬. સ્વાધ્યાયમાં આપેલા દાખલા ઓછા કરવા અને સરળ બનાવવા જોઈએ.

૭. ઉદાહરણના દાખલાની સરખામણીએ સ્વાધ્યાયના દાખલા વધારે કઠિન આપ્યા

છે તો તે બાબતે વધારે ઉદાહરણ દ્વારા સરળતાથી કઠિનતા તરફના દાખલા આપવા જોઈએ.

૮. સત્ર ૧ અને સત્ર ૨ ના પાઠ્યપુસ્તક અલગ અલગ કરવા જોઈએ.

૯. 'પ્રયત્ન કરો' ના દાખલાના જવાબ આપવા જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કરી ચકાસી શકે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

કોઈ પણ સંશોધન સંપૂર્ણ છે એમ તો ન જ કહી શકાય. લત: કોઈ પણ સંશોધન આખરી ન જ હોઈ શકે. પ્રત્યેક સંશોધનની કેટલીક મર્યાદાઓ હોય છે. પ્રસ્તુત સંશોધન પણ એનાથી અપવાદરૂપ ન હોઈ શકે. આથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વેગ મળતો રહે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ બનવાના આશયથી સંશોધકે અહીં ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. પાઠ્યપુસ્તક સંદર્ભે અન્ય કોઈ તાલુકા, જિલ્લા કે રાજ્યમાં આ પ્રકારનુ સંશોધન હાથ ધરી શકાય.

૨. અન્ય ધોરણ કે અન્ય વિષય માટે આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

3. ધોરણ આઠના જૂના પાઠ્યપુસ્તક અને નવા આવેલા પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૪. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ સંદર્ભે અભ્યાસ હાથ ધરી શકાય.

૫. ગણિત વિષયની તાલીમ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણી શકાય.

૬. NCERT અને GCERT પાઠ્યપુસ્તકનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

આમ, પ્રસ્તુત સંશોધનનાં અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખેલ હતો.

પ્રવર્તમાન સમયમાં ધોરણ આઠના ગણિત વિષયના નવા પાઠ્યપુસ્તકનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત NCERT, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત ધોરણ આઠના પાઠ્યપુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરાવીને અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે તેના અંગે જ્ઞાન પ્રાપ્ત કરવા સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું.

સંશોધક માને છે કે આ પ્રકારના સંશોધન પાઠ્યપુસ્તકની સુધારણા અર્થે તથા પુનઃસંસ્કરણ માટે ઉપયોગી છે તથા સંશોધન દ્વારા હાથ ધરવામાં આવેલ સંશોધન શિક્ષકો, ગણિત વિષયમાં રસ ધરાવનાર, સંશોધનકાર તથા ગુજરાત રાજ્ય

પાઠ્યપુસ્તક મંડળ માટે ઉપયોગી નીવડશે તો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

## જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ

પટેલ ક્રિષ્ના બી.

**સંશોધનનાં હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧ જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.

૨ જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની આર્થિક સમસ્યાઓ જાણવી.

૩ જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સાંવેગિક સમસ્યાઓ જાણવી.

૪ જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સામાજિક સમસ્યાઓ જાણવી.

૫ જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની ગ્રામ્યવિસ્તાર સંબંધિત સમસ્યાઓ જાણવી.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાં જલાલપોર તાલુકાની કુલ ૧૮ માધ્યમિક શાળામાં શિક્ષણ કાર્ય કરાવતા શિક્ષિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નમૂના તરીકે માધ્યમિક શાળાના ૫૧ શિક્ષિકાઓનો સમાવેશ થયો હતો. પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે ઉપકરણ તરીકે સ્વરચિત સમસ્યાઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો. આ સમસ્યા ઓળખસૂચિમાં કુલ-૫ વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે ગૂગલ ફોર્મ દ્વારા અને પ્રત્યક્ષ જઈ શિક્ષિકાઓ પાસે સમસ્યા ઓળખસૂચિ ભરાવવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથક્કરણ કરી શતમાન (ટકાવારી)ના આધારે સમસ્યાને તીવ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. પ્રાપ્ત થયેલ અંકશાસ્ત્રીય માહિતી પરથી કેટલાક તારણો પ્રાપ્ત થયા છે, જે હવે પછીના પરિછેદમાં દર્શાવવામાં આવ્યા છે.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા હતા.

➢ શૈક્ષણિક સમસ્યાઓ સંદર્ભે તારણો

- વર્ગમાં નબળા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે.
- સરકારશ્રી દ્વારા સૂચિત શિક્ષણ સિવાયની અન્ય
- પ્રવૃત્તિઓમાં રોકાય રહેવાને કારણે શિક્ષણ પર અસર પડે છે.
- શિક્ષણકાર્ય સિવાયની સહભ્યાસિક પ્રવૃત્તિમાં ન્યાય આપી શકાતો નથી.
- વિદ્યાર્થીઓની પ્રાદેશિકતા અભ્યાસક્રમમાં મુશ્કેલીરૂપ બને છે.
- ગ્રામ્યવિસ્તારના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાં નબળા હોય છે.
- ગ્રામ્યવિસ્તારના વિદ્યાર્થીઓ સંકોચ અનુભવતા હોવાથી વર્ગ સહયોગમાં ભાગ લેતા નથી.

➢ આર્થિક સમસ્યાઓ સંદર્ભે તારણો

- બાળકના ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક મુશ્કેલીઓ ઊભી થાય છે.
- મોંઘવારી વધુ હોવાથી કુટુંબની જરૂરિયાત પૂરી થતી નથી.
- નોકરીનું સ્થળ ઘરથી દૂર હોવાને કારણે ખર્ચ વધતો નથી.
- જીવન જરૂરિયાતની ભૌતિક સુવિધાઓ મેળવી શકાતી નથી.
- સાંવેગિક સમસ્યાઓ સંદર્ભે તારણો શાળાના નબળા પરિણામથી દુઃખ થાય છે.
- અન્ય શિક્ષિકાનું અપમાન થાય ત્યારે ગુસ્સે થઈ જવાય છે.
- વર્ગખંડમાં અશિસ્ત જોવા મળતા વિદ્યાર્થી પર ગુસ્સો આવે છે.
- શિક્ષણકાર્ય દરમિયાન માનસિક થાક લાગતો નથી.

શાળાકીય કાર્યબોજને લીધે સામાજિક જીવનમાં મતભેદ ઊભા થતા નથી.

● આચાર્ય જવાબદારીભર્યું કામ સોંપે ત્યારે માનસિક તણાવ રહેતો નથી.

➢ સામાજિક સમસ્યાઓ સંદર્ભે તારણો

● નોકરીને કારણે સામાજિક પ્રસંગોમાં પૂરતો સમય આપી શકાતો નથી.

● સગા-સંબંધીઓ સાથે સંપર્કમાં રહી શકાતુ નથી.

● વાલીઓ શાળા દ્વારા રાખવામાં આવતા વાલીસંમેલનમાં સહકાર આપતા નથી.

● બાળકના શિક્ષણ પાછળ પૂરતું ધ્યાન આપી શકાય છે.

● નોકરીના સ્થળે નિવાસ સ્થાન ન હોવાથી બીજા સ્થળેથી આવ-જાવ કરવી પડે છે.

➢ ગ્રામ્યવિસ્તાર સંબંધી સમસ્યાઓ સંદર્ભે તારણો

● માતા-પિતા ખેતીકામમાં જોડાયેલા હોવાથી સંતાનોને શિક્ષણકાર્યમાં મદદરૂપ થતા નથી.

● ગ્રામ્યવિસ્તારની શાળામાં શૈક્ષણિક સામગ્રીની જાણવણી કરવા માટે યોગ્ય વ્યવસ્થા છે.

● ગામડામાં અવર જવર માટે સાધનો મળી રહે છે.

● ગ્રામ્યવિસ્તારના વિદ્યાર્થીઓ સ્વભાવે સંકોચશીલ હોય છે.

● વિદ્યાર્થીઓમાં જોવા મળતી ગ્રામ્ય વિસ્તારની પ્રાદેશિક ભાષા અધ્યાપન પ્રક્રિયામાં અડચણરૂપ બને છે.

● ગ્રામ્યવિસ્તારના વાલીઓનો શિક્ષણ પ્રત્યેનો નકારાત્મક દ્દષ્ટિકોણ જોવા મળે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

અગાઉના પરિચ્છેદમાં સંશોધનના તારણો રજૂ કર્યા ઉપરોક્ત તારણોના આધારે જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાના શિક્ષિકાઓની સમસ્યા હલ કરી શકાય તે માટેના સંભવિત ઉકેલો માટેના સૂચનો નીચે મુજબ કરવામાં આવ્યા.

● ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ વર્ગ સહયોગમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

● અંતર વધુ હોવાથી સામાજિક પ્રસંગોમાં પૂરતો સમય આપવા માટે પૂર્વ આયોજનના પ્રયાસો જરૂરી છે.

● વાલીઓએ શાળા દ્વારા રાખવામાં આવતા વાલી સંમેલનમાં સહકાર આપવો જોઈએ.

● વાલીઓ મજૂરી કામે જતા હોવા છતાં બાળકોના અભ્યાસમાં રસ દાખવવો જોઈએ.

● ગ્રામ્યવિસ્તારના વાલીઓએ શિક્ષણ પ્રત્યે હકારાત્મક દ્રષ્ટિકોણ દાખવવો જોઈએ.

● ગ્રામ્યવિસ્તારમાં નોકરી હોવા છતાં બાળકોને શાળા સમયબાદ અન્ય પ્રવૃત્તિમાં મોકલવા જોઈએ.

નવા પાઠ્યપુસ્તક આધારિત પ્રવૃત્તિલક્ષી અભ્યાસક્રમ હોવાથી સમાવિષ્ટ દરેક પ્રવૃત્તિ વર્ગખંડમાં કરાવવી જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધન કોઈને કોઈ મર્યાદા ધરાવતું હોય છે. સંશોધક અંત્યંત વિનમ્રપણે સ્વીકારે છે, કે કોઈ પણ સંશોધન સર્વાંગ સંપૂર્ણ હોઈ શકે નહીં. પ્રસ્તુત સંશોધન પણ એમાંથી બાકાત રહી શકે તેમ નથી. તેમજ પ્રસ્તુત સંશોધન અંતિમ નથી દિનપ્રતિદિન જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી રહે છે. તેમ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુરૂપ સંશોધનો થતાં રહે તે અંત્યંત જરૂરી છે. સંશોધનને વેગ મળી રહે તે માટે સાથે-સાથે ભાવિ સંશોધકે ભાવિ સંશોધન માટેના કેટલાક ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

● જલાલપોર તાલુકાની પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષિકાઓની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.

● ગ્રામ્ય અને શહેરી વિસ્તારના માધ્યમિક શિક્ષિકાઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

પછાત અને અંતરિયાળ વિસ્તારના માધ્યમિક શિક્ષિકાઓની સમસ્યાઓ અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

● પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકા પૂરતું જ મર્યાદિત છે. તેને બદલે અન્ય કોઈ તાલુકાના માધ્યમિક શિક્ષિકાઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

શિક્ષણકાર્યને સંગીન બનાવવા માધ્યમિક શાળામાં શૈક્ષણિક ટેક્નોલોજીના ઉપયોગ સંદર્ભે હાથ ધરી શકાય.

● જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની આર્થિકસ્થિતિનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનના પ્રકરણ-૧માં સમસ્યાવિધાન અને પદોની વ્યાખ્યા, સંશોધનના હેતુઓ, પ્રશ્નો, મહત્વ, અને સીમાંકન 'હા'થ ધરવામાં આવ્યું હતું. પ્રકરણ ૨માં પૂર્વે સંશોધનની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જેમાં એમ.એ. અને પીએચ.ડી કક્ષાએ દેશ-વિદેશમાં થયેલા સંશોધનની સમીક્ષા કરી હતી. જેથી વિષય અંગે સ્પષ્ટતા મેળવી શકાય. પ્રકરણ-૩માં સંશોધનની આધારશિલા અને સંશોધન યોજનામાં વિષયનો ઉદગમ, ઉપકરણોની સંરચના, નમૂના પસંદગીની રીત, માહિતી એકત્રીકરણની રીત અને આંકશાસ્ત્રીય પૃથક્કરણની પદ્ધતિનો ઉલ્લેખ કર્યો હતો. પ્રકરણ ૪માં મેળવેલ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. અને પ્રસ્તુત અંતિમ પ્રકરણ-૫માં સંશોધનનો સારાંશ, તારણો, સૂચિતાર્થો અને ભાવિ સંશોધનનાં ક્ષેત્રો સૂચવ્યા છે.

પ્રસ્તુત સંશોધન માટે પણ સમય મર્યાદાના કારણે બધી સમસ્યાઓનો અભ્યાસ કરવો શક્ય ન હોવાથી માધ્યમિક શાળાના શિક્ષિકાઓની શૈક્ષણિક, આર્થિક, સાંવેગિક, સામાજિક, ગ્રામ્યવિસ્તાર સંબંધી સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધર્યું છે. આ સમસ્યાઓને ઝડપથી ઉકેલી શકાય તો વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય.

પ્રસ્તુત સંશોધનના પ્રયાસથી જલાલપોર તાલુકાના માધ્યમિક શાળાના શિક્ષિકાઓની સમસ્યાઓ વિશે જાણી તેના ઉકેલ માટેના સંભવિત સૂચનો કરી શકાય અન્ય સંશોધનની જેમ પ્રસ્તુત શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રસ લેતા નાગરિકો, કેળવણીકારો, આયોજકોને સહેજ પણ પથદર્શક બનશો તો સંશોધક અંતઃપૂર્વક પરિતોષની લાગણી અનુભવશે.

## ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાઓ

પટેલ મિતાલી એચ.

**સંશોધનના હેતુઓ**

૧. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં અનુભવાતી અધ્યયન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૨. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને અનુભવાતી પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ જાણવી.

૩. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને અનુભવાતી વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૪. ઓલપાડ તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અનુભવતી ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ જાણવી.

૫. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અનુભવાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૬. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અનુભવાતી મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૭. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોને અનુભવાતી અધ્યાપન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૮. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોને ગુજરાતી વિષયમાં અનુભવાતી પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ જાણવી.

૯. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોને ગુજરાતી વિષયમાં અનુભવાતી મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૧૦. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોને ગુજરાતી વિષયમાં અનુભવાતી સંદર્ભ સાહિત્ય સંબંધિત સમસ્યાઓ જાણવી.

૧૧. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોને ગુજરાતી વિષયમાં અનુભવાતી સંચાલનને લગતી સમસ્યાઓ જાણવી.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન માટે ઓલપાડ તાલુકાની ૧૫ અનુદાનિત માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકો તથા ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઓલપાડ તાલુકાની ૧૫ અનુદાનિત માધ્યમિક શાળાના ગુજરાતી વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકો તથા ધોરણ ૯ ના તમામ વિદ્યાર્થીઓને યાદચ્છિક પ્રયુક્તિની રીતે નમૂનાના પાત્રો તરીકે પસંદ કરવાનો ઉપક્રમ રાખ્યો હતો. પરંતુ કોવિડ - ૧૯ ની મહામારીને કારણે સંશોધકે ઓનલાઈન માહિતી મેળવવાનો હોવાથી સંશોધક દરેક શાળાના આચાર્યોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. શાળાના ઓનલાઈન વર્ગો શરૂ હોવાથી ૧૦ શાળાના આચાર્યોએ સંશોધકને સંશોધનમાં જરૂરી માહિતી મેળવવા માટે મંજૂરી આપી હતી. સંશોધકે માહિતી મેળવવા માટે સ્વરચિત ઉપકરણ ને ગૂગલ ફોર્મ માં રૂપાંતરિત કરી શાળાના ગુજરાતી વિષયના શિક્ષકો તથા ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને ગૂગલ ફોર્મ આધારિત ઉપકરણો વોટ્સેપ પર મોકલવામાં આવ્યા હતા. આ માહિતી ૧૮ શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ સંપૂર્ણ રીતે ભરી પરત મેળવાયા હતા. જે પ્રસ્તુત સંશોધનના નમૂનાના પાત્રો બન્યા હતા.

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા માહિતી એકત્રીકરણ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પોતાના સ્વરચિત સમસ્યા ઓળખ સૂચિ તથા મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા માહિતી પ્રાપ્ત કરવાનો ઉપક્રમ રાખ્યો હતો પરંતુ કોવિડ-૧૯ ની મહામારીને કારણે સંશોધકે પોતાના ઉપકરણને ગૂગલ ફોર્મ માં રૂપાંતરિત કરી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ માટે પોતાના સ્વરચિત ઉપકરણને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વોટ્સેપ મારફતે ઓનલાઈન માહિતી આપવામાં આવી હતી. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ ફોર્મમાં માહિતી ભરી સંશોધકને પરત કર્યા હતા.

**માહિતી પૃથક્કરણની રીત**

સમસ્યા ઓળખ સૂચના આધારે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારી શતમાનની સાર્થકતા અને વિધાનોને તીવ્રતાક્રમ જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તથા મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા અનાત્મલક્ષી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત જે માહિતી એકત્રિત કરવામાં આવી હતી તેનું અંકશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ વિશ્લેષણની અંતે જે પરિણામો પ્રાપ્ત થયા તેના આધારે નીચે પ્રમાણેના તારણો દર્શાવવામાં આવ્યા છે.

➢ સમસ્યાઓ ઓળખસૂચિને આધારે પ્રાપ્ત વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થતાં તારણો

૧. અધ્યયન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

- શિક્ષક પદ્યના શિક્ષણ માટે શ્રાવ્ય શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરતા નથી.
- શિક્ષક કવિ લેખકનો પરિચય આપતા નથી.

શિક્ષકો વિષય સંદર્ભે નવી માહિતીની ચર્ચા કરતા નથી.

- વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયના અમુક કાવ્યો અઘરા લાગે છે.

૨. પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો.

પાઠ્યપુસ્તકમાં ગદ્ય ઘણા લાંબા લાગે છે.

- પાઠ્ય પુસ્તકની ભાષા સમજાય તેવી સરળ અને સ્પષ્ટ નથી.
- વ્યાકરણનું પાઠ્યપુસ્તક અલગથી આપવામાં આવતું નથી.

પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વિદ્યાર્થી વય કક્ષાને અનુરૂપ નથી.

પાઠ્યપુસ્તકમાંની બધી જ પદ્ય રચનાઓનું ગાન રાગબદ્ધ કરી શકાતું નથી.

૩. વ્યાકરણ સંબંધિત સમસ્યા અંગેના તારણો

● વિદ્યાર્થીઓ જોડણી લખવામાં મુશ્કેલી અનુભવે છે.

● વિદ્યાર્થીઓને જોડણીના નિયમો યાદ રાખવા અને સમજવા કઠીન લાગે છે.

વિદ્યાર્થીઓને છંદ - અલંકાર સમજવા અઘરા લાગે છે.

૪. ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

● વિદ્યાર્થીઓને વધુ પડતું ગૃહકાર્ય કરવામાં કંટાળો અનુભવાય છે.

વર્ગખંડમાં ગૃહકાર્ય નિયમિતપણે તપાસ આવતું નથી.

● વિદ્યાર્થીઓ ગૃહકાર્ય પાઠ્યપુસ્તકમાંથી જાતે સમજીને લખતા નથી.

ગૃહકાર્ય ન સમજાતું હોવાને કારણે વિદ્યાર્થીઓએ ગાઈડની મદદ લેવી પડે છે.

ગૃહકાર્યની ચકાસણી વિદ્યાર્થીઓના પ્રતિનિધિ દ્વારા થાય છે.

● શિક્ષકો વધુ પડતું ગૃહકાર્ય આપે છે.

૫. સહભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

પાઠ્યપુસ્તકની ટૂંકી વાર્તાઓ નાટ્ય રૂપાંતર દ્વારા સમજાવવામાં આવતી નથી.

ગુજરાતી વિષયમાં કવિ લેખકના નામ પરથી કૃતિ ઓળખવી જેવી રમત રમાડવામાં આવતી નથી.

● મોટાભાગની શાળામાં ગુજરાતી ભાષા સંબંધિત વિવિધ દિવસોની ઉજવણી થતી.

● શાળામાં ગુજરાતી ભાષા ક્લબ અસ્તિત્વ ધરાવતું નથી.

● શાળામાં કાવ્યગાન અને પાદપૂર્તિ જેવી સ્પર્ધાઓ રાખવામાં આવતી નથી નથી. શિક્ષક ગુજરાતી શબ્દોનું શબ્દોભંડોળ વધારવા માટે ક્વિઝની સ્પર્ધા રાખતા નથી.

● શિક્ષક ગુજરાતી વિષયનું જ્ઞાન વધારવા માટે શબ્દોની રમત રમાડતા નથી.

૬. મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

● મોટાભાગની શાળામાં ગુજરાતી વિષયમાં એકમ કસોટી લેવામાં આવતી નથી. વર્ગખંડમાં શિક્ષણ દરમિયાન ભાગ્યેજ પ્રશ્નો પૂછવામાં આવે છે.

ગુજરાતી વિષયના આંતરિક મૂલ્યાંકનમાં તાસની હાજરીને વધુ મહત્વ આપવામાં આવે છે.

➢ સમસ્યા ઓળખ દ્વારા પ્રાપ્ત શિક્ષકોના પ્રતિચારોને આધારે પ્રાપ્ત તારણો.

૭. અધ્યાપન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

● અધ્યાપન કાર્ય માટે શાળામાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. ● વિદ્યાર્થીઓની અનિયમિત હાજરીથી અધ્યાપન કાર્યમાં રૂકાવટ આવે છે.

શાળામાં ગુજરાતી વિષયને લગતા સંદર્ભ-સાહિત્ય ઉપલબ્ધ નથી.

૮. પાઠ્યપુસ્તક સંબંધી સમસ્યાઓ અંગેના તારણો

● પાઠ્યપુસ્તકમાં આધુનિક માહિતીઓ સમાવિષ્ટ નથી.

પાઠ્યપુસ્તકમાં બધા જ અઘરા શબ્દોના અર્થ મળી રહેતા નથી.

● પાઠ્યપુસ્તકમાં વ્યાકરણની સમજ યોગ્ય રીતે આપવામાં આવી નથી.

● પાઠ્યપુસ્તકના વિષયવસ્તુમાં (ચાર્ટ- ચિત્રો, લેખક ની માહિતી) વૈવિધ્યતા નો અભાવ છે.

● પાઠ્યપુસ્તકોના એકમોનું શીર્ષક વિષયવસ્તુ અનુરૂપ ભાવ પ્રગટ કરતા નથી.

● પાઠ્યપુસ્તકની બધી જ પદ્ય રચનાઓનું ગાન કરી શકાતું નથી.

૯. મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

● વિદ્યાર્થીઓની દરેક એકમના અંતે એકમ કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવતું નથી.

મૂલ્યાંકન કરતી વખતે હોશિયાર- નબળા વિદ્યાર્થીઓ વચ્ચે રખાતો હોય છે.

● મૂલ્યાંકન વખતે હાજરીને વધુ મહત્વ આપવામાં આવે છે.

શિક્ષકો પરંપરાગત પદ્ધતિથી મૂલ્યાંકન કરે છે.

● વિદ્યાર્થીઓને નોંધપોથીયો, વ્યાકરણ પોથી, નિબંધપોથી ,સ્વાધ્યાય પોથી, તપાસી ભૂલો નિર્દેશ કરવાનો સમય મળતો નથી.

૧૦. સંદર્ભ સાહિત્ય સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

● ગ્રંથાલયમાં ગુજરાતી વિષયના સંદર્ભ પુસ્તકો ઉપલબ્ધ નથી.

● શાળામાં ગ્રંથાલયની સુવિધા કરવામાં આવી નથી.

ગ્રંથાલયમાંથી પુસ્તકો ઘરે વાંચવા મળતા નથી.

૧૧. સંચાલન સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

● શાળામાં ગુજરાતી વિષયમાં શૈક્ષણિક સાધનોનો અભાવ વર્તાય છે.

૦ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી દરેક વિદ્યાર્થીઓને ન્યાય આપી શકાતો નથી.

શિક્ષકો ગુજરાતી વિષયના એકમને અન્ય શિક્ષકો સાથે વિભાગીકરણ કરી શીખવે છે.

➢ મુક્ત જવાબી પ્રશ્નો ના આધારે પ્રાપ્ત તારણો.

૧. આપના મતે ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓને કઈ-કઈ સમસ્યાઓ અનુભવાય છે?

● પ્રસ્તુત પ્રશ્ન સંદર્ભમાં મળેલ માહિતી પરથી નીચેના તારણો ફલિત થાય છે.

વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં કાવ્યો સ્ટેજ પર બોલવાનો ડર લાગે છે.

● વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષય શિક્ષણ સંદર્ભે પાયાના જ્ઞાનનો અભાવ જોવા મળે છે.

વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષયનું શબ્દ બંધ ઓછું જોવા મળે છે.

વિદ્યાર્થીઓમાં ભાષાશુદ્ધિ નો અભાવ જોવા મળે છે

વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષય સંદર્ભે વાંચન અને લેખનની સમસ્યાઓ જાણવા મળે છે.

● વિદ્યાર્થીઓ લંબાણપૂર્વકની રજૂઆત કરી શકતા નથી.

● વિદ્યાર્થીઓને વ્યાકરણમાં રસ પડતો નથી.

વિદ્યાર્થીઓ વ્યાકરણ સમજવામાં ઘણી મુશ્કેલી અનુભવે છે.

૨. શાળામાં શિક્ષકો સાથે પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે ગુજરાતી વિષયમાં

શિક્ષકોને ઘણી સમસ્યાઓ અનુભવાય છે જે નીચે મુજબ છે.

* શિક્ષકોને અગાઉ પાઠ આયોજન કરવામાં ઘણી મુશ્કેલી અનુભવાય છે.

નવી માહિતીઓ કે ઘટનાઓ દ્વારા વિષયવસ્તુની રજૂઆત કરી શકતા નથી.

● શાળામાં ગુજરાતી વિષય સંદર્ભે સ્પર્ધાઓ ઓછી રાખવામાં આવે છે.

● વિદ્યાર્થીઓમાં ભાષાશુદ્ધિનો ખૂબ જ અભાવ વર્તાય છે.

● ગુજરાતી વિષય શિક્ષક શાળામાં માન ખૂબ જ ઓછું મળે છે.

● ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓ ભણવામાં રસ દાખવતા નથી.

● ગુજરાતી વિષયમાં શિક્ષકોને પૂરતા તાસ મળતા નથી.

● ગુજરાતી વિષયને વિદ્યાર્થીઓ અને અન્ય શિક્ષકો હળવો માને છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના અંતે પ્રાપ્ત થયેલા તારણોને આધારે સંશોધકે ગુજરાતી વિષય શિક્ષણ અને વધુ ગુણવત્તાસભર બનાવવા અર્થે નોંધપાત્ર શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. વિદ્યાર્થીઓનું અધ્યયન અસરકારક બની રહે તે માટે શાળામાં દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સાધનોની વ્યવસ્થા કરવી જોઈએ.

૨. શિક્ષકોએ વિદ્યાર્થીઓ સમક્ષ નવી માહિતીઓની ચર્ચા કરવી જોઈએ.

૩. ગુજરાતી વિષયમાં પાઠ્યપુસ્તકની ભાષા સમજાય તેવી સરળ અને સ્પષ્ટ હોય બાબતનું ધ્યાન અભ્યાસક્રમ રચતા સમયે રાખવું જોઈએ.

૪. અભ્યાસક્રમમાં વ્યાકરણ નું પાઠ્યપુસ્તક અલગથી ઉમેરવું જોઈએ.

૫. શિક્ષકોએ વિદ્યાર્થીઓને સમજાય તેવી રીતે જોડણીના નિયમો વર્ગખંડમાં લખાવવા જોઈએ.

૬. શિક્ષકોએ વિદ્યાર્થીઓને અલંકાર સમજાવવા માટે વ્યવહારુ ઉદાહરણ આપવા જોઈએ.

૭. વિદ્યાર્થીઓ સમજી શકે એ પ્રકારનું ગૃહકાર્ય શિક્ષકોએ આપવું જોઈએ.

૮.ગૃહકાર્યની ચકાસણી શિક્ષકોએ જાતે કરવી જોઈયે જેથી વિદ્યાર્થીઓએ કરેલી ભૂલો નિર્દેશ કરી શકાય.

પાઠ્યપુસ્તકની ટૂંકી વિદ્યાર્થીઓ પાસે નાટ્ય રૂપાંતર દ્વારા કરાવવી જોઈએ.

૧૦. શાળામાં કાવ્ય ગાન અને પાદપૂર્તિ જેવી સ્પર્ધા વધુ રાખવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને કાવ્યને ઊંડાણપૂર્વક સમજી શકે.

૧૧. વિદ્યાર્થીઓ કવિ લેખકનો પરિચય અને નામ યાદ રાખી શકે એ માટે શિક્ષકોએ શબ્દોની રમત રમાડવી જોઈએ.

૧૨. અધ્યાપન કરાવવા માટે શાળામાં પૂરતા પ્રમાણમાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનો ઉપલબ્ધ કરાવવા જોઈએ. જેથી મંદ વિદ્યાર્થીઓ તેને જોઈને અભ્યાસમાં રસ દાખવી શકે.

૧૩. ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં આધુનિક માહિતીની રજૂઆત વધુ હોય એ માટે અભ્યાસક્રમ સંરચના સમયે ધ્યાન રાખવું જોઈએ.

૧૪. દરેક શાળામાં ગ્રંથાલયની સુવિધા કરવી જોઈએ જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ અન્ય પુસ્તકો વાંચવા પ્રેરાય શકે.

૧૫. શિક્ષકો દરેક વિદ્યાર્થીને યોગ્ય ન્યાય આપી શકે તે માટે વર્ગખંડ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા યોગ્ય રાખવી જોઈએ.

૧૬. ગુજરાતી વિષયના શિક્ષકોની અન્ય વિષયના શિક્ષકો જેટલું માન આપવું જોઈએ. જેથી શિક્ષકો અધ્યાપન કાર્ય ગુણવત્તા પૂર્ણ કરાવી શકે.

## ભાવિ સંશોધનના ક્ષેત્રો

પ્રસ્તુત સંશોધનના ઉપલક્ષ્યમાં સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

૧. સુરત જિલ્લાની અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાનો અભ્યાસ.

૨. ઓલપાડ તાલુકાની ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાનો અભ્યાસ.

૩. ઓલપાડ તાલુકાની અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વ્યાકરણ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

૪. ઓલપાડ તાલુકાની ખાનગી માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ.

૫. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

૬. ઓલપાડ તાલુકાની અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય શિક્ષણની સમસ્યાનો અભ્યાસ.

૭. ઓલપાડ તાલુકાની માધ્યમિક શાળામાં અહેવાલ લેખનમાં થતી ભૂલોનો અભ્યાસ.

## ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન વધી રહ્યું છે અને ગુજરાતી શિક્ષણનું મહત્વ ઘટી રહ્યું છે. હાલના સમયમાં સમાજ જે રીતે માતૃભાષાથી વિમુખ થતો જાય છે અને અન્ય ભાષાઓથી પ્રભાવિત થતો જાય છે. ગુજરાતી આપણી માતૃભાષા છે એટલે પ્રથમ શિક્ષણ ગુજરાતી વિષયમાં/માતૃભાષામાં મેળવવું જોઈએ. આપણી માતૃભાષામાં આપણે મુક્ત રીતે વાતચીત કરી શકીએ છીએ. ઉપરાંત ગુજરાતી સાહિત્ય પણ આપણી પાસે અઢળક છે. શાળાઓ અને કોલેજોમાં ગુજરાતી વિષય શિક્ષણ ઓછું જોવા મળતું હોવાથી આજે પ્રવર્તમાન સમયમાં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓને ઘણી સમસ્યાઓ વર્તાય છે. સંશોધકની ધબકાર ન્યૂઝ પેપરમાં પણ વાંચવા મળ્યું છે, કે 'ગુજરાતી વિષયમાં એક લાખથી વધારે વિદ્યાર્થીઓ નાપાસ' તો તે શા માટે નાપાસ થાય છે? તે માટે સંશોધકે ઓલપાડ તાલુકાની અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષયની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરતું સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન ના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો આચાર્યો કેળવણીકારો ગુજરાતી વિષયના શિક્ષકો તેમજ ગુજરાતી વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ તથા સંશોધકોને ઉપયોગી નીવડશે તો સંશોધકનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

# અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી ભાષા શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પટેલ તેજલ બી.

**સંશોધનના હેતુઓ**

૧ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના અધ્યાપન કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો વિશે સંશોધન કરવો.

અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણમાં અધ્યાપન કરાવતા શિક્ષકોની ના અધ્યાપન અનુભવોનો સંશોધન કરવો.

3 અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણમાં શિક્ષકોની આપવામાં આવતી તાલીમ અને તેની સફળતા સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૪ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના સંશોધનક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૫ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણમાં અધ્યાપન કાર્ય દરમિયાન શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ અને ઉપયોગોના સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૬ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના સંદર્ભ સાહિત્યની પ્રયુક્તિઓના સંશોધન અંગે શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૭ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણમાં મહાવરા, વાંચન, સ્વાધ્યાય વિકસાવવા માટે વિદ્યાર્થીઓને આપતા ગૃહકાર્યના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૮ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની સહસંશોધન પ્રવૃત્તિઓના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૯ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળામાં હિન્દી શિક્ષણના અધ્યયન અધ્યાપન કાર્ય દરમિયાન ઉદભવતી સમસ્યાઓ વિશે શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

૧૦ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના પરિણામોના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયોનો સંશોધન કરવો.

**સંશોધનના પ્રશ્નો**

૧ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણ અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો વિશે શું જાણવા મળે છે?

૨ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોના અધ્યાપન અનુભવો વિષે શિક્ષકો કેવા અભિપ્રાય ધરાવે છે?

3 અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી વિષયના શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમ અને તેની સફળતા સંદર્ભમાં શિક્ષકો કેવા પ્રકારના અભિપ્રાય ધરાવે છે?

૪ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી વિષય શિક્ષણ અધ્યયન કાર્ય માટે શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ અને ઉપયોગો સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાય કેવા છે?

૫ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી વિષયના સંશોધનક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાય કેવા છે?

૬ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી ભાષા શિક્ષણના સંદર્ભે સાહિત્યની પ્રયુક્તિઓના સંશોધન અને શિક્ષકો કેવા અભિપ્રાયો જોવા મળે છે?

૭ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી વિષયના મહાવરા અને વાંચન તેમજ સ્વાધ્યાયની તેવો વિકસાવવામાં વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની તપાસ સંદર્ભે શિક્ષકોના કેવા અભિપ્રાયો જોવા મળે છે?

૮ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની સહસંશોધન પ્રવૃત્તિઓ ના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાય કેવા પ્રકારના છે?

૯ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના અધ્યાપન અધ્યયન કાર્ય દરમિયાન ઉદ્ભવતી સમસ્યાઓ તેમજ સમસ્યાઓના સંદર્ભમાં શિક્ષકોના કેવા અભિપ્રાય જોવા મળે છે?

૧૦ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓમાં હિન્દી શિક્ષણના પરિણામોના સંદર્ભમાં શિક્ષકોના કેવા અભિપ્રાયો છે?

### વ્યાપવિશ્વ અને નમૂના

પ્રસ્તુત સંશોધન અંકલેશ્વર તાલુકામાં માધ્યમિક કક્ષાએ હિન્દી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર તાલુકાની શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાનની જિલ્લા પંચાયત (સરકારી) અર્ધસરકારી સંચાલિત ગુજરાતી માધ્યમની કુલ ૧૪ માધ્યમિક શાળાઓના બધા હિન્દી વિષયના શિક્ષકો પ્રસ્તુત સંશોધનનુ વ્યાપવિશ્વ છે.

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે અંકલેશ્વર તાલુકાની સરકારી અને અર્ધસરકારી માધ્યમિક શાળાના હિન્દી વિષયના શિક્ષકો નો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં અધ્યેતાએ સંશોધન પદ્ધતિ તરીકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનો હોય માટે અધ્યેતાએ ઉપકરણ તરીકે બંધ જવાબી પ્રશ્નાવલી અને મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

### માહિતીનું એકત્રીકરણ અને પૃથ્થકરણ

માહિતી એકત્રીકરણ કાર્ય માટે સંશોધકે નમૂનામાં સમાવિષ્ટ અંકલેશ્વર તાલુકાની શાળામાં માહિતી મેળવવા માટે તાલુકાના માધ્યમિક શિક્ષણ સમિતિના શાસનધિકારી સાહેબની અને જે તે શાળાઓના આચાર્યોની પરવાનગી લીધી હતી. પ્રસ્તુત સંશોધન માટે હિન્દી વિષયના શિક્ષકો પાસેથી સંશોધનક્રમ, પાઠ્યપુસ્તક, અધ્યયન અધ્યાપન પદ્ધતિ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ અને સેવાકાલીન તાલીમ વિશે તેમના મંતવ્યો જાણવા માટે સંશોધકે નમૂનામાં સમાવિષ્ટ પાત્રોને બંધજવાબી અને મુક્તજવાબી પ્રશ્નાવલિ આપીને માહિતી પ્રાપ્ત કરી હતી.

માહિતીનાં સ્વરૂપ પ્રમાણે સંખ્યાત્મક માહિતી માટે ટકાવારી અને સરાસરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સંશોધન તારાણો

➢ હિન્દી વિષયના શિક્ષકોની સામાન્ય માહિતી પરથી તારણો

- હિન્દી વિષયના શિક્ષકો બી.એ બી.એડ્મી પદવી ધરાવતા શિક્ષકો વધુ જોવા મળે છે.

* હિન્દી વિષયના શિક્ષકો પુરુષ કરતાં સ્ત્રી શિક્ષિકા પ્રમાણમાં વધુ છે.

➢ બંધ જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

૧હિન્દી વિષયના સંશોધનક્રમ અંગેના તારણો

- હિન્દી વિષયનો સંશોધનક્રમ વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ છે.
- હિન્દી વિષયનો સંશોધનક્રમ વ્યવહારલક્ષી છે.
- વિદ્યાર્થીની વય કક્ષા કરતા ધોરણ ૯ અને ધોરણ-૧૦નો સંશોધનક્રમ સરલ છે.
- વિષયનો સંશોધનક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં તર્ક શક્તિનો વધારો થાય છે.

૨ હિન્દી વિષયના પાઠ્યપુસ્તક અંગેના તારણો

- વિષયનું પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓની વય કક્ષાના અનુરૂપ છે.

પાઠ્ય પુસ્તકમાં દર્શાવેલ પ્રવૃત્તિઓ ૧ વર્ષની સમય વિધિમાં પૂર્ણ થઇ શકે તેવી છે.

હિન્દીનું વૈવિધ્યસભર પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને પસંદ પડે તેવું છે.

- પાઠ્યપુસ્તકમાં દર્શાવેલા પાઠો માધ્યમિક કક્ષાએ હિન્દી વિષયના હેતુઓને સિદ્ધ કરે તેવા છે.
- પુસ્તકમાં મુદ્રણ ભૂલો નહિવત જોવા મળે છે.

3 હિન્દી વિષયની સેવાકાલીન તાલીમ અંગેના તારણો

- હિન્દી વિષયના સંદર્ભમાં સેવાકાલીન તાલીમ નિયમિત રીતે આપવામાં આવતી નથી.
- સેવાકાલીન તાલીમ હિન્દી વિષયની ગુણવત્તામાં સુધારો લાવી શકાય છે.

સેવાકાલીન તાલીમમાં તજજ્ઞ પૂર્વ તૈયારી સાથે આવે છે.

- સેવાકાલીન તાલીમ નો સમય ખૂબ જ ટૂંકો જોવા મળે છે.

સેવાકાલીન તાલીમ થી નવીન સંદર્ભ સાહિત્ય નો પરિચય થાય છે.

૪ હિન્દી વિષયની શિક્ષણ પદ્ધતિ અને પ્રયુક્તિ અંગેના તારણો

● હિન્દી વિષયમાં વૈવિધ્યસભર શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ થાય છે.

* હિન્દી વિષયમાં પ્રત્યક્ષ પદ્ધતિનો જ ઉપયોગ કરવામાં આવતો નથી

● હિંદી વિષયનું અધ્યયન અધ્યાપન હિન્દી ભાષામાં જ કરવામાં આવે છે.

● હાલની પદ્ધતિથી થતા શિક્ષણકાર્યને લીધે વિદ્યાર્થીઓનું વ્યાકરણ રહી જાય છે.

૫ હિન્દી વિષયનું સ્વાધ્યાય કાર્ય અંગેના તારણો

● માધ્યમિક શિક્ષણ કક્ષાએ હિન્દી વિષયમાં સ્વાધ્યાય કાર્ય અસરકારક છે.

● હિન્દી વિષયનું સ્વાધ્યાય કાર્યોનું મૂલ્યાંકન થાય છે.

● વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્યના જવાબનો ઉતારો કરી લાવે છે.

●કોમાં આપેલા પ્રશ્નોના ખૂબ જ ઓછા પ્રમાણમાં સ્વાધ્યાય કાર્ય તરીકે અપાય છે

૬. હિન્દી વિષયના અધ્યયન અધ્યાપન કાર્ય દરમ્યાન ઉદ્ભવતી સમસ્યા અંગેના તારણો

● હિન્દી વિષય ઉપરાંત અન્ય વિષયોનો અધ્યયન કાર્ય શિક્ષકોને આપવામાં આવે છે.

● હિન્દી વિષય અધ્યયન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને હિન્દી સમજવામાં કે સમજાવવામાં તકલીફ પડતી નથી.

● હિન્દી વિષયનો અધ્યાપનકાર્ય વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતનો ધ્યાનમાં રાખીને થાય છે.

● વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપી શકાતું નથી.

અધ્યાપન દરમિયાન વિવિધ ઉદાહરણ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવે છે.

➢ મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો

૧ હિન્દી વિષયમાં સેવાકાલીન તાલીમ અંગેના તારણો.

● તજજ્ઞોના વિસ્તૃત જ્ઞાનનો લાભ શિક્ષકોને થાય છે.

● નવી નવી પ્રવૃત્તિઓનું જ્ઞાન અન્ય શિક્ષકો સાથેના સંપર્કથી, બીજી શાખાના શિક્ષણથી માહીતગાર થાય છે.

૨ હિન્દી વિષયમાં અધ્યાપન પ્રવૃત્તિઓ અંગેના તારણો

● વધુ પ્રમાણમાં શિક્ષકો પ્રત્યક્ષ, પોરોક્ષ, આગમન, નિગમન, નાટ્યીકરણ અને પ્રોજેક્ટ જુઠ ચર્ચા, વાંચન પ્રયુક્તિઓ અને પદ્ધતિનો ઉપયોગ કરતા જણાયા હતા.

● પ્રોજેક્ટ પદ્ધતિ અને નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓમાં અધ્યયન અધ્યાપન માટે રસ રુચિ વધે છે,

3 હિન્દી વિષયના સ્વાધ્યાય કાર્ય માં વિદ્યાર્થીના સહયોગ અંગેના તારણો

વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્ય માટે શિક્ષકોને સારો સહયોગ આપતા હતા.

● અમુક નબળા વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્યમાં આ રસ દાખવતા હતા.

૪ હિન્દી વિષયમાં અધ્યાપન અધ્યયન દરમિયાન ઉદભવતી સમસ્યા અંગેના તારણો

● વિદ્યાર્થીમાં ઉચ્ચાર દોષ અને જોડણી ભૂલો જોવા મળે છે.

● હિન્દી ભાષા પ્રત્યે આરગમો કેટલાક વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

૫ હિન્દી વિષયમાં અધ્યયન અધ્યાપન દરમિયાન ઉદભવતી સમસ્યાઓના ઉકેલ અંગેના તારણો

● હિન્દી ભાષા પ્રત્યે જાગૃતતાના તાસોની ફાળવણી કરવી.

● વિદ્યાર્થીઓને હિન્દી વિષયના સેમિનારમાં લઈ જવા અને હિન્દી ભાષાનું મહત્વ સમજાવવું.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧) શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયમાં સંદર્ભગ્રંથના સંશોધન કરી શકે તે માટે સમયનું આયોજન કરવું જરૂરી છે. તેમજ શિક્ષકોએ પણ સતત સંદર્ભ સાહિત્યનું વાંચન કરવું જોઈએ.

૨) સેવાકાલીન તાલીમમાં યોગ્ય વ્યવસ્થા અને યોગ્ય તજજ્ઞોની પસંદગી કરવી જોઈએ. રાજ્ય અને રાષ્ટ્રની વિવિધ સંશોધન સંસ્થાઓ વડે યોજાતી સેવાકાલીન કાર્યક્રમો હિન્દી શિક્ષણના શિક્ષકોને જોડવા જોઈએ. અને એવા કાર્યક્રમોથી શાળા એ સમયાંતરે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

3) સ્વાધ્યાય માટે વાર્ષિક આયોજન કરી નિશ્ચિત સમય પત્રક બનાવવું જોઈએ, જેનાથી વિદ્યાર્થી સ્વાધ્યાય સંબંધી સમયનું આયોજન કરી શકે.

વિદ્યાર્થીને બોજારૂપ ન લાગે તે પ્રકારનું રસ પડે તે પ્રકારનું હળવું સ્વાધ્યાય કાર્ય આપવું જોઈએ.

૪)દરેક કવિતાના યોગ્ય રાગ હોય છે અને જો શિક્ષક રાગ ન બેસાડી શકે તો કેટલીક શિક્ષણને લગતી સંસ્થાઓ કે જેમણે ઓડિયો કેસેટ વસાવી છે તેમનો સંપર્ક સાધીને કે સતત વસાવવી જોઈએ.

૫) પાઠ્યપુસ્તકની ભાષા વિદ્યાર્થી વયકક્ષાને અનુરૂપ હોવી જોઈએ. અને પાઠ્યપુસ્તકમાં પસંદ થયેલ પાઠો વધુ લાંબા ન હોવા જોઈએ તદુપરાંત પાઠ્યપુસ્તકમાં છાપકામને લગતી ભૂલો ન રહે તેની તકેદારી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ રાખવી જોઈએ.

૬) વર્ગખંડમાં વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક સિવાય અન્ય પુસ્તકો વાંચવા માટે પ્રેરાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

૭) હિન્દી ભાષામાં લેખનની શુદ્ધતા તેમ સ્પષ્ટ શબ્દોના ઉચ્ચાર પર વર્ગખંડમાં ભાર મૂકી શકાય.

૮) શિક્ષકે વ્યાકરણની સમજ સરળતાથી કઠિનતાનો સિદ્ધાંત જળવાય એ રીતે આપી શકાય એવું આયોજન કરવું જોઈએ.

૯) હિન્દી શિક્ષક વર્ગખંડમાં અધ્યાપન કરાવતી વખતે લોકશાહી વાતાવરણ ઊભું કરવું જોઈએ.

૧૦) શૈક્ષણિક સાધનોનો પ્રયોગ કરતી વખતે તમામ વિદ્યાર્થીને સ્પષ્ટ સંભળાય અને દેખાય તે મુજબ યોગ્ય અંતર રાખીને તમામ વિદ્યાર્થીને એક જ ઓરડામાં ન બેસાડતાં દરેક વિદ્યાર્થીને સમજાય એ બાબત પર વધુ ધ્યાન આપવું જોઈએ.

૧૧) પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને બ્રાહ્ય પરીક્ષાઓ આપવા માટે પ્રોત્સાહન આપવું જોઇએ તેમજ રાજ્ય પરીક્ષાને લગતા સાહિત્ય સંસ્થામાં રાખવા જોઈએ તેમજ સંસ્થામાં હિન્દી દિવસની ઉજવણી કરવી જોઈએ અથવા તો વિદ્યાર્થીઓ અને શિક્ષકો એકબીજા સાથે હિન્દી ભાષામાં વાતચીત કરવી જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ નજર સમક્ષ રાખતા સમજાય છે કે ભવિષ્યમાં વ્યાપક હેતુઓ સાથે તથા બિન નમૂના ઉપર હિન્દી વિષયના અધ્યયન ક્ષેત્રોમાં સંશોધન હાથ ધરવા માટેની અનેરી તકો રહેલી છે. વધુ સંશોધન માટે સંબંધિત ક્ષેત્રોની નિર્દેશ કરવાનો અધ્યાય યોગ્ય સમજાયું છે.

ભવિષ્યમાં નીચે જણાવેલ આ વિષય પર સંશોધન હાથ ધરી શકાય એવું અધ્યેતાને લાગે છે.

૧) માધ્યમિક કક્ષાએ હિન્દી વિષયના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક સંશોધન

૨) ગુજરાત રાજ્યમાં માધ્યમિક કક્ષાએ હિન્દી ભાષા શિક્ષણ માટેનો દ્રશ્ય-શ્રાવ્ય સાધનોની ઉપલબ્ધિ એક સર્વેક્ષણ,

૩) ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ હિન્દી ભાષા શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

૪ માધ્યમિક શાળાઓમાં હિન્દી ભાષા શિક્ષણનો સર્વેક્ષણઆત્મક સંશોધન

૫) ગુજરાત રાજ્યમાં માધ્યમિક કક્ષાના હિન્દી વિષયના બોર્ડના પરિણામના અન્ય વિષયો સાથેનો તુલનાત્મક સંશોધન

૬) રાષ્ટ્રભાષા તરીકે સમગ્ર રાષ્ટ્રમાં વર્તમાન સમયમાં તેનું સ્થાન ક્યાં છે. વર્તમાન અને ભવિષ્યમાં સમગ્ર રાષ્ટ્રમાં તેની કોઈ ઉપયોગીતા છે કે નહીં તે માટેનો સર્વેક્ષણ હાથ ધરી શકાય છે.

૭) ઉચ્ચતર પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયનની સમસ્યાઓ

### ઉપસંહાર

અહીં અધ્યેતાએ પ્રસ્તુત વિષયને ધ્યાનમાં રાખીને એક નાનકડું સંશોધન હાથ ધર્યું હતું. શિક્ષણના પ્રત્યેક ક્ષેત્રમાં સંશોધન થવું જરૂરી છે. શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે સંશોધન કરવું અનિવાર્ય છે. વિદ્યાર્થીઓની અપેક્ષાઓ સંતોષવા માટે તેની સમક્ષ ઉપસ્થિત થતી સમસ્યાઓના ઉકેલ શોધતાં રહેવું પડે છે. હિન્દી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ સંશોધન માર્ગદર્શક બને એવી અપેક્ષા સાહજિક રીતે જ રહે છે. માધ્યમિક શાળા સાથે સંકળાયેલા અને હિન્દી વિષયનુ અધ્યયન કરતા તેમજ કરાવતા શિક્ષકો વિદ્યાર્થીઓ આચાર્યો આયોજકો અને અધ્યેતાઓને હિન્દી વિષયમાં અધ્યયનની સમસ્યાના સંદર્ભમાં સંશોધન સહેજ પણ ઉપયોગી થશે કે પથદર્શક બનશે તો અધ્યતાને ખૂબ જ આનંદ થશે.

વળી આજના નૂતન યુગના સંદર્ભમાં હિન્દી ભાષા વૈજ્ઞાનિક અને પૂર્ણ ભાષા તરીકેની ગણના મેળવે અને અધ્યેતા દ્વારા કરાયેલા સૂચનોને આધારે જરૂરી ફેરફારો સહિત હિન્દી વિષયના અધ્યયન-

અધ્યાપનનું કાર્ય આરંભ કરવામાં આવે તો અધ્યેતાઓનો સંશોધન પાછળનો હેતુ ફળીભૂત થાય.

## સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ

પીપળીયા જીગ્નેશ જે.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના હેતુઓ જાણવા.

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના વ્યાપ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૩. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંચાલકીય માળખાની માહિતી પ્રાપ્ત કરવી.

૪. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના આર્થિક પાસા વિશે માહિતી મેળવવી.

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ માટેના શાળાકીય આયોજનની માહિતી પ્રાપ્ત કરવી.

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત થતાં શિક્ષણકાર્ય અંગેની માહિતી મેળવવી.

૭. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંસાધનો વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૮. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી થતાં ફાયદાઓ જાણવા.

૯. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સમસ્યાઓ જાણવી.

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યક્રમને ફળદાયી બનાવવાના દિશાસૂચનો પ્રાપ્ત કરવા.

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમ વિશેની માહિતી મેળવવી.

### સંશોધનના પ્રશ્ન

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ના હેતુઓ કયા કયા છે?

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી શાળાઓ, આચર્યો, શિક્ષકો, યુ.આર.સી.કો-ઓર્ડિનેટર, સી.આર.સી.કો-ઓનિટરની સંખ્યાકીય માહિતી કેટલી છે?

૩. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું સંચાલન કઈ રીતે થાય છે?

૪. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ આર્થિક પાસાઓ કયા કયા છે?

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સંદર્ભ પ્રાયોગિક શિક્ષણ કાર્ય અંગે અભિપ્રાયો કેવા છે?

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સંદર્ભ સૈદ્ધાંતિક શિક્ષણકાર્ય અંગેના અભિપ્રાયો કેવા છે?

૭. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત કયા-કયા સંસાધનોનો ઉપયોગ થાય છે?

૮. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી કયા કયા ફાયદા થાય છે?

૯. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત કઈ-કઈ સમસ્યાઓ નડે છે?

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યક્રમને ફળદાયી બનાવવા કેવા સૂચનો કરી શકાય?

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટઅંતર્ગત શિક્ષકોને આપવામાં આવતી તાલીમમાં

કેવા પ્રકારની સમસ્યાઓ ઉદભવે છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન હાથ ધર્યું હતું.

### સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનકે સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે

પ્રશ્નાવલિ સાક્ષ્યપત્રક અને ઓળખયાદી ની પસંદગી કરવામાં આવી હતી આ તમામ ઉપકરણો સ્વરચિત હતા. જેમાં પ્રારંભિક સ્વરૂપથી શરુ કરી અંતિમ સ્વરૂપ સુધીના ઉપકરણોમાં તજજ્ઞોના માર્ગદર્શનથી રચવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકો માટેની પ્રશ્નાવલિમાં બે વિભાગો પાડવામાં આવ્યા હતા. બંધજવાબી પ્રશ્નાવલિમાં ૭૦ અને મુક્તજવાબી પ્રશ્નાવલિમાં ૫ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આચાર્યો માટેનાં સાક્ષ્ય પત્રકમાં ૧૧ પ્રશ્નો અને યુ.આર.સી કૉ.ઓર્ડીનેટર-સી.આર.સી કૉ.ઓર્ડીનેટર માટેનાં સાક્ષ્ય પત્રકમાં ૬ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

### વ્યાપવિશ્વ અને નમૂનો

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એટલે સુરત શહેરમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ચાલતી કુલ ૦૯ પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ ૦૯ શાળાઓ તેમજ તેમાં અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકો, આચાર્યો, યુ.આર.સી કૉ.ઓર્ડીનેટર અને સી.આર.સી કૉ.ઓર્ડીનેટરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નમૂનો

પ્રસ્તુત સંશોધન નમૂના તરીકે ૬૧ શિક્ષકો, ૦૯ આચાર્યો, ૦૯ સી. આર.સી.કો-ઓડનિટર અને ૦૪યુ.આર.સી.કો-ઓર્ડિનેટર સમાવેશ કરવામાં આવ્યો હતો.

### માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને પ્રશ્નોના આધારે સંશોધકે શાળાના આચાર્યની રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સંશોધકે આચાર્યને પ્રથમ પોતાનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ તૈયાર કરેલ સાક્ષ્યપત્રકમાં આવતા પ્રશ્નો અને જરૂરી જણાય ત્યાં પેટા પ્રશ્નો પૂછીને મળતા જવાબની નોંધ કરી હતી. આ ઉપરાંત શિક્ષકો પાસેથી નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રતિચાર મેળવવામાં આવ્યા હતા. નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિના ઉત્તરો ગુગલફોર્મ દ્વારા મેળવવામાં આવ્યા હતા. જ્યારે મુક્ત જવાબી પ્રશ્નાવલિના ઉત્તરો રૂબરૂ મુલાકાત દરમિયાન મેળવવામાં આવ્યા હતા. તેમજ સી.આર.સી.કૉ.ઓર્ડિનેટર અને યુ.આર.સી.કૉ.ઓર્ડીનેટરના મુક્ત જવાબી પ્રશ્નોના ઉત્તરો વોટ્સઅપના માધ્યમથી મેળવવામાં આવ્યા હતા. આ માહિતી એકત્ર કર્યા બાદ માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક તેમજ ગુણાત્મક એમ બન્ને પ્રકારની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેમાં મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને સાશ્યપત્રક દ્વારા ગુણાત્મક સ્વરૂપે માહિતી મેળવવામાં આવી હતી.

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.જેમાં બંધ પ્રશ્નાવલિ અને ઓળખયાદી માટે આવૃત્તિ ટકાવારી શોધવામાં આવી હતી. જ્યારે મુક્ત જવાબી પ્રશ્નાવલિ માટે ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ, મુક્ત જવાબી પ્રશ્નાવલિ, સામ્યપત્રક અને ઓળખ યાદી પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી તેના પૃથક્કરણ અને અર્થઘટન અંતે નિપજતા સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ છે.

➤ હેતુઓ સંબંધિત તારણો.

૧. ટેકનોલોજીના માધ્યમથી અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયા સુદ્રઢ કરવાનો, શીખવા શીખવાની પ્રક્રિયામાં આંતરક્રિયા નો હેતુ પાર પડે છે.

૨. દરેક એકમ ની સરળ સમજૂતી, કઠિન બિંદુઓ વિદ્યાર્થીઓએ નથી સમજી શકે તેમજ ડિજિટલ શિક્ષણને વેગ મળી રહે માટે આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો છે.

૩. જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંસાધનો ફ્રી તાસ કે પ્રોક્ષી તાસમાં શિક્ષકની ગરજ સરે છે.

➤ સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના વ્યાપ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૧. સુરત શહેરમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટને કૂલ ૧૩ શાળાઓમાં મંજૂરી મળેલી છે.

૨. જેમાંથી ૯ શાળાઓ ગુજરાતી માધ્યમ અને ૪ શાળાઓ મરાઠી માધ્યમની છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંચાલકીય માળખાની માહિતી અંગેના તારણો.

૧. સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા પ્રોજેક્ટનો મોનીટરીંગ થાય છે.

૨. જિલ્લા કક્ષાએ એડિશનલ પ્રોજેક્ટર કો-ઓર્ડિનેટર યુ.આર.સી.-સી.આર.સી દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે.

૩. સમગ્ર શિક્ષા અભિયાન કચેરી દ્વારા જીલ્લા, તાલુકા અને શાળા કક્ષાએ નોડલ અધિકારીની નિમણુક કરવામાં આવે છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના આર્થિક પાસા અંગેના તારણો.

૧. એસ.એસ.એ. ગાંધીનગર દ્વારા ઈન્ટરનેટની વ્યવસ્થાના ભાગરૂપે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

૨. વધારાના ખર્ચ માટે શાળા સંયુક્ત ગ્રાન્ટ માંથી ખર્ચ કરવામાં આવે છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ માટેના શાળાકીય આયોજનની અંગેના તારણો.

૧. સમયપત્રક અનુસાર ધોરણ પાંચ અને છ માટે શાળાના તાસમાં ફેરફાર કરવામાં આવે છે.

૨. ધોરણ પાંચ થી આઠના વિદ્યાર્થી લાભ લે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

૩. દરેક શિક્ષક લાભ લઇ શકે તે માટે સ્થાનીક કક્ષાએ સમય પત્રકમાં ફેરફાર કરવામાં આવે છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત થતાં શિક્ષણકાર્ય અંગેના તારણો.

૧. શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર ઉપરાંત માર્ચ બોર્ડ હોવા છતાં કા.પા કાર્ય કરવામાં આવતું હતું.

૨. વિદ્યાર્થીઓના નિદાનાત્મક ઉપચાર માટે, અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરવા, સતત મૂલ્યાંકન અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના નિરાકરણ કરી શકાય છે.

૩. વિદ્યાર્થીઓને વિષય વસ્તુ, ગાણિતિક સંકલ્પનાઓ, કુતૂહલવૃત્તિ સંતોષી શકાય તેમજ

જ્ઞાનના સર્જનની તક પણ મળે છે.

૪. દ્રઢીકરણ, પુનરાવર્તન તેમજ શિક્ષણ કાર્યમાં ઝડપ આવે છે.

૫. સામાજિક વિજ્ઞાન તેવા વિષયના ઐતિહાસિક પાત્રો- ભાગો તેમજ વિજ્ઞાનના પ્રયોગોનું

નીદર્શન કરાવી શકાય છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંસાધનો અંગેના તારણો.

૧. જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સંસાધનોનો ઉપયોગ શિક્ષણ પ્રવૃત્તિઓ માટે તેમજ અન્ય સાધનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

૨. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસાધનો જે તે ધોરણ ના વર્ગમાં લગાવવામાં આવ્યા છે ઉપરાંત અલગ વર્ગખંડ પણ તૈયાર કરવામાં આવ્યા હતા.

૩. આસન સાધનો નો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થી જાતે સક્ષમ છે ઉપરાંત વિદ્યાર્થીઓ ઈ કન્ટેન્ટ પાઠ્યપુસ્તકો નો ઉપયોગ અને ઈ-લાઈબ્રેરીઓ નો ઉપયોગ કરે છે.

- સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી થતાં ફાયદાઓ અંગેના તારણો.

૧. વિદ્યાર્થીઓને સ્વ અધ્યયન અને શિક્ષકને અધ્યાપન માટે તેમજ વિદ્યાર્થીઓની એકમ કસોટી માં સુધારણા અને તક મળે છે.

૨. અધ્યયન અને લાંબા સમય સુધી યાદ રાખવા માટે દ્રશ્ય-શ્રાવ્ય અનુભવો અને શીખવાની ક્રિયામાં રસ માં વધારો કરે છે.

૩. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો અને શિક્ષક નો કાર્યભાર ઓછો થયો છે.

૪. વિદ્યાર્થીઓને ભણતરનો આનંદ અનુભવાય છે.

૫. શિક્ષકની ગેરહાજરીમાં પણ શિક્ષણ કાર્ય કરાવી શકાય છે.

૬. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી લાંબા ગાળાની સમજ મેળવે છે.

૭. વિજ્ઞાન ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં જે વસ્તુ વાસ્તવિક ના હોય તે એનીમેશનના માધ્યમથી ભણાવી શકાય.

- સુરત શહેરની પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સમસ્યાઓ અંગેના તારણો.

૧. શિક્ષણકાર્ય દરમ્યાન ટેકનિકલ સમસ્યાઓ અને વીજ પુરવઠો ખોરવાઇ જવાથી શિક્ષણ કાર્યને અસર પડે છે.

૨. શિક્ષણકાર્ય દરમિયાન વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી શકાતો નથી.

૩. કમ્પ્યુટર હેંગ થવાની સમસ્યા વધારે થાય છે.

૪. અલગ અલગ મેન્ટેનન્સ ગ્રાન્ટ આવવી જરૂરી છે.

૫. ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ સત્વરે થાય તે જરૂરી છે.

૬. સ્માર્ટ બોર્ડ ધૂળના કારણે ટચ કેલીબ્રેશન થઇ શકતું નથી.

➢ સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યક્રમને ફળદાયી બનાવવાના દિશા સૂચનો અંગેના તારણો.

૧. જ્ઞાનકુંજ પ્રોજેક્ટર હેઠળ ના સાધનો અત્યાધુનિક હોય તો વધુ અસરકારક રહે.

૨. ધોરણ ૧ થી ૪ માટે આ પ્રોજેકટનું અમલીકરણ આવકારદાયક છે.

૩. નવા અભ્યાસક્રમ પ્રમાણે ફેરફાર અપડેટ શાળા કક્ષાએ સત્વરે થવા જ જોઈએ.

૪. તમામ શિક્ષકો માટે શરૂઆતથી જ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સાથે જોડાય એ જરૂરી છે.

૫. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત આપવામાં આવતા સ્પીકર, સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટ વગેરેની સર્વિસ માટેની અવધિ વધારવામાં આવે.

૬. સ્થાનિક કક્ષાએ જ રિપેરિંગ અને સર્વિસ મળી રહે તેવું મિકેનિઝમ ગોઠવવામાં આવે.

➢ સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમ અંગેના તારણો.

૧. સેવાકાલીન તાલીમ દરમિયાન અન્ય શાળાના શિક્ષકો સાથેની આંતરક્રિયા થી લાભ તેમજ શિક્ષણની ગુણવત્તા સાથે સેવાકાલીન તાલીમની અગત્યતા જણાય છે.

૨. સેવાકાલીન તાલીમના જ્ઞાનનો વર્ગખંડમાં ઉપયોગ થાય છે તેમજ અધ્યાપન કાર્યમાં ઉદભવતી સમસ્યાનો હલ મળે છે.

૩. એક જ શિક્ષકના બદલે દરેક શિક્ષકને તાલીમનો લાભ મળવો જોઈએ.

૪. તાલીમ ઓનલાઈનના બદલે ઓફલાઈન હોવી જોઈએ.

૫. દરેક શિક્ષક મિત્રોને વર્ષમાં એક વાર સેવાકાલીન તાલીમ મળવી જોઈએ.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલા તારણો પરથી કેટલાક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ સંશોધક દ્વારા અહી કરવામાં આવ્યો છે. પ્રસ્તુત શૈક્ષણિક સુચીતાર્થોનું અમલીકરણ કરવાથી ઉપસ્થિત પ્રશ્નોનો દુર થઇ શકે અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટને વધુ સફળ બનાવી શકાય તેમજ જે તારણો પ્રાપ્ત થયા છે તેના મુખ્ય શૈક્ષણિક સૂચિતાર્થો નીચે મુજબ છે.

➢ શિક્ષકો માટેના સૂચિતાર્થો

૧. શિક્ષકોને ટેકનીકલ જ્ઞાન હાર્ડવેર અને સોફ્ટવેર માં સતત વધારો કરતો રહેવો જોઈએ.

૨. તમામ શિક્ષકોએ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત તાલીમ લેવી જોઈએ.

૩. વિદ્યાર્થીઓને મૂલ્યાંકન માટે ઓનલાઈન ક્વીઝ જેવી સ્પર્ધાઓ યોજી પ્રોત્સાહિત કરી શકાય.

૪. વિદ્યાર્થીઓના વૈક્તિક તફાવતને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરાવી શકાય.

૫. દરેક વિષયનું આ પ્રોજેક્ટ અંતર્ગત અધ્યાપન કરાવી શકાય.

➢ આચાર્યો માટેના સૂચિતાર્થો

૧. દરેક શિક્ષકોને તાલીમ માટે પ્રોત્સાહિત કરી શકાય.

૨. મળેલ તાલીમનો વર્ગખંડમાં યોગ્ય ઉપયોગ થાય છે તેની સમીક્ષા કરવી જોઈએ.

શિક્ષકોને આવતી સમસ્યાઓનું શક્ય તેટલું ઝડપી નિરાકરણ આવવું જોઈએ.

૪. સમાંતરે સંસાધનો ચાલુ છે કે બંધ તેની તપાસ થતી રહેવી જોઈએ.

➢ યુ.આર.સી. અને સી.આર.સી.માટેના સૂચિતાર્થો

૧. સારી સ્પીડ ધરાવતું ઈન્ટરનેટ કનેક્શન ઉપલબ્ધ કરાવી શકાય.

2. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માટેનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયા બાદ વધારે લંબાવી શકાય.

૩. સર્વિસ માટે કરવામાં આવેલી ફરિયાદનું નિરાકરણ થાય છે કે નહીં તેની તપાસ થવી જોઇએ.

૪. બધાધોરણ ધોરણ ૧ થી ૮ માટે આ પ્રોજેક્ટ અમલમાં લાવી શકાય.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત અપાતી તાલીમનો વર્ગખંડમાં યોગ્ય ઉપયોગ થાય છે એની સમીક્ષા કરવી જોઈએ.

૬. સંસાધનો સમયાંતરે અપડેટ થવા જોઈએ.

૩. નવા અભ્યાસક્રમ પ્રમાણે ઈ-કન્ટેન ઝડપથી તૈયાર થવું જોઈએ.

**ભાવિ સંશોધન માટેની ભલામણ**

સંશોધક એવું સ્વીકારે છે કે કોઈપણ અભ્યાસ સંપૂર્ણ હોઈ શકે નહિં તે જ રીતે પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. અન્ય સંશોધનમાં રહેલી મર્યાદાઓની જેમ પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા હતી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિચરતી રહે એ માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનો થતાં રહે તે પણ જરૂરી છે.સંશોધકે આ વાતને ધ્યાનમાં રાખીને ભાવિ સંશોધનો માટેના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. સુરત શહેર સિવાય અન્ય શહેરમાં ચાલતા અન્ય પ્રોજેક્ટ અંગે અભ્યાસ હાથ ધરી શકાય. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષકોને નડતી સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

3. સુરત શહેર સિવાય અન્ય શહેરમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અભિગમ અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

૪. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ.

પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંગે શિક્ષકો અને આચાર્યો ના અભિગમ અંગે સંશોધન હાથ ધરી શકાય.

સુરત જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાઓમાં નાનપણ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ નો અભ્યાસ હાથ ધરી શકાય

ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ની પ્રવર્તમાન પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરતું નાનકડું સંશોધન છે. જે અંતર્ગત જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળના હેતુઓ, સંચાલકીય માળખું, આર્થિક પાસા, શાળાકીય આયોજન, શિક્ષણકાર્ય, સંસાધનો, પ્રોજેક્ટના ફાયદાઓ, પ્રોજેક્ટ અંતર્ગત અનુભવાતી સમસ્યાઓ અને તાલીમ અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત જે સમસ્યાઓ ઉકેલી શિક્ષણને વધુ અસરકારક બનાવી શકે. પ્રસ્તુત સંશોધન શિક્ષકો, આચાર્ય, યુ આર સી કોર્ડનેિટર, સી.આર.સી.કો-ઓનિટર વગેરેને

સહાયભૂત બની રહેશે એવી નમ્ર માન્યતા અને ઊંડા સંતોષ ની લાગણી સાથે સંશોધક અહીં વિરમે છે.

## નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો અભ્યાસ

રાજપુત બબીતા આર.

**સંશોધનનાં હેતુઓ**

૧. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોને ઓળખવા.

૨. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની સામાન્ય માહિતી મેળવવી.

૩. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના અધ્યાપન કાર્યનો અભ્યાસ કરવો.

૪. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોએ વ્યાવસાયિક સજ્જતા વધારવા કરેલા પ્રયત્નોનો અભ્યાસ કરવો.

૫. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના શાળાની સામાજિક અને શૈક્ષણિક પ્રતિષ્ઠામાં પ્રદાનનો અભ્યાસ કરવો.

૬. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના શોખ અને રસના વિષયોનો અભ્યાસ કરવો.

૭. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના પ્રેરણાસ્ત્રોતની જાણકારી મેળવવી.

૮. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની ભાવિ શૈક્ષણિક યોજનાઓ જાણવી.

સંશોધનનાં પ્રશ્નો

૧. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનાં નામ, શાળાનું નામ, સરનામું, શાળાનો પ્રકાર, જાતિ, જન્મતારીખ તથા હોદ્દો શું છે?

૨. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત તથા શૈક્ષણિક પ્રોફાઈલ શું છે ?

૩. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનું અધ્યાપન કાર્ય કેવું છે?

૪. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોએ વ્યાવસાયિક સજ્જતા વધારવા કઈ કઈ તાલીમો મેળવી છે?

૫. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનું સામાજિક પ્રદાન શું છે?

૬. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના શોખ અને રસના વિષયો ક્યા છે?

૭. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોને પ્રેરણા પુરી પાડનાર સ્ત્રોતો ક્યા ક્યા છે?

૮. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની ભાવિ યોજના કઈ કઈ છે?

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનમાં પાંચ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના દરેક પાસાનો ઉડાણલક્ષી,ગહન અને તટસ્થ સંશોધન હાથ ધરવા માટે વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક પાંચ વિજેતા શિક્ષકોની સહેતુક નમૂના પદ્ધતિથી પસંદગી કરી હતી.

**ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી એકત્રીકરણ કરવા માટે સંશોધન દ્વારા ઉપકરણ તરીકે દસ્તાવેજી સાહિત્ય, મુલાકાત પત્રક( વિજેતા શિક્ષકો માટે ), સંશોધન નોંધલેખન, અને મુક્ત જવાબી પ્રશ્નાવલી (આચાર્યો માટે) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધન માં રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની મુલાકાત દ્વારા પ્રાપ્ત માહિતી દસ્તાવેજી સાહિત્યમાંથી પ્રાપ્ત સંખ્યાત્મક તથા ગુણાત્મક માહિતી તથા સંશોધન અવલોકનોની નોંધ દ્વારા પ્રાપ્ત ગુણાત્મક માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ પ્રયોગનો ઉપયોગ કરી, પૂર્વનિશ્ચિત હેતુઓ અને પ્રશ્નોને ધ્યાનમાં રાખી સારણી, તરેહ તથા વર્ણન દ્વારાઅર્થઘટન કરવામાં આવ્યું હતું.

સંશોધનનાં તારણો

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો તથા તેમના સંસ્થાના આચાર્યોના પ્રતિચારોના આધારે પ્રાપ્ત કરેલી માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે.

➢ દસ્તાવેજી સાહિત્યના આધારે પ્રાપ્ત થયેલા તારણો

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો પાસેથી મેળવેલ દસ્તાવેજી સાહિત્યનાં આધારે પ્રાપ્ત કરેલી માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન દ્વારા પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે. ૫.૩.૧.૧ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનાં નામ, શાળાનું નામ, સરનામું, શાળાનો પ્રકાર, જાતિ, જન્મતારીખ તથા હોદ્દા સંદર્ભે તારણો.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના નામ:

૧. શ્રી નવિનચંદ્ર પટેલ
૨. મિસ. જેસમીન કેશરૂખ દુકાનવાલા
૩. પ્રીતિદેવી હરિનારાયણ શર્મા
૪. ડૉ. દક્ષાબેન પટેલ
૫. શ્રી.મર્ઝબાન એ. પાત્રાવાલા

૧. શ્રી નવિનચંદ્ર પટેલ

મદદનીશ શિક્ષક - ઉચ્ચતર માધ્યમિક વિભાગ

* શેઠ એચ. પી. વિદ્યાલય નવસારી.

સામાન્ય માહિતી :

નામ : શ્રી નવિનચંદ્ર પટેલ

શાળાનું નામ : શેઠ એચ. પી. વિદ્યાલય, સંસ્કાર ભારતી, નવસારી,

. શાળાનું સરનામું :આશાપુરી મંદિર માર્ગ, દુધિયા તળાવ પાસે, તા - જલાલપોર, જિ - નવસારી 396445

લાયકાત : એમ. એસસી., બી. એડ્.

શાળાનો પ્રકાર : ઉચ્ચતર માધ્યમિક શાળા

પુરુષ સ્ત્રી પુરુષ

જન્મ તારીખ : ૪ / ૭ / ૧૯૫૬

શાળામાં હોદ્દો : મદદનીશ શિક્ષક

૨. મીસ. જેસ્મિન કેખશરૂ દુકાનદાર

● શ્રી સરદાર શારદા મંદિર, વિજલપુર, નવસારી

. મદદનીશ શિક્ષક

સામાન્ય માહિતી :

નામ: મીસ. જેસ્મિન કેખશરૂ દુકાનદાર

શાળાનું નામ: શ્રી સરદાર શારદા મંદિર, વિજલપુર, નવસારી,

શાળાનું સરનામું: રેલવે ફાટકની સામે, વિજલપુર તા. જલાલપોર, જિ. નવસારી- 396450

- લાયકાત : M. A., M.Ed.

અનુભવ: ૨૫ વર્ષ, ૯ માસ

શાળાનો પ્રકાર : ઉચ્ચતર માધ્યમિક શાળા

પુરુષ સ્ત્રી : સ્ત્રી

જન્મ તારીખ : ૨૭/ ૦૩/૧૯૫૭

શાળામાં હોદ્દો : મદદનીશ શિક્ષક

૩. શ્રી પ્રીતિદેવી હરિનારાયણ શર્મા,

શેઠ પી. એચ. વિદ્યાલય, સંસ્કાર ભારતી, નવસારી.

મદદનીશ શિક્ષક

સામાન્ય માહિતી:

* નામ: શ્રી પ્રીતિદેવી હરિનારાયણ શર્મા.

શાળાનું નામ : શેઠ પી. એચ. વિદ્યાલય, સંસ્કાર ભારતી, નવસારી,

શાળાનું સરનામું : આશાપુરી મંદિર માર્ગ, દુધિયા તળાવ પાસે, તા - જલાલપોર, જિ - નવસારી

396445

લાયકાત : Doubel M.A ( English / Hindi) M.Ed

અનુભવ : ૨૨ વર્ષ ૪ માસ

શાળાનો પ્રકાર : ઉચ્ચતર માધ્યમિક શાળા

પુરુષ સ્ત્રી : સ્ત્રી

. જન્મ તારીખ :૦૭/૦૩/૧૯૬૮

શાળામાં હોદ્દો : મદદનીશ શિક્ષક

૪. ડૉ. દક્ષાબેન ભગુભાઈ પટેલ

● મદદનીશ શિક્ષક - માધ્યમિક વિભાગ

શેઠ એન.સી.એમ. કન્યા વિદ્યાલય, બીલીમોરા

સામાન્ય માહિતી :

● નામ : ડૉ. દક્ષાબેન ભગુભાઈ પટેલ

શાળાનું નામ : શેઠ એન.સી.એમ. કન્યા વિદ્યાલય,બીલીમોરા

શાળાનું સરનામું : એમ.જી.રોડ બીલીમોરા

● શાળાનો પ્રકાર: ગ્રાન્ટ ઈન એઈડ

. પુરુષ / સ્ત્રી : સ્ત્રી

. જન્મ તારીખ : ૧૫/૦૬/૧૯૭૧

* શાળામાં હોદ્દો : મદદનીશ શિક્ષક

શૈક્ષણિક અનુભવ : ૨૪ વર્ષ

શૈક્ષણિક લાયકાત: પી.ટી.સી,એમ.એ., એમ.એડ, પીએચ. ડી.

૫. શ્રી મર્ઝબાન એ. પાત્રાવાલા

* મદદનીશ શિક્ષક - માધ્યમિક વિભાગ

● સર સી. જે. એન. ઝેડ. મદ્રેસા, નવસારી,

સામાન્ય માહિતી :

* નામ : મર્ઝબાન એ. પાત્રાવાલા

. શાળાનું નામ : સર સી. જે. એન. ઝેડ. મદ્રેસા, નવસારી.

શાળાનું સરનામું : સયાજી રોડ નવસારી.

શાળાનો પ્રકાર : ઉચ્ચતર માધ્યમિક શાળા

. પુરુષ સ્ત્રી : પુરુષ

જન્મ તારીખ : ૧૮/૦૮/૧૯૭૧

શાળામાં હોદ્દો : મદદનીશ શિક્ષક

શૈક્ષણિક લાયકાત : એમ. એ., સીપી. એડ્.

- નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક શિક્ષકોની શૈક્ષણિક લાયકાત સંદર્ભના તારણો.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા પાંચ શિક્ષકોમાંથી બે પુરુષ શિક્ષકોમાંથી એક પુરુષ શિક્ષક એમ.એસસી., બી.એડ્ ની લાયકાત ધરાવે છે.

● બીજા પુરુષ શિક્ષક એમ. એ., સીપી. એડ્. લાયકાત ધરાવે છે.

. ત્રણ સ્ત્રી શિક્ષકોમાંથી એક સ્ત્રી શિક્ષક એમ. એ., એમ. એડ્. ની લાયકાત ધરાવે છે.

● એક સ્ત્રી શિક્ષક ડબલ એમ. એ. (અંગ્રેજી / હિન્દી)., એમ. એડ્.ની લાયકાત ધરાવે છે.

. અન્ય એક સ્ત્રી શિક્ષક પી.ટી.સી,એમ.એ., એમ.એડ, પીએચ. ડી.ની લાયકાત ધરાવે છે.

- નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનું અધ્યાપન કાર્ય સંદર્ભના તારણો.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો અધ્યાપનકાર્ય સંદર્ભે વિવિધ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરે છે.

● તેઓ દૈનિક નોંધમાં પાઠ આયોજનની રૂપરેખા તૈયાર કરે છે.

. તેઓ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ચર્ચા, સેમિનાર પદ્ધતિ, પેનલ ચર્ચા, સિમ્પોઝિયમ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, કથન ચર્ચા પદ્ધતિ વગેરે પદ્ધતિથી અધ્યાપન કાર્ય કરાવે છે.

વર્ગખંડમાં જતા પહેલા તેઓ પૂર્વ માનસિક તૈયારી તથા પૂર્વ નોંધ સાથે વર્ગખંડમાં પ્રવેશે છે.

વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક સ્થળોની મુલાકાત લેવડાવીને શિક્ષણને જીવંત બનાવે છે.

● વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કાર્ય સોંપીને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપે છે.

* નબળાં વિદ્યાર્થીઓ માટે તેવો વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

વિદ્યાર્થીઓને મલ્ટી મીડિયા દ્વારા શિક્ષણ, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ, ડિજિટલ બોર્ડ ફ્લેટ પેનલ બોર્ડ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે,

વર્ગ શિક્ષણને આનંદદાયી, પ્રવૃત્તિમય અને ગુણવત્તાયુક્ત બનાવવા માટે અવનવા કાર્યક્રમો તથા પ્રયોગ કરે છે.

● નબળાં વિદ્યાર્થીઓમાં અધ્યયન સંદર્ભે રહેલી ક્ષતિઓને દૂર કરવા માટે ઉપચારાત્મક કાર્યક્રમ કરે છે.

● Youtube તથા ઇન્ટરનેટના માધ્યમથી વિષયવસ્તુને અનુરૂપ વિવિધ માહિતીઓ મેળવીને તેઓ

વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરીને તેમનો રસ જાળવી રાખવા પ્રયત્ન કરે છે.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સંદર્ભે શાળા કક્ષા, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાની આવતી તમામ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે સતત પ્રોત્સાહન પૂરું પાડે છે.

તેઓ વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં રહીને તથા તેમનામાં રહેલી પ્રતિભાને પારખીને તેમને સતત યોગ્ય માર્ગદર્શન પૂરું પાડીને યોગ્ય સુધી પહોંચાડે છે.

● તેઓ વર્ગખંડમાં પોતાના વિષય સંદર્ભે વિદ્યાર્થીઓ માટે એકમ કસોટીનું આયોજન કરે છે. તેમાં જે વિદ્યાર્થીઓના ગુણ ઓછા આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

. રાજ્ય પારિતોષિક મનોવિજ્ઞાન વિષય ધરાવતા શિક્ષક વિદ્યાર્થીઓને તર્કશક્તિ આધારિત કોયડા ઉકેલ આપે છે.

તેઓ ઓડિયો વીડિયો દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરાવે છે.

તેઓ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન બનાવીને કઠિન વિષયવસ્તુને સરળતાથી કઠિન સિદ્ધાંત તરફ વિદ્યાર્થીઓને લઈ જાય છે

● તેઓ વિદ્યાર્થીઓમાં અમૂર્ત વિષયવસ્તુને વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ તથા ઉદાહરણો સહિત સમજુતી આપે છે.

તેઓ વિદ્યાર્થીઓને અસાઈનમેન્ટ, પ્રોજેક્ટ વર્ક તથા વિવિધ પ્રવૃતિઓ કરવા આપે છે.

* તેઓ વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાનની લેબમાં લઈ જઈને શૈક્ષણિક કાર્ય કરાવે છે.

વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાની લેબમાં વિવિધ પ્રયોગો સહિત સમજૂતી આપીને શિક્ષણની સાર્થકતા વધારવાના પ્રયત્નો કરે છે.

મનોવિજ્ઞાન વિષય એટલે મનનું વિજ્ઞાન, આથી વિદ્યાર્થીઓના રસ-રુચિ, અભિયોગ્યતા અને મનોવલણો જાણીને અધ્યાપન કાર્ય કરાવે છે.

● વર્ગખંડમાં વિદ્યાર્થીઓના જૂથો પાડીને તેમને વિષયના પ્રોજેક્ટ વર્ક આપવા તથા તેનું સંચાલન કરવા માટે નેતાગીરી પૂરી પાડવા પ્રોત્સાહન પુરૂ પાડે છે.

ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓ હોવાથી વિવિધ વિષયમાં ભણાવા સંદર્ભે વિદ્યાર્થીઓને સિમ્પોઝિયમ આપે છે

ઘણીવાર શાળાના મેદાનમાં શૈક્ષણિક કાર્ય કરાવે છે

પ્રવાસ-પર્યટન યોજીને વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરાવે છે.

શાળાના વિદ્યાર્થીઓને રેડ ક્રોસ, સિવિલ હોસ્પિટલ, સયાજી વૈભવ લાઈબ્રેરી, એગ્રીકલ્ચર, દાંડી આશ્રમ તથા બેંકમાં કાર્યકર્તા વિવિધ કર્મચારીઓ સાથે મનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવે તે સંદર્ભે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરાવે છે

વર્ગખંડમાં જ નાનકડા સેમિનારનું આયોજન કરીને વિદ્યાર્થીઓને અધ્યાપનકાર્ય કરાવે છે.

* તેઓ વિદ્યાર્થીઓને વિવિધ ટોપિક પર બ્રેઈન સ્ટોર્મિંગ કરાવીને અધ્યાપન કાર્ય કરાવે છે

. પ્રખ્યાત તજજ્ઞો, કેળવણીકારો, તત્વચિંતકોના તથા મનોવૈજ્ઞાનિકો ના youtube ચેનલ પરથી વિદ્યાર્થીઓને વીડીયો બતાવીને અધ્યાપન કાર્ય કરાવે છે.

દરરોજ વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપીને બીજા દિવસે તેની ફરજિયાત ચકાસણી કરીને જો તેમાં કચાશ રહી ગઈ હોય તો તે ફરીથી વર્ગખંડમાં ભણાવીને ભૂલો સુધારવા અથાગ પ્રયત્નો કરે છે.

વિદ્યાર્થીઓ ફક્ત પુસ્તકીયોકીડો ન બનતા તેના જીવનના તમામ પાંસાઓને સ્પર્શ કરે એ માટે જીવન મૂલ્યોનું ઘડતર થાય તેવા સદ્ગુણોનો વિકાસ સંદર્ભે સતત પ્રયત્નશીલ રહે છે.

વિદ્યાર્થીઓને ફક્ત અભ્યાસિક તથા શૈક્ષણિક પ્રવૃતિઓમાં જ નહીં પરંતુ તેનામાં રહેલી વિવિધ પ્રતિભાઓ પારખીને તેના ધ્યેય સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહેવું.

ફક્ત અધ્યાપનકાર્ય જ નહીં પરંતુ શાળાના આસપાસના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓની કુટેવો સુધારીને તેમને યોગ્ય માર્ગે વાળવા માટે વિવિધ સેમિનારોમાં ભાગ લેવડાવવા તથા વિવિધ સ્થળોની મુલાકાત લેવડાવીને તેમનામાં માનવતા પ્રગટાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

પ્રાર્થના પછી વર્ગખંડમાં વિદ્યાર્થીઓ આવે ત્યારે ધ્યાન મુદ્રામાં બેસાડીને ત્યારબાદ જ શૈક્ષણિક કાર્ય કરે છે.

કોલેજ કક્ષાએ રહેલી પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓને લઈ જઈને ત્યાંના અધ્યાપકો સાથે વિદ્યાર્થીઓને વાર્તાલાપ કરાવે છે.

શાળાના વિદ્યાર્થીઓને સમાચારપત્ર વાંચન તરફ પ્રેરિત કરે છે.

● વિવિધ મેગેઝીન તથા અખબાર પત્રકોમાં આવતા વિવિધ કવિઓ, લેખકો, મનોવૈજ્ઞાનિકો, તત્વચિંતકો તથા વૈજ્ઞાનિકોના

પરિચય તથા તેમણે કરેલા પ્રયોગો સંદર્ભે કર્યો અંગે વિદ્યાર્થીઓને કટીંગ એકઠા કરાવે છે.

કોઈપણ વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરતા પહેલા માનસિક સજ્જતા સાથે લેખિત સ્વરૂપનું તૈયાર કરીને શૈક્ષણિક કાર્ય કરે છે.

● વર્ગખંડમાં કોઈ પણ એકમ ભણાવતા પૂર્વે વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન અને અનુભવ જાણીને શૈક્ષણિક કાર્યની શરૂઆત કરે છે.

વિદ્યાર્થીઓ વિષયવસ્તુમાં એકાગ્રતા, શિસ્ત અને શાંતિ જાળવે તેવું વર્ગખંડમાં શાંતિમય વાતાવરણ ઊભું કરે છે.

● વિદ્યાર્થીઓની માનસિક તૈયારી જાણી તેમનો વ્યવહારુ અભિગમ જળવાય તેવી રીતે શૈક્ષણિક કાર્ય કરે છે.

● વર્ગખંડમાં વિદ્યાર્થીઓ એકમ, એકમના વિષયવસ્તુઓ તથા વિવિધ મુદ્દાની સમજણ માટે વિવિધ પ્રકારની અભિપ્રેરણા થકી વિષય પ્રવેશ કરાવે છે..

જીવવિજ્ઞાન જેવા વિષયમાં વિદ્યાર્થીઓ જીવન શિક્ષણ મળી રહે તે સંદર્ભે સતત પ્રયત્નશીલ રહે છે. વિવિધ ચાર્ટ, ચિત્રો તથા મોડ્યુલ્સનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને અધ્યયન કાર્ય કરાવે છે.

પ્રોજેક્ટ દ્વારા જીવવિજ્ઞાન વિષયના વિષયવસ્તુને 3૦ પિક્ચરો, વિડિયો તથા ચિત્ર બતાવીને શૈક્ષણિક કાર્ય કરાવે છે

● તાલુકા કક્ષાએ જિલ્લા કક્ષાએ રાજ્ય કક્ષાએ તથા રાષ્ટ્રીય કક્ષાએ જીવવિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન મેળામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન પુરૂં પાડે છે.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો વિષયમાં વિષયવસ્તુને વધુ ઊંડાણપૂર્વક અધ્યાપન કાર્ય કરવા માટે વિવિધ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરે છે.

● નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો વિવિધ સેમિનાર તથા વર્કશોપમાં પોતે તથા વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે પ્રોત્સાહન પુરૂં પાડે છે. ● નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય હાથ ધરીને વિષયવસ્તુની પૂર્વભૂમિકા તૈયાર કરીને શૈક્ષણિક કાર્ય હાથ ધરે છે.

. વિષયવસ્તુની અસરકારકતા માટે પાઠ્યપુસ્તક તથા તેને સંલગ્ન સંદર્ભ સાહિત્યનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરે છે.

વિષયો અને એકમોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં ભાગીદાર બનાવે છે

. વર્ગમાં જે તે વિષયમાં નબળાં વિદ્યાર્થીઓના ઉપચારાત્મક કાર્ય તરીકે હોંશિયાર વિદ્યાર્થીને જવાબદારી સોંપીને શૈક્ષણિક કાર્ય પણ કરાવે છે.

. તેઓ વિષયવસ્તુ આધારિત વર્તમાનપત્ર, સફારી, ગ્રંથ નિર્માણ અને વિજ્ઞાન દર્શન જેવા મેગેઝિનનો ઉપયોગ કરીને વર્ગખંડમાં અસરકારક શિક્ષણ કાર્ય કરાવે છે.

વિદ્યાર્થીઓને પરસ્પર અને જૂથમાં શૈક્ષણિક કાર્ય કરાવીને સ્વયં જ્ઞાનની તકો ઉભી કરે છે.

● શાળાની પ્રયોગશાળામાં આવેલા દરેક સાધનોની વિદ્યાર્થીઓને વિગત પૂર્ણ અને ઝીણવટ પૂર્વક સમજણ આપે છે.

● તેઓ વિષય આધારિત ક્વિઝનું આયોજન કરીને વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવાના પ્રયાસો કરે છે.

૫.૩.૧.૪ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોએ વ્યાવસાયિક સજ્જતા વધારવા કરતા કાર્યો સંદર્ભેના તારણો

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવા નીચે પ્રમાણેની વિવિધ તાલીમો, વિવિધ પુસ્તકોનું વાંચન તથા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લે છે.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો સતત વાંચન કરે છે

તેઓ સતત શીખતાં રહેવાનો અભિગમ ધરાવે છે.

* તેઓ નિયમિત અભ્યાસ વિષયક તાલીમમાં જોડાય છે.

.તેઓ વિવિધ મેગેઝીન, સમાચાર પત્ર, સામાયિકનું વાંચન કરે છે.

● તેઓ સંદેશ,સમાચાર પત્રોની પૂર્તિઓનું વાંચન કરે છે.

* Importance of Cultural Education in Syllabus,યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ રમત-ગમત

વોલીબોલ,પેડાગોજી, મેથડોલોજી અને સંકલ્પનાત્મક શિક્ષણ, અંગ્રેજી,વ્યાયામ શિક્ષકોની નિવાસી તાલીમ,સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ,રમત -ગમત તાલીમો ભાગ લે છે. ● તેઓ વખતોવખત વિષય સંબંધિત તાલીમમાં જોડાય છે. મૂલ્યાંકન, અભ્યાસક્રમ, રેડ ક્રોસ, vocational guidanceની તાલીમમાં જોડાય છે.

● તેઓ સંસ્થામાં વિવિધ મેગેઝીન અને સામાયિક જનસત્તા, દિવ્યભાસ્કર, ધરતી, અચલા, પાટીદાર, પરિવાર, એજ્યુકેશન ગાઈડન્સ, ભૂમિપુત્ર વગેરેનું સતત વાંચન કરે છે.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો ગુજરાતી ટીચિંગ એટસેકન્ડરી સ્ટેજ, સ્કૂલ અડોલેસન્સ એજ્યુકેશન પ્રોગ્રામ, સ્કૂલ દિશાસ્ટર પ્રેપારેડીનેસ, શાળાકીય સર્વગાહી મૂલ્યાંકન તાલીમ, RMSA અંતર્ગત તાલીમ તથા કર્મયોગી જેવી તાલીમોમાં સતત ભાગ લે છે.

વિવિધ સાહિત્ય પુસ્તકોનું વાંચન તથા સયાજી વૈભવ પુસ્તકાલય લાઈબ્રેરીમાં મને ગમતું પુસ્તક વાર્તા લાપ ગોષ્ઠિમાં સતત પ્રવૃત્તિમય રહે છે.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો ગુજરાત ગાર્ડિયન, દિવ્ય ભાસ્કર, સર્વકાલીન તથા અટેલ સવેરા અખબારોમાં શૈક્ષણિક લેખો પ્રકાશિત કરે છે.

● નવસારી જિલ્લા તાલીમ ભવનમાં નિયમિત અભ્યાસ વિષયક તાલીમમાં જોડાય છે.

હાલના કોરોનાની મહામારીમાં GCERT ની ઓનલાઈન તાલીમમાં ભાગ લીધો છે.

વિવિધ પ્રખ્યાત ખ્યાતનામ તજજ્ઞોના વ્યાખ્યાનો સાંભળવા, વિવિધ સેમિનાર / વર્કશોપમાં ભાગ લઈને આધારિત પોતાના

વિષયો આધારીત કૃતિ રજૂ કરવી તથા વિવિધ કવિ સંમેલનમાં ભાગ લે છે.

પોતાની જાતનું સતત આત્મનિરીક્ષણ કરી તેનામાં રહેલી ખૂબીઓ અને ખામીઓ ઓળખવા પ્રયત્ન કરે છે.

પોતાના વિષયમાં નિપુણ થવા માટે સંદર્ભનો ઉપયોગ કરે છે.

તેઓ પોતાના વિષયને રસપ્રદ બનાવવા માટે નવીન પ્રયોગો, મુલાકાત, પ્રવાસ-પર્યટન, ક્વિઝ સ્પર્ધા જેવી અનેક વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરે છે.

તેઓ બાળકોના હૃદય સુધી કેવી રીતે પહોંચવું તે અંગે જાગૃત રહી પ્રયત્નો કરે છે.

. શાળામાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવું.

શાળાના વિદ્યાર્થીઓને શ્રી સયાજી વૈભવ પુસ્તકાલયમાં વાર્તાલાપમાં ભાગ લેવડાવવા લઈ જાય છે.

. કોઈપણ ક્ષેત્રે નિર્ણાયકની ભૂમિકા ભજવવા સતત તપત્તર રહે છે.

સતત નવલકથા, સાહિત્ય અને મેગેઝીન વાંચન કરે છે.

સતત સેવાકાલીન તાલીમમાં ભાગ લે છે.

પોતાની જાતને હંમેશા અપડેટ કરીને વર્ગખંડમાં નવી રીતે પ્રસ્તુત થાય છે.

ફક્ત કથન કૌશલ્ય દ્વારા જ નહીં પરંતુ ICT ના માધ્યમ થકી શૈક્ષણિક કાર્ય કરાવીને વિદ્યાર્થીઓમાં અભ્યાસ સંદર્ભે રસ ઉત્પન્ન કરે છે.

● પોતાના વિષયક આધારિત વિવિધ કૃતિઓ, ચાર્ટ, મોડ્યુલ બનાવીને સેવાકાલીન તાલીમમાં પ્રસ્તુત કરે છે.

પોતાની શાળાઓની પ્રયોગશાળાને આધુનિક બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

સતત સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરીને વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરાવે છે.

ઈન્ટરનેશનલ લેવલના વિવિધ વર્કશોપ તથા સેમીનારમાં ભાગ લે છે.

સતત શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન તાલીમોમાં ભાગ લે છે.

➢ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનું સામાજિક પ્રદાન સંદર્ભના તારણો. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની સામાજિક પ્રદાન સંદર્ભના તારણો નીચે મુજબના છે.

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતાના દરેક શિક્ષકોની સામાજિક પ્રવૃત્તિઓમાં વિભિન્નતા જોવા મળ્યું હતું.

. નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો સમાજ ક્ષેત્રે અનેક પ્રવૃત્તિઓ કરીને પોતાનું યથાયોગ્ય યોગદાન આપ્યું હતું.

.સમાજને લગતા કાર્યક્રમો તેમજ સામાજિકતામિતિ વધે તે માટે લોક કલ્યાણના કાર્યક્રમો કર્યા હતા. કન્યા કેળવણી, અંધશ્રદ્ધા નિવારણ તથા નારી જાગૃતિ જેવા સમાજ કલ્યાણ ને લગતા સામાજિક કાર્યો કર્યા હતા.

વિકલાંગ કે અંધજન શાળામાં મદદ કરવી તથા પ્રોઢ શિક્ષા અભિયાન કાર્યક્રમ સેવા સામાજિક કાર્યો કર્યા હતા.

વ્યસન અને કુમાર્ગે ચડી ગયેલા વિદ્યાર્થીઓને જીવનમાં યોગ્ય રાહ આપના માટે વ્યસનમુક્તિ જેવા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

● વિદ્યાર્થીઓ વાસ્તવિક જીવનને જાણે અને લોકોને મદદ કરે તે સંદર્ભે રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો ફાયર બ્રિગેટ, બેંક, રેડ ક્રોસ તથા સિવિલ હોસ્પિટલની મુલાકાત વારંવાર લેવડાવી હતી

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો શાળાના વિદ્યાર્થીઓને વૃદ્ધા આશ્રમ, અનાથ આશ્રમ, મૂક બધિર વિદ્યાર્થીઓની શાળા, ઘરડાઘર વગેરે જેવી સંસ્થાઓની વારંવાર મુલાકાત લેવડાવીને વિદ્યાર્થીઓમાં માનવતા ફેલાવવાનો એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

● રેડક્રોસ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં વિનામૂલ્યે નિર્ણાયકની ભૂમિકા ભજવવા હંમેશા તત્પર રહ્યા હતા.

શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તેઓ શાળાના રમતના મેદાનમાં ઉગી નીકળેલી નકામી વનસ્પતિનો વિદ્યાર્થીઓ સાથે મળીને નિકાલ કરાવ્યો હતો.

રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક શ્રી નવીનચંદ્ર પટેલ 76 વખત બ્લડ ડોનેશન કરીને જરૂરિયાતમંદ દર્દીને સહાય કરી હતી

● નવસારી સિવિલ હોસ્પિટલની વારંવાર પોતે અને વિદ્યાર્થીઓને દર્દીઓની મુલાકાત લેવડાવીને બિસ્કીટ, ફળ તથા કપડાનું વિતરણ જેવા માનવતા પ્રેમી કાર્યો કર્યા હતા.

● તેઓ શાળાના NSS કાર્યની વિવિધ પ્રવૃતિઓ કરવા વિદ્યાર્થીઓને ગામડામાં લઈ જઈને કેમ્પનું આયોજન કરે છે. તથા વિદ્યાર્થીઓને ગ્રામ્યજીવન વિશેનો વાસ્તવિક જીવનનો પરિચય કરાવ્યો હતો.

શાળામાં વૃક્ષારોપણ દિન નિમિત્તે શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ સહિત દર વર્ષે વૃક્ષારોપણ જેવા પ્રકૃતિપ્રેમી કાર્યો કર્યા હતા.

● નવસારી શહેરના પ્રખ્યાત દુધિયા તળાવની ફરતે શાળાના ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓની સહાય લઈને મહિનામાં એકાદવાર તળાવની ફરતે સફાઈનો કાર્યનું આયોજન કર્યા હતા.

સમાજના યુવાનો માટે સ્નેહમિલન કાર્યક્રમ કરીને અભ્યાસ સંદર્ભે પ્રોત્સાહન પુરૂં પાડે છે. તેઓ પોતાના વતનોમાં ગ્રામ સફાઈનું કાર્યક્રમ કરે છે.

ગામડાઓમાં પીવાના પાણીની ટાંકી બનાવવા સંદર્ભે યથાયોગ્ય અનુદાન આપ્યું હતું.

● ગામડેથી શાળામાં આવતાં ગરીબ વિદ્યાર્થીઓને ભણવા સંદર્ભે બેગ, નોટબુક્સ, શાળાનો યુનિફોર્મ તથા પુસ્તકો જેવી અભ્યાસિક સામગ્રીઓ પૂરી પાડી હતી.

● શાળામાં વિશ્વ કેન્સર દિવસ, વિશ્વ વ્યસન મુક્તિ દિવસ, વિશ્વ જળ દિવસ, વિશ્વ વન દિવસ, વિશ્વ

ઓઝોન દિવસ, વિશ્વ ગ્લોબલ વોર્મિંગ, વિશ્વ વિજ્ઞાન દિવસ, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ ઉર્જા દિવસ, વિશ્વ યોગા દિવસ વગેરે દિવસોની ઉજવણી સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓ પાસે સ્વ બેનરો બનાવીને

રેલીઓનું આયોજન કર્યું હતું.

● લોકોમાં સાક્ષરતા વિકસે તે સંદર્ભે શેરી નાટકનું આયોજન પણ કર્યું હતું.

● પોતાને વિષયને કેવી રીતે રસપ્રદ બનાવો તથા કેવી રીતે ટૂંકા અને લાંબા પ્રશ્નો લખવા તે અંગે શાળાઓમાં જઈને વક્તવ્ય આપીને વિદ્યાર્થીઓને સમજણ આપીને બોર્ડ પરીક્ષા સંદર્ભે પ્રોત્સાહન પુરૂં પાડી હતી.

● બોર્ડ પરીક્ષામાં પ્રશ્નપત્ર કેવી રીતે લખવું અને યોગ્ય શબ્દ નીચે કેવી રીતે લીટી દોરવી તથા કેવા કેવા મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખવા તે સંદર્ભે પોતાની સંસ્થાનાં તથા અન્ય શાળાના વિદ્યાર્થીઓને સમજણ આપી હતી

● દૂરના અંતરિયાળ ગામડાંઓમાંથી શાળામાં શિક્ષણ સંદર્ભે આવતા વિદ્યાર્થીઓને શહેરમાં હોસ્ટેલની સુવિધા પૂરી પાડી હતી.

* વિજ્ઞાન મેળામાં નિર્ણાયકની ભૂમિકા ભજવવા હંમેશા તત્પર રહ્યા હતા.

● શાળાના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયના મૂલ્ય વિકસે તે સંદર્ભે શાળામાં વિવિધ પ્રવૃતિઓ જેવી કે વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રાષ્ટ્રીય દેશભક્તિ, ગીત સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, રમતોત્સવનું આયોજન, રંગોળી સ્પર્ધા, ગીત સ્પર્ધા મહેંદી સ્પર્ધા કેશ ગુફન સ્પર્ધા, વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધા, સલાડ મેકિંગ સ્પર્ધા, રાષ્ટ્રીય તહેવારો જેવા કે 15 મી ઓગસ્ટ, 26 મી જાન્યુઆરી, ગાંધી નિર્વાણ દિન વગેરેનું ઉજવણી કરીને વિદ્યાર્થીઓમાં દેશની સંસ્કૃતિનું જતન અને સંરક્ષણ સંદર્ભે સમજણ વિકસાવવા સતત પ્રયાસો કર્યા હતા.

દર વર્ષે શાળાના વિદ્યાર્થીઓને દેશની ભાતીગળ સંસ્કૃતિનો પરિચય થાય તે સંદર્ભે પ્રવાસ પર્યટનનું આયોજન કરવું તથા વિદ્યાર્થીઓમાં દેશની જાહેર મિલકતના સંરક્ષણ સંદર્ભેના મૂલ્ય કેળવવા સતત પ્રયત્નશીલ રહ્યા હતા.

શહેરોમાં રોડની આજુબાજુ, તથા હાઈવે માર્ગો પર વૃક્ષારોપણ કરીને હરિયાળું બનાવવા પ્રયાસો કર્યા હતા.

અંતરિયાળ ગામડાંઓમાં જઈને નાના બાળકોને રસીકરણ સંદર્ભે જાગૃતિ અભિયાન ચલાવ્યું હતું.

● ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓમ જાતીય રોગો જેવા કે એઈડ્સ પ્રત્યે સભાનતા તથા સમજ કેળવે તે સંદર્ભે સરકારી હોસ્પિટલમાંથી ડોક્ટર બોલાવીને વ્યાખ્યાનનું આયોજન કર્યુ હતું.

ગામડાંઓના વિદ્યાર્થીઓને જેઓ કૃષિ કાર્ય સાથે સંકળાયેલ છે તેમને પોતાના ખેતરમાં બાગાયતી ખેતી, મધમાખી ઉછેર, પશુપાલન, મરઘા ઉછેર, સેન્દ્રીય ખાતર ની બનાવટ, ડેરી ઉદ્યોગ વગેરેની સમજણ આપીને તેમનામાં વ્યવસાય સજ્જતા કેળવવી તે સંદર્ભે સતત માહિતી પૂરી પાડી હતી.

શાળામાં અભ્યાસ અર્થે ગામડેથી આવતા હોશિયાર વિદ્યાર્થીઓને વિદેશોની ઉચ્ચ કોલેજો કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને અમેરિકાની કોલેજોમાં એડમિશન મેળવવા માટે લોન લેવા માટે મદદ કરી હતી.

પોતાના ઘરે કાર્ય માટે આવતી સેવિકાના સંતાનોને અભ્યાસ સંદર્ભેઆર્થિક સહાય કરી હતી.

નવસારી જિલ્લાની વિવિધ ખેડૂત સંઘ સહકારી મંડળીઓ ગણદેવી, ઈટાળવા, ખારેલ, ચીખલી, વાંસદા વગેરેમાં તજજ્ઞ તરીકે સેવા આપી હતી.

શાળાના વિદ્યાર્થીઓ તથા સાથી મિત્રોના બાળકોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે બેંગ્લોર, પૂના, મુંબઈ, કર્ણાટક, મહારાષ્ટ્ર, કેરળ વગેરે કોલેજોમાં એડમિશન સંદર્ભે સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પોતાની શાળાઓને શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ મેળવવા તથા શાળાની પ્રતિષ્ઠા વધારવા માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સતત ભાગીદારી નોંધાવી હતી.

* નર્મદા બોન્ડના રોડાણ સંદર્ભે રાજ્ય કક્ષાએ કામગીરી નિભાવી હતી.

શાળાના વિદ્યાર્થીઓને SBI, બેંક ઓફ બરોડા જેવી બેંકોમાં દર મહિને બચત યોજના કેવી રીતે કરવી

તે સંદર્ભે સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

➢ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના શોખ અને રસ સંદર્ભેના તારણો

તમામ વિજેતા શિક્ષકોની રસ રુચિ અનુસાર વિવિધ ક્ષેત્રો હતા.

. સંગીત, સાહિત્યના પુસ્તકો વાંચવામાં સર્જનાત્મક ક્ષેત્રોમાં સંશોધન કરવામાં, શોધખોળ કરવામાં, વિવિધ તાલીમોમાં જોડાવામાં અને સમસ્યા ઉકેલવા જેવા વૈવિધ્યપૂર્ણ શોખના ક્ષેત્રો હતાં.

● મોટા ભાગના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો શિક્ષણના ક્ષેત્રમાં, ક્રિયાત્મક સંશોધન કરવામાં, સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં વિશેષ શોખ ધરાવતા હતા.

વિવિધ તાલીમો મેળવવામાં, સર્જનાત્મક કાર્યોમાં, ફોટોગ્રાફીમાં, રક્તદાન, ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવા જેવા ક્ષેત્રોમાં વિશિષ્ટ શોખ ધરાવતા હતા.

નદીઓની ફરતે પદયાત્રા, કાવ્ય સર્જન, કાવ્ય પઠન, સંગીત ક્ષેત્રે, રમતો વગેરે જેવા શોખના કાર્યો જોવા મળ્યા હતા.

➢ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોને પ્રેરણા પુરી પાડનાર સ્ત્રોતો સંદર્ભેના તારણો

મોટાભાગના વિજેતા શિક્ષકો માતા-પિતા, પત્ની, કુટુંબના સભ્યો, મિત્રો અને આચાર્ય પ્રેરણા આપનાર હતા.

● આત્મા પ્રેરણા દ્વારા, ડૉ. રાધાકૃષ્ણન, તજજ્ઞોના સેમિનાર દ્વારા અને વક્તાઓ જેવા અન્ય વ્યક્તિઓ પ્રેરણા આપનાર હતા.

➢ નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોની ભાવિ યોજના સંદર્ભેના તારણો રાષ્ટ્રીય પારિતોષિક પ્રાપ્ત કરવાનું આયોજન, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું અને વ્યવસાયિક યોગ્ય

વધારવાની ભાવિ યોજના જોવા મળી હતી. ● કન્યા કેળવણી અને વાલીઓને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમો, પ્રશિક્ષણ તકો સ્વીકારી તાલીમ મેળવી

તેનો શિક્ષણમાં ઉપયોગ કરવાની યોજના જોવા મળી હતી.

શૈક્ષણિક પ્રોજેક્ટ શિક્ષકો દ્વારા તૈયાર કરવાની યોજના, વાર્ષિક આયોજન કરવાની યોજના જેવી અનોખી યોજના જોવા મળી હતી.

ભવિષ્યમાં પી.એચડી., ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરવાની યોજના અભ્યાસ સંદર્ભે જોવા મળી હતી.

જે શાળામાં શિક્ષકોની ઘટ હોય ત્યાં વિનામૂલ્યે શિક્ષણ આપવું, વિવિધ સેમિનાર અને વર્કશો માં ભાગ લેવો, વિવિધ રિસર્ચ પેપર રજૂ કરવા, સામાજીક અને સેવાકીય સંસ્થામાં સક્રિય રહેવું તથા શૈક્ષણિક અને સંસ્કાર સિંચન વિશે ખાસ લેખો લખવા જેવી ભાવિ યોજના જોવા મળી હતી.

સામાજિક જાગૃતિ માટે સતત પ્રયત્ન, મહિલાઓ અને દીકરીઓ માટે કાર્યરત સંસ્થામાં સર્વ પ્રકારે મદદ, વૃદ્ધાશ્રમ અને અનાથ આશ્રમમાં જઈને તેની સાથે સમય પસાર કરવો માનવતા પ્રેમ જેવી અનોખી ભાવિ યોજના જોવા મળી હતી.

પાઠ્યપુસ્તકોમાં સુધારણા, અભ્યાસક્રમને લચીલું બનાવવા તથા પ્રવૃત્તિમય શિક્ષણ બનાવવું જેવી શિક્ષણ સંદર્ભે સુધારણા જેવી ઉજ્જવળ ભાવિ યોજના જોવા મળી હતી.

અનાથ આશ્રમ માટે આર્થિક ભંડોળ મોટા પ્રમાણમાં એકઠું કરવું, નારી સશક્તિકરણ સંદર્ભે પ્રોત્સાહ જનક પુસ્તકો લખવા, શિક્ષણ સંદર્ભે પ્રવર્તમાન પરિસ્થિતિ વિશેના લેખો લખવા વગેરે જેવી ભાવિ યોજનાઓ જોવા મળી હતી.

● પોતાના વતનનાં વિદ્યાર્થીઓને વધુ ઉચ્ચ અભ્યાસ સંદર્ભે આર્થિક લોનની સહાય કરવા સંદર્ભે જેવી ભાવિ યોજના જોવા મળી હતી.

ભરૂચથી મહારાષ્ટ્રની સરહદ સુધીના હાઈવે રોડ પર વૃક્ષારોપણ પ્રોજેક્ટ સંદર્ભે સરકારશ્રીને ભલામણ કરવા સંદર્ભે વૃક્ષ પ્રેમ જેવી ભાવિ યોજના જોવા મળી હતી.

● આજીવન સુધી રક્તદાન કરવું. તથા શાળાઓ અને કોલેજોમાં યુવાનોને રક્તદાનનું મહત્વ સમજાવી રક્તદાન કરવા સંદર્ભે પ્રેરણા આપવી વગેરે જેવી પ્રોત્સાહન જનક ભાવિ યોજના જોવા મળી હતી.

પોતાના દેહાંત બાદ પોતાનું શરીર મેડિકલ કોલેજને દાનમાં આપવું આવી ઉદાર રાષ્ટ્રપ્રેમ તથા માનવપ્રેમ જેવી ભાભી યોજના જોવા મળી હતી.

વિષયમાં જરૂરી સુધારા સંદર્ભે સરકારશ્રી ઓને ભલામણ અંગેની ભાવિ યોજના જોવા મળી હતી.

સમાજના યુવાનોને ઉચ્ચ શિક્ષણ સંદર્ભે બને તેટલી સહાય કરવા સંદર્ભે તથા સમાજના યુવાનો માટે દર વર્ષે સમાજ સ્નેહમિલનનું આયોજન કરીને ઉચ્ચ શિક્ષણ સંદર્ભે સમાજના યુવાનોને પ્રોત્સાહન પૂરું પાડવાની પ્રેરક બળ જેવી ભાવિ યોજના જોવા મળી હતી.

ખેતીવાડી ક્ષેત્રે નવા નવા સંશોધનો કરવાની ભાવિ યોજના જોવા મળી હતી.

ઓછી મૂડી રોકાણે વધુ આવક પ્રાપ્ત કરવા સંદર્ભે ખેડૂતો માટે વિવિધ સહકારી યોજનાઓની ખેડૂતોને માહિતી આપવા અંગેની ભાવિ યોજનાઓ જોવા મળી હતી.

● ગામડાઓમાં પીવાના પાણીની ટાંકી સંદર્ભે આર્થિક યોગદાન આપવા અંગેની ભાવિ યોજના જોવા મળી હતી.

ગામડાંઓની આંગણવાડીઓમાં નાના બાળકો માટે દર અઠવાડિયે ભોજનની સુવિધા પૂરી પાડવા સંદર્ભેની અન્નપૂર્ણા જેવી ભાવિ યોજના જોવા મળી હતી.

➢ આચાર્યો માટેની મુક્ત જવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલા તારણો

આચાર્યો અને નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના માનવસંબંધો જાણવા સંદર્ભે આચર્યો પાસેથી મુક્ત જવાબી પ્રશ્નાવલિ ના આધારે પ્રાપ્ત કરેલી માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટનના આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે.

➢ રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકનું આપની શાળા પ્રત્યેના વલણ સંદર્ભેના તારણો

● તમામ શિક્ષકો શાળા પ્રત્યે હકારાત્મક અને ઉચ્ચ દષ્ટિકોણ ધરાવતા જોવા મળ્યા હતા. * શાળાને પોતાનું માન અને સન્માન સમજી શાળાના વિકાસ અને પ્રગતિ માટેનું વલણ ધરાવતા હતા.

શાળા કે અન્ય કોઈપણ કાર્ય માટે હંમેશા તત્પર રહેતા હતા.

➢ વિજેતા શિક્ષકનું આચાર્ય સાથે અને અન્ય શિક્ષકો સાથેને વર્તન સંદર્ભેના તારણો

નવસારી જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો આચાર્ય સાથે પરિવારના સભ્યની જેમ શાંત

સ્વભાવે મિલનસાર અને વિવેકપણાની સાથે વર્તન કરતા જણાયા હતા.

● શાળાના સ્ટાફ શિક્ષકો સાથે સરળ શાંત સ્વભાવ, હંમેશાં સંપની ભાવનાવાળા, દરેક કાર્યમાં ખુશમિજાજ સ્વભાવ વાળા વર્તનો જોવા મળ્યા હતા.

● આચાર્યના આદેશનું પાલન કરનાર, સ્ટાફના દરેક શિક્ષકો સાથે કાર્યમાં ભાગીદારી વાળા ઉમદા સભા . વાળા વર્તનો જોવા મળ્યા હતા.

➢ વિજેતા શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધ સંદર્ભેના તારણો

દરેક વિદ્યાર્થીઓ સાથે પ્રેમાળ પૂર્વક, સહકાર યુક્ત અને વાત્સલ્ય ધરાવતા જોવા મળ્યા હતા.

દરેક માર્ગ પર સાચી રાહ બતાવી સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન આપી ખૂબ જ સારી રીતે વર્તતા હતા.

દરેક વિદ્યાર્થી સાથે મૈત્રી ભાવ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડની જેમ મદદગાર વાળા, વિદ્યાર્થીઓમાં પ્રિય

અને માનવતા વાળા ઉષ્માભર્યા વર્તનનો જોવા મળ્યા હતા.

➢ વિજેતા શિક્ષકનું વર્ગ શિક્ષણકાર્ય સંદર્ભેના તારણો

● તમામ શિક્ષકો વર્ગ અધ્યાપન અંગે પહેલાથી જ વિષયવસ્તુનું આયોજન કરી, પૂર્વજ્ઞાનને જોડી અધ્યાપન કાર્ય કરાવતા હતા.

● વિદ્યાર્થીઓની સમજશક્તિ, રસ-રુચિ અનુરૂપ કલ્લુ કલ્લુ વિવિધ પ્રવૃત્તિઓ અને નવા વિચારોની સાથે વર્ગ અધ્યાપન સંદર્ભે હકારાત્મક વલણ ધરાવતા હતા.

● વિજેતા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન અધ્યાપનમાં રસ જળવાઈ રહે તે સંદર્ભે વિવિધ અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ અને વિષયવસ્તુને ICT સાથે સાંકળીને શૈક્ષણિક કાર્ય કરાવતા જોવા મળ્યા હતા.

➢ વિજેતા શિક્ષક નબળાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવા પ્રયત્નો સંદર્ભેના તારણો

● રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો વર્ગખંડમાં એકમ કસોટી આયોજન કરીને જે વિદ્યાર્થીઓના ગુણ ઓછા આવ્યા હોય તે વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન આપતા જોવા મળ્યા હતા.

● નબળાં વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરીને અભ્યાસ સંદર્ભે તેમનામાં રહી ગયેલી કચાશો દૂર કરવા અથાગ પ્રયત્ન કરતા જોવા મળ્યા હતા.

* નબળાં વિદ્યાર્થીઓ માટે તેઓ વધુ સમય આપવો, અલગ શૈક્ષણિક યોજના ઘડવી, વિવિધ અધ્યયન અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો તથા ઉપચારાત્મક નિદાન કાર્ય કરવું વગેરે જેવા મળ્યું હતું.

➢ શાળાની શૈક્ષણિક સિદ્ધિ વધારવા અંગેના કાર્યો સંદર્ભેના તારણો

● રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો શાળાના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ તથા રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સતત પ્રોત્સાહન પુરૂં પાડતા જોવા મળ્યા હતા.

● શાળાની વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે, ઈત્તર પ્રવૃતિઓ સંદર્ભે, રાષ્ટ્રીય પર્વની ઉજવણીઓ સંદર્ભે, શાળા વ્યવસ્થાપન કાર્યક્રમ સંદર્ભે, સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી સંદર્ભે, શાળાના રમતોતો

આયોજન સંદર્ભે, શાળામાં વિવિધ સ્પર્ધાનું આયોજન સંદર્ભે વગેરે જેવા કાર્યોમાં અગ્રેસર જોવા મળ્યા હતા.

શાળામાં બોર્ડના પરિણામો ઉચ્ચ લાવા સંદર્ભે તથા શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને બોર્ડમાં નંબર પ્રાપ્ત કરવા સંદર્ભે સતત પ્રોત્સાહન પુરૂં પાડતા જોવા મળ્યા હતા.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

અધ્યેતાએ પૂર્વેના પરિચ્છેદમાં અભ્યાસના સાર સ્વરૂપે મહત્વના તારણો દર્શાવ્યા અને તારણોના આધારે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

૧. રાજ્ય પારિતોષિક પ્રાપ્ત કરનાર વિજેતા શિક્ષકો માસ્ટર ડિગ્રીઓ ધરાવતા હતા. આ તારણોનો સૂચિતાર્થ તપાસીએ તો વિજેતા શિક્ષકોએ અન્ય વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવી આગળ વધતા રહેવું જોઈએ.

૨. રાજ્ય પારિતોષિક પ્રાપ્ત કરનાર મોટાભાગના બધા શિક્ષકોને એવોર્ડ વિશેની જાણકારી અનેક જગ્યાએથી પ્રાપ્ત થઈ હતી. આ તારણોનો સૂચિતાર્થ તપાસીએ તો આજના ટેક્નોલોજીના યુગમાં શિક્ષકોએ વિવિધ ટેકનોલોજી અને ઈન્ટરનેટથી પરિચિત રહેવું જોઈએ.

૩. રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક તરીકે સહ અભ્યાસિક પ્રવૃતિઓ હાથ ધરી હતી. આ તારણનો સૂચિતાર્થ તપાસીએ તો વિજેતા શિક્ષક તરીકે શિક્ષકોએ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ તથા દરેક સાંસ્કૃતિક કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ.

૪. રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો અધ્યાપન પદ્ધતિ સંદર્ભેના વિવિધ અધ્યયન અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરતા હતા. આ તારણનો સૂચિતાર્થ તપાસીએ તો વિજય શિક્ષકોએ વર્ગખંડમાં અધ્યયન અધ્યાપન પદ્ધતિ સંદર્ભે ICT નો પણ ઉપયોગ કરવો જોઈએ.

૫. વિજેતા શિક્ષકોએ રાજ્ય પારિતોષિક પ્રાપ્ત કરવાની પ્રેરણા અનેક વ્યક્તિઓ પાસેથી મળી હતી. આ તારણનો સૂચિતાર્થ તપાસીએ તો વિજેતા શિક્ષકોએ વ્યાવસાયિક તાલીમ દરમિયાન કેટલા સમયમાં ક્યાં પહોંચ્યું છે તે નક્કી કરી લેવું જરૂરી છે. તેમ જ ઉચ્ચ સિદ્ધિ મેળવી હોય તેવા વ્યક્તિઓના સતત સંપર્કમાં રહી એમના જીવનનો અભ્યાસ કરી એમાંથી પ્રેરણા મેળવવી જોઈએ.

૬. વિજેતા શિક્ષકોએ સર્જનાત્મક પ્રવૃત્તિમાં અગ્રેસર તથા વિવિધ પુસ્તકોનું પ્રકાશન કરવું જોઈએ. વર્તમાનપત્રો સામયિકોમાં પોતાના લેખ પ્રગટ કરવા જોઈએ.

૭. વિજેતા શિક્ષકોએ જીલ્લા શિક્ષણ તાલીમ ભવન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, એન.સી.ઇ.આર.ટી, જી.સી.ઇ.આર.ટી જેવી શૈક્ષણિકસંસ્થાઓ દ્વારા આયોજિત વિવિધ તાલીમ શિબિરમાં તજજ્ઞ તરીકે ભાગ લેવો જોઈએ.

૮. રાજ્ય પારિતોષિક એનાયત કરવાની પ્રક્રિયામાં પરિવર્તન લાવવાની વિજેતા શિક્ષકોએ આવશ્યકતા જણાઈ હતી. આ પ્રક્રિયાને વધુ પારદર્શક અને આત્મલક્ષી બનાવવાની જરૂર છે.

૯. રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થી સાથેના સંબંધો સારા રહ્યા હતા. આ તારણો સૂચિતાર્થ તપાસીએ તો વિજેતા શિક્ષક બનવાની તથા રાજ્ય પારિતોષિક પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનારા શિક્ષકોએ આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથેના સંબંધો માનવતાપૂર્ણ અને સાંદિતપૂર્ણ રાખવા જોઈએ.

૧૦. રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોએ વિદ્યાર્થી માટે સ્વ-અધ્યયન સામગ્રી નિર્માણ કરવું જોઈએ.

**ભાવિ અભ્યાસના ક્ષેત્રો**

અભ્યાસનું ક્ષેત્ર અતિ વિશાળ છે. જેની કોઈ સીમા હોતી નથી. પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નજર સામે રાખતા સમજાય છે કે ભવિષ્યમાં વ્યાપક હેતુ સાથે તથા ભિન્ન નમૂના પર સમયાંતરે અભ્યાસો થતા રહે એ આવશ્યક છે. એવું અધ્યેતા નમ્રપણે માને છે. ભવિષ્યમાં પણ આ પ્રકારના અભ્યાસનો વેગ મળતો રહે તે હેતુથી અધ્યેતા અહીં ભાવિ અભ્યાસના ક્ષેત્ર સૂચવ્યા છે. જે નીચે મુજબ છે.

૧. ઉત્તર ગુજરાત રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૨. મધ્ય ગુજરાતના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૩. સુરત જિલ્લાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૪. દક્ષિણ ગુજરાતના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૫. માધ્યમિક શાળાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૬. માધ્યમિક કક્ષાએ રાષ્ટ્રીય કક્ષાએ પારિતોષિક વિજેતા આચાર્યોની અભ્યાસ હાથ ધરી શકાય.

૭. પ્રાથમિક અને માધ્યમિક શાળાના રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૮. પ્રાથમિક અને માધ્યમિક શાળાના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરી શકાય.

૯. રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક પ્રાપ્ત કરનારા વિજેતા આચાર્યશ્રીનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૧૦. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રેના રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં અધ્યેતાએ સમગ્ર અભ્યાસને અંતે નિષ્પન થયેલા મુખ્ય તા, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ અભ્યાસના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

પ્રત્યેક રાષ્ટ્રની પ્રવર્તમાન બુનિયાદી પર જ રાષ્ટ્રનું ભાવી નિર્ભર હોય છે. સામાન્યતઃ રાષ્ટ્રમાં ચાલતી શિક્ષણ તરેહ દ્વારા ભાવિ નાગરિકોનું ઘડતર થયા કરે છે અને રાષ્ટ્રનું કાર્ય થતું રહે છે. શૈક્ષણિક અભ્યાસ સમયાંતરે થતા રહે તે શિક્ષણ જગતમાં ગુણવત્તાના ધોરણે જળવાય તે માટે નૂતન અભિગમો પ્રાપ્ત થાય તે પણ એટલું જ જરૂરી છે. અભ્યાસ શરૂ થયા પછી અભ્યાસ સાથે સંકળાયેલ અને અભ્યાસ માટે મદદરૂપ બને તેવી તમામ વ્યક્તિઓનો અધ્યેતાને સમયે સમયે સહકાર પ્રાપ્ત થયો અને આ કારણે અભ્યાસ પૂર્ણતાને આરે પહોંચી શક્યો તેનો અધ્યતાને અનહદ આનંદ છે. આ અભ્યાસના તારણો આવતીકાલના ભારતનું નિર્માણ કરે શકે એવા આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શક બનશે તો અધ્યેતા પોતાનો આ ઉપક્રમ સાર્થક થયાની અનુભૂતિ કરી શકશે.

## અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ

**રણા મોહિની પી.**

**સંશોધનનાં હેતુઓ**

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે પ્રમાણે છે.

૧. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની કૌટુંબિક સમસ્યાઓ જાણવી.

૨. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.

૩. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની માનસિક સમસ્યાઓ જાણવી.

૪. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સામાજિક સમસ્યાઓ જાણવી.
૫. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની આર્થિક સમસ્યાઓ જાણવી.
૬. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની શાળા કાર્યો સંબંધિત સમસ્યાઓ જાણવી.
૭. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની બાળકો સંબંધિત સમસ્યાઓ જાણવી.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનનાં પ્રશ્નો નીચે પ્રમાણે છે.

૧. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ કૌટુંબિક સમસ્યાઓ અનુભવે છે?
૨. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ શૈક્ષણિક સમસ્યાઓ અનુભવે છે?
૩. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ માનસિક સમસ્યાઓ અનુભવે છે?
૪. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ સામાજિક સમસ્યાઓ અનુભવે છે?
૫. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ આર્થિક સમસ્યાઓ અનુભવે છે?
૬. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ કઇ કઇ શાળા કાર્યો સંબંધિત સમસ્યાઓ અનુભવે છે?
૭. અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની બાળકો સંબંધિત સમસ્યાઓ કઇ કઇ છે?

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાંસર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અંકલેશ્વર તાલુકાની કુલ ૯૬ પ્રાથમિક શાળામાંથી ૪૦% નાં પ્રમાણને આધારે કુલ ૩૯ શાળાઓની પસંદગી ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરવામાં આવી હતી. ૩૯ શાળાઓમાં શિક્ષણકાર્ય કરાવતી કુલ ૧૯૨ શિક્ષિકાઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણની સંરચના**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધનનાં હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓનાં પ્રતિચારના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરી ટકાવારી શોધી શતમાનના તફાવતની સાર્થકતા શોધી અને તીવ્રતાક્રમ આપવામાં આવ્યો હતો.

**સંશોધનનાં તારણો**

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે પ્રમાણે છે.

**કૌટુંબિક સમસ્યાઓ અંગેનાં તારણો**

- શાળાનાં કાર્યભાર સાથે ગૃહિણીની ફરજ નિભાવવી પડે છે.
- નોકરી દરમિયાન ઘરમાં પત્ની, વહુ કે માતા તરીકેની ફરજ અને કર્તવ્યનું પાલન કરવામાં મુશ્કેલી અનુભવાય છે.
- બાળકોને ભણાવવાની જવાબદારી તેમના પર રાખવામાં આવે છે.
- નોકરીનાં સ્થળાંતરને કારણે તેમના સમય આયોજનમાં ઘરનાં મહત્ત્વનાં કામો રહી જાય છે.
- નોકરી દરમિયાન વ્યસ્તતા વધી જતાં તે ઘરનાં સભ્યોને પૂરતો સમય આપી શકતા નથી.

**માનસિક સમસ્યાઓ અંગેનાં તારણો**

- તમને સોંપાયેલ કાર્યપૂર્ણ થવા બાબતે સતત ચિંતા રહે છે.
- જાતિય સતામણીનો ભય સતાવે છે.
- સાથી પુરુષ શિક્ષકો સાથેની મિત્રતા ઘરમાં શંકા જન્માવનારું પરિબળ બનશે તેવી ચિંતા રહ્યા કરે છે.
- સહકર્મચારીઓ સાથે વ્યવહારમાં લઘુતાગ્રંથિ અનુભવે છે.
- આચાર્ય કે ઉપરી અધિકારીની સાથે રહેનાર સહકર્મચારીઓ પ્રત્યે ગુસ્સો આવે છે.

**સામાજિક સમસ્યાઓ અંગેનાં તારણો**

- શાળામાં જેટલાં દિવસોની સામાજિક કારણો સર રજા લેવી હોય એટલાં દિવસોનું કામ અન્ય શિક્ષકો વહેંચે છે.
- લગ્ન પ્રસંગે જવાનું હોય ત્યારે શિક્ષણ કાર્યની સોંપણી આગળથી કરીને જવી પડે છે.
- તેમનો સમાજ નોકરી કરતી સ્ત્રી પ્રત્યે વિશેષ આદર દર્શાવે છે.
- નોકરીમાં રજા ન મળતા સામાજિક પ્રસંગોમાં ન જઇ શકવાથી કુટુંબનાં સભ્યોનાં મેણા સાંભળવા પડે છે.
- રવિવારે કે રજાનાં દિવસે વધારાની કામગીરી કરવાની હોવાથી સામાજિક સંબંધો જાળવવાં કઠિન બને છે.

**આર્થિક સમસ્યાઓ અંગેનાં તારણો**

- પતિનો પગાર આવતો હોવા છતા પણ તેમનો પગાર કુંટુંબનાં સભ્યો માટે જ વાપરવો એવો આગ્રહ રાખવામાં આવે છે.
- તેમની આર્થિક સદ્ધરતા ઝઘડાનું કારણ બને છે.
- પરિવારમાં તમે આર્થિક યોગદાન આપો છો તેની કદર થાય છે.
- કામનાં બદલામાં ઓછો પગાર મળે છે.
- નાણાંકીય ખર્ચ કરવા માટેની સ્વતંત્રતા તેમને મળતી નથી.

**વ્યાવસાયિક સમસ્યાઓ અંગેનાં તારણો**

- બાળકો શાળામાં ન આવે તો ઘરે જઇ બાળકોને બોલાવી લાવવા પડે છે.
- શૈક્ષણિક કાર્ય કરતાં બિનશૈક્ષણિક કાર્યનું ભારણ વધુ રહે છે.
- વિદ્યાર્થીઓનાં વાલીઓનો પૂરતો સહકાર ન મળવાથી શિક્ષણ કાર્ય કરવામાં મુશ્કેલી પડે છે.
- સરકારશ્રી તરફથી લાદવામાં આવતી નીતિને કારણે પ્રતિકૂળતા અનુભવાય છે.
- શાળામાં પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષિકાઓનો દરજ્જો નીચો ગણવામાં આવે છે.

**વિસ્તાર સંબંધિત સમસ્યાઓ અંગેનાં તારણો**

- શાળા સુધી પહોંચવા માટેનો માર્ગ દુર્ગમ હોવાથી પોતાના વાહન લઇને જઇ શકાતું નથી.
- શાળાની આસપાસનો વિસ્તાર સારો નથી.
- શાળા ઘરથી દૂર હોવાથી શાળાએ જવામાં મુશ્કેલી પડે છે.

- શાળાએ ઘણા વાહનો બદલીને પહોંચવામાં મુશ્કેલી સજાર્ય છે.
- શિક્ષણ કાર્યદરમિયાન વિદ્યાર્થીઓ સાથેનાં પ્રત્યાયનમાં અનુકૂળતા સાધી શકાયતી નથી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓનો ઉકેલ કરી શકાય તે માટેનાં સંભવિત સૂચનો નીચે મુજબ કરવામાં આવ્યા છે.

**ભાવિ સંશોધનનાં ક્ષેત્રો**

સંશોધક એવું સ્વીકારે છે કે પ્રત્યેક સંશોધનમાં કોઇકને કોઇક મર્યાદા ધરાવતું હોય છે. પ્રસ્તુત સંશોધન પણ એમાંથી બાકાત નથી. તેમજ પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિસ્તરતી રહે છે તે માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનો થતાં રહે તે પણ જરૂરી છે. ભવિષ્યમાં આ પ્રકારનાં સંશોધનોને વેગ પ્રાપ્ત થતો રહે તથા ભાવિ સંશોધકોને માર્ગદર્શન રૂપ નીવડશે એવી આશા સાથે સંશોધકે ભાવિ સંશોધન માટેનાં કેટલાક ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

- ➢ અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓનો તુલનાત્મક સંશોધન હાથ ધરી શકાય.
- ➢ અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓનો તુલનાત્મક સંશોધન હાથ ધરી શકાય.
- ➢ શિક્ષણ સિવાય અન્ય ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓની સમસ્યા અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ આશ્રમ શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ આશ્રમ શાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ અધ્યયન અને અધ્યાપન કાર્યમાં અનુભવાતી સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ પછાત અને ઊડાણવાળા વિસ્તારની શાળાની શિક્ષિકાઓની સમસ્યા અંગે સંશોધન હાથ ધરી શકાય.
- ➢ પછાત અને ઊડાણવાળા વિસ્તારની શાળાનાં શિક્ષકોની સમસ્યા અંગે સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

સમાજ કે દેશની સમસ્ત પ્રજાને નિરાશામાંથી આશાનાં તેમજ શ્રદ્ધાનાં પંથે જો કોઇ લઇ જઇ શકે તેમ હોય તો તે શિક્ષણ. તેમાં પણ ખાસ કરીને પ્રાથમિક શિક્ષણએ પાયો છે.

પ્રાથમિક તબક્કામાંથી બાળકોને મૂલ્યો, નૈતિકતા અને જીવન ઘડતરનું શિક્ષણ આપવામાં આવે તો દેશનાં આર્થિક વિકાસને કોઇ રોકી શકે તેમ નથી. આ માટે પ્રાથમિક સ્તરે અધ્યાપન કાર્ય કરનાર શિક્ષિકાઓની જવાબદારી અનેક ગણી વધી જાય છે. તેથી તેમની સમસ્યાઓ દૂર કરી તેઓ પોતાનું કર્તવ્ય નિષ્ઠાથી બજાવી શકે તે માટેનાં પ્રયત્નો કરવા જોઇએ.

સંશોધક માટે સમય મર્યાદાનાં કારણે બધી સમશસ્યાઓનો અભ્યાસ કરવો શક્ય ન હોવાથી પ્રાથમિક શાળાઓની

શિક્ષિકાઓની કૌટુંબિક, માનસિક, સામાજિક, આર્થિક, વ્યાવસાયિક અને વિસ્તાર સંબંધિત સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધર્યુ. આ સમસ્યાઓમાં પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓને ઝડપથી ઉકેલી શકાય તો શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય.

પ્રસ્તુત સંશોધનનાં પયાસથી અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓની સમસ્યાઓ જાણી તેના ઉકેલો માટેનાં સૂચનો કરી શકાય. અન્ય સંશોધનો માફક પ્રસ્તુત સંશોધન શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલાં અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રસ લેતા નાગરિકો, કેળવણીકારો, આયોજકો, પ્રશાસકો, આચાર્યો, શિક્ષકો તેમજ નવા સંશોધકોને સહેજ પણ પથદર્શક બનશે તો સંશોધક ખરેખર પરિતોષની લાગણી અનુભવશે.

# Biology Teachers' Awareness & Utilization of Innovative Teaching Strategies at Higher Secondary School of Surat City

Rangwala Nasrin A.

## Objective of the Study

Objectives of the present study were as follows: -

1. To study the awareness of Innovative teaching Strategies of Biology Teachers of Surat City.
2. To study the utilization of Innovative teaching Strategies of Biology Teachers of Surat City.
3. To study the utilization of Innovative teaching Strategies of Biology Teachers of Surat City with respect to gender.
4. To study the utilization of Innovative teaching Strategies of Biology Teachers of Surat City with respect to experience.
5. To study the utilization of Innovative teaching Strategies of Biology Teachers of Surat City with respect to qualification.

## Question of the study

1. Are the biology teachers, aware of the innovative teaching strategies used in Biology subject of Surat city?
2. To what extent are the innovative teaching strategies put into use in the teaching of biology in Surat city?
3. To what extent does the utilization of the innovative teaching strategies differ with respect to biology teachers' Gender?
4. To what extend does the utilization of the innovative teaching strategies differs with respect to the biology teachers' Experiences?
5. To what extend does the utilization of the innovative teaching strategies differs with respect to the biology teachers' Qualification?

## Research Hypotheses

HO1: There is no significant difference in the utilization of the innovative teaching strategies by experienced and less experienced biology teachers.

HO2: There is no significant difference in the utilization of the innovative teaching strategies by female and male biology teachers.

HO3: There is no significant difference in the utilization of the innovative teaching strategies by less qualified & qualified.

**Significance of study**

1. The study will benefit Biology teachers to improve the teaching of biology of Surat city and also improves the knowledge of learners of Surat city.
2. The study will show the present status of biology teacher and biology subjects. This will help the Government with detail picture of status of biology.
3. In learning, it will provide information of Innovative Teaching strategies used by Biology teachers' in Surat city in Biology subject.
4. It may also help Government agencies, schools Proprietors & Curriculum designer to organise workshop & in-service training about new way of teaching biology for teachers.

**Scope of the study**

1. The Research work is limited in scope to Awareness of the teachers & on the Utilization of innovative teaching strategies in teaching of biology.
2. This study is confined to Higher Secondary School of Surat City affiliated to Gujarat Higher Secondary Education Board only.
3. This study is confined till Biology Teachers of Surat City.
4. Due to Covid 19, the study is confined till Close ended questionnaire tool only.

Population & Sample selection

In present research, population is only of Biology Teachers' making study in Higher Secondary section of GHSEB of Surat city. There are total 64 Biology teachers of Gujarat Higher Secondary Education Board Schools of Surat city.

In present study, sample becomes the population of the study. From the population, 17 teachers have not revert back the questionnaire, 10 biology teachers said no to fill the data so, the total number of samples is 37 of biology teachers of Gujarat Higher Secondary Education Board Schools of Surat city. As it only focusing on Biology subject the Biology Teachers came under the

purposive sampling. 5.2.8 Selection of the tool

Due to Covid situation, tools were confined till Closed Ended Questionnaire for Biology Teachers of Gujarat Higher Secondary Education Board Schools Of Surat city.

**Type and Method**

In the present research study, was based on Survey method, hence, the method is Educational Survey Method under Descriptive Research method.

**Data Collection**

In order to collect required data for the study, the researcher visited Higher Secondary school affiliated to GHSEB schools of Surat city selected as sample. Due to Covid 19 after the observation of realistic condition of the school, a permission letter was presented and permission was taken from principal to meet biology teacher for collection of necessary data. Close Ended Questionnaire for biology teachers was administered. Necessary instruction was explained to the biology teacher; also the teachers were orientated on the importance of the research work by the researcher. Also, ask them to handover the Questionnaire within day itself or if she is willing to share her mobile number Google form is prepared based on same tool and data was collected accordingly.

**Data Analysis**

In the present research, the data were collected by close ended questionnaire tools based on objectives of the study. For Quantitative data - Awareness and Utilization part is calculated and were analysed using the frequency, percentage, graphs, weight age-average, ranking, chi-square & contingency table.

**Findings of the study**

- Findings related to the Biology Teachers are aware and up to what extent they aware of the selected innovative teaching strategies of Surat city.

Highest awareness level of Biology teachers in Innovative teaching strategies were seen as follows: Demonstration Discussion, Lecture method, Problem-solving method, Laboratory method, Question-Answer Relationship method, & Model method percentages were (100%, 100%, 97.30%, 97.30%, 97.30%, 94.59%, 91.89%) weightage-average were

(2,2,1.97,1.97,1.97,1.95, 1.92) and ranked ( 1 ^ (st), 1 ^ (st), 3 ^ (rd), 3 ^ (rd), 3 ^ (rd) 6 ^ (th) 7th)

Moderate awareness level among Biology teachers in

Innovative teaching strategies were seen as follows: - Cooperation, Self-Learning, Seminar, Project Based method, Science fair, Brain Storming, team Teaching, Concept mapping. Analogy, Peer partnering, Fieldtrips, Mnemonics & Constructivism method percentage were (89.19%, 89.19%, 89.19%, 86.49%, 83.78%, 81.08%, 78.38%, 78.38%, 72.97%, 70.27%, 70.27%, 67.57% & 67.57%) weightage average were (1.89, 1.89, 1.89, 1.86, 1.84, 1.81, 1.78, 1.78,1.73, 1.70, 1.70, 1.68, & 1.68) and ranked were( 9th,9th 9th ,12,13,14,15,15,17th 12 ^ (th) 12 ^ (th) 14 ^ (th) 15 ^ (th) 15 ^ (th) 17 ^ (th) 18 ^ (th) , 18 ^ (th) 20 ^ (th) 0.2 ^ (th) )

Very low awareness level among Biology teachers in Innovative teaching strategies were seen in following strategies: -Discovery method, Drama play, Vee mapping & Jigsaw percentage were (59.46%, 43.24%, 32.43% & 24.32%) weightage average were (1.59, 1.43, 1.32, 1.24) and ranked were (22 ^ (nd), 23 ^ (rd), 24 ^ (th), 25 ^ (th))

- Findings related to the Biology Teachers are up to what extent they utilize of the selected innovative teaching strategies of Surat city.

Consequently, on the high level of awareness of the innovative teaching strategies amongst respondents, the study found out that majority of respondents actually utilized these strategies in the teaching of biology. Ironically, this finding does not correspond with the studies which assumed that most Biology teachers in Surat do not make use of varying strategies to cope with the difficulties associated with the teaching of Biology. Expectedly so, the high utilization of the innovative teaching strategies exhibited a positive outcome on the learning processes and academic performances of students, in that the student's to improve academically would be on the high side. Pointedly, the study identified Discussion, Lecture, Question Answer Relationship, Laboratory and Problem solving, as the most utilized innovative teaching strategies, while Discovery, Field Trips, Vee mapping, Drama and Jigsaw Method, were least utilized.

- Findings related to the Biology Teachers up to what extent they utilization of the selected innovative teaching strategies in Surat city with respect gender. Though the sources of gender differences in educational outcomes have been the subject of considerable study and debate, a major contentious

issue involves the possible role played by biological differences between males and females. This study found out that female teachers had a significantly higher utilization level of innovative teaching strategies than their male counterparts. However, on the contrary, studies by Olagunju & Abiona (2008) revealed that male teachers" perception of utilization of instructional materials in teaching is higher than that of the female teachers. To this end, it suffices to note that the gender of teachers have been proven (empirically) to influence the manner, mode, and level of utilization of these teaching strategies; the dilemma, however, remains on which gender has the "upper hand" when it comes to utilization.

- Findings related to the Biology Teachers up to what extent they utilization of the selected innovative teaching strategies in Surat city with respect experiences.

In terms of teaching experience, the study discovered that there is no significant difference in the utilization of innovative teaching strategies based on biology teachers" experience. This implies that the level of utilization of innovative teaching strategies is similar for respondents irrespective of their different years of experience. The reason for this result may be due to the findings of Sodaak & Podell (1997) which observed that experienced teachers are more resistant to change in their beliefs and self -efficacy as well as their resistance to change in the use of different types of activities to improve teaching. It may also be due to the findings of that observed that less experienced teachers preferred using new methods of instruction while experienced teachers are more concerned with class management as well as their impact on the student.

- Findings related to the Biology Teachers up to what extent they utilization of the selected innovative teaching strategies in Surat city with respect Qualification

Consequently, the study also found out that teachers with a background in educational studies had a significantly higher utilization level of the innovative teaching strategies. The study findings, that B.Ed. course with any Master degree is a measure of teacher qualifications that combines aspects of knowledge about subject matter and about teaching and learning, and that students learn more from teachers with strong academic

skills. Thus, it could be safe to state that the level of utilization of the innovative teaching strategies is significantly different for teachers based on their educational qualification; it is assumed that teachers with a background in Biology Education (as against those with general knowledge of biology scored significantly higher except two teaching strategies Analogy & Constructivism were there less Qualified and Qualified teacher's utilization level for both these method from innovative teaching strategies are independent.

Educational outcomes of the study

Based on the results of the findings in this study, the following recommendations were made:

1. Biology teachers should avail themselves of the opportunities provided by these innovative strategies in improving the performance of their students.

2. Biology teachers should know that for which chapter or topic which innovative Teaching Strategies is suitable for the better performance of their students.

3. Biology teachers should organise a visit to a Blood bank, Gene lab or any medical college for topic like physiology & genetics, and school should support them for betterment of the students.

4. The State Government and school proprietors should organize workshops, seminars and conferences on innovative instructional strategies as in-service training for biology teachers irrespective of their experience or qualifications.

5. Teacher training institutions in the state should include the least and non-utilised strategies found in this study specifically Cooperation, Project, Discovery, Self learning, Team teaching, Jigsaw, Seminar, Model, CAI, Vee mapping, Constructivism and Analogy into their curricular packages and make deliberate efforts to get the Biology teachers acquainted with the use of each of the strategies effectively.

6. Chapters which required Field trips, Projects, Seminar should be planned accordingly in their yearly planning for the betterment of the students.

7. More innovative teaching strategies to be part of the prescribed strategies of teaching in the Higher Secondary Education Curriculum during the review of the present higher secondary school curriculum.

8. Schools should encourage teachers on the use of innovative teaching strategies by providing adequate funds, materials and good learning

environment that can facilitate the use of these Innovative teaching strategies.

9. Biology Teachers can motivate other physics, chemistry & maths teachers too to use

Innovative Teaching Strategies in their studies.

Suggestions for the Future Research

1. A replication of the study should be conducted periodically to evaluate the awareness &use of selected teaching strategies in Higher secondary education programs to give a guidance and suggestions to teachers and administrators.

2. It is recommended that similar studies be conducted with a variety of research methodology to identify the changing perceptions of teaching and learning principles and strategies.

3. Conduct a study to determine perceptions of biology students regarding to what extent of use and effectiveness of selected teaching methods and tools, because the perceptions of students may be different from the teachers.

4. Present study is conducted on Surat city; researchers can study on other cities or district also to know the level of awareness and up to what extend Biology Teachers used Innovative teaching strategies.

5. Comparative study of the status on Innovative Teaching strategies of Biology teachers between the IB boards, ICSE board, Central Board & State Board can be studied.

6. Study based on experimental method, on the use of any two Innovative Teaching Strategies in biology subject to know the effectiveness of teaching learning achievements after practicing and in normal class can be conducted.

Conclusion

Conclusions with the observed results of this study, it is clear that the Biology teachers are aware of different innovative teaching strategies they can use to improve their teaching thereby making learning more interesting, challenging as well as improving students" ability to apply school knowledge to real life problems. The data collected from the respondents was analyzed using Frequency, percentage, Weightage Average, Ranking, Chi-square & Contingency table of Chi-square's analyses were based on five variables; teachers" awareness, teachers" utilization, teachers" gender, teachers" teaching experience and teachers" qualification.

On the awareness of the innovative teaching strategies, it is concluded that the level of awareness is high but teachers need to improve in this area as there are some of the strategies that have low level of awareness, such strategies include Discovery method, Drama play, Vee mapping & Jigsaw.

On the utilization of the innovative teaching strategies, it is discovered that the level of utilization of the strategies by the biology teachers is high, so the study identified Discussion, Lecture, Question Answer Relationship, Laboratory and Problem solving, as the most utilized innovative teaching strategies, while Discovery, Field Trips, Vee mapping, Drama and Jigsaw Method, were least utilized. It is further concluded in gender wise, that female biology teachers utilize the innovative teaching strategies as female teachers are said to be concerned about the academic achievement of their student and also participate more in professional development than the male teachers.

The issue of concern now is how effective these listed strategies are put to use. On teachers" experience, it is concluded that the experience of the teachers has no effect on their use of the innovative teaching strategies and that both experienced and less experienced teachers ascribe the same attitude towards the use of the innovative teaching strategies. The effect of teachers" qualification on the use of the innovative teaching strategies is investigated to be positive and teachers with Educational qualification are discovered to utilize the selected strategies more than the teachers without any Educational qualification.

## જલાલપુર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમની પ્રવર્તમાન પરિસ્થિતિ

રાઠોડ જીગ્નેશા એ.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે નીચેના હેતુઓ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

જલાલપોર તાલુકાની પ્રાથમિક કક્ષાએ પ્રજ્ઞા અભિગમ અંગેના હેતુઓનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમમાં બાળકોને અપાતી શૈક્ષણિક પ્રવૃતિઓનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રજ્ઞા અભિગમમાં બાળકોને આપવામાં આવતી ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રજ્ઞા અભિગમની અધ્યયન અને અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રજ્ઞા અભિગમમાં શૈક્ષણિક મૂલ્યનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રજ્ઞા અભિગમના પરિબળોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

પ્રાથમિક કક્ષાએ પ્રજ્ઞા અભિગમના ક્યા-ક્યા હેતુઓ હોઈ શકે?

પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણ દરમ્યાન બાળકોને કઈ-કઈ શૈક્ષણિક પ્રવૃતિઓ કરવામાં આવે છે?

પ્રજ્ઞા અભિગમમાં શાળામાં બાળકોને કેવા પ્રકારની ભૌતિક સુવિધાઓ આપવામાં આવે છે?

પ્રજ્ઞા અભિગમમાં કઈ-કઈ અધ્યયન અને અધ્યાપન પદ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે?

પ્રજ્ઞા અભિગમમાં સંદર્ભે બાળકોમાં કઈ-કઈ શૈક્ષણિક સિદ્ધિઓ જોવા મળે છે?

પ્રજ્ઞા અભિગમમાં શાળામાં કયા-કયા પ્રકારનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવે છે?

પ્રજ્ઞા અભિગમમાં શાળા દરમ્યાન કયા-કયા પરિબળોનો સમાવેશ થાય છે?

**સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે બંધ જવાબી પ્રશ્નાવલિ, મુક્ત જવાબી પ્રશ્નાવલિ, સાક્ષ્યપત્રક, અને અવલોકન પત્રકની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ ઉપકરણો સ્વરચિત હતા.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એટલે જલાલપોર તાલુકાની ૮૩ પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત કાર્ય કરતાં શિક્ષકો, આચાર્યો અને સી.આર.સી કૉ-ઓડિનેટરનો સમાવેશ કરવાં આવ્યો હતો.

નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે ૪૦ શિક્ષકો, ૪૦ આચાર્યો, અને ૧ સી.આર.સી કૉ - ઓડિનેટરનો સમાવેશ કરવાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં ગુણાત્મક તેમજ સંખ્યાત્મક એમ બન્ને પ્રકારે માહિતી એકત્ર કરવામાં આવી હતી. જેમાં બંધ જવાબી અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ, સાક્ષ્યપત્રક દ્વારા ગુણાત્મક સ્વરૂપે માહિતી મેળવી હતી, તેમજ પ્રશ્નાવલી અને અવલોકન પત્રક દ્વારા સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી હતી.

**માહિતી પૃથકકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું, જેમાં બંધ પ્રશ્નાવલિ માટે આવૃતિ વિતરણ દ્વારા ટકાવારી શોધી શતમાનની તફાવતની સાર્થકતા શોધવામાં આવી હતી. જ્યારે સાક્ષ્ય પત્રક અને મુક્ત જવાબી પ્રશ્નાવલી માટે ગુણાત્મક પૃથકકરણ કરવાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમની પ્રવર્તમાન પરિસ્તિથી જાણવાના હેતુથી સંશોધકે બંધ જવાબી પ્રશ્નાવલિ, મુક્તજવાબી પ્રશ્નાવલી, સાક્ષ્ય પત્રક, અને અવલોકન પત્રક પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી. તેના પૃથકકરણ અને અર્થઘટન અંતે નિપજતા સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ છે.

બંધ જવાબી પ્રશ્નાવલી દ્વારા શિક્ષકોએ દર્શાવેલા પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલા તારણો

૧. પ્રજ્ઞા અભિગમના હેતુઓ અંગેના તારણો

પ્રજ્ઞા અભિગમમાં પ્રત્યેક બાળક પોતાની ગતિ મુજબ શિક્ષણ મેળવવાની તક મેળવે છે.

પ્રજ્ઞા અભિગમાં પ્રત્યેક બાળકો અકબીજાનાં સહયોગથી શિક્ષણ મેળવે છે.

પ્રજ્ઞા અભિગમાં પ્રત્યેક બાળકો પ્રવૃતિ દ્વારા શિક્ષણ મેળવે છે.

પ્રજ્ઞા અભિગમમાં વિશેષ જરૂરિયાતવાળા બાળકોને પૂરતો સમય અન શીખવાની તક મળી છે.

પ્રજ્ઞા અભિગમનો મુખ્ય હેતુ બાળકોને ભાર વિનાનું ભણતર આપવાનું છે.

પ્રજ્ઞા અભિગમના શિક્ષણ કાર્ય દરમ્યાન દરેક વિધાર્થીની શૈક્ષણિક પ્રગતિ જાણી શકાય છે.

પ્રજ્ઞા અભિગમનો હેતુ બાળકોનો શિક્ષણમાં વિકાસ સાધવાનો છે.

૨. પ્રજ્ઞા અભિગમની શૈક્ષણિક પદ્ધતિ અંગેના તારણો

બાળકોને વર્ગમાં જુથચર્ચા આધારિત શિક્ષણ કાર્ય કરવામાં આવે છે.

વર્ગખંડમાં સહપાઠી શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

વર્ગખંડમાં જૂથકાર્યથી શીખવાની પ્રક્રિયા સરળ, ઝડપી અને સહજ બને છે.

બાળકોની ગુજરાતી વિષયમાં જોડકણા, ગીતો, ચિત્રો,અને વર્તાકથન દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવે છે.

ગણિત વિષયમાં કોયડા ઉકેલ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

બાળકો અનુભવ દ્વારા શિક્ષણ મેળવે છે.

૩. પ્રજ્ઞા અભિગમની ભૌતિક સુવિધા અંગેના તારણો

પ્રજ્ઞા અભિગમમાં વર્ગના બધા સાધનો સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકોએ બાળકોની સાથે નીચે બેસીને ભણવાનું હોય છે.

દરેક વિષય પ્રમાણે સાધન સામગ્રીની સગવડો પૂરી પાડવામાં આવે છે.

બાળકો જાતે જ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને શિક્ષણ કાર્ય કરે છે.

ગુજરાતી અને ગણિત વિષય માટે બાળકોને અલગ અલગ સ્વ અધ્યયનપોથી આપવામાં આવે છે.

પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણ કાર્ય માટે અલગ અલગ વર્ગખંડની વ્યવસ્થા છે.

૪. પ્રજ્ઞા અભિગમની શૈક્ષણિક પ્રવૃતિ અંગેના તારણો

વર્ગખંડની પ્રવૃતિમાં મૌખિક પ્રવૃતિનો સમાવેશ કરવામાં આવે છે.

વર્ગખંડમાં શિક્ષણ કાર્ય રમત ગમત દ્વારા કરવામાં આવે છે.

વિધાર્થીઓ વાંચન, લેખનની પ્રવૃતિમાં ઉત્સાહથી ભાગ લે છે.

વર્ગખંડમાં વિધાર્થીઓને સામગ્રી આધારિત પ્રવૃતિઓ કરવામાં આવે છે.

પ્રજ્ઞા અભિગમની શૈક્ષણિક પ્રવૃતિ માટે શિક્ષક પૂરતો સમય ફાળવી શકે છે.

પ્રજ્ઞા અભિગમમાં થતી પ્રત્યેક પ્રવૃતિની જાણ વાલીને કરવામાં આવે છે.

વર્ગખંડમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

વર્ગખંડમાં ડિસ્પ્લે બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે.

પ્રજ્ઞ અભિગમની પ્રવૃતિથી બાળક ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવે છે.

૫. પ્રજ્ઞા અભિગમની મૂલ્યાંકન પદ્ધતિ અંગેના તારણો

મૂલ્યાંકન દ્વારા દરેક વિધાર્થીની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર જાણી શકે છો.

પ્રજ્ઞા અભિગમમાં દરેક વિધાર્થીની શૈક્ષણિક પ્રગતિની નોંધ નિયમિત કરવામાં આવે છે.

પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણકાર્ય દરમ્યાન થતાં મૂલ્યાંકન બાદ દ્રઢીકરણ કરવામાં આવે છે.

દરેક વિધાર્થીઓ માટે એકમને અંતે નિદાન અને ઉપચરાત્મક કાર્ય થાય છે.

દરેક વિધાર્થીને એની જરૂરિયાત મુજબ જુદા જુદા એકમ કે શૈક્ષણિક મુદ્દા શીખવામાં આવે છે.

મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા શિક્ષકોએ દર્શાવેલા પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલા તારણો

૧. પ્રજ્ઞા અભિગમ એ બાળકો માટે પ્રગતિ રૂપ કાર્યક્રમ અંગેના તારણો

પ્રજ્ઞા અભિગમથી દરેક બાળકની વ્યક્તિગત શિક્ષણ આપી અને તેનું વ્યક્તિગત મૂલ્યાંકન કરવામાં આવે છે.

બાળક એની ક્ષમતા મુજબ શીખે છે એટલે એની પ્રગતિ જરૂર થાય છે.

જૂથકાર્ય અને પ્રવૃતિથી જ્ઞાન મેળવે છે.

આ અભિગમ વિર્ધાર્થીલક્ષી છે.

બાળક પોતાની રુચિ પ્રમાણે ભણે છે. અને બાળક શીખેલું લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત બાળકોનો બૌદ્ધિક વિકાસ જાણી શકાય છે.

દરેક ધોરણદીઠ વિર્ધાર્થીની મર્યાદિત સંખ્યા મુજબ વર્ગ પ્રમાણે શિક્ષક ફાડવાવામાં આવે તો પ્રજ્ઞા અભિગમ સફળ થવાની શક્યતા વધી જાય છે.

બાળક રમતા રમતા ઝડપથી શીખે છે. જેથી બાળક આત્મવિશ્વાસ પૂર્વક કાર્ય કરી શકે છે.

બાળકોની મૌલિક શક્તિઓ પ્રજ્ઞા અભિગમમાં ખીલી ઊઠે છે.

૨. પ્રજ્ઞા અભિગમમાં વિર્ધાર્થીની મૂલ્યાંકન પ્રણાલી અંગેના તારણો

એકમના અંતે મૂલ્યાંકન થાય છે.

દરેક એકમ મુજબ પદ્ધતિ અને પ્રવૃતી દ્વારા મૂલ્યાંકન થાય છે.

દરેક બાળકનું લેખિત અને મૌખિક રીતે મૂલ્યાંકન થાય છે .

ઉપચરાત્મક કાર્ય દ્વારા મૂલ્યાંકન થાય છે.

ઓપચારિક અને અનોપચારિક રીતે મૂલ્યાંકન થાય છે.

બાળક ક્યાસ અનુભવે તો દ્રઢીકરણ, અધ્યયન ક્ષમતા, સિદ્ધ કરી ચકાસણી કરવામાં આવે છે.

વ્યક્તિગત અને નિયમિત મૂલ્યાંકનથી શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાય છે.

માસિક અને ત્રિમાસિક મૂલ્યાંકન થાય છે .

અભ્યાસકાર્ડ પૂરો થતાં ટી.એલ.મ દ્વારા મૂલ્યાંકન કરવામાં છે.

મૂલ્યાંકન કરી તેની જાણ વાલીને કરાય છે.

૩. પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણને રસપ્રદ બાનવવા વર્ગખંડમાં થતી પ્રવૃતિઓ અંગેના તારણો

માટીકામ, કાગળ કામ, છાપકામ, ઉખાણા, સંકેતપરિચય, સમુહકાર્ય, વગેરે પ્રવૃતિઓ કરાવાય છે .

જુથ કાર્ય, બાળગીત, જોડકણા, વાર્તાકથન, અનુભવજન્ય પ્રવૃતિ, બાળનાટકો, જેવી ઘણી રમતો કરવામાં આવે છે.

મૂર્ત વસ્તુઓની ગણતરી, શબ્દ રમત, ચિત્ર વર્ણન, આકૃત્રિ, નાટક, ચીટક કામ, કાતરકામ, રંગપૂરણી, વગેરે.

દરેકને પ્રવૃતી દ્વારા શિક્ષણ લેવું ગમે છે.

શબ્દો ચાર્ટ, શબ્દ્પટ્ટી, પાંદડા પોથી, પૂઠામાંથી ઘર બનાવવું, મણકાઘોડી, કેલેન્ડર બનાવવું, અંક પટ્ટી, વગેરે.

નાટયીકરણ, વિડીયો ક્લિપ, સતત ટી.એલ.એમ ધવરા મુલાકાત વગેરે.

સમુહકાર્ય- ૧ અને સમુહકાર્ય-૨ રમે તેની રમત, કોયડા ઉકેલ, શબ્દશોધ, પર્યટન વેગેરે.

૪. પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણ અંતગત શિક્ષકોને નડતી મુશ્કેલીઓ અંગેના તારણો

સંખ્યા વધુ હોય તો વ્યક્તિગત ભણવામાં તકલીફ થાય છે.

બાળક સતત ગેરહાજર રહતું હોય અને ધીમી ગતિએ શીખતા બાળકો પર પૂરતું ધ્યાન આપી શકાતું નથી.

નીચે બેઠક વ્યવસ્થામાં તકલીફ થાય છે.

ઓછા બાળકો હોય ત્યા જુથ બની શકતા નથી.

નબળા બાળકોને તૈયાર કરવામાં સમય વધુ જાય છે.

બાળકો વધુ હોય ત્યારે પ્રવૃતિ, મહાવરો, અને દ્રઢીકરણમાં તકલીફ પડે છે.

મોટા ભાગના બાળકોને વારંવાર શિક્ષકોની જરૂર પડે છે .

હોશિયાર વિર્ધાર્થીને પૂરતો ન્યાય આપી શકતો નથી.

મિત્ર સાથે કાર્ડ પર કોપી કરતાં શીખે છે.

૫. પ્રજ્ઞા અભગમની પદ્ધતિ અંગેના તારણો

વાંચન, લેખન, ગણન

જૂથચર્ચા, અવલોકનચર્ચા, સહપાઠી શિક્ષણ , વદ સંવાદ, નાટ્યકારણ, પપેટ વગેરે,

શ્રવણ, કથન, નિદર્શન, અવલોકન, ચર્ચા, પ્રશ્નોતરી, નિદાન, મૂલ્યાંકન પદ્ધતિ વગેરે.

વર્ગીકરણ, ક્રિયા દ્વારા, ચર્ચા, રમત ગમત, પ્રવુતીલક્ષી જ્ઞાન, કાવ્ય, અભિનય. વગેરે.

વાર્તાકથન, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન્ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે .

શિક્ષક સમર્થન જુથ, ગાયન, સર્જનાત્મક પ્રવુતિઓ, વગેરે.

સાક્ષ્ય પત્રક દ્વારા આચાર્યોએ અને સી.આર.સી કૉ-ઓડિનેટર દ્વારા દર્શાવેલા પ્રતિચરો પરથી પ્રાપ્ત થયેલા તારણો

૧. પ્રજ્ઞા અભિગમનું સંચાલકીય માળખું અંગેના તારણો

પ્રવુતીલક્ષી શિક્ષણકાર્ય વધુ સારી રીતે કરી શકાય છે.

સમુહકાર્ય-૧ ગુજરાતી અને સમુહકાર્ય -૨ ગણિત

સ્વધ્યયન જુથ, મૂલ્યાંકન જુથ, શિક્ષક સમર્પિતજુથ અને સાથી સમર્પિતજુથ.

વિવિધ પ્રવુતી જાતે કરતો થાય, સમૂહ કાર્ય, રમે તેની રમત, વ્યક્તિગત શિક્ષણ .

જુથ વિભાજન, સમુહકાર્ય, સહપાઠીશિક્ષણ પદ્ધતિ, ટી.એલ.એમ મુલ્યાંકન.

સરળ પરથી કઠિન તરફ જવું.

૨. પ્રજ્ઞા અભિગમને ફળદાયી બનવા અંગેના તારણો

નિયમિતતા જરૂરી છે.

શિક્ષકે સતત બાળકો સાથે રહેવું.

વિવિધ પ્રવૃતી અને પદ્ધતિ દ્વારા શિક્ષણ કરાવવું.

સતત અને સર્વગ્રાહી પ્રવૃતી કરાવવી.

કાર્ડ પ્રમાણે પ્રવુત રહે અને જાતે શિક્ષણ કાર્ય શીખે.

પ્રત્યેક બાળકની પૂરતી સામેલગીરી અને સહભાગિતા અનિવાર્ય .

અલગ અલગ શિક્ષકોનું આયોજન અને ધોરણ ૨ માં ગણિત માં અભ્યાસક્રમ ઓછો હોવો જોઈએ.

વધુ દ્રઢીકરણ કરાવવું, માર્ગદર્શન, પ્રોત્સાહન આપવું અને સતત મૂલ્યાંકન અને ઉપચારાત્મક કરાવવું.

વાંચન લેખનનો મહાવરો વધુ કરાવવો અને નબળા બાળકો પર વિશેષ ધ્યાન આપવું.

પ્ર -૩ પ્રજ્ઞા અભિગમ વિશે શિક્ષકોને મળતા માર્ગદર્શન અંગેના તારણો

હકારત્મક માર્ગદર્શન

ટી.એલ.એમ અને શિક્ષક હેન્ડ બૂકનો ઉપયોગ કરવો

વિધાર્થીની સમસ્યા હલ કરવાનો પ્રયત્ન.

પ્રજ્ઞા અભિગમ પદ્ધતિ પ્રમાણે દૈનિક શૈક્ષણિક કાર્ય કરાવવું.

દરેક બાળકને અલગ અલગ ન્યાય આપી આયોજન અને નિદર્શન મુજબ કાર્ય કરાવવું.

શિક્ષકે બાળક સાથે બાળક જેવો વ્યવહાર કરવો.

અનુભવ તાલીમ અને કાર્ડ, ટીએલએમ બનાવમાં મદદરૂપ થવું

વર્ગનું વાતાવરણ નિર્ભય અને આનંદદાઈ રાખવું.

પ્ર-૪ પ્રજ્ઞા અભિગમ માટે સરકાર શ્રી તરફથી પૂરું પાડવામાં આવતું સાહિત્ય અંગેના તારણો

પ્રથમ વર્ષે કાર્ડ, લેડર, સ્લેટ અને બુલેટિન બોર્ડ, છાબડી, પ્રવુતી રજીસ્ટર, સ્વધ્યયન પોથી .

પ્રજ્ઞા શિક્ષક હેંડબૂક ૧ અને ૨ , જુથચાર્ટ, પ્રગતિમાન રજીસ્ટર, એકમ કાર્ડ , ટી.એલ.મ .

પ્રજ્ઞા રેન્ક, અભ્યાસકાર્ડ, શીશક નિદર્શની , બાળકોને લખવા માટે ડેસ્ક, વાંચન ચોપડી.

એકમ કસોટી, વાર્તાબૂક, વાર્તા ચાર્ટ, ડિસ્પ્લે બોર્ડ .

ગણિત કીટ , વર્ગખંડ સાહિત્ય, કેલેન્ડર , જુથ સંકેત.

દર વર્ષે ગ્રાન્ટ પ્રમાણે પ્રવુતીલક્ષી શિક્ષણ તેમાં રબર પેન્સિલથી લઈ અભ્યાસની દરેક વસ્તુ પૂરી પાડે છે

સચિત્ર બાળપોથી, ટ્રે, પાટલી,

પ્ર -૫ પ્રજ્ઞા અભિગમથી શિક્ષણમાં થતાં ફાયદાઓ અંગેના તારણો

વાંચન ક્ષમતામાં વધારો અને જાતે શીખે.

વ્યક્તિગત શિક્ષણ મળે ને તેની સમજ પ્રમાણે અગાળી વધે.

પોતાની ગતિથી શીખે અને પ્રવુતિથી શિક્ષણ મેળવે.

દરેક એકમોનું અધ્યયન થતા પાયો મજબૂત બને અને વિષયમાં પ્રવીણતા આવે .

બાળક વયકક્ષા પ્રમાણે યોગ્ય ગતિથી અને સરળતાથી શિક્ષણ મેળવે.

ઉત્સાહથી ભાગ લઈને શીખે છે.

સ્વનો વિકાસ, લાંબા સમય સુધી યાદ રાખી શકે અને સંઘ ભાવના વધે છે .

સતત બાળકોની સાથે રહી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડી મૂલ્યાંકન અને ઉપ્ચરાત્મક કાર્ય કરે છે .

નિર્ણય શક્તિ વિકસે , ગમ્મત સાથે જ્ઞાન , અનુભવનું જ્ઞાન મળે, નીડર બની પ્રતિભાવો રજૂ કરતો થાય,

શબ્દ ભંડોળ વિકસે, પોતાનું કાર્ય કરવા ચપળ બને અને આત્મીયતા કેળવી શકાય છે.

જેન્ડર બાયસ દૂર થાય છે.

પ્ર- ૬ પ્રજ્ઞા અભિગમ અંતર્ગત નડતી સમસ્યાઓ અંગેના તારણો

બાળકોની અનિયમિતતા

એક જ શિક્ષક દ્વારા બે ધોરણ લેવાતા હોવાથી સમય મર્યાદા નડે છે

વર્ગની સંખ્યા વધુ હોય અને નબળા બાળકો પર વધુ ધ્યાન આપતું નથી.

ઓછી સંખ્યા ત્યાં જુથ કેળવી શકાતું નથી.

ધીમી ગતીએ શીખતા બાળકોનું પુનરાવર્તન કરાવી શકતું નથી.

અન્ય બાળકોને શીખતા જોઈ લઘુતાગ્રંથિ અનુભવે છે.

બાળક નિષ્ક્રિય હોય તો અન્યો કરતાં પાછળ રહી જવાની શક્યતા રહે છે .

કાર્ડ પ્રમાણે અને ઘણીવાર બેઠક વ્યવસ્થાના લીધે ધ્યાન કેન્દ્રિત થતું નથી.

મુખ્ય શિક્ષક તરીકે હોવાથી પ્રજ્ઞા વર્ગમાં પૂરતો સમય આપી શકાતો નથી .

પ્ર -૭ પ્રજ્ઞા અભીગમ સંદર્ભે શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે થાય તે અંગેના તારણો

પ્રજ્ઞા બી.આર.પી ના માર્ગદર્શન અને તાલીમ થકી

શિક્ષકો સાથે પ્રશ્નોને ચર્ચા, જુથ ચર્ચા, સામૂહિક ચર્ચા, બી.આર.સી , સી.આર.સી સાહેબના અભિપ્રાય લઈને,

વિવિધ તજજ્ઞોની તાલીમ અને સહયોગથી.

શિક્ષક આવુતિનો વ્યવસ્તીથ અભ્યાસ કરીને

બાળકોને અભ્યાસ કરાવતા કરાવતા

સ્ટાફ મિટિંગ દ્વારા પૂરતી સમજ મેળવી.

પ્ર-૮ વિર્ધાથીના અધ્યયન બાબત અંગેના તારણો

મુશ્કેલ કાર્ડ પર બાળક અટકે તેથી અધ્યયન નીરસ લાગે છે .

પોતાની સમજના આધારે કાર્ય કરી શકે છે.

પ્રવુતી દ્વારા કાર્ય થતું હોવાથી બાળકોને મજા પડે છે.

પ્રિય (નબળું) બાળક જાતે કાર્ય કરી શકતું નથી.

અધ્યયન અને અધ્યયપન પ્રવૃતીઓ સાથે કરવામાં આવે છે.

પ્રજ્ઞા અભિગમ પ્રમાણે અધ્યયન કરવાથી બાળકોની ક્ષમતાઓ સિદ્ધ થવાની શ્ક્યતા વધી જાય છે .

બાળકોનું ન્યાયતંત્ર જરૂરી છે.

ધીમી ગતિના બાળકો માટે ફાયદાકારક છે.

રમતા રમતા અને પ્રવૃતીમય શિક્ષણથી બાળકો ઝડપથી શીખે છે.

બાળકો ખૂબ ઉત્સાહ પૂર્વક શીખે છે.

વ્યક્તિગત પ્રવૃતી દ્વારા અધ્યયન કરતો થાય છે .

પ્રજ્ઞા અભિગમથી બાળક શાળામાં નિયમિત આવતા થયા છે.

દરેક બાળકની ક્ષમતાનો ખ્યાલ આવે છે.

કેટલુક શિક્ષણ કાર્ય સમૂહમાં શીખવામાં આવતું હોવાથી તો વધુ કારગત લાગે છે .

હોશિયાર બાળકો માટે સારું અને નબળા માટે મુશ્કેલી રહે છે .

બાળકોની સાથે રહી જુથકાર્ય કરી સતત મૂલ્યાંકન કરતાં રહેવુ .

બાળકોના અધ્યયની જાણ વાલીને કરવામાં આવે છે .

અર્થગ્રહણ સારી રીતે કરી શકે છે.

અભ્યાસકાર્ડ દ્વારા સમુહ કાર્ય કરી શિક્ષણ કાર્ય ખૂબ સારી રીતે કરી શકાય છે .

પ્ર-૯ પ્રજ્ઞા અભિગમમાં શૈક્ષણિક પ્રવૃતિ અંગેના તારણો

મૂલ્યાંકન કાર્ડ

શાળા તત્પરતાની પ્રવૃતિ

અંક પટ્ટી, પ્રજ્ઞા વિષય પ્રમાણે ની કીટ, શબ્દચાર્ટ, મણકાઘોડી

જુથકાર્ય અભિનયગીત, પ્રત્યેક્ષિકરણ

સહઅભિયાશી પ્રવૃતિ ૧ અને ૨,રમે તેની રમત

કાર્ડ આધારિત પ્રવૃતિ ,રંગપુરની વાર્તા, ચિટ કામ, માટી કામ, કાગળ કામ, ચિત્ર વાર્તા, સતરંગી પ્રવૃતિ, ગીત , ગણન , મણકા પોરવા, ફુલના હાર, પર્યટ્ન, યોગ, સંગીત, અનાજ, શાકભાજી, વર્ગીકરન, સર્જનતામક પ્રવૃતિ, વાક્યલેખન, શબ્દકાર્ડ જોડવા,શબ્દ પરથી વાક્ય બનાવા,

વાંચન લેખન અને ગણનની પ્રવૃતિ

શ્રુત લેખન, સમૂહ કાર્ય, સહપાઠી શિક્ષણ

પ્ર-૧૦ પ્રજ્ઞા અભિગમથી વિધાર્થીઓમાં અધ્યયન શૈલીમાં કેટલો બદલાવ થયો તે અંગેના તારણો

- બાળકમાં ચપળતા અને સક્રિયતા વધે
- પાયાનું જ્ઞાન દ્રઢ થયુ અને બાળકો પ્રવૃતિ દ્વારા જ્ઞાન મેળવતા થયા છે
- દરેક બાળક એક સરખું શીખી સકતા નથી
- જાતે વિચારી લખતા શીખે છે
- પોતાની આવડત અને ક્ષમતા પ્રમાણે અધ્યયન ક્ષેત્રમાં આગળ વધવાનો અવકાશ મળી શકે છે.
- શાળા આવનો રસ પડે છે.
- આત્મવિશ્વાસ માં વધારો થાય
- હોશિયાર બાળકો ઝડપથી શીખે છે, પ્રિય બાળકો પાછળ રહી જાય છે.
- સર્જનાત્મક શક્તિ, સહભાગી સહકારની ભાવના, અને તાર્કિક વિચાર સારણીનો વિકાસ થાય છે

- રમતા રમતા શીખે, પ્રવૃતિ લક્ષી હોવાથી, બાળકોને ભણવામાં રસ પડે.

- પોતાની સમજણ મુજબ આગળ વધે.

- બાળકો જાતેજ પ્રવૃતિ રંગપુરણી અને વાંચન લેખન અને ગણન કરતાં થયા.

- બાળકોમાં મૌલિકતા વધે અને અર્થ ગ્રહણ સાથે વાંચન કરે.

**શૈક્ષણિક સુચિતાર્થો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત જે મુખ્ય તારણો પ્રાપ્ત થયા તેના કેટલાક સ્પષ્ટ ફલિતર્થોની નોંધ નીચે મુજબ હાથ ધારવામાં આવી છે.

શિક્ષકો માટેના સૂચિતાર્થો

નિષ્ક્રિય અનુભવતા બાળકોને સક્રિય બનાવી અન્ય બાળકોના સ્તરે લાવી શકાય છે.

સતત ગેરહજાર રહતા બાળકોના વાલીઓને જાણ કરવી.

બાળકો લઘુતાગ્રંથિ છોડી સહયોગની ભાવના કેળવે તેને લગતી શિક્ષકે પ્રવૃતિ કરાવવી જોઈએ.

બાળકોમાં પ્રિય બાળક અને હોંશિયાર બાળકોને એક સ્તરે લાવવાના પ્રયત્ન કરવા જોઈએ.

આચાર્યો માટેના સૂચનો

શિક્ષકો અને બાળકોની નિયમિત હાજરી લેવી જોઈએ.

વિધાર્થીમાં આવતા શૈક્ષણિક સિદ્ધિની નિયમિત રીતે તપાસ કરતાં રહેવું જોઈએ.

પ્રિય બાળકો માટે પ્રજ્ઞા વર્ગખંડમાં જ અલગ બેઠક વ્યવસ્થા કરી શિક્ષણ આપવું જોઈએ.

સી.આર.સી કૉ-ઓડિનેટર માટેના સૂચનો

સંયુક્ત વર્ગોને બદલે દરેક વર્ગમાં એક એક શિક્ષકોની નિમણૂક કરવી જોઈએ.

બાળકોમાં આવેલા ફેરફાર અંગેના નોંધ પત્રક બનાવે તેની ચકાસણી કરવી.

પ્રજ્ઞા અભિગમની ભૂતકાળ અને વર્તમાન પરિસ્તિથિતિ બંને બાબતોથી વાકેફ કરવવા જોઈએ.

તાલીમનો સમયગાળો લાંબો રાખવો જોઈએ.

**ભાવિ સંશોધન અંગેની ભલામણો**

શૈક્ષણિક શંશોધનના વિશાળ પરિપ્રેક્ષ્યમાં કોઈ પણ સંશોધન અંતિમ હોતું નથી. શિક્ષણ ક્ષેત્રે ક્ષણે કઈ નવું જ્ઞાન કે માહિતી વિચરતી જાય છે તેથી શિક્ષણ ક્ષેત્રે સંશોધન થવા જરૂરી છે. સંશોધકે આ વાતને ધ્યાનમાં રાખીને ભાવિ સંશોધન અંગેની ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

પ્રજ્ઞા અભિગમની ભૂતકાળ અને પ્રવર્તમાન પરિસ્થિતિ વચ્ચેનો સંબંધ જાણી એ અંગે અભ્યાસ હાથ ધરી શકાય છે.

જલાલપોર તાલુકા સિવાય અન્ય તાલુકામાં ચાલતા પ્રજ્ઞા અભિગમ અંગે હાથ ધરી શકાય છે.

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત શાળાના બાળકોની શૈક્ષણિક પરિસ્તીથી અંગે અભ્યાસ કરી શકાય છે.

સુરત-બરોડા જેવા જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમ અંગે અભ્યાસ કરી શકાય છે.

પ્રજ્ઞા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક સંશોધન હાથ ધરી શકાય છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધનના અંતે પ્રાપ્ત થયેલા તારણો, શૈક્ષણિક સુચિતર્થો, અને ભાવિ સંશોધન માટેના ક્ષેત્રો માટેના સૂચનો દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમની પ્રવર્તમાન પરિસ્તીથીને સમજાવાનો પ્રયાસ કરતું એક નાનકડુ સંશોધન છે. જે અંતર્ગત પ્રજ્ઞા અભિગમના હેતુઓ, શિક્ષણ પદ્ધતિ- પ્રવૃતિ, મૂલ્યાંકન, સમસ્યાઓ, ફાયદા અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રજ્ઞા અભિગમ અંતર્ગત જે સમસ્યાઓ ઉકેલી શિક્ષણને વધુ અસરકારક બનશે તો સંશોધકે કરેલા પ્રયાસો સફળ બની શકશે. તેવું સંશોધક નમ્ર પણે માને છે.

સંશોધક આવો દાવો નથી કરતા કે આ સંશોધન અંતિમ છે પરંતુ પ્રસ્તુત સંશોધન સાથે સંકળાયેલા અનેકવિધ સંદર્ભમાં વિશેષ સંશોધન હાથ ધરી શકાય છે. પ્રસ્તુત સંશોધન શિક્ષકો, આચાર્યો, અને સી.આર.સી કૉ-ઓડીનેટરને વગેરેને ઉપકારક બની રહેશે એવિ નમ્ર પણે માનતા અને સંતોષની લાગણી સાથે સંશોધક અહી વિરમે છે.

# ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

શેખ રૂખસાર એસ.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની વ્યવસાયિક લાયકાત અને શૈક્ષણિક અનુભવો અંગે જાણવું.

૨. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના છેલ્લા ત્રણ વર્ષના પરિણામો વિશે જાણવું.

૩. ભરૂચ શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વોના શિક્ષણ માટે ભૌતિક સંસાધનો વિશે જાણવું.

૪. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના અભ્યાસક્રમ વિશે જાણવું.

૫. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના પાઠ્યપુસ્તક વિશે જાણવું.

૬. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના અધ્યાપન પદ્ધતિ વિશે જાણવું.

૭. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વોના અધ્યાપનને લગતી સમસ્યાઓ વિશે જાણવું.

૮. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયને બાગની સહઅભ્યાસિક પ્રવૃત્તિ વિશે જાણવું

૯. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મૂળતત્વો વિષયને લગતી સેવાકાલીન તાલીમ વિશે જાણવું.

૧૦. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયને અનુરૂપ સ્વાધ્યાય કાર્ય વિશે જાણવું.

૧૧. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયને અનુરૂપ મૂલ્યાંકન વિશે જાણવું.

૧૨. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમો વિશે જાણવું.

૧૩. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના

શિક્ષણની ગુણવત્તા પધારવા માટે સરકારના પ્રયત્નો વિશે જાણવું.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધન પદ્ધતિ તરીકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના નમૂના તરીકે ભરૂચ શહેરની વાણિજ્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક સ્તરે કુલ ૨૩ શાળાઓના નામાનાં મૂળતત્ત્વો વિષયનું શિક્ષણ આપતા ૩૨ શિક્ષકો અને ૨૩ આચાર્યોને આવરી લેવામાં આવ્યા હતા. માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત બંધપ્રશ્નાવલી, મુક્ત પ્રશ્નાવલી, નોંધ પત્રક અને સાક્ષયપત્રકની મદદથી માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી. પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યા હતા. મુક્તજવાબી પ્રશ્નાવલીમાં વિષયવસ્તુનું ગુણાત્મક પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે હેતુ મુજબના તારણો નીચે મુજબ છે.

૧. ભરૂચ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના શિક્ષકોની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના સંદર્ભે તારણો

- મહત્તમ શિક્ષકો શૈક્ષણિક લાયકાત ધરાવે છે.
- મહત્તમ શિક્ષકો વ્યવસાયિક લાયકાત ધરાવે છે.

૨. નામાનાં મૂળતત્વો વિષયના અંતિમ ત્રણ વર્ષના પરિણામો સંદર્ભેના તારણો

- ધોરણ ૧૧ અને ૧૨ બંનેમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના પરિણામો અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના વર્ષનું પરિણામ સૌથી મહત્તમ જણાય છે.

૩. ભૌતિક સંસાધનો સંદર્ભેના તારણો

- નામાનાં મૂળતત્વો વિષયના અલાયદો ખંડનો અભાવ જણાયો હતો.
- શૈક્ષણિક સાધનોમાં કેલ્ક્યુલેટરનું મહત્તમ ઉપયોગ જણાય છે અન્ય શૈક્ષણિક સંસાધનોનો પણ ઉપયોગ કરવામાં આવે છે.
- નામાનાં મૂળતત્ત્વોના સામાયિકોમાં આર્થિક વિકાસ અને અર્થ સંકલન મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

૪. અભ્યાસક્રમ અંગેના તારણો

- નામાનાં મૂળતત્ત્વોનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ છે.
- નામાનાં મૂળતત્વો વિષયનો અભ્યાસક્રમ રાષ્ટ્રની જરૂરિયાત ને અનુરૂપ ઘડાયેલ છે.
- નામાનાં મૂળતત્ત્વોનો અભ્યાસક્રમ વ્યવસાયલક્ષી ધરાવે છે.
- નામાનાં મૂળતત્ત્વો વિષય નો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન લાવવામાં મદદરૂપ નીવડે છે.
- નામાનાં મૂળતત્વો વિષયનો અભ્યાસક્રમ અધતન માહિતી સાથે કદમ મિલાવે છે.

૫. પાઠ્યપુસ્તક સંદર્ભેના તારણો

- નામાનાં મૂળતત્ત્વોની પાઠ્યપુસ્તકની ભાષા શૈલી સરળ અને સ્પષ્ટ છે.
- નામાનાં મૂળતત્ત્વો વિષયની પાઠ્યપુસ્તક અભ્યાસક્રમ સાથે સુસંગતતા ધરાવે છે.
- નામાનાં મૂળતત્વો વિષયના કેટલાક પ્રકરણો અન્ય વિષય સાથે અનુબંધ
- ધરાવે છે.
- પાઠ્યપુસ્તકમાં નામાનાં મૂળતત્વો વિષયના પારિભાષિક શબ્દોની પૂરતી સમજ ધરાવે છે.

૬. અધ્યાપન પદ્ધતિ સંદર્ભેના તારણો

- નામાનાં મૂળતત્ત્વોનામાના અધ્યાપન કાર્ય દરમિયાન આગમન નિગમન પદ્ધતિ, પ્રશ્નોત્તરી, વ્યાખ્યાન અને જૂથ ચર્ચા પદ્ધતિનું ઉપયોગ મહત્તમ થાય છે.

૭. અધ્યાપન ને લગતી સમસ્યાઓ સંદર્ભેના તારણો

- નામાનાં મૂળતત્ત્વો વિષયના અભ્યાસક્રમના અધ્યાપન કાર્ય માટે સમયનો અભાવ જણાય છે.
- અભ્યાસક્રમ ખૂબ વિસ્તૃતા ધરાવે છે.
- વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વિશાળતા ધરાવે છે.
- પુનરાવર્તનની તક પ્રાપ્ત થતી નથી.

૮. સહઅભ્યાસિક પ્રવૃત્તિ અંગેના તારણો

- નામાનાં મૂળતત્વો વિષય માં વ્યાખ્યાનોનું આયોજન ગોઠવવામાં આવે છે.
- નામાનાં મૂળતત્વો વિષયને અનુરૂપ પત્રકો, નમૂનાઓ, દસ્તાવેજો વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- વિષયને અનુરૂપ વર્કશોપ, સેમિનાર, પ્રવાસનું આયોજન નહિવત કરવામાં આવે છે.

૯. સેવાકાલીન તાલીમ અંગેના તારણો

- સેવાકાલીન તાલીમ દ્વારા પાઠ્યપુસ્તકના કઠિન મુદ્દાની સરળતાથી સ્પષ્ટતા કરવામાં મદદરૂપ બને છે.
- સેવાકાલીન તાલીમથી અધ્યાપન કાર્યની ગુણવત્તા અસરકારક બને છે.
- સેવાકાલીન તાલીમની મદદથી નૂતન શિક્ષણ પદ્ધતિઓ દ્વારા અધ્યાપન કાર્ય કરવાની સમજૂતી પ્રાપ્ત થાય છે.
- સેવાકાલીન તાલીમનું આયોજન નહિવત પ્રમાણમાં થાય છે.

૧૦. સ્વાધ્યાય કાર્ય સંદર્ભેના તારણો સ્વાધ્યાય કાર્યની નિયમિત સોંપણી કરવામાં આવે છે.

- વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્ત્વો વિષયના સ્વાધ્યાય કાર્યમાં રસ ધરાવે છે.

- સ્વાધ્યાય કાર્ય સંદર્ભે ઉદભવેલ સમસ્યાઓના ઉકેલની વર્ગમાં સમજૂતી આપવામાં આવે છે.
- સ્વાધ્યાય કાર્ય વિદ્યાર્થીઓના દ્રઢીકરણને મજબૂત બનાવે છે.
- વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયન ટેવનો વિકાસ થાય છે.

૧૧. મૂલ્યાંકન સંદર્ભેના તારણો

- પ્રત્યેક પ્રકરણના અંતમાં એકમ કસોટી લેવામાં આવે છે.
- નામાનાં મૂળતત્ત્વોનું મૂલ્યાંકન મહત્તમ મૌખિક અને લેખિત સ્વરૂપે થાય છે.
- સમગ્ર વર્ષ દરમિયાન સતત સર્વગ્રાહી મુલ્યાંકન કરવામાં આવે છે.
- નામાનાં મૂળતત્ત્વોના વિષયના સંદર્ભમાં નહિવત શિક્ષકોને બોર્ડના પ્રશ્નપત્રની રચના કરવાની તક પ્રાપ્ત થાય થઈ છે.
- લેખિત કસોટીના પ્રશ્નપત્રની રચના બ્લુપ્રિન્ટના આધારે કરવામાં આવે છે.

૧૨. નામાનાં મૂળતત્ત્વો વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમો અંગેના તારણો

- ધોરણ ૧૧ સરળ એકમો: આમનોંધ, રોકડમેળ અને કાચું સરવૈયું
- ધોરણ ૧૨ સંસ્થા એકમાં પાઘડીનું મૂલ્યાંકન, ભાગીદારીનું ખૂન ગઠન અનેં ભાગીદારીનું પ્રવેશ
- ધોરણ ૧૧ કઠિન એકમો: બેંક સિલકમેળ, હુંડી ઓ અને ભૂલ સુધારણા
- ધોરણ ૧૨ કઠિન એકમો: ડિબેન્ચરના હિસાબો, શેરમૂડીના હિસાબો અને વાર્ષિક હિસાબો

૧૩. નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારશ્રીના પ્રયત્નો અંગેના તારણ

- મહત્તમ શાળાઓ ટ્રસ્ટ સંચાલિત જણાય છે.
- શૈક્ષણિક ભૌતિક સંસાધનોની વ્યવસ્થા કરવામાં આવે છે.
- ઓનલાઇન શિક્ષણ કાર્ય માટે શાળામાં વાઇ-ફાઇની સુવિધા, સ્ટેન્ડ, ટેબ્લેટ જેવા ઉપકરણો પૂરા પાડવામાં આવે છે.
- ઓનલાઇન શિક્ષણ કાર્યના સંદર્ભે તાલીમનું આયોજન કરે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

- નામાનાં મૂળતત્વો વિષયના અભ્યાસ માટે શાળામાં દ્રશ્ય-શ્રાવ્ય ખંડની વ્યવસ્થા ઉપલબ્ધ હોવી જોઈએ.
- પાઠ્યપુસ્તકના અગત્યના મુદ્દાઓ માટે વધારાના તાસનું આયોજન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષયની પૂરતી સમજ આપી શકાય તે માટે વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત રાખવી જોઈએ.
- નામાનાં મૂળતત્ત્વોના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ સંદર્ભમાં વિદ્યાર્થીઓસાથે તજ્જ્ઞોનો વાર્તાલાપ યોજવા જોઈએ જેથી વિદ્યાર્થીઓને વિષયવસ્તુના સંદર્ભમાં વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત થાય અને વિષયવસ્તુ પૂરતી સમજ વિકાસે.
- વિદ્યાર્થીઓને વર્ષમાં એકાદવાર બેન્ક, વીમા કંપની વગેરેની મુલાકાત લઈ જવા જોઈએ વિદ્યાર્થીઓને માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન ન મળી રહેતા વ્યવહારુ જ્ઞાન પણ મળી રહે જેથી વિષય પ્રત્યેનો રસ જળવાઈ રહે.
- શાળાના ગ્રંથાલયમાં નામાનાં મૂળતત્ત્વો વિષયના સંદર્ભના સામયિકોનું પ્રમાણ વધારો જોઈએ.
- નામાનાં મૂળતત્ત્વો વિષયને અનુરૂપ સેવાકાલીન તાલીમનું આયોજન નિશ્ચિત સમયાંતરે કરવું જોઈએ.
- નામાનાં મૂળતત્ત્વો વિષયમાં નવીન અભિગમની જાણકારી તેમજ શિક્ષણકાર્યની તાલીમ માટે જિલ્લા શિક્ષણાધિકારી તરફથી સેમિનાર, વર્કશોપ અને વેબીનારનું આયોજન થવું જોઈએ.

- નામાનાં મૂળતત્ત્વોના શિક્ષણકાર્ય સંદર્ભે નૂતન અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ.
- નામાના મંડળની રચના કરવી જોઈએ.
- નામાનાં મૂળતત્ત્વોના વિદ્યાર્થીઓને વાણિજ્યને લગતી બાબતોના સંદર્ભે વ્યવહારુ પ્રોજેક્ટની સોંપણી કરવી જોઈએ તેમજ શિક્ષકે પુરતું માર્ગદર્શન આપવું જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

- પ્રસ્તુત સંશોધન ક્ષેત્ર એ અત્યંત વિશાળ હોય છે. ભવિષ્યમાં આ પ્રકારના
- સંશોધનોને વેગ મળે અને ભાવિ સંશોધકોને પથદર્શકરૂપ બને એ હેતુથી ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.
- ઉચ્ચતર માધ્યમિક સ્તરે શીખવવામાં આવતા શીખવવામાં આવતા પ્રત્યેક વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ નો અભ્યાસ હાથ ધરી શકાય.
- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સ્તરે નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણમાં અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.
- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સ્તરે નામાનાં મૂળતત્ત્વો વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોના અધ્યાપન સર્વેક્ષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- નામાનાં મૂળતત્વો વિષયની વ્યવહારમાં ઉપયોગીતા: એક અભ્યાસ હાથ ધરી શકાય.
- કોઈ બે જિલ્લા કે તાલુકાના નામાનાં મૂળતત્ત્વોના શિક્ષકો કે વિદ્યાર્થીઓના અભિપ્રાયોને આધારે બે જિલ્લા કે તાલુકાની નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ હાથ ગણી શકાય.
- કોઈ જિલ્લા શહેરી વિસ્તારના નામાનાં મૂળતત્ત્વો વિષયના શિક્ષકો તે વિદ્યાર્થીઓના અભિપ્રાયોને આધારે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં નામાનાં મૂળતત્ત્વોવિશાલ શિક્ષણની પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- પ્રસ્તુત સંશોધન માત્ર નામાનાં મૂળતત્ત્વોના અધ્યાપન કાર્ય કરતા શિક્ષકો અને શાળાના આચાર્યોને આધારે જ હાથમાં આવ્યો છે. આ ઉપરાંત વાણિજ્યના વિદ્યાર્થીઓ, અભ્યાસક્રમ ઘડવૈયા અને નિષ્ણાંતોના આધારે પણ હાથ ધરી શકાય છે.
- કોઈ રાજ્ય કે તાલુકા કે શહેર કક્ષાએ ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ નો અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધનને અંતે નિષ્પન્ન થયેલા તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનોના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રસ્તુત સંશોધન આખરી ન હોઈ શકે સંશોધકો માને છે કે આ પ્રકારના સંશોધન સમય થતા રહેવા જોઈએ. એથી જ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્ત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાડતો આ અભ્યાસ માર્ગદર્શક એવી અપેક્ષા સાહજિક રીતે રાખી શકાય.

# ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય અધ્યયન-અધ્યાપનમાં અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ

સોલંકી નિકિતા એસ.

### સંશોધનનાં હેતુઓ

**અ (વિદ્યાર્થીલક્ષી હેતુઓ)**

૧ .ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં અધ્યયન અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ભાષાંતર અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં વ્યાકરણ અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં અભ્યાસક્રમ / પાઠ્યપુસ્તક અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૫. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં શૈક્ષણિક સાધન સામગ્રી અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ગૃહકાર્ય અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૭. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ -૯ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં સહભ્યાસિક પ્રવૃત્તિ અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**બ (શિક્ષકલક્ષી હેતુઓ)**

૮. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં સંસ્કૃત વિષયમાં અધ્યાપન કાર્ય કરાવતાં શિક્ષકોની અધ્યાપન અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૯. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં સંસ્કૃત વિષયમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોની વિદ્યાર્થીઓ અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૧૦. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં સંસ્કૃત વિષયમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોની વહીવટી અંગેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

### સંશોધનના પ્રશ્નો

વિદ્યાર્થીલક્ષી પ્રશ્નો

૧. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયનાં અધ્યયનમાં કઇ-કઇ સમસ્યાઓ છે ?

૨. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ભાષાંતર શીખવામાં કઇ-કઇ સમસ્યાઓ છે?

૩. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં વ્યાકરણ શીખવામાં કઇ-કઇ સમસ્યાઓ છે?

૪. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષય અભ્યાસક્રમ/પાઠ્યપુસ્તકમાં કઇ-કઇ સમસ્યાઓ છે?

૫. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં શૈક્ષણિક સાધન સામગ્રી અંગે ક્યાં પ્રકારની સમસ્યાઓ છે?

૬ .ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયના ગૃહકાર્યમાં કઇ-કઇ સમસ્યાઓ છે?

૭ .ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયના સહભ્યાસીક પ્રવૃત્તિઓ અંગે કઇ-કઇ સમસ્યાઓ છે?

શિક્ષકલક્ષી પ્રશ્નો

૮ .ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯માં સંસ્કૃત વિષયનુ અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને અધ્યાપન સંબધી કઇ-કઇ સમસ્યાઓ છે?

૯ .ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯માં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને વિદ્યાર્થીઓના સંદર્ભમાં કઇ-કઇ સમસ્યાઓ છે?

૧૦. ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૯માં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને કયા પ્રકારની વહીવટી સમસ્યાઓ છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન માટે અધ્યેતાએ ચીખલી તાલુકો પસંદ કર્યો હતો. તેથી ચીખલી તાલુકાની કુલ ૨૭ માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં સંસ્કૃત વિષયનું અધ્યયન કરતા વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કુલ ૨૭ માધ્યમિક શાળાઓમાંથી ૫૧% પ્રમાણે ૧૪ માધ્યમિક શાળાઓની યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા નમૂનામાં પસંદ કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ દરેક શાળામાંથી ૨૦-૨૦ વિદ્યાર્થીઓ યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. આમ સંશોધક એ કુલ ૧૪ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૯માં અભ્યાસ કરતા ૨૮૦ વિદ્યાર્થીઓ અને વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયનું અધ્યાપનકાર્ય કરતા ૨૦ શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે પસંદ કર્યા હતા.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિચારો મેળવવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ચીખલી તાલુકાની શિક્ષણાધિકારી કચેરીમાંથી માધ્યમિક શાળાઓની યાદી મેળવી હતી. સંશોધકે સંશોધન હેઠળની બધી જ શાળાઓના આચાર્યાનો પ્રત્યક્ષ સંપર્ક કરીને પરવાનગી મેળવી હતી .ત્યારબાદ સંશોધકે પસંદ કરેલી શાળામાં જઈને વર્ગશિક્ષકની મદદથી અનુકૂળતા પ્રમાણે વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓને સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અંગે સમજ આપીને ભરવા માટે આપી હતી. આમ સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ સંપૂર્ણપણે ભરાય છે કે નહી તેની ચકાસણી કરીને સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ એકત્ર કરી હતી.

વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ ને આધારે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી અને તેના આધારે વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો તથા મુક્તજવાબી પ્રશ્નાવલિમાં ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઈ હતી આ પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયના અધ્યયનની સમસ્યાઓ સંદર્ભમાં પ્રાપ્ત કરેલી માહિતીનું પૃથક્કરણ કરી અર્થઘટનનાં આધારે પ્રાપ્ત થયેલાં તારણો નીચે મુજબ છે .

સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલા પ્રતિચારોના આધારે પ્રાપ્ત થયેલા તારણો.

૧ .અધ્યયન અંગેની સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

૧ .સંસ્કૃત ભાષા વાંચન દ્વારા જલદી સમજમાં આવતી નથી .

૨ .સંસ્કૃતનાં અન્ય પુસ્તકો વાંચવા ગમતા નથી.

૩ .સંસ્કૃત વિષય ભણવામાં રસ નથી.

૪ .સંસ્કૃતમાં સુભાષિતો સરળતાથી સમજી શકાતા નથી.

૫ .શિક્ષક સંસ્કૃતમાં પ્રશ્નો પૂછે છે તે ગમતા નથી.

૬ .સંસ્કૃતમાં શુદ્ધ ઉચ્ચારણ કરવું કઠિન છે.

ભાષાંતર અંગેની સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

૧ .સંસ્કૃત શબ્દનાં અર્થ જાણ્યા વિના ભાષાંતર કરવું કઠિન છે .

૨ .ગુજરાતી વાક્યનું સંસ્કૃતમાં રૂપાંતર કરવું કઠિન લાગે છે .

૩સંસ્કૃતમાં વ્યાકરણનાં જ્ઞાન વગર ભાષાંતર કરવામાં મુશ્કેલી પડે છે .

૪ .સંસ્કૃતનું ગુજરાતી ભાષાંતર કરવું કઠિન લાગે છે .

૫ .સંસ્કૃત વાક્ય રચનાનું ગુજરાતીમાં શબ્દશ: ભાષાંતર કરી શકાતું નથી.

વ્યાકરણ અંગેની સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

૧ .સંસ્કૃત વ્યાકરણ ચિત્રો દ્વારા ભણાવવામાં આવતું નથી.

૨.શિક્ષક વ્યાકરણ ભણાવતી વખતે પ્રશ્નો પૂછતા નથી. સંસ્કૃત વ્યાકરણમાં પૂરતા ઉદાહરણ આપવામાં આવતા નથી.

૩.સંસ્કૃત વ્યાકરણનાં તાસ અલગ ફાળવવામાં આવતા નથી.

૪.વ્યાકરણ ઊંડાણપૂર્વક શીખવવામાં આવતું નથી.

૫ .પાઠ્યપુસ્તકોમાં વ્યાકરણને વધુ મહત્વ આપવામાં આવતું નથી.

અભ્યાસક્રમ/પાઠ્યપુસ્તક અંગેની સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

૧ .પાઠ્યપુસ્તકમાં વ્યાકરણ વિશે પૂરતી માહિતી નથી.

૨ .સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં રોજિંદા જીવનમાં ઉપયોગી થાય તેવા એકમોનો સમાવેશ થયો નથી.

.૩સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં ચિત્રાત્મક રજૂઆતો નથી.

૪ .સ્વાધ્યાયમાં વિવિધતા જોવા મળતી નથી.

૫ .તકનિકીના માધ્યમથી સંસ્કૃત અભ્યાસક્રમનો એકમ ભણાવવામાં આવતો નથી.

૬.સંસ્કૃતમાં રમત દ્વારા શિક્ષણકાર્ય થઈ શકે તેવા ગદ્યોનો સમાવેશ થયો નથી.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અંગેની સમસ્યાઓને લગતાં તારણો

૧ .વિદ્યાલયમાં સંસ્કૃત બૂલેટિન બોર્ડ ઉપલબ્ધ નથી.

૨ .સાંસ્કૃતિક કાર્યક્રમને સંસ્કૃત શિક્ષણ સાથે જોડવામાં આવતા નથી.

૩ .સંસ્કૃતમાં વકતવ્ય આપી શકે તેવા તજજ્ઞોના વ્યાખ્યાન યોજાતાં નથી .

૪ .સંસ્કૃત ભાષાનાં રચાતાં સારાં નાટકો વિદ્યાલયમાં ભજવાતાં નથી.

શૈક્ષણિક સાધન સામગ્રી અંગેની સમસ્યાઓ પ્રત્યેનાં તારણો

૧. શિક્ષક સંસ્કૃત એકમ કમ્પ્યૂટર દ્વારા શીખવતા નથી.

૨ .સંસ્કૃત વિષય માટે સંદર્ભસાહિત્ય પુસ્તકાલયમાં ઉપલબ્ધ નથી .

૩ .પુસ્તકાલયમાં ખાસ તૈયાર કરેલ સરળ સંસ્કૃત પુસ્તકો ઉપલબ્ધ નથી.

ગૃહકાર્ય અંગેની સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો

૧ .ગૃહકાર્યમાં વિવિધતા જોવા મળતી નથી.

૨ .ગૃહકાર્યની ચકાસણી બાદ શિક્ષક દ્વારા ભૂલો સંબંધી સમજ અપાતી ન હતી.

૩ .વાર્ષિક પરિક્ષામાં અને આંતરિક મૂલ્યાંકનમાં ગૃહકાર્યને મહત્વ અપાતું નથી.

મુક્ત જવાબી પ્રશ્નોના આધારે પ્રાપ્ત થયેલા તારણો

સંસ્કૃત વિષયનો અધ્યયન દરમિયાન આપને અતિતીવ્ર અનુભવાતી સમસ્યાઓ જણાવો.

પ્રસ્તુત સંદર્ભમાં મળેલ માહિતી પરથી નીચે મુજબના તારણો ફલિત્ થાય છે.

૧. વિદ્યાર્થીઓને સંસ્કૃતનું ગુજરાતી ભાષાંતર કરવામાં મુશ્કેલી પડે છે.

૨. વિદ્યાર્થીઓને વ્યાકરણ કઠિન લાગે છે .

૩. વાંચનમાં મુશ્કેલી પડે છે .

૪. વિદ્યાર્થીઓને સંસ્કૃત શબ્દોના ઉચ્ચારણમાં મુશ્કેલી પડે છે .

સંસ્કૃત વિષયનાં અધ્યયન દરમિયાન આપને અનુભવાતી ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં ઉકેલો જણાવો.

પ્રસ્તુત સંદર્ભમાં મળેલ માહિતી પરથી નીચે મુજબનાં તારણો ફલિત થાય છે .

૧ .શિક્ષકે સંસ્કૃતનું ગુજરાતી ભાષાંતર વધુમાં વધુ કરાવવું.

૨. શિક્ષકે વ્યાકરણને ઉદાહરણ આપી સરળ ભાષામાં સમજાવવા.

.૩વિદ્યાર્થીઓને સંસ્કૃત વાંચન માટે તક આપવી.

શિક્ષકે સંસ્કૃત શબ્દોના સ્પષ્ટ ઉચ્ચારણ કરવા અને વિદ્યાર્થીઓ પાસે કરાવવા.

૫.૩.૩ શિક્ષકોની સમસ્યાઓનાં મુખ્ય તારણો

૧. અધ્યાપન સંબંધી સમસ્યાઓ અંગેના તારણો

૧ .વિદ્યાર્થીઓની અનિયમિત હાજરી અધ્યાપનકાર્યમાં વિઘ્નરૂપ બને છે.

૨ .વર્ગખંડમાં વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી.

૩ .સંસ્કૃત શિક્ષણની ગુણવત્તા સુધારણાની દિશામાં અન્ય શિક્ષકોનો સહકાર મળતો નથી.

૪ .સંસ્કૃત સંદર્ભસાહિત્ય સરળતાથી મળતું નથી.

વિદ્યાર્થીઓ સંબંધી સમસ્યાઓ પ્રત્યેનાં તારણો

૧ .વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષયને પરીક્ષામાં પાસ થવા પૂરતું મહત્ત્વ આપે છે.

૨ .વિદ્યાર્થીઓનો સંસ્કૃત વિષયમાં પાયો નબળો છે.

૩ .સંસ્કૃત વિષય વૈકલ્પિક હોવાથી વિદ્યાર્થીઓ બેદરકાર રહે છે.

૪ .વિદ્યાર્થીઓ વ્યાકરણના તાસ દરમ્યાન કંટાળો અનુભવે છે.

વહીવટી સમસ્યાઓ સંબંધી તારણો

૧ .સંસ્કૃત માટે પૂરતા તાસની ફાળવણી કરવામાં આવતી નથી.

૨ .સંસ્કૃત વિષયના તાસની વહેંચણી એકસૂત્રતા જળવાય એ રીતે કરવામાં આવતી નથી.

૩ .સંસ્કૃત સાથે અન્ય વિષય ભણાવવો પડે છે.

૪ .વર્ગખંડમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ છે .

મુક્તજવાબી પ્રશ્નોનાં તારણો

૧ .વિદ્યાર્થીઓ સંસ્કૃત શબ્દનો અર્થ સમજ્યા વિના ભાષાંતર ગોખી નાખે છે.

૨ .વિદ્યાર્થીઓનો સંસ્કૃત વ્યાકરણમાં પાયો નબળો હોવાથી અરુચિ દાખવે છે.

૩ .સંસ્કૃત વ્યાકરણ વિદ્યાર્થીઓને શીખવવામાં મુશ્કેલી પડે છે.

૪. વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય માત્ર ટકા વધારવા માટે જ છે, એવું માને છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧ .વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં પાયો મજબૂત બને તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.તે માટે સંસ્કૃત સંભાષણ વર્ગો, તથા

સેમિનારનું આયોજન કરવું જોઈએ,

૨ .શાળાના પુસ્તકાલયમાં સંસ્કૃત વિષયને લગતા પુસ્તકો ઉપલબ્ધ કરાવી તે વાંચવા માટે વિદ્યાર્થીઓને પ્રેરવા જોઈએ.

૩ .શાળામાં બૂલેટિન બોર્ડ ઉપલબ્ધ કરાવવું જોઈએ.

૪ .શિક્ષકે સંસ્કૃત એકમો શીખવવા માટે વિવિધ નવી પદ્ધતિઓ, સાધન સામગ્રીઅને શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ .

૫ .સંસ્કૃત ભાષાનું મહત્વ વિદ્યાર્થીઓ સમજે તે માટે સંસ્કૃતમાં વક્તવ્ય આપી શકે તેવા તજજ્ઞોના વ્યાખ્યાન યોજવા જોઈએ.

૬ .શિક્ષકે વ્યાકરણની સમજ સરળતાથી કઠિનતાનો સિદ્ધાંત જળવાય એ રીતે આપી શકાય તેવું આયોજન કરીને સંસ્કૃત

વ્યાકરણને સરળ બનાવવું જોઈએ, તેમજ ચાર્ટ-ચિત્રો દ્વારા વ્યાકરણના એકમો શીખવવા જોઈએ.

૭ .શિક્ષકે મૂલ્યાંકનમાં અભ્યાસક્રમના વિસ્તૃત મુદ્દાઓને આવરી શકાય તેવા પ્રયાસો કરવા જોઈએ તથા વ્યાકરણના

ગૃહકાર્યમાં વિદ્યાર્થીઓને અનુભવાતી મુશ્કેલીઓ શિક્ષકે તપાસી તેને દૂર કરવા યોગ્ય પગલાં લેવા જોઈએ.

૮ .વિદ્યાર્થીઓને અન્ય વિષયની જેમ સંસ્કૃત વિષયનું મહત્વ સમજાવવું જોઈએ અને સંસ્કૃત વિષય પ્રત્યે બેદરકારી ન દાખવે

તે માટે જરૂરી સૂચનો કરવા જોઈએ.

૯ .સંસ્કૃત માટે શિક્ષકે અલગ વધારાના તાસની વ્યવસ્થા કરવી જોઈએ.

૧૦ .શિક્ષકો વધુમાં વધુ ક્રિયાત્મક સંશોધનો કરે તો સંસ્કૃત શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય.

૫.૫ ભાવિ સંશોધનનાં નિર્દેશો

૧ .પ્રસ્તુત સંશોધન માત્ર ચીખલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર હાથ

ધરવામાં આવ્યું હતું. આ પ્રકારનું સંશોધન ઉચ્ચ પ્રાથમિક ક્ષેત્રે, ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે, સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ તથા

યુનિવર્સિટી સ્તરે હાથ ધરી શકાય.

૨ .પ્રસ્તુત સંશોધન સંસ્કૃત વિષય પૂરતું મર્યાદિત છે. સંસ્કૃત વિષય ઉપરાંત અન્ય વિષયોના અધ્યયન-અધ્યાપનમાં

અનુભવાતી સમસ્યાઓના સંદર્ભમાં હાથ ધરી શકાય.

૩ .પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયના અધ્યયન-અધ્યાપનમાં નડતી સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓના તેમજ શિક્ષકોના

અભિપ્રાયો મેળવ્યા હતા. આ ઉપરાંત પણ જો માધ્યમિક શાળાઓના આચાર્ય તેમજ વાલીઓ પાસેથી અભિપ્રાય મેળવવામાં આવે તો સંસ્કૃત વિષયમાં અનુભવાતી સમસ્યાઓ અંગે વધુ સ્પષ્ટ માહિતી મેળવી શકાય.

૪ .સુરત જિલ્લાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૫ .ચીખલી તાલુકાનાં માધ્યમિક શાળાના શિક્ષકોના સંસ્કૃત શિક્ષણ પ્રત્યેના વલણનો અભ્યાસ .

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધનના નિર્દેશો દર્શાવવનો ઉપક્રમ રાખેલ હતો.

પ્રસ્તુત સંશોધનમાં ચીખલી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન - અધ્યાપનની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કર્યો છે. પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધન માટે ઉકેલની દિશા બની રહેશે. તેમજ સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકો, આચાર્યો, સંસ્કૃત વિષયમાં રસ લેનાર સંશોધકોને ઉપયોગી નીવડશે તો સંશોધકનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

# જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા

ટંડેલ આરતી એ.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો અંગે જાગૃતતા જાણવી.

જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણની કન્યાઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો અંગે જાગૃતતા જાણવી.

જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના કુમારોની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો અંગે જાગૃતતા જાણવી.

જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનના ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ભૂગોળ જેવા ઘટકો સંબંધિત પારિભાષિક શબ્દોના સંદર્ભમાં જાગૃતતા જાણવી.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવી હતી. વ્યાપવિશ્વ તરીકે જલાલપોર તાલુકાની ૨૨ સરકારી અને અર્ધસરકારી માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી નમુનાના પાત્રો તરીકે રેન્ડમલી ૫૫% માધ્યમિક શાળાઓના ધોરણ ૯ના ૧૪૦ કન્યાઓ અને ૧૦૦ કુમારો આમ ૨૪૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત જાગૃતતા માપદંડનો ઉપયોગ કર્યો હતો. જેમાં સામાજિક વિજ્ઞાનના ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ભૂગોળ જેવા ઘટકોનો સમાવેશ કરી વૈકલ્પિક પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. નમુનાના પાત્રોને કોવિડ 19ની મહામારીને કારણે રૂબરૂ અને google form દ્વારા જાગૃતતા માપદંડ આપવામાં આવ્યું હતું. આ જાગૃતતા માપદંડ પરથી મળેલા પ્રાપ્તાંકોનું પૃથક્કરણ અને અર્થઘટન સામાન્ય અંકશાસ્ત્રીય સરાસરી અને ટકાવારી રીતથી કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધન સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતીના અંકશાસ્ત્રીય પૃથક્કરણ પરથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

૧. જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓ સામાજિક વિરાનના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

વિદ્યાર્થીઓ ઈતિહાસના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

વિદ્યાર્થીઓ રાજ્યશાસ્ત્રના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

વિદ્યાર્થીઓ ભૂગોળના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણના કન્યાઓ અને કુમારો સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ અને સારી જાગૃતતા ધરાવતા હતા.

કન્યાઓ અને કુમારો ઈતિહાસના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

કન્યાઓ અને કુમારો રાજ્યશાસ્ત્રના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ અને સારી જાગૃતતા ધરાવતા હતા. આ વિભાગમાં કુમારો કરતા કન્યાઓ વધુ જાગૃતતા ધરાવતી હતી.

કન્યાઓ અને કુમારો અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

કન્યાઓ અને કુમારો ભૂગોળના પારિભાષિક શબ્દો અંગે ઉત્તમ જાગૃતતા ધરાવતા હતા.

### શૈક્ષણિક સૂચિતાર્થો

સંશોધન દ્વારા જે તારણો પ્રાપ્ત થયા તેને આધારે નીચે મુજબના શૈક્ષણિક સૂચિતાર્થો પ્રાપ્ત થયા છે.

સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક દ્વારા જ સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય થવું જોઈએ.

વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્વ સમજાવવું જોઈએ.

વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષય સંબંધિત સેમિનારનું આયોજન કરવું જોઈએ.

શિક્ષકે સામાજિક વિજ્ઞાન પારિભાષિક શબ્દ કોષનો ઉપયોગ કરવો જોઈએ.

સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો સંબંધિત શબ્દ રમત જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની સંકલ્પના દ્રઢ થઈ શકે તે માટે બ્રુનરનું સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનનો ઉપયોગ કરવો જોઈએ.

સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવું જોઈએ.

શાળાના શિક્ષકો માટે સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુભવાતી મુશ્કેલીઓ દૂર કરી શકાય તે માટે પ્રસાશકો, આયોજકો અને વહીવટકર્તાઓ તરફથી પૂરતો સહકાર મળવો જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધન નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તેથી પ્રત્યેક સંશોધન અલ્પવિરામ છે. પ્રસ્તુત સંશોધન સર્વાંગપૂર્ણ સંપૂર્ણ નથી અને અંતિમ પણ નથી. આ પ્રકારના સંશોધનો ભવિષ્યમાં થતા રહે અને ભાવિ સંશોધકને માર્ગદર્શનરૂપ બને તે માટે કેટલાક વિષયો દર્શાવવામાં આવ્યા છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ભાવિ સંશોધનના જે ક્ષેત્રો સૂચવ્યા છે તે નીચે મુજબ છે.

પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓ પૂરતો સીમિત હતો. આ ઉપરાંત ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પણ સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા હાથ ધરી શકાય.

સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા અંગે પ્રાયોગિક સંશોધન હાથ ધરી શકાય.

ઈતિહાસમાં અનુસ્નાતક થયેલા બી.એડ્.ના તાલીમાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા.

રાજ્યશાસ્ત્રમાં અનુસ્નાતક થયેલા બી.એડ્.ના તાલીમાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા.

અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક થયેલા બી.એડ્.ના તાલીમાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા.

ભૂગોળમાં અનુસ્નાતક થયેલા બી.એડ.ના તાલીમાર્થીઓની સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની જાગૃતતા.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધનમાંથી ફલિત થતાં મહત્ત્વનાં તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રોની સ્પષ્ટતા કરી. શિક્ષણએ વ્યક્તિના સર્વાંગી વિકાસ પર અસર કરતું મહત્વનું પરિબળ છે. સમાજમાં પ્રવર્તતી દરેક સમસ્યાનો ઉકેલ શિક્ષણ દ્વારા મેળવી શકાય. સામાજિક વિજ્ઞાનના શિક્ષણના વિશિષ્ટ હેતુઓમાં એક હેતુ વિદ્યાર્થી પારિભાષિક શબ્દોને જાણે, એની સંકલ્પનાઓને સમજે એ દ્દષ્ટિએ પ્રસ્તુત સંશોધન ઉપયોગી બની જાય છે.

# જલાલપોર તાલુકામાં માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

ટંડેલ મયુરી એચ.

પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ અર્થે હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન એક સર્વેક્ષણ હતું અને આ સંશોધનનો સારાંશ નીચે પ્રમાણે છે.

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક પ્રકારનું હતું. જેમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અંગ્રેજી શિક્ષણને ધ્યાનમાં લઇ સંશોધકે કેટલાક. હેતુઓની રચના કરી હતી. જેવા કે જલાલપોર તાલુકામાં માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, ભૌતિક સુવિધાઓ, અંગ્રેજી શિક્ષણનો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, અધ્યાપનકાર્ય, સહઅભ્યાસિક પ્રવૃતિઓ, અને શિક્ષકોની સેવાકાલીન તાલીમનો અભ્યાસ તેમજ વિદ્યાર્થીનું મૂલ્યાંકન અને પરિણામોનો અભ્યાસ જેવા હેતુને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સંશોધકે જલાલપોર તાલુકાની ૧૮ માધ્યમિક શાળાને વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કર્યો હતો. સંશોધનનો વ્યાપ નાનો હોવાથી વ્યાપ એ જ નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૮ આચાર્યો અને ૨૪ શિક્ષકોનો નમુનામાં સમાવેશ કર્યો હતો. માહિતી એકત્રીકરણ માટે શિક્ષકો માટે અભિપ્રાયાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ તેમજ આચાર્ય પાસેથી માહિતી મેળવવા માટે દસ્તાવેજી નોંધપત્રકની રચના કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ માટે કાઈ - વર્ગ મૂલ્ય, ટકાવારી અને ગુણાત્મક પૃથક્કરણ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંશોધનના તારણો

જલાલપોર તાલુકામાં માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે પ્રાપ્ત માહિતીના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટનના આધારે તારણો આ મુજબ પ્રાપ્ત થયા હતા.

૧. અંગ્રેજી શિક્ષણના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત સંબંધી તારણો

શૈક્ષણિક યોગ્યતાની દષ્ટિએ બધા જ શિક્ષકો બી.એ. અને બી.એડની લાયકાત ધરાવતા હતા.

માધ્યમિક શાળા કક્ષાએ મહત્તમ શિક્ષકો એમ.એ.ની પદવી ધરાવતા હતા જ્યારે ખૂબ ઓછા શિક્ષકો એમ.એડ.ની પદવી ધરાવતા હતા.

૨. અંગ્રેજી શિક્ષણ અંગેની ભૌતિક સુવિધાઓ સંબંધી તારણો

માધ્યમિક કક્ષાએ મહત્તમ શાળાઓમાં કોમ્પ્યુટર, લાઈબ્રેરી અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે.

ખૂબ ઓછી શાળાઓ સ્માર્ટ બોર્ડ અને પ્રોજેક્ટરની સુવિધા ધરાવે છે.

માધ્યમિક કક્ષાએ એક પણ શાળા પાસે અંગ્રેજી વર્ગખંડની વ્યવસ્થા નથી.

૩. અંગ્રેજી શિક્ષણ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, અધ્યાપન કાર્ય સંબંધી તારણો

૧ અભ્યાસક્રમ સંબંધિત

માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી વિષય નો અભ્યાસક્રમ વિદ્યાર્થીની શ્રવણ, વાંચન, લેખન, અને અર્થગ્રહણ ક્ષમતા વિકસાવે છે.

માધ્યમિક શાળા કક્ષાએ હાલના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂર નથી.

૨ પાઠ્યપુસ્તક સંબંધિત

માધ્યમિક શાળા કક્ષાએ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીને સ્વ અધ્યયન માટે મદદરૂપ થાય છે.

માધ્યમિક શાળા કક્ષાએ એકમોની પસંદગી વિદ્યાર્થીની અભિરુચિ, મૂલ્યના ઘડતર માટે તેમજ અન્ય વિષય સાથે અનુબંધ બાંધી શકાય તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવે છે.

૩ અધ્યાપનકાર્ય સંબંધિત

અંગ્રેજી શિક્ષણના મહત્તમ શિક્ષકો અધ્યાપન કાર્ય દરમિયાન સંદર્ભ પુસ્તકો, મોબાઈલ, પ્રોજેક્ટર, બ્લેકબોર્ડનો ઉપયોગ કરે છે.

અંગ્રેજી શિક્ષણના અધ્યાપન કાર્ય દરમિયાન ખૂબ ઓછા શિક્ષકો જૂથચર્ચા, સેમિનાર, વિડિયો, P.P.T જેવી પદ્ધતિનો ઉપયોગ કરે છે.

૪. સહઅભ્યાસિકસહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંબંધી તારણો

મહત્તમ શિક્ષકો Reading skill વિકસાવવા માટે નિબંધ, વકૃત્વ જેવી પ્રવૃત્તિનો ઉપયોગ કરે છે.

ખૂબ ઓછા શિક્ષકો Speaking skill વિકસાવવા માટે Sentence Card, Dialogue વગેરે પ્રવૃત્તિનો ઉપયોગ કરે છે.

મહત્તમ શિક્ષકો શ્રુતલેખન, અનુલેખન, કાવ્ય પઠન, જેવી સ્પર્ધાનું આયોજન કરે છે.

૫. સેવાકાલીન તાલીમ સંબંધિત તારણો

સેવાકાલીન તાલીમથી શિક્ષકોની ગુણવત્તા વધે છે.

સેવાકાલીન તાલીમથી શિક્ષકો નવીન પ્રવાહ, પદ્ધતિ અને પ્રયુક્તિથી માહિતગાર થાય છે.

મહત્તમ શિક્ષકોએ કર્મયોગી તાલીમ અને ગુરુ ક્રાંતિ શિબિર તેમજ શિક્ષણ તાલીમ મેળવી હતી.

૬. અંગ્રેજી વિષયમાં થતા મૂલ્યાંકન સંબંધી તારણો

આજની પરીક્ષા પદ્ધતિ લેખિત અભિવ્યક્તિ સિવાય અન્ય કૌશલ્ય પણ ભાર મુકતી નથી.

આજની પરીક્ષા પદ્ધતિની આધારે વિદ્યાર્થી ગોખણપટ્ટી તરફ પ્રેરાય છે અને વિદ્યાર્થીની મૌલિકતા વિકસતી નથી.

લેખિતની સાથે Speaking Ability નું પણ મૂલ્યાંકન થવું જોઈએ.

૭. અંગ્રેજી વિષયના પરિણામો સંબંધિત તારણો

ધોરણ - ૯ના અંગ્રેજી વિષયના પરિણામોમાં ક્રમશઃ ઘટાડો જોવા મળે છે પરંતુ ૨૦૧૯ના પરિણામમાં વધારો જોઈ શકાય છે.

ધોરણ - ૧૦ના અંગ્રેજી વિષયના પરિણામોમાં ક્રમશઃ વધારો જોવા મળે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થ**

પ્રત્યેક સંશોધનએ હેતુને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું હોય છે. આથી સંશોધનના અંતે જે તારણો પ્રાપ્ત થાય છે તેના આધારે સંશોધકને શૈક્ષણિક સૂચિતાર્થો મળી શકે છે. પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણ સંદર્ભ મળેલાં તારણો સૂચિતાર્થો ધરાવે છે આવા કેટલાક મહત્વપૂર્ણ સૂચનાથી નીચે દર્શાવવામાં આવ્યા છે.

(૧) આજની પરીક્ષા પદ્ધતિમાં માત્ર લેખિત અભિવ્યક્તિ અને વિદ્યાર્થીની સ્મૃતિ શક્તિનું માપન થાય છે. તેથી પરીક્ષા પદ્ધતિમાં વિદ્યાર્થીની મૌલિકતા વિકસે તેવા પાંસાને પણ ધ્યાનમાં લેવું જોઈએ. તેમજ વિદ્યાર્થીની Speaking Abilityનું પણ માપન થવું જોઈએ.

(૨) મહત્તમ શિક્ષકો પોતાના વિષયને અનુરૂપ સેવાકાલીન તાલીમ પ્રાપ્ત કરવી જોઈએ. જેનાથી શિક્ષકો નવીન પ્રવાહ, પદ્ધતિ અને પ્રયુક્તિઓથી માહિતગાર થઇ તેનો ઉપયોગ પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન કરે.

(૩) હાલમાં વિદ્યાર્થીઓને માત્ર વ્યાખ્યાન પદ્ધતિ કે ચોક - ટોક પદ્ધતિથી ભણાવવું પુરતું નથી. તેથી જૂથચર્ચા, સેમિનાર, સંવાદો દ્વારા, નાટક દ્વારા અને પ્રોજેક્ટ દ્વારા ભણાવવાની નવીન પદ્ધતિનો ઉપયોગ પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન કરવો જોઈએ.

(૪) અંગ્રેજી ભાષામાં વિદ્યાર્થીઓ સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકે અને વાતચીત કરી શકે તે માટે ટેપ રેકોર્ડર મોબાઈલ કે મલ્ટીમિડિયા બોટ દ્વારા શિક્ષણકાર્ય કરાવવું જોઈએ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં સંવાદો દ્વારા વક્તવ્યની તકો પૂરી પાડવી જોઈએ.

(૫)મહત્તમ શાળાઓ અંગ્રેજી વિષયના વિવિધ પુસ્તકો પડ્યાં તે થાય એવા પ્રયાસો કરવા જોઈએ એ ઊઠે શાળાના સંચાલક મંડળના સભ્યો દ્વારા નાણાકીય ભંડોળ એકત્ર કરીને ગ્રંથાલયમાં વિશેષ પુસ્તકો સમાવેશ થાય તેવા પ્રયાસો કરવા જોઇએ.

(૬) વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ પણ અંગ્રેજી વિષય પ્રત્યે વધુ રસ દાખવે અને તેનું મહત્વ સમજે એ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ એ અઠે અંગ્રેજી વિષયના તજજ્ઞો ની સહાય કે સેમિનારનું આયોજન પણ કરવું જોઈએ.

(૭) શાળામાં અલગથી અંગ્રેજી વર્ગખંડની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

(૧) જલાલપોર તાલુકામાં અંગ્રેજી માધ્યમની અંગ્રેજી વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

(૨) દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતની માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી

શિક્ષણની સ્થિતિનો અભ્યાસ.

(૩) ગુજરાત રાજ્યની માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન

સ્થિતિનો અભ્યાસ.

(૪) ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યની માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ.

(૫) માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી વિષયનું અધ્યાપનકાર્ય કરાવનારા શિક્ષકોની સમસ્યાઓ અને તેના ઉકેલો.

(૬) સુરત અને તાપી જિલ્લાના માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી વિષય શિક્ષણની

વર્તમાન પરિસ્થિતનો તુલનાત્મક અભ્યાસ.

(૭) સુરત મહાનગરપાલિકા સંચાલિત મરાઠી માધ્યમના વિદ્યાલયમાં મરાઠી ભાષા

શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર અભ્યાસને અંતે નિષ્ફળ ગયેલા મુખ્ય તારણો તેના શૈક્ષણિક સૂચિતાર્થો તથા વધુ અભ્યાસ માટેના સુચનો દર્શાવવાનો પ્રયત્ન કર્યો.

વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમની શાળા તરફ ગતિ કરવા માંડ્યા છે. તેથી સરકારી ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થઈ રહી છે. તેવા સમયે માધ્યમિક શાળા કક્ષાએ વર્તમાન સમયની અંગ્રેજી શિક્ષણની સ્થિતિનો અભ્યાસ કરવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. આથી જ માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાડતું આ સંશોધન માર્ગદર્શક નીવડશે એવી અપેક્ષા સાહજિક રીતે રાખી શકાય.

# ધરમપુર તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

ઠાકોર દાનેશ્વરી એન.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતાં.

(૧) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે માહિતી મેળવવી.

(૨) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના

શિક્ષકોનો રાશિ અનુભવના વર્ષો અંગે માહિતી મેળવવી.

(૩) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના ધોરણ-૮ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામો જાણવા.

(૪) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના

વ્યાપન કાર્ય દરમિયાન કેળવતી સમસ્યાઓ જાણવી.

(૫) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન ઉદ્ભવતી સમસ્યા અંગેના ઉકેલોની માહિતી જાણવી.

(૬) પરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયની

ગુણવત્તા સંદર્ભે શિક્ષકોના સૂચનો જાણવા.

(૭) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં નબળા વિદ્યાર્થીઓને કેવી રીતે ઓળખે છે તે જાણવું.

(૮) પરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના શિક્ષકો અંડોજી વિષયમાં નબળા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમના સુધારા માટેના વિશેષ પ્રયત્નો વિશે માહિતી મેળવવી.

(૯) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં બાળકની Pronunciation, Reading, Writing at Vocabulary વધારવાના પ્રયાસો જાણવા.

(૧૦) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો

પાસેથી અભ્યાસક્રમ સંબંધિત માહિતી મેળવવી.

(૧૧) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો

પાસેથી પાઠયપુસ્તક સંબંધિત માહિતી મેળવવી.

(૧૨) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો પાસેથી અંગ્રેજી વિષયની અધ્યાપન પદ્ધતિ અને પ્રયુકિત અંગે માહિતી મેળવવી.

(૧૩) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો પાસેથી શૈક્ષણિક સાધનોના ઉપયોગ અંગે માહિતી જાણવી.

(૧૪) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો

પાસેથી અમે વિષયના મુલ્યા સંબંધિત માહિતી જાણવી.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધનના પ્રશ્નો પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ હતાં.

(૧) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના

શિક્ષકોની શૈક્ષણિક લાયકાત કઈ હશે?

(૨) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના શિક્ષકો

કેટલા વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે?

(૩) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના ગ્રેજી વિષયના

ધોરણ-૮ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામો કેવા હોઈ શકે?

(૪) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન કઈ-કઈ સમસ્યાઓ ઉદ્ભવે છે?

(૫) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન ઉદ્ભવેલી સમસ્યાના ઉકેલો કેવા હોઈ શકે?

(૬) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં ગ્રેજી વિષયની ગુણવત્તા સંદર્ભે સૂચનો કેવા હશે?

(૭) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં નવા

વિદ્યાર્થીઓને કેવી રીતે ઓળખે છે.

(૮) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના શિક્ષકો અંગ્રેજી સ્પિયમાં નબળા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમના સુધારા માટે કયા-કયા વિશેષ પ્રયત્નો કરે છે?

(૯) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં બાળકની Pronunciation, Reading, Writing at Vocabulary વધારવા માટે કેવા પ્રયત્નો કરે છે?

(૧૦) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો પાસેથી અભ્યાસક્રમ સંબંધિત કેવી માહિતી મળે છે?

(૧૧) પરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો પાસેથી પાઠ્યપુસ્તક સંબંધિત કેવી માહિતી મળે છે?

(૧૨) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો

પાસેથી અધ્યાપન પદ્ધતિ અને પ્રયુકિત અંગે કેવી માહિતી મળે છે?

(૧૩) ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો

પાર્સેથી શૈક્ષણિક સાધનોના ઉપયોગ અંગે કેવી માહિતી મળે છે?

(૧૪) પરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકો પાસેથી મૂલ્યાંકન સંદર્ભે કેવી માહિતી મળે છે.

**સંશોધન પદ્ધતિ**

સંશોધન કાર્ય હાથ ધરવા માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓને મુખ્ય ત્રણે ભાગમાં વહેંગવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવા સર્વેક્ષણ પદ્ધતિ અંતર્ગત શાળા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે ધરમપુર તાલુકાની તમામ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓને (૯૦ શાળાઓ) સંશોધનનું વ્યાપવિશ્વ બન્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે ધરમપુર તાલુકાની ૩૦ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ હાદચ્છિક નમૂના પસંદગી અંતર્ગત ચિકી ઉપાડ પ્રયુકિત દ્વારા અંગ્રેજ વિષયનું અધ્યયન-અધ્યાપન કાર્ય કરાવતા ૩૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધન માટે અભ્યાસકે સ્વ-રચિત ઉપકરણ બનાવ્યા હતાં. શિક્ષકો માટે દસ્તાવેજી નોંધપત્રક દ્વારા શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવના વર્ષો તેમજ ધોરણ-૮ના પરિણામોની

માહિતી મેળવી હતી. મુકતજવાબી પ્રશ્નાવલિ દ્વારા ૯ પ્રશ્નોની વિવિધ પ્રકારે વિષયવસ્તુની સમજ મેળવી હતી. બંધપ્રશ્નાવલિનું પાંચ વિભાગોમાં વર્ગીકરણ કરી ૬૦ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આમ અભ્યાસકે હેતુઓને ધ્યાનમાં રાખીને દસ્તાવેજી નોંધપત્રક, મુકતજવાબી પ્રશ્નાવલિ અને બંધપ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપકરણોની તજજ્ઞો પાસે ચાસણી કરાવવામાં ભાવી ની. નશોના સૂચનોને લક્ષમાં લઈને યોગ્ય સુધારા વધારા કરી તેમજ માર્ગદર્શક સાથે ચર્ચા કરીને ઉપકરણોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું

### માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધન માટે અભ્યાસકે ધરમપુર તાલુકાના CRC બહેન દ્વારા શાળાઓના નામ અને ફોન નંબર મેળવી શાળાના આચાર્યશ્રી સાથે ટેલીફોન દ્વારા વાતચીત કરી માહિતી મેળવી હતી. ત્યારબાદ અંગ્રેજી વિષય સાથે સંકળાયેલા ગિલો પાસેથી કોરોના મહામારીના નિયમોને ધ્યાનમાં રાખી ઓફલાઈન માહિતી મેળવવામાં આવી હતી. આમ, નમૂનામાં પસંદગી થયેલ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાંથી વર્ષે ઓગસ્ટ/ સપ્ટેમ્બર ૨૦૨૦ માં માહિતી એકત્ર કરવામાં આવી હતી.

### માહિતી પૃથક્કાની રીત

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ કે સંશોધન સંબંધિત માહિતીનું સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે માહિતીનું પૃષ્ઠક્કરણ કરવામાં આવ્યું હતું. દસ્તાવેજી નોંધપત્રક દ્વારા પ્રાપ્ત માહિતીનું આવૃત્તિ, ટકાવારી અને પરિણામોનું આલેખ દ્વારા પૃષ્ઠક્કરકરવામાં આવ્યું હતું. મુક્તજવાબી પ્રશ્નાવલિમાં સમાવિષ્ટ નવ પ્રશ્નોનાં શિક્ષકો દ્વારા મળેલા પ્રતિચારોનું સામાન્યીકરાના આધારે ગુદાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેમજ બંધપ્રશ્નાવલિમાં સમાવિષ્ટ પાંચ વિભાગોમાં કુલ કાવારી અને ટકાવારીના આધારે તમાન તફાવતની સાર્થકતા ક્રાંતિક ગુણોત્તર (CR), તેમજ ૦.૦૧ કક્ષાએ સાર્થકતા નકકી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો

ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં પ્રાપ્ત કરેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટનના આધારે તારવેલા તારણો નીચે મુજબ છે.

➢ હેતુઓના આધારે પ્રાપ્ત થયેલા તારણો

ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભે રચેલા હેતુઓના આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ છે.

ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાનોના અંગ્રેજી વિષયના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે પ્રાપ્ત તારણ

નમૂનામાં સમાવિષ્ટ મહત્તમ શિક્ષકો બી.એ.ની પદવી ધરાવતા હતાં. જયારે ખૂબ જ ઓછા એટલે કે માત્ર ૨ જ શિક્ષકો એમ.એડ.ની પદવી ધરાવતા હતાં.

૧. ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના શિક્ષકોના શૈક્ષણિક અનુભવ અંગે પ્રાપ્ત તારણો

૨૧ થી ૨૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યાં હતાં. જયારે ૧ થી ૫ વર્ષ અને ૧૬ થી ૨૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ સૌથી વધારે પ્રમાણમાં જોવા મળ્યાં હતાં.

મહદઅંશે શાળાઓ અનુભવી શિક્ષકો ધરાવતી હતી.

૨. ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના અંગ્રેજી વિષયના ધોરણ-૮ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામો અંગે પ્રાપ્ત તારણ

ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયનાં છેલ્લા ત્રણ વર્ષના પરિણામોમાં સતત વધારો જોવા મળ્યો હતો.

➢ મુક્તજવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત તારણો

૧ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના અધ્યાપન દરમિયાન ઉદભવતી સમસ્યાઓ અંગે પ્રાપ્ત તારણો

અધ્યાપન દરમિયાન મહત્તમ શિક્ષકો અભ્યાસક્રમમાં Activityનું પ્રમાણ

વધુ હોવાથી પૂરતો સમય આપી શકતા નથી.

અંગ્રેજી વિષયમાં આવતા કઠિન કે નવા શબ્દોની સ્પેલિંગ મોઢે કરવી, શબ્દ ભંડોળનો ભાવ, ઝડપી

અર્ધા, સ્થાનિક ભાષાનો ઉપયોગ વિદ્યાર્થી કરે છે. આથી મોટાભાગના શિક્ષકો અંગ્રેજી વિષય પ્રત્યે અણગમો ધરાવે છે.

અધ્યાપન કાર્ય દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ વાંચન કૌશલ્યને વધુ મહત્ત્વ આપતા નથી.

પાઠયપુસ્તકમાં સ્વાધ્યાય કાર્યનું પ્રમાણ ઓછું છે એવો મત શિક્ષકો ધરાવે છે.

૨ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન ઉદ્દભવેલી સમસ્યાઓના ઉકેલ અંગે પ્રાપ્ત તારણો

અધ્યાપન દરમિયાન મહત્તમ શિક્ષકો અભ્યાસક્રમમાં Activityનું પ્રમાણ ઘટાડવું એવો મત ધરાવે છે.

અંગ્રેજી વિષયમાં આવતા કઠિન કે નવા શબ્દોની સ્પેલિંગ કંઠસ્થ કરાવવી, શબ્દભંડોળ વિકસાવવું, ઓડિયો–વીડિયોનો ઉપયોગ કરવો, વાંચન લેખન વારંવાર કરાવવું તેમજ વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં બોલવાનું કહેવું એવો મત મોટાભાગના શિક્ષકો ધરાવતા હતાં.

પાઠયપુસ્તકમાં સ્વાધ્યાય કાર્યનું પ્રમાણ વધારવું જોઈએ એવો મત મહત્તમ શિયો ધરાવે છે.

૩ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની ગુણવત્તા સુધારણા સંદર્ભે પ્રાપ્ત તારણો

અંગ્રેજી વિષયની ગુણવત્તા સુધારણા અંગે મહત્તમ શિક્ષકો અંગ્રેજી ભાષાયુકત વાતાવરણનું નિર્માણ કરી લાઉડ રીડિંગને વધુ મહત્ત્વ આપવા અંગે જણાવે છે.

પાઠયપુસ્તકમાં હળવા શબ્દોનો ઉપયોગ કરી, વ્યવહારમાં અંગ્રેજી ભાષાના શબ્દોનો વધુ ઉપયોગ કરવા અંગે જણાવે છે.

અંગ્રેજી વિષયવસ્તુ મુજબ Activityનું પ્રમાણ જાળવી સ્વાધ્યાય કાર્યના પ્રશ્નો હોવાનું જણાવે છે.

૪ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી

વિષયના નબળાં વિદ્યાર્થીઓને ઓળખવા અંગે પ્રાપ્ત તારણો દરેક શાળાઓમાં મહત્તમ શિક્ષકો નબળાં વિદ્યાર્થીઓને મૌખિક પ્રશ્નોત્તરી, નબળું વાંચન, ઓછું શબ્દભંડોળ ધરાવતા હોય તેમજ વ્યક્તિગત ધ્યાન આપીને ઓળખતા હતાં.

શિક્ષણકાર્ય કરાવતી વખતે શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા, બાળકો સાથે વાતચીત કરી તેમના હાવભાવ પરથી, તેમજ પરીક્ષામાં મેળવેલ પ્રતિચારો દ્વારા શિક્ષકો ઓળખતા હતાં. તેમજ વ્યક્તિગત અનુલેખન, શ્રુતલેખન તેમજ અર્થગ્રહણ ક્ષમતાના આધારે ઓળખવામાં આવતા હતાં.

૫ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના નબળાં વિદ્યાર્થીઓ માટે થતાં વિશેષ પ્રયત્નો અંગે પ્રાપ્ત તારણો

વિદ્યાર્થીઓને બારાક્ષરીની વિશેષ સમજ આપવી, બાયસેગ દ્વારા પ્રસારીત પ્રોમાન્સ બતાવવા, ટીએલએમ, ચાર્ટ-ચિત્રોનો ઉપયોગ કરવો, દરરોજ વાંચનકાર્ય અને લેખનકાર્ય કરાવવું જોઈએ એમ મહત્તમ શિક્ષકો જણાવતા હતાં.

શિક્ષણ પ્રક્રિયામાં Group Work and Pair Work, લાઉડ રીડિંગ, વ્યકિતગત ધ્યાન આપી અંગ્રેજી ભાષાનું વધુ મહત્ત્વ દર્શાવીને વિદ્યાર્થીને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.

૬ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં બાળકની વાંચન ક્ષમતા વિકસાવવા અંગે પ્રાપ્ત નારણો

અંગ્રેજી વિષયમાં વધુ પડતાં શિક્ષકો વિદ્યાર્થીઓને શબ્દોનું વાંચન, લાઉડ રીડિંગ, સાદા વાકયોનું વાંચન, ફલેશકાર્ડ કે વાકયપટ્ટી દ્વારા વાંચન કરાવતા હતાં.

અંશતઃ શિક્ષકો ન્યૂઝ પેપર, સ્ટોરીબુક જેવું પૂરક વાંચન કરાવતા હતાં.

મહત્તમ શિક્ષકો વિદ્યાર્થીઓને વ્યકિતગત વાંચન કરાવી પોતે આદર્શ વાંચનનો નમૂનો બતાવતા હતાં.

૭ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી

વિષયમાં લેખન ક્ષમતા વિકસાવવા અંગે પ્રાપ્ત તારણો

અંગ્રેજી વિષયમાં લેખન ક્ષમતા વિકસાવવા માટે મહત્તમ શિક્ષકો અનુલેખન, શબ્દોનું લેખન, લેખન, ચાર લાઈનવાળી નોટબુકમાં લેખન કરાવતા હતાં.

તેમજ કેટલાક શિક્ષકો શબ્દભંડોળ વિસાવીને શબ્દો પરથી વાક્યોનું લેખન તેમજ નિબંધ લેખન કરાવતા જણાયા હતાં.

૮ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં ઉચ્ચારણ શુદ્ધિ અંગે પ્રાપ્ત તારણો

મહત્તમ શિક્ષકો પોતે શુદ્ધ ઉચ્ચાર સાથે વાતો કરી, બાયસેગ પ્રોગ્રામ્સ બનાવી, વારંવાર દૈન શબ્દોનું પુનરાવર્તન તેમજ ICTનો મામ ઉપયોગ કરતાં હતાં.

લઘુત્તમ શિયો ડિનરી, વ્યક્તિગત વાંચન, ઓડિયો સંભળાવવું અને મોટેથી વાંચન (Loud Reading) કરાવતા હતાં.

૯ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયમાં બાળકોમાં શબ્દભંડોળ વધારવા અંગે પ્રાપ્ત તારણો

અંગ્રેજી વિષયમાં શબ્દભંડોળ વધારવા માટે મહત્તમ શિક્ષકો અક્ષર પરથી શબ્દો બનાવવા તેમજ Vocabulary Game રમાડતા હતાં.

લઘુત્તમ શિક્ષકો શબ્દકોષનો ઉપયોગ કરી Word Missing game, Story Book, News Paper નું વાંચન, તેમજ વ્યવહારમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરાવતા હતાં.

અંશતઃ શિક્ષકો દરરોજ દશ નવા શબ્દો લખાવતા હતાં.

➢ બંધપ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત તારણો

૧ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી

વિષયના અભ્યાસક્રમ સંબંધિત તારણો

અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ જીવનલક્ષી તેમજ બાળકોમાં મૂલ્યોનો વિકાસ કરે છે એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ વૈવિધ્યપૂર્ણ અને સામાન્ય વાતચીતનું કૌશલ્ય કેળવવામાં મદદરૂપ નીવડે છે એમ બધા જ શિક્ષકો જણાવતા હતાં.

અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ પ્રવર્તમાન વૈશ્વિક પ્રગતિની સંદર્ભમાં યોગ્ય છે એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

અંશતઃ શિક્ષકો અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ ઝડપથી શીખવવો પડે છે એવો મત ધરાવતા હતાં.

૨ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના પાઠયપુસ્તક સંબંધિત તારણો

અંગ્રેજી વિષયના પાપપુરતક બાળકોની વર્ષનાને અનુરૂપ, વૈવિધ્યપૂર્ણ, નૂતન અભિગમથી પ્રેરિત જોવા મળે છે એવું બધા જ શિક્ષકો હકારાત્મક મંતવ્યો ધરાવતા હતાં.

અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તક અનુસાર પ્રોજેક્ટ કાર્ય, પાઠ્યપુસ્તકનું કદ, યુનિટ અનુરૂપ પ્રવૃત્તિઓ તેમજ ઉચ્ચત્તર પ્રાથમિક કક્ષાના શિક્ષણના હેતુઓને સિદ્ધ કરે છે એવું બધા જ શિક્ષકો હકારાત્મકતા ધરાવતા હતાં.

પાઠયપુસ્તકોમાં દર્શાવવામાં આવેલી પ્રવૃત્તિઓ એક સત્રની સમયાવધિમાં પૂર્ણ થઈ શકે છે એવો મહત્તમ શિક્ષકો મત ધરાવતા હતાં.

અંગ્રેજી વિષયના પાઠયપુસ્તકમાં Activityનું પ્રમાણ વધુ છે એમ મહત્તમ શિક્ષકો વલણ ધરાવતા હતાં.

૩ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી

વિષયના અધ્યાપન પદ્ધતિ અને પ્રયુકિત સંબંધિત તારણો અંગ્રેજી વિષયમાં અધ્યાપન કાર્ય માટેની પદ્ધતિમાં નવીનતા, સ્માર્ટબોર્ડથી વધુ આકર્ષિત શિયાળ, ટી.વી. કÛમો, Group Work, Fair Worlt, ચાર્ટ–ચિત્રોનો ઉપયોગ કરવામાં આવે છે એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

અધ્યાપન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ પાસેથી ઉદાહરણો, પ્રશ્નોત્તરી, ચર્ચા, અનુલેખન, કઠિન શબ્દોની સમજ આપવી, નિબંધ લેખન, જૂથચર્ચા કરાવવા માટે Listing, Speaking, Reading અને Writing પદ્ધતિનો સમપ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હતો.

અંગ્રેજી વિષયનું શિક્ષણકાર્ય માત્ર વ્યાખ્યાન પદ્ધતિથી જ કરાવવામાં આવતું નથી એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

૪ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના રીતવિક સાધનોના ઉપયોગ સંબંધિત તારણો

શાળામાં અંગ્રેજી શિક્ષણ સંબંધી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ બધા જ શિક્ષકો કરે છે.

Vocabulary નું જ્ઞાન આપવા Word Game, શબ્દકોષ, સામાયિક, વર્તમાનપત્રનો ઉપયોગ થાય છે એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

અંગ્રેજી વિષયના શિક્ષણકાર્યને રસપ્રદ બનાવવા ચાર્ટ-ચિત્રો તેમજ Story Bookનો મહત્તમ

ઉપયોગ કરવામાં આવે છે એમ બધા જ શિક્ષકો મંતવ્યો ધરાવે છે.

વિદ્યાર્થીઓમાં ભાષાશુદ્ધિ માટે માત્ર ટી.વી.નો જ ઉપયોગ કરવામાં આવતો નથી એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવે છે.

૫ ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના મૂલ્યાંકન સંબધિત તારણો

અંગ્રેજી વિષયના મુલ્યાંકન માટે પૂર્વજ્ઞાન ચકાસી અગાઉથી જાણકારી આપવામાં આવે છે એમ બધા જ શિક્ષકો જણાવતા હતાં.

મૂલ્યાંકન માટેના પ્રશ્નોની રચનામાં સમગ્ર વિષયવસ્તુને આવરી લઈ વિદ્યાર્થીઓની સિદ્ધિ ચકાસવા માટે માસિક મૂલ્યાંકન કરવામાં આવે છે એમ બધા જ શિક્ષકો હકારાત્મક વલણ ધરાવતા હતાં.

વર્તમાન સમયમાં લેવાતી પરીક્ષા પદ્ધતિ દ્વારા મૂલ્યાંકન ઉચિત જણાતું નથી એમ બધા જ શિક્ષકો મત ધરાવે છે.

સંત્રાત પરીક્ષાની ઉત્તરવહીઓ વિધાર્થીઓને બતાવવામાં આવતી નથી એમ મહત્તમ શિક્ષકો હકારાત્મક મત ધરાવે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

(૧) વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયનો પાયો મજબૂત બને તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ તે માટે અંગ્રેજી વિષયના વધારાના વર્ગોનું આયોજન કરવું જોઈએ.

(૨)શાળાના પુસ્તકાલયમાં અંગ્રેજી વિષયના વાંચન માટે અન્ય સંદર્ભો જેવા કે વર્તમાનપત્ર, ડિક્ષનરી, સ્ટોબુક, સુવિચારપત્ર, સામાયિકોની ઉપલબ્ધ કરાવવી જોઈએ.

(૩) અંગ્રેજી વિષયના વ્યવહારમાં વારંવાર ઉપયોગમાં લેવાતાં વાકયો કે શબ્દોનો ઉપયોગ કરાવવો જોઈએ.

(૪) રોજબરોજના વ્યવહારમાં અંગ્રેજી ભાષાનું વધુ મહત્ત્વ બતાવવું જોઈએ. (૫) અંગ્રેજી શિક્ષણ માટે વિવિધ પદ્ધતિ જેવી કે નાટયીકરણ જોડી કાર્ય, જૂથકાર્ય, જૂથચર્ચા, સંવાદ જેવી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. તેમજ વિવિધ પ્રયુકિત જેમકે નિદર્શન, વ્યાખ્યાન, કથનનો ઉપયોગ કરવો જોઇએ.

(૬) અંગ્રેજી ભાષાની વિવિધ શબ્દ રમતોનો ઉપયોગ કરીને અંગ્રેજી શિક્ષકો વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ તથા સર્જનશકિતનો વિકાસ કરી શકે.

(૭) અંગ્રેજી ભાષામાં શુદ્ધ ઉચ્ચારણ કરાવવા ટેપરેકોર્ડર અથવા મોબાઈલનો

ઉપયોગ કરવો જોઈએ.

(૮) અંગ્રેજી ભાષામાં શબ્દભંડોળ વિકસાવવા પ્રાર્થના સંમેલનમાં પણ શબ્દોની

રજૂઆત માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૯) વિદ્યાર્થીઓ વધુ સામાયિક વાંચન કરે, અંગ્રેજી શબ્દ રમતો રમે વગેરેનો

શિક્ષકો દ્વારા વધુ આગ્રહ રાખવો જોઈએ.

(૧૦) અંગ્રેજી વિષયના અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તર અને ચર્ચામાં ભાગ લેવાની તક આપવી જોઈએ.

(૧૧) ની વિષયમાં ટેક્નોલોજીના ઉપયોગ લરા વિદ્યાર્થીનોમાં અંગ્રેજી ભાષા

પ્રત્યેનો ઊંડો રસ, રુચિ અને દીર્ધદષ્ટિ વિકસાવી શકાય.

(૧૨) ટેલવિઝન દ્વારા પ્રસારીત થતા અંગ્રેજી વિષયના કાર્યક્રમો વિદ્યાર્થીઓને

સમૂહમાં બતાવવા જેથી વિદ્યાર્થીઓમાં અસરકારક પ્રત્યાયન કૌશલ્ય

વિકસાવી શકાય.

(૧૩) વિદ્યાર્થીઓ અન્ય વિષયની જેમ અંગ્રેજી વિષયનું મહત્ત્વ સમજે અને અધ્યયન કરવામાં રસ દાખવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૧૪) નબળા વિદ્યાર્થીઓ માટે અલગથી તાસની ફાળવણી કરવી જોઈએ જેથી તેઓને અંગ્રેજી ભાષા પ્રત્યે અણગમો ના આવે.

(૧૫) અંગ્રેજી વિષયની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સક્રિય રાખવા જોઈએ.

(૧૬) અંગ્રેજી વિષયમાં શિક્ષકોએ દરેક એકમના અંતે કસોટી માટે સમય ફાળવવો જોઇએ.

(૧૭) અંગ્રેજી વિષયમાં ચોકકસ શબ્દોની સાથે ઉત્તરો લખાવવા શિક્ષકો દ્વારા એનુલક્ષી પ્રશ્નોને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

(૧૮) અંગ્રેજી વિષયમાં પરીક્ષાની ઉત્તરવહીઓ વર્ગખંડમાં બતાવવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને પોતાની ભૂલ સુધારવાનો અવકાશ મળી રહે.

(૧૯) અંગ્રેજી વિષયમાં નૂતન પ્રવાહોની માહિતી બાયસેગ દ્વારા મેળવવી જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધનનું ક્ષેત્ર અતિવિશાળ છે. તેથી કોઈપણ સંશોધન માટે અભ્યાસક એવી ખાતરી આપી શકે કે હાથ ધરેલ સંશોધન અંતિમ અને સંપૂર્ણ ન હોય. પ્રસ્તુત સંશોધન ધરમપુર તાલુકની ઉધ્ધાર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે હાથ ધરાયું હતું. અભ્યાસક નમ્ર પણે સ્વીકારે છે કે પ્રસ્તુત સંશોધન અંતિમ અને સંપૂર્ણ નથી.

પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓને નજર સમક્ષ રાખતા ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને વેગ મળતો રહે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શકરૂપ બનવાના આશથી અભ્યાસકે અહીં ભાતિ સંશોધનના ક્ષેત્રમાં દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. આ સંદર્ભમાં કેટલાક ક્ષેત્રો નીચે મુજબ છે.

(૧) ગુજરાત રાજયના જિલ્લાઓમાં તથા તાલુકાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે તુલનાત્મક અભ્યાસ.

(૨)ગુજરાત રાજયના જિલ્લાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં અંગ્રેજી

વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

(૩) ગુજરાત રાજયમાં ઉચ્ચત્તર પ્રાથમિક કક્ષાના અંગ્રેજી વિષયના વાર્ષિક પરિણામોનો વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

(૪) ગુજરાત રાજયમાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળા કક્ષાએ અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ તપાસી શકાય.

(૫) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિષ્ણ મહાવિદ્યાલયોમાં

અંગ્રેજી વિષય પદ્ધતિની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

(૬) દક્ષિણ ગુજરાતની ઉચ્ચત્તર પ્રાથમિક શાળા કક્ષાએ અંગ્રેજી વિષય શિક્ષકોની વ્યવસાયિક સજજતા અંગેનો અભ્યાસ.

(૭) ધોરણ-૮ કક્ષાએ અંગ્રેજી વિષયમાં અણગમા અંગેના કારણોનો અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધનને અંતે નિષ્પન્ન થયેલાં મુખ્ય માવો. શૈલિક સૂચાર્યો તથા ભાવિ સંશોધનના યંત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

સાંપ્રત સમયમાં શિક્ષણનું મહત્ત્વ દિન-પ્રતિદિન વધતું જાય છે. આવા સમયમાં અંગ્રેજી શિક્ષણનું મહત્ત્વ પણ વધતું જાય છે, ત્યારે અંગ્રેજી શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી શકાય તો નિશ્ચિત દિશામાં પ્રયાસ કરવા માટે માર્ગદર્શન મળી શકે. આ હેતુને ધ્યાનમાં રાખીને અભ્યાસકે પ્રસ્તુત સંશોધન દ્વારા ધરમપુર તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. અભ્યાસક નમ્ર પણે માને છે કે, હજી આ ક્ષેત્રમાં વિવિધ પાસાંનો ઊંડાણલક્ષી અભ્યાસ હાથ ધરવા અન્ય અભ્યાસની જરૂર પ્રવર્તે છે. આ પ્રકારના સંશોધનનો સમયાંતરે શિક્ષણક્ષેત્રે સાથે સંકળાયેલ કેળવણીકારો, આયોજકો, આચાર્યો, અધ્યાપકો તેમજ નવા સંશોધકોને ઉપયોગી નીવડશે. તો અભ્યાસકનો આ લઘુ પ્રયાસ સાર્થક થયો ગણાશે. તેમજ અન્ય સંશોધકને પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થશે તો અભ્યાસક સંતોષની લાગણી અનુભવશે.

અંતે, આ સંશોધન પરિપૂર્ણ કરતાં અભ્યાસક નમ્રતાપૂર્વક અને સ્નેહપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

# હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા

ઠાકોર પ્રિયાબેન ડી.

**સંશોધનના હેતુઓ**

હેતુ વિનાનું સંશોધન નિરર્થક ગણાય છે. પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું હતું.

૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા જાણવા સામાન્ય જ્ઞાન જાગૃતતા માપદંડનું નિર્માણ કરવું.

૨. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા જાણવા સામાન્ય જ્ઞાન જાગૃતતા માપદંડની અજમાયશ કરવી.

૩. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેના જુદા-જુદા ઘટકો સંદર્ભે જાગૃતતાનું પ્રમાણ જાણવું.

૪. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગેની ઘટકો સંદર્ભે જાગૃતતા જાણવી.

૫. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગેની ઘટકો સંદર્ભે જાગૃતતા જાણવી.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું, પ્રસ્તુત સંશોધન માટે પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હાંસોટ તાલુકાની વર્ષ ૨૦૨૦-૨૧ ની કુલ આઠ માધ્યમિક શાળાઓ હતી. પ્રસ્તુત સંશોધનમાં આકસ્મિક નમૂના પધ્ધતિથી હાંસોટ તાલુકાની આઠ માધ્યમિક શાળાઓના ૯૦ વિદ્યાર્થીઓની નમૂનાનાં પાત્રો તરીકે પસંદગી કરવામાં આવી છે. માહિતી એકત્રીકરણ માટે સંશોધકે સી.આર.સી. કો ઓર્ડિનેટરની મદદથી હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓમાં ઉપકરણ પહોચાડવામાં આવ્યા હતા તથા એક અઠવાડિયાના સમયગાળા પછી ઉપકરણો પરત મેળવી માહિતી પ્રાપ્ત કરી હતી. પ્રસ્તુત સંશોધનમાં સ્વરચિત સામાન્ય જ્ઞાન જાગૃતતા માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો તથા અંકશાસ્ત્રીય સરાસરી અને ટકાવારીનો માહિતી પૃથક્કરણમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સંશોધનના તારણો

હાસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે જાગૃતતા જાણવા સ્વરચિત સામાન્ય જ્ઞાન જાગૃતતા માપદંડ પરથી જે માહિતી પ્રાપ્ત થઇ હતી. તેના પૃથક્કરણ અને નીપજતા સંશોધનના તારણો નીચે મુજબ છે.

- હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે સર્વોત્તમ તેમજ ઉત્તમ જાગૃતતાનો અભાવ જોવા મળે છે..

૨. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે કલા-સંસ્કૃતિ સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૩. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે ગણિત સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૪. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે રાજ નૈતિક સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૫. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે વિદેશિ બાબતો સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૬. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે મહત્ત્વના દિવસો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૭. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે પ્રાદેશિક બાબતો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૮. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે વિજ્ઞાન સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૯. હાસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે ઇતિહાસ સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૧૦ હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે રમત-ગમત સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૧૧ હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગે વર્તમાન બાબતો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે,

- હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે સર્વોત્તમ તેમજ ઉત્તમ જાગૃતતાનો અભાવ જોવા મળે છે.

૨. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે કલા-સંસ્કૃતિ સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૩. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે ગણિત સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૪. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે રાજ નૈતિક સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૫. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે વિદેશિ બાબતો સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૬. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે મહત્ત્વના દિવસો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૭. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે પ્રાદેશિક બાબતો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૮. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે વિજ્ઞાન સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૯. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે ઈતિહાસ સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૧૦. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે રમત-ગમત સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૧૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓમાં સામાન્ય જ્ઞાન અંગે વર્તમાન બાબતો સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

- હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાનના ઘટકો સંદર્ભે સર્વોત્તમ તેમજ ઉત્તમ જાગૃતતાનો અભાવ જોવા મળે છે.

૨. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે કલા-સંસ્કૃતિ સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૩. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે ગણિત સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૪. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે રાજ નૈતિક સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૫. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે વિદેશિ બાબતો સંદર્ભે મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૬. હાસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે મહત્વના દિવસો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૭. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમ સામાન્ય જ્ઞાન અંગે પ્રાદેશિક બાબતો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૮. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે વિજ્ઞાન સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૯. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે ઈતિહાસ સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

૧૦. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે રમત-ગમાં સંસ મધ્યમ જાગૃતતા જોવા મળે છે.

૧૧. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના કુમારોમાં સામાન્ય જ્ઞાન અંગે વર્તમાન બાબતો સંદર્ભે સારી જાગૃતતા જોવા મળે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

૧. માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં સામાન્ય જ્ઞાન અંગે પ્રાથમિક માહિતીનો સમાવેશ વધુ પ્રમાણમાં કરવો જોઈએ.

૨. માધ્યમિક શાળામાં સામાન્ય જ્ઞાનના યોગ્ય સંશોધનથી શિક્ષણને યોગ્ય દિશાસૂચન મળી રહેશે.

૩. માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના વાલીઓની સામાન્ય જ્ઞાન અંગે જાગૃતતા લાવી શકાય.

૪. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સામાન્ય જ્ઞાન અંતર્ગત સેમિનાર યોજી જાગૃતતા લાવવાનું મહત્વનું કાર્ય કરી શકાય,

૫. ગ્રામ્ય, શહેર, તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિદ્યાર્થીઓ અને વાલીઓની મિટિંગનું

આયોજન કરી સામાન્ય જ્ઞાન અંગે જાગૃતતા લાવી શકાય.

### ભાવિ સંશોધનના નિર્દેશો

સંશોધનનું ક્ષેત્ર ખૂબ જ મોટુ અને વ્યાપક છે.આથી કોઈ પણ સંશોધક એવી ખાતરી ન આપી શકે કે હાથ ધરાયેલ સંશોધન સંપૂર્ણ અને અંતિમ જ હોય. આવનાર સમયમાં આ પ્રકારના સંશોધનોને વધુ વેગ મળે અને ભાવિ સંશોધકો માટે પથદર્શક બની રહે તે હેતુથી ભાવિ સંશોધનની ભલામણો નીચે મુજબ છે.

૧. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૨. આમોદ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૩. હાંસોટ તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૪. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૫. ભરૂચ શહેરના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૬.ભરૂચ શહેરના માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૭. ભરૂચ શહેરની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૮. ભરૂચ જિલ્લા બી,એડ્. કૉલેજના તાલીમાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૯. ભરૂચ શહેરની ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૧૦. ભરૂચ શહેરની ઉચ્ચ માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૧૧. અંકલેશ્વર તાલુકાની ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

૧૨. અંકલેશ્વર તાલુકાની ઉચ્ચ માધ્યમિક શાળાઓના શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન અંગેની જાગૃતતા.

### ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાના ઉદ્દભવથી લઈને અભ્યાસ દ્વારા મળેલ તારણો સુધીની તમામ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને તજજ્ઞ પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટે ઉપકરણ દ્વારા એકત્રીત માહિતીનું વર્ગીકરણ રીતે તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું. તેને આધારે યોગ્ય તારણો અને ભાવિ સંશોધકો માટે દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી તે માટેના પ્રયત્નો કરવામાં આવે તો પ્રસ્તુત અભ્યાસ સાર્થક ગણાશે.

## તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ

વસાવા બકુલા વી.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત વિશેની માહિતી મેળવવી.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યાનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની સ્થાપનાના ઉદ્દેશ્યો જાણવા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના સંચાલન વિશેની માહિતી મેળવવી.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળામાં થતાં અધ્યયન-અધ્યાપન કાર્યનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં થતી સહઅભ્યાસ પ્રવૃતિઓનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો અને શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં વિદ્યાર્થીઓના છાત્રાલય જીવનનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં થતાં તાલીમી અને માર્ગદર્શન કાર્યક્રમોનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં માનવસબંધોનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની વિશેષતાઓનો અભ્યાસ કરવો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં ગાંધીવાદી મૂલ્યોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓને અનુરૂપ નીચે મુજબના પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત શી છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની સ્થાપનાના ઉદ્દેશ્યો કયા છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓનું સંચાલન કેવી રીતે કરવામાં આવે છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની ભૌતિક સુવિધાઓ કેવી છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળામાં થતાં અધ્યયન-અધ્યાપન કાર્ય કઈ રીતે કરવામાં આવે છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા કઈ-કઈ સહઅભ્યાસ પ્રવૃતિઓ થાય છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો અને શિક્ષકોણે કઈ-કઈ સમસ્યાઓ નડે છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં વિદ્યાર્થીઓનું છાત્રાલય જીવન કેવું છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં થતાં તાલીમ અને માર્ગદર્શન અંગેના કયા-કયા કાર્યક્રમો કરાવવામાં આવે છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં માનવસબંધો કેવા છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની વિશેષતાઓ કઈ-કઈ છે?

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં કયા-કયા ગાંધીવાદી મૂલ્યો છે?

**સંશોધનનું વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં તાપી જિલ્લામાં આવેલ કુલ ૨૫ ઉત્તર બુનિયાદી શાળાઓ તેમજ શાળાના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાંથી કુલ ૧૦ શાળાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂનામાં સમાવિષ્ટ ૧૦ શાળાના કુલ ૧૦ આચાર્યોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂનામાં સમાવિષ્ટ દરેક શાળાના તમામ શિક્ષકો આમ કુલ ૪૯ શિક્ષકોને નમુનાના પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમજ નમૂનામાં સમાવિષ્ટ દરેક શાળામાંથી ધોરણ-૯ માંથી ૧૦ અને ધોરણ-૧૦ માંથી ૧૦ આમ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડી પસંદગી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૯ ના ૧૦૦ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૦ ના ૧૦૦ વિદ્યાર્થીઓ હતા. આમ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરવાની હોવાથી સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનના સ્વરૂપ અને વિષયને ધ્યાનમાં રાખી હેતુઓને અનુરૂપ સંશોધકે સ્વરચિત ઉપકરણનો ઉપયોગ કર્યો હતો.

વિદ્યાર્થીઓ માટે બંધ પ્રશ્નાવલિ

શિક્ષકો માટે બંધ પ્રશ્નાવલી અને મુક્ત જવાબી પ્રશ્નાવલી

આચાર્ય માટે સાક્ષ્યપત્રક

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સૌપ્રથમ તાપી જિલ્લાના તકેદારી અધિકારીશ્રીની કચેરીની મુલાકાત લઈ તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની યાદી મેળવી હતી. અને તેમાંથી ૫૦% લેખે કુલ ૧૩ શાળાઓ પસંદ કરવામાં આવી હતી. ત્યારબાદ નમૂનામાં સમાવિષ્ટ ઉત્તર બુનિયાદી શાળાઓની રૂબરૂ મુલાકાત લઈ શાળાના આચાર્યશ્રીને સંશોધકે પોતાના લઘુશોધનિબંધ

અંગેની જાણકારી આપી હતી અને તેમની પરવાનગી મેળવી હતી. શાળાના આચાર્ય પાસેથી વિદ્યાર્થીઓની સંખ્યા જાણી ચિઠ્ઠી ઉપાડ દ્વારા યાદચ્છિક રીતે નમૂનાની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ નમૂનામાં પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ અને શાળાના તમામ શિક્ષકો પાસે પ્રશ્નાવલિ ભરાવી હતી. તેમજ આચાર્યોની રૂબરૂ મુલાકાત લઈ સાક્ષ્યપત્રક દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં બંધ જવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત થયેલ પ્રતિચારોનું પૃથક્કરણ કરવા માટે સંશોધક દ્વારા 'હા' અને 'ના' ના ઉત્તરો પ્રમાણે આવૃત્તિ મેળવી ટકાવારી શોધવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્ર દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્રક દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતા.

વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિને આધારે પ્રાપ્ત થયેલા તારણો

**વિદ્યાર્થીઓની સામાન્ય માહિતીને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

પ્રસ્તુત સંશોધન હેઠળ સંશોધકે પ્રશ્નાવલિના સામાન્ય માહિતીના વિભાગમાં તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓની જાતિ અને ધોરણ વિશેની માહિતી મેળવી હતી. જેના તારણો નીચે મુજબ હતા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં નમૂનામાં સમાવિષ્ટ ૨૦૦ વિદ્યાર્થીઓમાંથી ધોરણ-૯ માં ૧૦૦(૫૦%) વિદ્યાર્થીઓ હતા અને ધોરણ-૧૦ માં ૧૦૦(૫૦%) વિદ્યાર્થીઓ હતા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં નમૂનામાં સમાવિષ્ટ ૨૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૨૦(૬૦%) સ્ત્રી વિદ્યાર્થિનીઓ હતી. જ્યારે ૮૦(૪૦%) પુરુષ વિદ્યાર્થીઓ હતા. આમ, ઉત્તર બુનિયાદી શાળાઓમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

**વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

પ્રશ્નાવલિના ૬ વિભાગ પ્રમાણે નીચે મુજબ પ્રાપ્ત થયા હતા.

**ભૌતિક સુવિધાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં પુસ્તકાલય અને વિજ્ઞાનખંડની વ્યવસ્થા છે.

શાળામાં પૂરતા પ્રમાણમાં શૌચાલયની સુવિધા છે.

શાળામાં રમતનું મેદાન છે. અને વિદ્યાર્થીઓ રમત-ગમતના સાધનોનો ઉપયોગ કરે છે.

શાળામાં પૂરતી સંખ્યામાં ઓરડા છે. તેમજ શાળામાં વિદ્યાર્થીઓને પાણીની યોગ્ય સુવિધા આપવામાં આવે છે.

શાળામાં પૂરતી સંખ્યામાં લાઈટ-પંખાની સુવિધા છે. તથા શાળામાં કોમ્પ્યુટરના તાસ લેવામાં આવે છે.

અધ્યયન-અધ્યાપન કાર્ય અંગે પ્રાપ્ત થયેલા તારણો

શિક્ષકો જે અધ્યાપન કાર્ય કરાવે તેમાં વિદ્યાર્થીઓને સમજ પડે છે.

વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો સિવાય અન્ય પુસ્તકોનો શિક્ષણકાર્યમાં ઉપયોગ કરે છે.

શિક્ષણકાર્યમાં વિવિધ દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. અને વિદ્યાર્થીઓને વિવિધ પદ્ધતિઓ દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપે છે. તેમજ શિક્ષક શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછે છે.

વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા જે તે વિષયને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય આપવામાં આવે છે. અને શિક્ષકો વિદ્યાર્થીઓને વિષયવસ્તુ ઊંડાણપૂર્વક સમજાવે છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં નિયમિત પ્રાર્થના સંમેલન યોજવામાં આવે છે. તેમજ શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવે છે.

શાળામાં શૈક્ષણિક પ્રવાસ અને રમત-ગમત પ્રવૃતિઓનું આયોજન થાય છે. અને શાળામાં વિવિધ સાહિત્યિક સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે.

શાળામાં કૃષિ અને ઉદ્યોગના કાર્યો કરાવવામાં આવે છે. તથા શાળામાં પર્યાવરણ જાળવણીના કાર્યક્રમો પણ કરાવવામાં આવે છે.

શાળામાં મંત્રીમંડળની રચના કરવામાં આવે છે.

શાળામાં મહાપુરુષોની જન્મજયંતિની ઉજવણી અને વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવે છે.

**છાત્રાલય જીવન અંગે પ્રાપ્ત થયેલા તારણો**

વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવું ગમે છે. વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા માટે પૂરતી સંખ્યામાં રૂમ છે. તેમજ છાત્રાલયમાં દરેક છાત્ર માટે અલગ પલંગની વ્યવસ્થા છે. અને છાત્રાલયમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા છે.

છાત્રાલયમાં સ્નાનગૃહ અને શૌચાલયની યોગ્ય સુવિધા છે. તથા છાત્રાલયમાં લાઈટ-પંખાની પૂરતી વ્યવસ્થા છે. તેમજ વિદ્યાર્થીઓના ખંડમાં પુસ્તકો, કપડાં કે અન્ય વસ્તુઓ મૂકવાની વ્યવસ્થા છે.

છાત્રાલયમાં ભોજન સમયસર, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક આપવામાં આવે છે. તેમજ ભોજનમાં દરરોજ વિવિધતા હોય છે.

છાત્રાલયમાં પ્રાથમિક સારવારની વ્યવસ્થા છે. અને વિદ્યાર્થીઓની આરોગ્ય વિષયક કાળજી રાખવામાં આવે છે.

છાત્રાલયમાં મંત્રીમંડળની રચના કરવામાં આવે છે. છાત્રાલયમાં સાફસફાઈ અને રસોઈના કાર્યો વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે. અને છાત્રાલયની સુવિધાઓથી વિદ્યાર્થીઓ સંતુષ્ટ છે.

**તાલીમી અને માર્ગદર્શન કાર્યક્રમો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં કૃષિશિક્ષણ, ઉદ્યોગને લગતું શિક્ષણ અને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે.

શાળામાં વિવિધ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે.

શાળામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકશક્તિ વિકસે તેવા તાલીમી કાર્યક્રમોનું આયોજન થાય છે.

વિદ્યાર્થીઓ દરેક તાલીમી કાર્યક્રમોમાં ભાગ લે છે.

શાળામાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે.

**માનવસબંધો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શિક્ષકો અને આચાર્ય વિદ્યાર્થીઓ સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર રાખે છે.

વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે મુક્ત રીતે ચર્ચા કરે છે. તેમજ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓમાં ભેદભાવ કરવામાં આવતો નથી.

વિદ્યાર્થીઓ વર્ગના દરેક વિદ્યાર્થીઓથી પરિચિત છે. અને વિદ્યાર્થીઓ એકબીજાને મદદરૂપ થાય છે.

શિક્ષકો વિદ્યાર્થીઓના કાર્યોની પ્રશંસા કરે છે. અને શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષા પણ કરે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે.

**ગાંધીવાદી મૂલ્યો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં ગાંધીજયંતીની ઉજવણી કરવામાં આવે છે.

શાળામાં ગાંધીજીના વિચારો અંગે વ્યાખ્યાયનો રાખવામાં આવે છે.

શાળામાં પુસ્તકાલયમાં ગાંધીજીને લગતા પુસ્તકો છે.

શાળામાં ગાંધીજીના જીવનચરિત્ર અંગે નિબંધસ્પર્ધા અને વક્તૃત્વસ્પર્ધાનું આયોજન થાય છે.

શિક્ષકોની પ્રશ્નાવલિને આધારે પ્રાપ્ત થયેલા તારણો

**શિક્ષકોની સામાન્ય માહિતીને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના કુલ ૪૯ શિક્ષકોમાં સ્ત્રીઓનું પ્રમાણ ૨૨(૪૪.૯૦%) હતું. જ્યારે પુરુષોનું પ્રમાણ ૨૭(૫૫.૧૦%) જોવા મળ્યું હતું.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓમાં કુલ ૪૯ શિક્ષકોમાં ૨૬ થી ૩૦ની ઉમરમાં ૧(૨.૦૪%) શિક્ષકો હતા. જ્યારે ૩૧ થી ૩૫ વર્ષની ઉમરમાં ૯(૧૮.૩૭%) શિક્ષકોનો સમાવેશ થતો હતો. ૩૬ થી ૪૦ વર્ષની ઉમરમાં ૧૨(૨૪.૪૯%) શિક્ષકો હતા. ૪૧ થી ૪૫ વર્ષની ઉમરમાં ૭(૧૪.૨૯%) શિક્ષકો હતા. ૪૬ થી ૫૦ વર્ષની ઉમરમાં ૮(૧૬.૩૨%) શિક્ષકો હતા. ૫૧ થી ૫૫ વર્ષની ઉમરમાં ૭(૧૪.૨૯%) શિક્ષકોનો સમાવેશ થતો હતો જ્યારે ૫૫ થી ૬૦ વર્ષની ઉમરમાં ૫(૧૦.૨૦%) શિક્ષકોનો સમાવેશ થતો હતો.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના કુલ ૪૯ શિક્ષકો પૈકી બી. એ., બી. એડ્. થયેલા ૬(૧૨.૨૪%) શિક્ષકો હતા. એમ. એ., બી. એડ્. થયેલા ૨૬(૫૩.૦૬%) શિક્ષકો હતા. જ્યારે એમ. એ., એમ. એડ્. થયેલા ૨(૦૪.૦૮%) શિક્ષકો હતા તથા એમ. એ., એમ. ફિલ થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. બી. એસ. સી., બી. એડ્. થયેલા ૪(૦૮.૧૬%) શિક્ષકો હતા. બી. એસ. સી., ડી. બી. એડ્. થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. એમ. એસ. સી., બી. એડ્. થયેલા ૨(૦૪.૦૮%) શિક્ષકો હતા. એમ. એસ. સી., એમ. એડ્. થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. એમ. એસ. સી., કૃષિ ડિપ્લોમા થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. બી. આર. એસ., બી. એડ્. થયેલા ૨(૦૪.૦૮%) શિક્ષકો હતા. બી. આર. એસ., ડી. બી. એડ્. થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. એમ. આર. એસ., બી.એડ્. થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા. અને એસ. એસ. સી., કૃષિ ડિપ્લોમા થયેલા ૧(૦૨.૦૪%) શિક્ષકો હતા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના કુલ ૪૯ શિક્ષકો પૈકી શિક્ષક તરીકે ૧ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતા ૧૨(૨૪.૪૯%) શિક્ષકો હતા. ૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા ૫(૧૦.૨૦%) શિક્ષકો હતા. જ્યારે ૧૧ થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા ૯(૧૮.૩૭%) શિક્ષકો હતા. ૧૬ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા ૬(૧૨.૨૪%) શિક્ષકો હતા. ૨૧ થી ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા ૪(૮.૧૬%) શિક્ષકો હતા. ૨૬ થી ૩૦ વર્ષનો અનુભવ ધરાવતા ૯(૧૮.૩૭%) શિક્ષકો હતા તેમજ ૩૧ થી ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા ૪(૮.૧૬%) શિક્ષકોનો સમાવેશ થતો હતો.

**શિક્ષકોના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોના પ્રશ્નાવલિને આધારે મળેલા તારણો પ્રશ્નાવલિના ૭ વિભાગ પ્રમાણે નીચે મુજબ પ્રાપ્ત થાય હતા.

**શાળા સંચાલન અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળાનું સંચાલન આયોજનબદ્ધ થાય છે. અને સંચાલક મંડળ શાળાના વહીવટ પર દેખરેખ રાખે છે.

શાળામાં પૂરતી સંખ્યામાં કર્મચારીઓ છે. તેમજ કર્મચારીઓની ભરતી સરકારી ધારા-ધોરણો મુજબ થાય છે.

શાળાના સંચાલન માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવે છે.

સંચાલક મંડળ શાળાની ભૌતિક જરૂરીયાતો પૂરી પાડે છે.

શાળાના સંચાલનમાં આચાર્ય પોતાની ફરજોનું યોગ્ય પાલન કરે છે. અને શાળાના સંચાલનમાં શિક્ષકોના અભિપ્રાયો લેવામાં આવે છે.

**ભૌતિક સુવિધાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં શિક્ષકો માટે શિક્ષકખંડની વ્યવસ્થા છે. અને શાળામાં પૂરતી સંખ્યામાં વર્ગખંડો છે.

શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટે યોગ્ય બેઠકવ્યવસ્થા છે. તેમજ શાળામાં કોમ્પ્યુટરખંડની વ્યવસ્થા છે. તથા રમત-ગમતના પૂરતા સાધનો શાળામાં ઉપલબ્ધ છે.

શાળામાં પુસ્તકાલયની વ્યવસ્થા છે. પુસ્તકાલયમાં પૂરતા પ્રમાણમાં સામાયિકો, પુસ્તકો, સંદર્ભગ્રંથો ઉપલબ્ધ છે.

શાળામાં શિક્ષકો માટે અલગ શૌચાલયની સુવિધા છે.

શાળામાં વિષયને અનુરૂપ વિવિધ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ છે. અને શાળામાં પ્રયોગશાળાની વ્યવસ્થા છે.

**અધ્યયન-અધ્યાપન કાર્ય અંગ પ્રાપ્ત થયેલા તારણો**

વર્ગશિક્ષણ સમય-પત્રક પ્રમાણે થાય છે. તેમજ શિક્ષકો અભ્યાસક્રમ પૂરો કરવા પર જ ધ્યાન આપે છે.

શિક્ષણકાર્યમાં શિક્ષકો વિવિધ પદ્ધતિઓ અને વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરે છે.

વર્ગ-અધ્યાપન કાર્યમાં વૈયક્તિક તફાવતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકોને વિદ્યાર્થીઓનો પૂરતો સહકાર મળે છે. તેમજ વર્ગ અધ્યાપન કાર્યમાં શિક્ષકો વિદ્યાર્થીઓને ચર્ચા માટે પ્રોત્સાહિત કરે છે. અને શિક્ષકો વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન કરવા માટે પ્રેરે છે.

શિક્ષકો શિક્ષણકાર્ય દરમિયાન વિવિધ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરે છે. અને અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તેવા પ્રયત્ન શિક્ષકો દ્વારા કરવામાં આવે છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં સહઅભ્યાસ પ્રવૃતિઓ વાર્ષિક આયોજન પ્રમાણે કરવામાં આવે છે.

શાળામાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે. તેમજ શાળા વિજ્ઞાન મેળામાં ભાગ લે છે.

શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી અને પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.

શાળામાં રમત-ગમતની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

સહઅભ્યાસ પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગ લે છે.

**છાત્રાલય જીવન અંગે પ્રાપ્ત થયેલા તારણો**

વિદ્યાર્થીઓએ છાત્રાલયમાં ફરજિયાત રહેવું પડે છે. તથા છાત્રાલયમાં શિક્ષકો માટે નિવાસની યોગ્ય સુવિધા છે.

છાત્રાલયના કાર્યો વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે. અને છાત્રાલયમાં નિયમિત પ્રાર્થના કરવામાં આવે છે.

છાત્રાલયમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અલગ સમય ફાળવવામાં આવે છે.

છાત્રાલયમાં તબીબી સારવારની વ્યવસ્થા છે.

છાત્રાલયમાં વિદ્યાર્થીઓને સંતોષપ્રદ ભોજન આપવામાં આવે છે. અને વિદ્યાર્થીઓની યોગ્ય સંભાળ રાખવામાં આવે છે.

**તાલીમી અને માર્ગદર્શન કાર્યક્રમો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

શાળામાં ચોક્કસ સમયાંતરે શિક્ષણની નવી તરાહ અનુસાર સેવાકાલીન તાલીમનું આયોજન થાય છે. શિક્ષકો ઉત્સાહભેર તાલીમવર્ગમાં ભાગ લે છે.

તાલીમ મેળવ્યા બાદ શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય છે. અને વ્યવસાયિક કાર્ય ક્ષમતામાં વધારો થાય છે.

તાલીમમાં જવું આર્થિક બોજારૂપ લાગતું નથી.

શિક્ષકો સેવાકાલીન તાલીમ કે સેમિનારમાં ભાગ લેવાનું તલત નથી.

શિક્ષકો માટે વ્યાવસાયિક સજ્જતા વધારવાના માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન થાય છે.

૫.૩.૨.૨.૭ માનવસબંધો અંગે પ્રાપ્ત થયેલા તારણો

શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષકોનો આદરભાવ જાળવે છે.

શાળામાં શિક્ષકો વચ્ચે સહકારની ભાવના જોવા મળે છે.

શાળાના આચાર્ય અને શિક્ષકો વચ્ચે ઉષ્માપૂર્ણ સબંધો જોવા મળે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓની સમસ્યા જાણી તેનો યોગ્ય ઉકેલ આપવાનો પ્રયત્ન કરે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સંપર્કમાં રહે છે.

**ગાંધીવાદી મૂલ્યો**

શાળામાં ગાંધીવાદી મૂલ્યો વિકસે તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

શાળામાં ગાંધીજયંતી નિમિતે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

શાળામાં ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

શાળામાં ગાંધીજીના જીવન ચરિત્ર અંગે સાહિત્યિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

**મુક્તજવાબી પ્રશ્નોના આધારે પ્રાપ્ત થયેલા તારણો**

તાપી જિલ્લાની ઉત્તરબુનિયાદી શાળાઓના શિક્ષકોના ૬ મુક્તજવાબી પ્રશ્નોના પ્રતિભાવોના આધારે મળેલા તારણો નીચે મુજબ હતા.

૧. ઉત્તર બુનિયાદી શાળાની સ્થાપનાના ઉદેશો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાની સ્થાપનાના ઉદેશોમાં વિદ્યાર્થીઓને મૂલ્યલક્ષી શિક્ષણ મળે, અંતરિયાળ વિસ્તારના આદિવાસી બાળકોને શિક્ષણ પ્રાપ્ત થાય તથા કન્યા કેળવણી વધે, બાળકોનો સર્વાંગી વિકાસ થાય, છાત્રાલય દ્વારા વિદ્યાર્થીઓને મફત રહેવા જમવાની સુવિધા મળે, વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન, સમૂહભાવના અને સહકારની ભાવનાનો વિકાસ થાય તેમજ બાળકોને બુનિયાદી શિક્ષણ પ્રાપ્ત થાય તેવા ઉદેશો જોવા મળ્યા હતા.

૨. શિક્ષણકાર્ય દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતા શૈક્ષણિક સાધનો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય દરમિયાન પ્રોજેક્ટર, મોબાઈલ, કોમ્પ્યુટર, ચિત્રો, ટી. વી., ચાર્ટ્સ, ટેપરેકોર્ડર તથા પાઠ્યપુસ્તક, નકશા, સંદર્ભગ્રંથો તેમજ PPTનો ઉપયોગ કરવામાં આવે છે.

૩. શાળાના ભાવિ વિકાસ માટેના પ્રયત્નો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકો દ્વારા શાળાના ભાવિ વિકાસ માટે સઘન શિક્ષણનું આયોજન, બાળકોને વધુ સારી ભૌતિક સુવિધા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો, શાળાના સારા પરિણામ માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ તેમજ બાળકો વિજ્ઞાન પ્રવાહમાં આગળ વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

૪. અધ્યાપન કાર્ય કરાવતા પહેલા આયોજન અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળામાં શિક્ષકો અધ્યાપનકાર્ય કરાવતા પહેલા પાઠનું વાચન, સંદર્ભપુસ્તકોનું વાચન તથા એકમને લગતા શૈક્ષણિક સાધનો શોધવા તેમજ એકમને લગતા ઉદાહરણો શોધવા જેવું પૂર્વઆયોજન કરી અધ્યાપન કાર્ય કરાવે છે.

૫. શિક્ષકોને નડતી સમસ્યા અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકોને બાળકોનો અસભ્યતાપૂર્ણ વ્યવહાર, બાળકો સાથે પ્રત્યાયન તથા ઈન્ટરનેટની સમસ્યા તેમજ બાળકોનું પાયાનું શિક્ષણ નબળું હોવાથી તેમણે શિક્ષણકાર્ય કરાવવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ નડે છે.

૬. શાળાની વિશેષતાઓ અંગેના તારણો

શાળાની વિશિષ્ટતાઓમાં જીવનલક્ષી શિક્ષણ, કુદરતી વાતાવરણ, છાત્રાલયની સુવિધા તથા કૃષિ શિક્ષણ અને ઉદ્યોગ શિક્ષણ તેમજ બુનિયાદી શિક્ષણનો સમાવેશ થતો હતો.

**સાક્ષ્યપત્રક દ્વારા આચાર્ય પાસેથી મળેલ માહિતી અંગેના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો પાસેથી માહિતી મેળવવા માટે સાક્ષ્યપત્રકની રચના કરી હતી જેમાં કુલ ૧૪ મુક્તજવાબી પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નોને આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ હતા.

આચાર્યોની સામાન્ય માહિતીને આધારે પ્રાપ્ત થયેલા તારણો

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના કુલ ૮ આચાર્યો પૈકી બી. એ., બી. એડ્. થયેલા ૧(૧૨.૦૫%) આચાર્યો હતા. એમ. એ., બી. એડ્. કરેલા ૩(૩૭.૦૫%) આચાર્ય હતા. એમ. એ., એમ. એડ્. કરેલા ૧(૧૨.૦૫%) આચાર્ય હતા. બી. એસ. સી., બી. એડ્. થયેલા ૧(૧૨.૦૫%) આચાર્યો હતા. એમ. એસ. સી., બી. એડ્. કરેલા ૧(૧૨.૦૫%) આચાર્ય હતા. જ્યારે એમ. આર. એસ., ડી. બી. એડ્. કરેલા ૧(૧૨.૦૫%) આચાર્ય હતા.

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના ૮ આચાર્યો પૈકી ૧૧ થી ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા ૨(૨૫%) આચાર્યો હતા. ૧૬ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા ૨(૨૫%) આચાર્ય હતા. ૨૧ થી ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા ૨(૨૫%) આચાર્યો હતા. ૨૬ થી ૩૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા આચાર્યોનું પ્રમાણ શૂન્ય હતું. તેમજ ૩૧ થી ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા ૨(૨૫%) આચાર્યનો સમાવેશ થતો હતો.

**આચાર્યોના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

૧. શાળા સાથે સંકળાયેલા વર્ષ અંગેના તારણો

તાપી જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓના ૮ આચાર્યો પૈકી ૧ થી ૫ વર્ષથી ૧(૧૨.૫%) આચાર્ય શાળા સાથે સંકળાયેલા હતા. ૧૧ થી ૧૫ વર્ષથી ૨(૨૫%) આચાર્ય શાળા સાથે સંકળાયેલા હતા. ૧૬ થી ૨૦ વર્ષથી ૩(૩૭.૦૫%) આચાર્ય શાળા સાથે સંકળાયેલા હતા. ૨૧ થી ૨૫ વર્ષથી ૧(૧૨.૫%) આચાર્ય શાળા સાથે સંકળાયેલા હતા. તેમજ ૩૧ થી ૩૫ વર્ષથી ૧(૧૨.૫%) આચાર્ય શાળા સાથે સંકળાયેલા હતા. આમ, ૧૬ થી ૨૦ વર્ષથી શાળા સાથે સંકળાયેલા હોય તેવા આચાર્યોની સંખ્યા વધુ જોવા મળી હતી.

૨. વિદ્યાર્થીઓની સંખ્યા અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓમાં સને ૨૦૧૫-૧૬ માં ધોરણ-૯ માં સરેરાશ ૧૦૧ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા જેમાં કન્યાઓ ૫૧ અને કુમારો ૫૦ હતા. જ્યારે ધોરણ-૧૦ માં સરેરાશ ૮૯ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા જેમાં કન્યાઓ ૪૮ અને કુમારો ૪૧ હતા વર્ષ ૨૦૧૬-૧૭ માં ધોરણ-૯ માં સરેરાશ ૧૦૩ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૫૦ અને કુમારો ૫૩ હતા. જ્યારે ધોરણ-૧૦ માં સરેરાશ ૭૯ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૩૮ અને કુમારો ૪૧ હતા. વર્ષ ૨૦૧૭-૧૮ માં ધોરણ-૯ માં સરેરાશ ૯૩ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૫૨ અને કુમારો ૪૧ હતા. જ્યારે

ધોરણ-૧૦ માં સરેરાશ ૮૨ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૪૨ અને કુમારો ૪૦ હતા. વર્ષ ૨૦૧૮-૧૯ માં ધોરણ-૯ માં સરેરાશ ૧૧૪ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૬૨ અને કુમારો ૫૨ હતા. જ્યારે ધોરણ-૧૦ માં સરેરાશ ૭૭ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૪૪ અને કુમારો ૩૩ હતા. વર્ષ ૨૦૧૯-૨૦ માં ધોરણ-૯ માં સરેરાશ ૧૦૭ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૫૭ અને કુમારો ૫૫ હતા. જ્યારે ધોરણ-૧૦ માં સરેરાશ ૮૯ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં કન્યાઓ ૪૯ અને કુમારો ૪૦ હતા.

૩. શાળાની સ્થાપનાના ઉદ્દેશો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાની સ્થાપનાના ઉદ્દેશોમાં વિદ્યાર્થીઓને જીવનલક્ષી શિક્ષણ મળે, અંતરિયાળ વિસ્તારના આદિવાસી બાળકોને શિક્ષણ પ્રાપ્ત થાય તથા કન્યા કેળવણી વધે, બાળકોને વ્યવસાયલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય તેમજ બાળકોને બુનિયાદી શિક્ષણ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશો જોવા મળ્યા હતા.

૪. શાળા સંચાલન અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓના તમામ આચાર્યોએ શાળાનું સંચાલન સંચાલક મંડળ (ટ્રસ્ટી મંડળ) દ્વારા થાય છે એવું જણાવ્યું હતું.

૫. ભૌતિક સુવિધાઓ અંગેના તારણો

શાળામાં કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરખંડ, વર્ગખંડો, શૌચાલયો, સ્નાનગૃહ, છાત્રાલય, પુસ્તકાલય, પ્રયોગશાળા, રમત-ગમતનું મેદાન, સ્ટાફરૂમ, પાણીની પરબ તેમજ કાર્યાલય જેવી ભૌતિક સુવિધાઓ છે.

૬. અધ્યયન-અધ્યાપનકાર્યની વિશિષ્ટતા અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળામાં છાત્રાલયમાં રહીને જ અભ્યાસ, એક્સ્ટ્રા તાસ લઈને પરિણામ સુધારવા માટેના પ્રયત્નો, જીવનલક્ષી શિક્ષણ તેમજ વ્યવસાયલક્ષી શિક્ષણ જેવી બાબતોને કારણે અધ્યયન અધ્યાપન કાર્યમાં બીજી શાળાઓથી અલગ પડે છે.

૭. શૈક્ષણિક વર્ષ દરમિયાન યોજવામાં આવતી સ્પર્ધાઓ અંગેના તારણો

શાળામાં શૈક્ષણિક વર્ષ દરમિયાન ગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, યોગ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નાટ્ય સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, લોકસંગીત સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા તેમજ રમત-ગમતની સ્પર્ધાઓ ઉઓજવામાં આવે છે.

૮. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેના તારણો

શાળામાં શૈક્ષણિક વર્ષ દરમિયાન વ્યક્તિવિશેષની જન્મજયંતી અને પુણ્યતિથિની ઉજવણી, યોગ, પ્રાર્થના સંમેલન, સંગીત, ઈતરવાચન,સાંસ્કૃતિક કાર્યક્રમો, તેમજ પર્યાવરણને લગતા કાર્યક્રમો જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

૯. શાળાના આચાર્ય તરીકે નડતી સમસ્યાઓ અંગેના તારણો

શાળાના આચાર્ય તરીકે આચાર્યોને ઈન્ટરનેટ, હોમ લર્નિંગ તેમજ પૂરતા સ્ટાફનો અભાવ સંદર્ભની સમસ્યાઓ નડે છે.

૧૦. તાલીમો અને માર્ગદર્શન કાર્યક્રમો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સરકાર આયોજિત તાલીમ, વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે માર્ગદર્શન, વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે માર્ગદર્શન તેમજ દરેક શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવે છે.

૧૧. માનવ સબંધો અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓના તમામ આચાર્યોએ શિક્ષકો, વિદ્યાર્થીઓ, આચાર્યો અને સંચાલક મંડળ વચ્ચે સારા સબંધો છે એવું જણાવ્યું હતું.

૧૨. શાળાની વિશિષ્ટતા અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળાઓ જીવનલક્ષી શિક્ષણ, વ્યવસાયલક્ષી શિક્ષણ, કૃષિ અને ઉદ્યોગ શિક્ષણ, બુનિયાદી શિક્ષણ, છાત્રાલયની સુવિધા તેમજ ગાંધી વિચારધારાને કારણે અન્ય શાળાઓથી વિશિષ્ટ છે.

૧૩. ગાંધીવાદી મૂલ્યોના વિકાસ અંગેના તારણો

ઉત્તર બુનિયાદી શાળામાં ગાંધી મૂલ્યોના વિકાસ માટે ગાંધીજી વિષે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગાંધી જયંતીની ઉજવણી તેમજ ગાંધી સાહિત્યનુ વાચન જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. આથી સ્પષ્ટ થાય છે કે, શાળામાં ગાંધી મૂલ્યોના વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

૧૪. બુનિયાદી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેના પ્રયત્નો અંગેના તારણો

આચાર્યોએ શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે પોતાના મંતવ્યો દર્શાવ્યા છે. જેમાં વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપવું, વિદ્યાર્થીઓની પ્રતિભાને બહાર લાવવી, એક્સ્ટ્રા તાસ

લઈને વિદ્યાર્થીઓની કચાશો દૂર કરવી તેમજ ભૌતિક સુવિધાઓ વધારવી અને વિદ્યાર્થીઓની અભ્યાસકીય પ્રગતિની વાલીઓને જાણ કરવી જેવા મંતવ્યો જણાવ્યા હતા.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલ તારણો પરથી નીચે મુજબના શૈક્ષણિક સૂચિતાર્થોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

૧. સમાજમાંથી દાન મેળવીને ભૌતિક સુવિધાઓથી શાળાઓ સજ્જ કરવી જોઈએ.

૨. સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરી શાળાઓને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

૩. શાળા અને છાત્રાલયના મકાનનું સમયાંતરે રિપેરિંગ કરવું જોઈએ.

૪. શાળામાં વિદ્યાર્થીઓના પરિણામ સુધારવાના પ્રયત્નો કરવા જોઈએ.

૫. વિદ્યાર્થીઓની વ્યક્તિગત સમસ્યા જાણી તેનો ઉકેલ કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

૬. વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતાઓને ખીલવવાના પ્રયત્નો કરવા જોઈએ.

૭. શિક્ષકોએ અભ્યાસક્રમ પૂરો કરવા પર જ ધ્યાન આપવું જોઈએ નહીં પરંતુ બાળકોને સમજ પડે તે રીતે અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ.

૮. વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક શિક્ષા કરવી જોઈએ નહીં.

૯. વિદ્યાર્થીઓ વર્તમાન પ્રવાહો તથા ટેકનોલોજી સાથે કદમ મિલાવી શકે તેવા પ્રયત્ન કરવા જોઈએ.

૧૦. શિક્ષક - વાલી વચ્ચે સતત સંપર્ક રહેવો જોઈએ.

૧૧. ભોજનમાં દૂધ અને છાશ આપવી જોઈએ.

૧૨. છાત્રાલયમાં વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથિ ન અનુભવે તેની કાળજી રાખવી જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધન કેટલીક મર્યાદાઓ ધરાવે છે. પ્રસ્તુત સંશોધન પણ એનાથી અપવાદરૂપ નથી એ હકીકતનો સંશોધક નમ્રતાપૂર્વક સ્વીકાર કરે છે. પ્રસ્તુત સંશોધનને અનુલક્ષીને ભાવિમાં આ પ્રકારના સંશોધનોને વેગ મળે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શન મળે તે હેતુથી પ્રેરાઈને સંશોધકે અંહી ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

૧. ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

૨. ઉત્તર બુનિયાદી શાળાઓ અને સામાન્ય શાળાઓનો તુલનાત્મક અભ્યાસ

૩. સુરત જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

૪. આદર્શ નિવાસી શાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓનો તુલનાત્મક અભ્યાસ.

૫. ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ.

૬. ઉત્તર બુનિયાદી આશ્રમશાળા: એક વ્યક્તિ અભ્યાસ.

૭. ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓના છાત્રાલય જીવનનો અભ્યાસ.

૮. ઉત્તર બુનિયાદી શિક્ષણ બાદ વિદ્યાર્થીઓને મળતી વ્યાવસાયિક તકોનો અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સમગ્ર અભ્યાસનો સારાંશ, તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો. પ્રસ્તુત પ્રકરણ અભ્યાસના હેતુઓ સંદર્ભે તારણોની રજૂઆત કરે છે, જેથી આ અંતિમ પ્રકરણ સમગ્ર સંશોધનની ફલશ્રુતિ દર્શાવે છે.

સાચા અર્થમાં કોઈ પણ સંશોધનનો અંત હોઇ શકે નહીં. સંશોધન એક અત્યંત વિસ્તાર ધરાવતું ક્ષેત્ર છે. અને તેમ પ્રસ્તુત સંશોધન એક નાનકડું પગલું છે. પ્રસ્તુત ક્ષેત્રમાં રસ ધરાવનાર ભાવિ સંશોધકો માટે આ સંશોધન એક આધારશિલા બની રહેશે એવો સંશોધકને વિશ્વાસ છે.

# ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

યાદવ ઉર્વશી એમ.

**સંશોધનનાં હેતુઓ**

૧. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની ઓળખ કરવી.

૨. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની શારીરિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની શૈક્ષણિક સમસ્યાઓનો કરવો.

૫. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની માનસિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૭. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની કૌટુંબિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૮. ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સાંવેગિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નક્કી કરેલા હેતુઓ આધારે નીચે મુજબના પ્રશ્નો નક્કી કર્યા

૧. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ કઈ કઈ હશે?

૨.ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની શારીરિક સમસ્યાઓ કઈ કઈ હશે?

૩.ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની શૈક્ષણિક સમસ્યાઓ કઈ કઈ હશે?

૪. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની માનસિક સમસ્યાઓ કઈ કઈ હશે?

૫. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની કૌટુંબિક સમસ્યાઓ કઈ કઈ હશે?

૬. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સામાજિક સમસ્યાઓ કઈ કઈ હશે?

૭. ભરૂચ શહેરની મધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સાંવેગિક સમસ્યાઓ કઈ કઈ હશે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે "સર્વેક્ષણ પદ્ધતિ" પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ભરૂચ શહેરમાં આવેલી કુલ ૪૮ અર્ધસરકારી તથા ખાનગી પ્રકારની માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ તથા ૧૦માં વર્ગમાં પ્રથમ નંબરે પાસ થનારા પ્રતિભાશાળી બાળકો હતા.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ભરૂચ શહેરમાં આવેલી કુલ ૪૮ માધ્યમિક શાળાઓ પૈકી નામૂનારૂપ કુલ ૨૦ શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ધોરણ ૯ તથા ૧૦માં વર્ગમાં પ્રથમ નંબરે પાસ થનારા કુલ ૪૪ પ્રતિભાશાળી બાળકની સહેતુક નમૂના પસંદગીની રીતથી નમૂના તરીકે પંસદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને તથા સંશોધનના હેતુઓ અને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રતિભાશાળી બાળકોની ઓળખ માટે શાળાકીય પરિણામો તથા સમસ્યાને જાણવા માટે સમસ્યા ઓળખસૂચિ તથા મુલાકાત પત્રકનો ઉપયોગ કર્યો હતો,

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્ર કરવા માટે સૌપ્રથમ ભરૂચ જિલ્લા રાષ્ટ અધિકારીની ઓફિસમાંથી ભરૂચ જિલ્લાની તેમજ ભરૂચ શહેરની શાળાઓની યાદી મેળવી. આ યાદી મુજબ ભરૂચની

કુલ ૪૮ માધ્યમિક શાળાઓની યાદી મુજબ આચાર્યશ્રીઓની પૂર્વ મંજૂરી ટેલિફોનીક વાતચીત દ્વારા તેમજ રૂબરૂ મુલાકાત દ્વારા મેળવી ત્યારબાદ નમૂનારૂપ પાત્રોની ઓળખ માટે તેઓના વર્ગ શિક્ષકોની મદદથી તથા દસ્તાવેજો આધારે નમૂનાના પાત્રોની પસંદગી કરી તેમના સંપર્ક નંબર મેળવ્યા હતા. નમૂનાના પાત્રો માટે કોવિડ-૧૯ની પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને ગૂગલ ફોમમાં સમસ્યા ઓળખ સૂચિ તથા મુલાકાત પત્રક બનાવીને વોટ્સએપ પર તેની લીંક મોકલી આપીને તેમની પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

### માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ કરવા માટે અંકશાસ્ત્રીય પદ્ધતિ જેવી કે ટકાવારી અને અગ્રતાક્રમ તથા મુલાકાત પત્રક દ્વારા મળેલ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા પૃથક્કરણ તથા અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### સંશોધનનાં તારણો

- સમસ્યા ઓળખસૂચિ આધારે પ્રાપ્ત થયેલા તારણો

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને તથા સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રતિભાશાળી બાળકોની સમસ્યાને જાણવા માટે સમસ્યા ઓળખ સૂચિ તથા મુલાકાત પત્રકનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઓળખ સૂચિના મુખ્ય ૬ ઘટકો નક્કી કરીને માહિતી મેળવી તેનું પૃથક્કરણ કરતાં મુખ્ય ૬ ઘટકો આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

- શારીરિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો મનગમતી પ્રવૃત્તિમાં વધારે પડતા સમય સુધી કાર્યરત રહેતા હતાં.

૨. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો શરૂ કરેલ કાર્ય પૂર્ણ ન કરે ત્યાં સુધી આરામ પણ કરતા ન હતાં.

૩. કેટલાક પ્રતિભાશાળી બાળકો પરીક્ષા સમયે પૂરતી ઊંઘ લેતા ન હતાં.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકો અભ્યાસના કારણે સ્વાસ્થ્ય પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા ન હતાં.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકોને આંખના નંબર જોવા મળ્યા હતાં.

- શૈક્ષણિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો શાળામાં રજા પાડે ત્યારે તેમને અભ્યાસની ચિંતા સતાવતી હતી.

૨. મોટાભાગના પ્રતિભાશાળી બાળકોને કાર્ય ગૃહકાર્ય ખૂબ જ સરળ લાગતું હતું.

૩. કેટલાક પ્રતિભાશાળી બાળકોને મેદાનની રમતો રમવાનું ગમતું ન હતું.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકો અને શિક્ષકો પાસેથી યોગ્ય માર્ગદર્શન મળતું ન હતું.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકોનો ફ્રી તાસમાં સમય બગાડતો હતો.

- માનસિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો દરેક કાર્યોમાં સંપૂર્ણતાનો આગ્રહ રાખતા હતાં.

૨. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો ભવિષ્ય માટે ચિંતિત રહેતા હતાં.

૩. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો ધારેલું પરિણામ ન આવતા હતાશા અનુભવતા હતાં.

૪. મોટાભાગના પ્રતિભાશાળી બાળકોના મનમાં ખૂબ જ પ્રશ્નો ઉદ્ભવતા હતાં. .

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકો પરીક્ષા સમયે તણાવ અનુભવતા હતાં.

- સામાજિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકોને વધુ લોકો ભેગા થાય તેવી જગ્યા કરતા શાંત જગ્યાએ રહેવાનું વધુ ગમતું હતું.

૨. મોટાભાગના પ્રતિભાશાળી બાળકોને તેમના કરતા મોટી ઉમરના લોકો સાથે વાતચીત કરવી વધુ ગમતી હતી.

૩. કેટલાક પ્રતિભાશાળી બાળકો સામાજિક પ્રસંગોમાં જવાનું ટાળતાં હતાં.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકોને વધારે મિત્રો રાખવાનું પસંદ ન હતું.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકોને અન્ય વ્યક્તિઓ સાથે વાતચીત કરવી ઓછી ગમતી હતી.

➢ કૌટુંબિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો પાસે તેમના માતા-પિતા ઉચ્ચ અપેક્ષાઓ રાખતા હતાં.

૨. કેટલાક પ્રતિભાશાળી બાળકોના માતા-પિતા તેમના બધા જ પ્રશ્નોના જવાબ આપી શકતા ન હતાં.

3. કેટલાય પ્રતિભાશાળી બાળકોના માતાપિતા તેમની બધી જ માંગણીઓ સંતોષી શકતા ન હતાં.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકોના માતાપિતા તેમની બધી જ જરૂરિયાતો પૂર્ણ કરી શકતા ન હતાં.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકોના પરિવારના સભ્યો તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકતા ન હતાં.

➢ સાંવેગિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

૧. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો અન્ય વ્યક્તિઓ માટે ખૂબ જ સહાનુભૂતિ ધરાવતાં હતાં.

૨. મોટાભાગના પ્રતિભાશાળી બાળકો વધુ પડતા લાગણીશીલ હતાં.

૩. કેટલાક પ્રતિભાશાળી બાળકો મનગમતી કે અંગત વસ્તુઓ અન્યને આપી શકતા ન હતાં.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકો તેમની સાથે કોઈ લડાઈ કરે ત્યારે તેને સહન કરી
શકતા ન હતાં.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકોને અપ્રિય વ્યક્તિને જોઈને તરત ગુસ્સો આવી જાતો હતો.

➢ મુલાકાત પત્રક આધારે પ્રાપ્ત થયેલા તારણો

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને તથા સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રતિભાશાળી બાળકોની સમસ્યાને જાણવા માટે સમસ્યા ઓળખ સૂચિ તથા મુલાકાત પત્રકનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં મુલાકાત પત્રકમાં મુખ્ય ૭ પ્રશ્નોના દર્શાવવામાં આવ્યા હતાં. મુલાકાત પત્રક આધારે મેળવેલી માહિતીના પૃથક્કરણ કરતાં પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

૧. કેટલાક પ્રતિભાશાળી બાળકોને વધારે પડતું ગૃહકાર્ય આપવામાં આવતું હોવાથી હાથ તથા કમરમાં દુખાવો રહેતો હતો.

૨. કેટલાક પ્રતિભાશાળી બાળકોને શાળામાં તથા ટ્યુશનમાં સાથે જ પરીક્ષા હોય
ત્યારે મુશ્કેલી અનુભવાતી હતી.

૩. કેટલાક પ્રતિભાશાળી બાળકોને કોઈવાર શિક્ષકો બરાબર ન સમજાવે ત્યારે તે વિષયમાં લાંબા ગાળા સુધી મુશ્કેલી રહેતી હતી.

૪. કેટલાક પ્રતિભાશાળી બાળકોને પરીક્ષા સમયે માનસિક તણાવ રહેતો હતો.

૫. કેટલાક પ્રતિભાશાળી બાળકો પરીક્ષા સમયે કઈ વાંચનસામગ્રી વાંચી તે
મુંઝવણ અનુભવતા હતા.

૬. કેટલાક પ્રતિભાશાળી બાળકોને અભ્યાસના કારણે પ્રસંગમાં જવાનું ટાળવું પડતું હતું.

૭. કેટલાક પ્રતિભાશાળી બાળકોને ટ્યુશન ખર્ચ સમસ્યા હતી.

૮. કેટલાક પ્રતિભાશાળી બાળકોને મહેમાન આવે ત્યારે અભ્યાસમાં ખલેલ પડતો હતો.

૯. કેટલાક પ્રતિભાશાળી બાળકોને ધારેલું પરિણામ ન આવતા દુઃખ થતું હતું.

૧૦. કેટલાક પ્રતિભાશાળી બાળકોને ધારેલું પરિણામ ન આવતા દુઃખ થતું હતું. ૧૧. કેટલાક પ્રતિભાશાળી બાળકોને ગુસ્સો ખૂબ જલ્દી આવી જતો હતો અને નિયંત્રણમાં રહેતો ન હતો.

૧૨. કેટલાક પ્રતિભાશાળી બાળકોને ટ્યૂશનમાં એક જ દાખલાની અલગ અલગ રીતો શીખવે છે ત્યારે એક જ દાખલાની બે રીતોની ગણતરી કરવામાં મુશ્કેલી
અનુભવાતી હતી.

૧૩. કેટલાક પ્રતિભાશાળી બાળકોને વર્ગમાં અન્ય મિત્રો કરતાં વધુ માર્કસ આવતા હોવાથી પરિણામના અઠવાડિયા સુધી મિત્રો સરખી વાતચીત કરતા ન હોવાની સમસ્યા હતી.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧. પ્રતિભાશાળી બાળકો મનગમતી પ્રવૃત્તિમાં વધારે પડતા સમય સુધી કાર્યરત ન રહેતા અન્ય પ્રવૃત્તિમાં પણ જોડાય તે માટે વાલીઓ તથા શિક્ષકોએ પ્રયત્ન કરવા જોઈએ.

૨. શિક્ષકોએ પ્રતિભાશાળી બાળકોને તેમની ક્ષમતા મુજબ વિશેષ પૂરક પ્રકારનું
ગૃહકાર્ય આપવા જોઈએ.

૩. પ્રતિભાશાળી બાળકોને મેદાનની રમતો રમવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

૪. પ્રતિભાશાળી બાળકોની નવું કરવાની વૃત્તિને શિક્ષકોએ સ્વીકારવી જોઈએ,

૫. પ્રતિભાશાળી બાળકોને શિક્ષકોએ યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

૬.પ્રતિભાશાળી બાળકો ભવિષ્ય માટે ચિંતિત ન રહે તે માટે વાલીઓ તથા શિક્ષકોએ તેઓને સમજાવવા જોઈએ.

૭.. પ્રતિભાશાળી બાળકો એકલા અતુલા ન બેસી રહે તેનું ધ્યાન વાલીઓ શિક્ષકોએ રાખવું જોઈએ.

૮. પ્રતિભાશાળી બાળકોને સામાજિક પ્રસંગોમાં જવા માટે પ્રેરિત કરવા જોઈએ. ૯. પ્રતિભાશાળી બાળકોના માતાપિતાએ તેઓની પાસે ઉચ્ચ અપેક્ષાઓ ન રાખવી જોઈએ.

૧૦. પ્રતિભાશાળી બાળકોના માતાપિતાએ તેઓની જરૂરિયાતની સંતોષવી જોઇએ.

૧૧. પ્રતિભાશાળી બાળકોના પરિવારના સભ્યોએ તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

૧૨. પ્રતિભાશાળી બાળકોના પરિવારના સભ્યોએ તેમની લાગણીઓને સમજવી જોઈએ.

૧૩. શાળામાં બુદ્ધિકસોટીનો ઉપયોગ કરી પ્રતિભાશાળી બાળકોની ઓળખ કરી તેમનાં માટે વિશિષ્ટ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

૧૪. પ્રતિભાશાળી બાળકોના શિક્ષકો તથા વાલીઓએ આ બાળકોને ગુસ્સો ના કરવો જોઇએ એ અંગે માર્ગદર્શન આપવું જોઈએ.

૧૫. પ્રતિભાશાળી બાળકોના શિક્ષકોએ પરીક્ષા સમયે કઈ વાંચનસામગ્રી તે અંગે
માર્ગદર્શન આપવું જોઈએ.

૧૬. પ્રતિભાશાળી બાળકોના વાલીઓએ મહેમાન આવે ત્યારે પોતાના બાળકોને અભ્યાસમાં ખલેલ ન પડે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**ભાવિ સંશોધનનો અંગેની ભલામણો**

તે સંશોધનનું ક્ષેત્ર વિશાળ છે કોઈપણ સંશોધન અંતિમ હોતું નથી આ પ્રકારનું સંશોધન સમયાંતરે થતો રહે એ આવશ્યક છે સંસોધન એવું સંશોધક સંશોધક માને છે કે આ પ્રકારના સંશોધન થતાં રહે તેવી સંશોધક ના મનમાં આવેલા સંશોધન ના ક્ષેત્રો નીચે મુજબ છે.

૧. પ્રતિભાશાળી બાળકોનો વ્યક્તિ અભ્યાસ.

૨. પ્રતિભાશાળી બાળકોનો સામાન્ય બાળકો સાથે તુલનાત્મક અભ્યાસ.

૩. ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાનો અભ્યાસ.

૪.ઉચ્ચ માધ્યમિક શાળાઓના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાનો અભ્યાસ.

૫. શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે પ્રતિભા ધરાવતા તાલીમાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ.

૬.પ્રાથમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓનો અભ્યાસ.

૭. પ્રતિભાશાળી બાળકો તથા સરેરાશ બાળકોની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ.

૮. પ્રતિભાશાળી બાળકો તથા સામાન્ય બાળકોની અભ્યાસ ટેવો, વ્યક્તિત્વના લક્ષણો તથા અભિયોગ્યતાનો અભ્યાસ.

૯. ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળાઓના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાનો અભ્યાસ.


૧૦.વિવિધ વિદ્યાશાખાઓના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓનો અભ્યાસ. ૧૧. ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના પ્રતિભાશાળી બાળકોનો તુલનાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધનના સંદર્ભમાં સંશોધનનો સારાંશ, સંશોધનના તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને સંશોધનના ભાવિ ક્ષેત્રો અંગેની ભલામણો વિશે વિસ્તૃત ચર્ચા હાથ ધરી છે.

પ્રકરણ ૧ થી ૫ માં સંશોધન અહેવાલના સંપૂર્ણ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન ભરૂચ શહેરની માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓનો અભ્યાસ વિષય પર છે. જેમાં પ્રતિભાશાળી બાળકોની શારીરિક, શૈક્ષણિક, માનસિક, સામાજિક, કૌટુંબિક અને સાંવેગિક વિષયક સમસ્યાઓ જાણવાના હેતુઓને ધ્યાનમાં લીધા હતાં. આ સંશોધન ભરૂચ શહેરના શિક્ષકોને, આચાર્યોને, શિક્ષણ સુધારક અધિકારીઓને તથા પ્રતિભાશાળી બાળકોનાં વાલીઓને આ બાળકોની સમસ્યાઓ જાણવા મદદરૂપ નીવડશે.

## M.Ed. (Granted) Student's List Sem-IV (2020-2021) *

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 1 |  | BHANDARI JASWI JAYANTILAL<br>Next to Narayan Printing Press, Vanka Moholla,Station Road,Bilimora. | 7046644666 | M.A., B.Ed.<br>M.Ed.(CGPA-9.18) | English |
| 2 |  | BHARVAD JAYESHBHAI RUPABHAI<br>7, Sarsvati Nagar, Dantej Road,Chaparagam,Navsari,396445 | 6354420219<br>9913319210 | M.SC., B.ED.<br>M.Ed.(CGPA-8.82) | Sci & Tech |
| 3 |  | BRAHMBHATT VAIDEHI SHAILESHBHAI<br>284,Om Nagar,Dindoli,Udhana,Surat-394210 | 9537240757,<br>8160851974 | M.SC., B.ED.<br>M.Ed.(CGPA-9.53) | Sci & Tech |
| 4 |  | CHAUDHARI BHOOMIKABEN AJITBHAI<br>At.Po-Ambach, Ta-Valod, Di-Tapi. | 8238882515 | M.A., B.ED.<br>M.Ed.(CGPA-7.29) | Gujarati |
| 5 |  | CHAUDHARI RADHABEN GANESHBHAI<br>At,Post-Kaher, Ta-Valod,Dist- Tapi. | 9099449815,<br>8469671709 | M.A., B.ED.<br>M.Ed.(CGPA-9.12) | Social science |
| 6 |  | CHAUHAN ISHITABEN BALVANTBHAI<br>Opp. Radha Krisna Tempal,Vihan,Ta-Kamrej, Dist-Surat. | 9723629986<br>9879329671 | M.COM., B.ED.<br>M.Ed.(CGPA-8.88) | Economics |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 7 |  | DHIMMAR BIJAL UTTAMBHAI<br>At & Post-Machhivad,Ta-Jalalpor,Dist-Navsari,Pin-396475 | **8140043648** | M.SC., B.ED.<br>M.Ed.(CGPA-8.53) | **Maths** |
| 8 |  | GAMIT MANISHABEN SHUKKARIABHAI<br>At-Vankal,Ta-Songadh,Dist-Tapi. | **9586060405** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-7.06) | **Social science** |
| 9 |  | GAMIT MEHULBHAI UDAYSING<br>At & Post-Dharampuri,Ta-Vansda, Dist- Navsari. | **8140527903** | B.A., B.ED.<br>M.Ed.(CGPA-9.12) | **English** |
| 10 |  | GAMIT SANGITABEN CHIMANBHAI<br>B-9 Jyotinagar-1 At-Bholav Po. Maktampur Bharuch | **82338260106** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-8.24) | **Gujarati** |
| 11 |  | GAMIT VINESHBHAI THAKORBHAI<br>At-Kanala, Po-Chorvad, Ta-Songadh,Dist-Tapi, 394650 | **9879791665**<br>**9313475749** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-8.06) | **Economics** |
| 12 |  | JADAV KRUTIKABEN KANUBHAI<br>At & Po-Umarwada, Dist-Bharuch. | **7778059325**<br>**9687248833** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-8.35) | **English** |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 13 |  | KAKLOTTAR KHUSHBUBEN VALLABHBHAI<br>81,Jalaram Society, College Road, Amroli, Surat. | **9664918898** | M.COM., B.ED. M.Ed.(CGPA-9.00) | **Accountancy** |
| 14 |  | KANOJIYA SHOBHNAKUMARI RAMESHVARPRASAD<br>At & Po-Madhi,Ta-Bardoli,Dist-Surat. | **9925432539** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.53) | **Social science** |
| 15 |  | KHENGAR MILINKUMAR PRATAPSINH<br>Khengar Faliya, Ta- Mandvi, Dist-Surat. | **8469040663** | M.COM., B.ED. M.Ed.(CGPA-9.06) | **Accountancy** |
| 16 |  | MACHHI SANJAYKUMAR NAROTTAMBHAI<br>At, Po- Khattalwada ( Ashandevi ), St- Sanjan, Ta- Umargam, Dist-Valsad. | **9327087772** | M.COM., B.ED. M.Ed.(CGPA-9.06) | **Accountancy** |
| 17 |  | MAHAJAN PRIYANKA ANIL<br>282, Mahadev Nagar-1, Dindoli, Udhana, Surat. | **9099279069** | M.COM., B.ED. M.Ed.(CGPA-9.18) | **Accountancy** |
| 18 |  | MAHETA CHETANKUMAR PRATAPRAY<br>77, Chaitanya Residency, Pariya Gam, Olpad Road, Sayan,Surat. | **9723295927** | M.A., B.ED. M.Ed.(CGPA-8.94) | **Sanskrit** |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 19 |  | PARMAR KRISHNAKUMARI RAVINDRASINH<br>At, Po- Kukeri (Donja Fatak) Juna Patel F. Ta- Chikhli, Dist- Navsari, 396560 | 9724565855 | B.SC., B.ED.<br>M.Ed.(CGPA-8.88) | Sci & Tech |
| 20 |  | PARMAR VASHISHTHKUMAR VIJAYBHAI<br>Near Bus-Station, Hathoda,Ta-Mangarol, Dist- Surat. | 9898291144 | M.COM., B.ED.<br>M.Ed.(CGPA-8.12) | Accountancy |
| 21 |  | PATEL BHUMIKABEN VINODBHAI<br>At & Post- Khara Abrama, Mota Faliya, Ta- Jalalpor, Dist- Navsari | 9724947422 | M.A., B.ED.<br>M.Ed.(CGPA-8.82) | Gujarti |
| 22 |  | PATEL DEVYANIKUMARI BHARATBHAI<br>At & Po-Sagbara, Ta- Sagbara, Dist- Narmada | 7202976325 | B.A., B.ED.<br>M.Ed.(CGPA-8.94) | Social science |
| 23 |  | PATEL DIVYA VINODBHAI<br>At- Lingad (Patel-Faliya), Ta-Palsana, Di- Surat. | 7874380322 | M.A., B.ED.<br>M.Ed.(CGPA-8.82) | Social science |
| 24 |  | PATEL GREESHMAKUMARI KHUMANBHAI<br>35, Bharatnagar Society, Opp. Police Station, hansot. | 9726488831 | M.SC., B.ED.<br>M.Ed.(CGPA-9.35) | Sci & Tech |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 25 |  | PATEL KINJALBEN RAMESHBHAI<br>E- 402 New Ashirvad Flate, Bamroli Road, Surat. | **7777916586** | M.SC., B.ED. M.Ed.(CGPA-8.94) | **Maths** |
| 26 |  | PATEL KRISHNA BHUPENDRABHAI<br>At- Khara Abrama (Ghel Faliya), Ta- Jalalpore, Dist- Navsari. | **8140556850** | M.A., B.ED. M.Ed.(CGPA-8.47) | **Social science** |
| 27 |  | PATEL MITALIBAHEN HASMUKHBHAI<br>At- Kapasi, Po- Kudiyana, Ta- Olpad,Dist- Surat. | **9978606680** | M.A., B.ED. M.Ed.(CGPA-7.94) | **Gujarati** |
| 28 |  | PATEL TEJALBAHEN BHAGUBHAI<br>Ramanagar- 54, App-Nirantnagar, Ankleshwar. | **9586049111** | M.A., B.ED. M.Ed.(CGPA-7.76) | **Hindi** |
| 29 |  | PIPALIYA JIGNESH JAYANTIBHAI<br>30-31- Abhaydham Soc. Punagam, Surat. | **9725726919** | PTC, B.A. M.Ed.(CGPA-8.65) | **Social science** |
| 30 |  | RAJPUT BABITABEN RAMAVTAR<br>1374, Dattnagar, Ghelakhadi, Navsari, 396450 | **9898900165** | M.COM., B.ED. M.Ed.(CGPA-9.24) | **Economics** |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 31 |  | RANA MOHINIBEN PRAVINSINH<br>Darbar Khadki, Juni Divi, Ta-Ankleshwar, Dist- Bharuch, 393001 | **8758710976** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-7.59) | **Gujarati** |
| 32 |  | RANGWALA NASRIN ADNAN<br>3/446, 3rd Floor, Hameedihouse Morkas Street, Zampa Bazaar, Surat-395003 | **9825703952, 9825704952** | M.Ed.(CGPA-8.88) | **Sci & Tech** |
| 33 |  | RATHOD JIGNESHA AJAYBHAI<br>In. Gopal Nagar, Laxminagar-2, b-1 Vijalpor, Navsari | **7043363214** | B.A., B.ED.<br>M.Ed.(CGPA-8.29) | **Social science** |
| 34 |  | SHAIKH RUKHSARBANU SHAFIYODDIN<br>C-1494/ Lal Bazar Rajput Street, Bharuch | **7265828782** | M.COM., B.ED.<br>M.Ed.(CGPA-9.00) | **Accountancy** |
| 35 |  | SOLANKI NIKITAKUMARI SURESHBHAI<br>At- Alipore (Rohit Vas), Ta-Chikhli, Dist- Navsari | **7575852202** | B.A., B.ED.<br>M.Ed.(CGPA-7.76) | **Sanskrit** |
| 36 |  | TANDEL AARTIBEN AMRUTBHAI<br>At Post-Onjal Machhivad, Ta-Jalalpor, Dist- Navsari, nutan Falia. | **7984391647 9558765442** | M.A., B.ED.<br>M.Ed.(CGPA-9.35) | **Social science** |

| Sr. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 37 |  | TANDEL MAYURIBEN HASMUKHBHAI<br>At & Post- Onjal- Machhiwad, Ta- Jalalpor, Dist- Navsari, Ganesh Falia. | **6351830206** | M.A., B.ED. M.Ed.(CGPA- 8.82) | **English** |
| 38 |  | THAKOR DANESHVARI NARENDRASINH<br>At & Po- Marla (Navivasahat), Ta & Dist- Valsad. - 396055 | **8141731085** | B.A., B.ED. M.Ed.(CGPA- 9.00) | **English** |
| 39 |  | THAKOR PRIYABEN DHARMENDRASINH<br>C-23, Dhanlaxmi Society, Bharuchinaka, Ankleshwar. | **9601341787 9054360441** | B.SC., B.ED. M.Ed.(CGPA- 8.47) | **Maths** |
| 40 |  | VASAVA BAKULABEN VASUBHAI<br>At & Post- Khokhawad, Ta- Umarpada, Dist- Surat | **8320786589, 9913302603** | M.A., B.ED. M.Ed.(CGPA- 9.29) | **Social science** |
| 41 |  | YADAV URVASHIBEN MAHENDRASINH<br>B-24,Kamdhenu Row House,Spining Mile,Bholav,Bharuch | **7359138757** | M.A., B.ED. M.Ed.(CGPA- 9.35) | **Social science** |

* શિક્ષણ વિભાગના વહીવટી કાર્યાલય દ્વારા પ્રાપ્ત માહિતિ

# DEPARTMENT OF EDUCATION

## Vision

TO BE A CENTRE OF EXCELLENCE IN TEACHER EDUCATION, NURTURING EDUCATION FRATERNITY SENSITIVE TO ITS REGIONAL NEEDS AND EQUIPPED FOR THE GLOBAL PROGRESSION.

## Mission

OUT OF CONVICTION THAT EDUCATION IN THE MEAN BY WHICH HUMAN CIRCUMSTANCES CAN BE IMPROVED. DEPARTMENT OF EDUCATION PREPARES PROFESSIONALS WHO HAVE THE COMMITMENT AND COMPETENCES NEEDED TO HELP PEOPLE ACQUIRE KNOWLEDGE, SKILLS, VALUES AND UNDERSTANDINGS TO ENABLE THEM TO PARTICIPATE IN AND CONTRIBUTE TO A COMPLEX CHANGING SOCIETY TO ACHIEVE THIS MISSION, THE DEPARTMENT IS COMMITTED TO EXCELLENCE IN TEACHING, RESEARCH, EXTENSION AND COMMUNITY SERVICES.


## શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત

(0) 0261-2203093 (Ext) 1093 office.ded@vnsgu.ac.in


શૈક્ષણિક વર્ષ : 2020-2021